Chromosome XY (Gujarati Edition)

Nimitt Oza

VISIT...

LANZAROTE Caliente.COM





ક્રોમોઝોમ XY

બાપ ન બની શકેલા એક પુરુષની મા બનવાની કથા

ડૉ. નિમિત્ત ઓઝા



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

ક્રોમોઝોમ XY

બાપ ન બની શકેલા એક પુરુષની મા બનવાની કથા

ડૉ. નિમિત્ત ઓઝા

સંપર્કસૂત્ર
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
116, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

CHROMOSOME XY
Fiction
Written by Dr. Nimitt Oza
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2019

ePub Version 3.0.1
eISBN : 978-93-8888-258-3

અર્પણ

મારી પત્ની નૃપા ને...

એક ચમત્કાર જે એ કરી શકી,
એ હું આજીવન ક્યારેય નહિ કરી શકું
અને એ ચમત્કાર છે એક બાળકનું સર્જન

લેખકનાં પુસ્તકો

માટીનો માણસ

એક્સપાયરી ડેટ

મારી વહાલી પરીક્ષા

ICU – સંબંધોનું ઇન્ટેન્સીવ કેર યુનિટ

જિંદગી, તને થૅન્ક્યુ

ક્રોમોઝોમ XY

પ્રસ્તાવના

જે વેદનાનું આખેઆખું પુસ્તક આ જગતની દરેક સ્ત્રી લખતી આવી છે, એ વેદનાની ફક્ત પ્રસ્તાવના લખવાનો એક પ્રયાસ આ પુસ્તકમાં એક પુરુષ દ્વારા થયો છે.

આ માત્ર એક મેડિકલ સાયન્સ ફિક્શન નથી, એક લવસ્ટોરી પણ છે. માનવજાતિની ઉત્ક્રાન્તિ દરમિયાન ઘણા આવિષ્કારો અને ઘણી શોધ થઈ છે. આ દરેક શોધનો જન્મ જરૂરિયાતમાંથી થયો છે. રાઇટ બ્રધર્સે સૌથી પહેલું વિમાન ઉડાડતા પહેલા, હવામાં સૌપ્રથમ પોતાની કલ્પના ઉડાડી હશે કે આવું કશુંક શક્ય છે. જ્યાં સુધી કોઈ આવિષ્કાર વિશેની શક્યતા આપણે જોઈ નથી શકતા, ત્યાં સુધી એ આવિષ્કારનો જન્મ થવો અશક્ય છે.

આ નવલકથામાં આવી જ એક શક્યતા વિશેની વાત છે. તબીબી જગતની આટલી આધુનિકતા વચ્ચે પણ આજ સુધી જે શક્ય નથી બન્યું, એવું કશુંક આ નવલકથામાં શક્ય બનવા જઈ રહ્યું છે. વર્તમાન તબીબી જગતમાં ઉપલબ્ધ સુવિધાઓનો આધાર લઈને એક એવી કાલ્પનિક સૃષ્ટિ રચવાનો પ્રયાસ કર્યો છે, જે દરેક પુરુષને એક સ્વર્ગની અનુભૂતિ કરાવશે. આ નવલકથા મારો એક એવો સાહસિક પ્રયોગ છે, જે નિષ્ફળ થયાનો પણ મને સંતોષ થશે.

આ માત્ર એક નવલકથા નથી, આ એક તીવ્ર ઇચ્છા, વિચાર, કલ્પના અને અનુભૂતિ છે. દરેક પુરુષ એક સ્ત્રીને જીવતો હોય છે અને દરેક સ્ત્રી એક માતાને. દરેક સ્ત્રીના જીવનમાં સૌથી મહત્ત્વની ઘટના કોઈ હોય તો એ સ્વીકાર છે. એ સ્વીકારની શોધમાં નીકળેલા બે પ્રેમીઓના જીવનની આ વાર્તા છે.

આ દુનિયામાં સૌથી વજનદાર વસ્તુ કોઈ હોય તો એ વિચારોનું જડત્વ છે. આ પુસ્તક રૂપે સમાજમાં પ્રવર્તમાન રૂઢિચુસ્ત અને પ્રાચીન માન્યતાઓને ખસેડીને પરિવર્તનનો એક નવો વિચાર સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે.

પોતાની અંદર ઊછરી રહેલા જીવને અનુભવવો, એ દુનિયાનું સૌથી મોટું સુખ છે. આ સુખની સરખામણીમાં આ દુનિયાના તમામ વૈભવ-વિલાસ, તમામ વસ્તુઓ, તમામ સગવડો વામણી લાગે છે. પ્રેગનન્સી ઘટના નહિ, ચમત્કાર છે. દરેક પુરુષ આ ચમત્કારને અત્યંત નજીકથી નિહાળી શકવા છતાં ક્યારેય સર્જી નથી શકતો. કદાચ ક્યારેય સર્જી પણ નહિ શકે. પરંતુ આ ‘કદાચ’ શબ્દ જ આપણા જીવતરમાં મૃતઃપ્રાય થયેલા સપનાંઓને સંજીવની બક્ષે છે. આ ‘કદાચ’ શબ્દમાં જ અનેક શક્યતાઓ રહેલી છે અને એ શક્યતાઓ જ દરેકને જીવતા રાખે છે.

આ ‘કદાચ’ શબ્દના સ્તંભ પર રચાયેલી આ વાર્તા મારા જેવા અનેક પુરુષોને ફક્ત વૈચારિક આનંદની અનુભૂતિ કરાવે એટલું જ નહિ, પરંતુ દરેક પુરુષના મનમાં એક આશા પણ જન્માવે એવી ઈશ્વરને પ્રાર્થના કરું છું.

કોઈ પ્રત્યેનો પ્રેમ કેવા ચમત્કારો સર્જે છે? આ પુસ્તક એ વાતની પ્રતીતિ કરાવે છે. સપનાંઓ જોવાનું બંધ કરી દેવું એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આ પુસ્તકમાં એવા જ એક સપનાની વાત છે. આ પુસ્તક દ્વારા મારી આંખોમાં વાવેલા આ સપનાને, હું તમારી આંખોમાં પ્રત્યારોપિત કરી શકું તો આ નવલકથા સાર્થક થઈ કહેવાશે.

મારા વ્યક્તિગત જીવનમાં, મારા સાહિત્ય-સર્જનનો આ એક યાદગાર પડાવ છે. આ પુસ્તકે મારામાંથી ઘણું બધું લઈ લીધું છે અને મને ઘણું આપ્યું પણ છે. આ નવલકથાનું ભવિષ્ય જે કંઈ પણ હોય, મેડિકલ સાયન્સ અને માનવ જાતિનું ભવિષ્ય તો ઉજ્જ્વળ જ છે એની મને ખાતરી છે. એ જ વિશ્વાસ સાથે મારી વાત રજૂ કરું છું.

ક્રોમોઝોમ XYના બીજમાંથી ઊગેલા આ લેખકની લાગણીઓ આપ સુધી પહોંચશે, તો હું પણ મારા પુરુષ અવતારની ઉજવણી કરીશ.

છેલ્લે કેટલાંક એવાં નામોનો ઉલ્લેખ કરીશ, જેમનો આભાર ક્યારેય નહિ માની શકું. મારા શ્રેષ્ઠ ટીકાકાર મારા પપ્પા, મારા સાહેબ વિક્રમભાઈ ભટ્ટ, મિત્ર લિપિ ઓઝા તથા હિતેષભાઈ જાની આ પુસ્તક ઘડતરની પ્રક્રિયા દરમિયાન સતત સાથે રહ્યાં છે એ વાતનો ગર્વ અને આનંદ.

– ડૉ. નિમિત્ત ઓઝા

♦ 1 ♦

અમેરિકાના ઓહિઓ સ્ટેટનું ક્લીવલૅન્ડ શહેર. એ શહેરમાં આવેલા ક્લીવલૅન્ડ ક્લિનિકના ઑપરેશન થિયેટરની બહાર વેઇટિંગ લૉન્જમાં પલ્લવ નામનો 29 વર્ષનો યુવાન સતત આંટાફેરા કરી રહ્યો હતો. તે થોડો સ્ટ્રેસમાં હતો. ઑપરેશન થિયેટરની અંદર તેની પત્ની કૃપાલીનું ઑપરેશન થઈ રહ્યું હતું.

ત્યાંથી પસાર થતા એક સિસ્ટરે પલ્લવની પાસે જઈને કહ્યું, 'ધીસ સર્જરી વિલ ટેક અ લોન્ગ ટાઇમ. જસ્ટ સીટ ઍન્ડ રિલેક્સ.'

પલ્લવ થોડી વાર શાંત થઈને સોફા પર બેસી ગયો. થોડી જ ક્ષણોમાં ફરી પાછા ઊભા થઈને પલ્લવે સિસ્ટરને પૂછ્યું, 'ઍક્સક્યુઝ મી, હાવ લોન્ગ શૂડ ઇટ ટેક?'

સિસ્ટરે કહ્યું, 'ફાઇવ ટુ સિક્સ અવર્સ. શૂડ આઇ ગેટ યુ અ કપ ઑફ કૉફી?'

"નો થૅન્ક્સ. એક્ચ્યુઅલી, આઇ એમ એક્સપેક્ટિંગ સમવન."

પલ્લવ અને સિસ્ટર વચ્ચે વાતચીત ચાલતી હતી, એ જ સમયે પાછળથી કોઈએ પલ્લવના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, 'ગુડ ટુ સી યુ ઇન ઓહિઓ.'

પલ્લવે પાછળ ફરીને જોયું. તેનો વર્ષો જૂનો મિત્ર અનિકેત તેની પાછળ ઊભેલો હતો. અનિકેત સામે આંગળી બતાવીને પલ્લવે સિસ્ટરને કહ્યું, 'લૂક, ધેર હી ઇઝ.' પછી પલ્લવ અને અનિકેત એકબીજાને ભેટી પડ્યા.

અનિકેત સામે જોઈને પલ્લવે કહ્યું, 'હમણાં તારી જ વાત કરી રહ્યો'તો.'

હસતા હસતા અનિકેતે કહ્યું, 'થિંક ઑફ ધ ડેવિલ ઍન્ડ ધ ડેવિલ ઇઝ હિયર.'

"જો યાર, આ જ તફાવત છે અમેરિકન અને ઇન્ડિયન કલ્ચરમાં. અમારા દેશમાં અમે એવું કહીએ કે તું સો વર્ષનો થઈશ." પલ્લવે કહ્યું.

"ઓ ભાઈ, ભલે અહીંયાં સેટલ થયો હોઉં પણ ઇન્ડિયા મારો પણ દેશ છે યાર. એમ તમે અમને ઇન્ડિયાથી અળગા ન કરી શકો."

પલ્લવ અને અનિકેત વાતોમાં ઍન્ગેજ થઈ ગયા અને સિસ્ટરે ત્યાંથી હળવેથી નીકળી જઈને પોતાનું કામ શરૂ કરી દીધું.

પોતાની પત્નીનો પરિચય આપતા અનિકેતે પલ્લવને કહ્યું, 'પલ્લવ, મીટ માય વાઇફ સ્ટેલા.'

પલ્લવે સ્ટેલા સાથે હાથ મિલાવ્યા અને કહ્યું, 'હેલો સ્ટેલા, નાઇસ મિટિંગ યુ.'

પછી અનિકેતના પેટ પર હળવેથી એક મુક્કો મારીને પલ્લવે કહ્યું, 'મસ્ત ગોરી પટાવી છે યાર.'

અનિકેતે જોરથી ખોંખારો ખાધો અને કહ્યું, 'સ્ટેલા ગુજરાતી બરાબર સમજી શકે છે.'

"ઓહ, સૉરી સ્ટેલા. આઇ વોઝ જસ્ટ ટ્રાયિંગ ટુ સે ધેટ યુ લૂક બ્યુટીફૂલ."

હસતા હસતા સ્ટેલાએ કહ્યું, 'ઇટ્સ ઓકે. થૅન્ક્યુ.'

"સારું કહેવાય યાર. તેં સ્ટેલાને પણ ગુજરાતી સમજતી કરી દીધી."

પોતાના કોલર સરખા કરીને અનિકેતે કહ્યું, 'હજુ આ દેશનો એટલો બધો પ્રભાવ પણ મારી ઉપર નથી પડ્યો યાર.' પછી પલ્લવના ખભા પર હાથ મૂકીને અનિકેતે કહ્યું, 'એ બધું છોડ. તું તારી વાત કર. તું અચાનક અમેરિકા કેવી રીતે? થોડું વહેલા ઇન્ફોર્મ કર્યું હોત, તો ઍરપોર્ટ પર તને લેવા આવત.'

"તારી વાત સાચી છે. છેલ્લી ઘડીએ તને ફોન કર્યો. પણ મારા એક ફોને આટલી શોર્ટ નોટિસમાં છેક એક્રોનથી અહીંયાં આવવા બદલ ખરેખર તારો આભાર."

"જો ભાઈ, એક્રોનથી ક્લીવલૅન્ડનું અંતર કાંઈ એટલું બધું વધારે પણ નથી. તું ક્યારથી આટલો બધો ફૉર્મલ થવા લાગ્યો?"

"યાર બધું એટલું જલદી બની ગયું કે તને વહેલા ઇન્ફોર્મ કરવાનું યાદ જ ન રહ્યું."

"ભાભીની કઈ સર્જરી કરાવવા માટે તું છેક ઇન્ડિયાથી અહીંયાં આવ્યો છે? હવે એવી કઈ સર્જરી છે જે ઇન્ડિયામાં નથી થતી?"

"બહુ લાંબી વાત છે. આપણે ક્યાંક બેસીએ?"

"ચાલ, કૅફેટેરિયામાં જઈએ. ત્યાં બેસીને નિરાંતે વાતો કરીએ."

પલ્લવ થોડું વિચારવા લાગ્યો. અનિકેતે કહ્યું, 'કમઓન મેન, શું વિચારે છે?'

આંખો ઝીણી કરીને પલ્લવે કહ્યું, 'યાર, કૃપાલીને અહીંયાં એકલા મૂકવાનું મન નથી થતું.'

"ઓહ ગૉડ! કમ ઓન યાર, શી ઇઝ ઇન ધ ઑપરેશન થિયેટર. તું અંદર તો જઈ શકવાનો નથી. તું અહીંયાં બેસ કે ત્યાં બેસ, શું ફેર પડવાનો છે? કાંઈ હશે તો સિસ્ટર બોલાવશે આપણને. ચાલ."

* * *

પલ્લવ, અનિકેત અને સ્ટેલા કૅફેટેરિયામાં બેઠા-બેઠા કૉફી પી રહ્યા હતા.

અનિકેતે પલ્લવને કહ્યું, 'હવે શાંતિથી તારી આખી સ્ટોરી કહે.'

કૉફીનો ઘૂંટ મારતા મારતા પલ્લવે કહ્યું, 'આ એક લવસ્ટોરી છે. ક્યારેય ન સાંભળી હોય, ક્યારેય ન વાંચી હોય એવી એક લવસ્ટોરી. હું પહેલી વાર જ્યારે કૃપાલીને મળ્યો ત્યારે હું 25 વર્ષનો હતો અને કૃપાલી 22 વર્ષની. ઇટ વોઝ લાઇક લવ એટ ફર્સ્ટ સાઇટ. કૃપાલી એટલી બધી સુંદર લાગતી'તી કે એને જોઈને મારી આસપાસનું વિશ્વ થંભી ગયેલું. છોકરીઓ તો પહેલા પણ બહુ જોયેલી પણ કૃપાલીને જોઈને એવું લાગ્યું કે બસ, આ જ એ છોકરી છે જેની સાથે મારે મારી આખી જિંદગી વિતાવવી છે.'

અનિકેતે કહ્યું, 'ભાઈ, હું તને સ્કૂલના દિવસોથી ઓળખું છું. તને દરેક છોકરીને જોઈને આવું જ થાય છે.'

સ્ટેલાએ અનિકેતને કોણી મારી, 'ધેટ વોઝ સો રુડ. લેટ હિમ કમ્પ્લીટ ફર્સ્ટ.'

"સૉરી ભાઈ. તું કમ્પ્લીટ કરી લે."

પલ્લવે પોતાની સ્ટોરી આગળ વધારી, '...તો પહેલી જ નજરમાં ગમી ગયેલી એ છોકરી સુધી પહોંચવા માટે સૌથી મહત્ત્વની બાબત હતી, એનું નામ જાણવાની. જે વ્યક્તિ સાથે મેં મનોમન આખી જિંદગી પસાર કરવાનો નિર્ણય કરી નાખેલો, મને એનું નામ સુધ્ધાં ખબર નહોતી. બે-ત્રણ નજીકની વ્યક્તિઓને પૂછી પૂછીને સૌથી પહેલા તો એનું નામ જાણી લીધું. ખબર પડી કે એનું નામ છે કૃપાલી દેસાઈ. બસ, આપણું કામ થઈ ગયું.'

"ઓહ મિ. આશિક, પેલી છોકરીનું ખાલી નામ જાણવાથી તારું કામ કેવી રીતે થઈ ગયું? એ મને સમજાયું નહિ."

"બૉસ, હવે આ ફેસબુક અને વૉટ્સએપનો જમાનો છે. ફેસબુકમાં જઈને કૃપાલી દેસાઈ સર્ચ કર્યું, ફ્રૅન્ડ રિક્વેસ્ટ મોકલી અને એણે એક્સેપ્ટ કરી લીધી. પછી મૅસેન્જર પર વાતો શરૂ કરી. ધીમે ધીમે એનો નંબર માંગી લીધો. પછી વૉટ્સએપ ચેટ અને ફાઇનલી એક દિવસ અમે મળ્યાં. તે દિવસે અમે બંને બહુ જ ખુશ હતાં. અમને બંનેને એકબીજાની કંપની ગમવા લાગી. અવારનવાર અમે કલાકો સુધી ફોન પર વાતો કરતાં. પછી અમે ડેટ પર જવા લાગ્યાં. લગભગ છ મહિના સુધી અમારો કૉર્ટશીપ પિરિયડ ચાલ્યો. પછી એક દિવસ એવો આવ્યો જેણે મને અંદરથી હચમચાવી નાખ્યો. અનિકેત, ત્યારે મને સાચે ખબર નહોતી કે મારી એક પ્રપોઝલ મારી જિંદગીમાં બહુ મોટું તોફાન લઈને આવશે. એક એવું તોફાન, જે આવનારા દિવસોમાં મારી વિચારધારાના પાયા હચમચાવી નાખવાનું હતું."

"એવી તો કેવી પ્રપોઝલ?"

"કૃપાલી સાથે મૅરેજની પ્રપોઝલ. મારા માટે એ બહુ સ્પેશિયલ દિવસ હતો. એ દિવસે મારો બર્થ ડે હતો. કૃપાલીને પ્રપોઝ કરવા માટે હું મારા જન્મદિવસની રાહ જોઈ રહેલો. એની હા સાંભળીને મારે એની પાસેથી મારી બર્થ ડે ગિફ્ટ લેવાની હતી. મેં મેરીઓટમાં સ્પેશિયલ અમારા બંને માટે એક ટેબલ

બુક કરાવેલું. મેરીઓટમાં ટેબલ બુક કરાવીને મારે કૃપાલીને મારા પૈસાથી આંજી દેવાનો કોઈ જ ઇરાદો નહોતો, પણ મારે તેને એવી ખાતરી આપવી'તી કે હું કાયમ તેને આવી જ લક્ઝરી અને આવો જ કમ્ફોર્ટ આપવા માંગું છું. તે દિવસે નવું નક્કોર બ્લેઝર પહેરીને, પરફ્યુમ લગાવીને, મારી મર્સિડીઝમાં બેસીને હું કૃપાલીના ઘરે ગયેલો અને ત્યાંથી અમે બંને મેરીઓટ ગયાં. મારી જિંદગીનો મેરીઓટ સુધીનો રસ્તો બહુ જ સરળ અને સીધો હતો પણ મેરીઓટથી મારી જિંદગીનો ટર્નિંગ પૉઇન્ટ શરૂ થયો. મારા જીવનમાં આવ્યો એક નવો વળાંક જેણે મારા વિચારોના, મારા લૉજિકના, મારી ફિલૉસૉફીના બધા જ સમીકરણો બદલી નાખ્યા. તે દિવસે તારી જેમ જ કૃપાલી બરાબર મારી સામે બેઠેલી. મેં એને કહ્યું..."

* * *

"બ્રેકિંગ ન્યૂઝ! મારા વૉટ્સએપ પર એક સમાચાર આવ્યા છે."

અચાનક ગંભીર થઈને કૃપાલીએ પૂછ્યું, 'શું?'

સ્માઇલ કરી અને પોતાની ડાબી આંખ મારીને પલ્લવે કહ્યું, 'એ જ કે તું બહુ સુંદર છે.'

"તો આજે પણ તારું ફ્લર્ટિંગ ચાલુ જ રહેશે, એમ ને! મને એમ હતું કે આજે તારો બર્થ ડે છે તો આજે તું થોડો સુધરી જઈશ."

"ફ્લર્ટ તો કરવું જ જોઈએ, કૃપાલી. સ્વાસ્થ્ય માટે સારું હોય છે."

"અચ્છા! તો તો તારું સ્વાસ્થ્ય અત્યાર સુધીમાં બહુ જ સારું થઈ ગયું હશે ને? બર્થ ડે બૉય, સાચું કહેજો. હું કેટલામી છું?"

કૃપાલીનો હાથ પકડીને પલ્લવે કહ્યું, 'આજે મારો બર્થ ડે છે એટલે આજે ખોટું નહિ બોલું. અફેર્સ તો ઘણા થયા છે, પણ પ્રેમ પહેલી વાર થયો છે.'

"ઓકે. શું ફરક છે પ્રેમ અને અફેર વચ્ચે?"

"જે વ્યક્તિની હાજરીમાં તમને પોતાની જાત ગમવા લાગે ત્યારે સમજવું કે તમે પ્રેમમાં છો. સૂર કે સંગીત સાથે દૂર સુધી કોઈ સગપણ ન હોય, તેમ છતાં તમને ગાવાની ઇચ્છા થાય ત્યારે સમજવું કે તમે પ્રેમમાં છો. સપનાંઓ જોવાની ઇચ્છા થાય, દરિયાકિનારે જઈને ભીની રેતી પર કોઈનું નામ લખવાની ઇચ્છા થાય, ડૂબતા સૂરજને જોતા જોતા કોઈનો હાથ પકડીને દરિયાકિનારે ચાલવાનું મન થાય, પોતાના દિવસ દરમિયાન બનતી નાનામાં નાની વાતો કોઈની સાથે શેર કરવાનું મન થાય અને રાડો પાડીને દુનિયાને કહેવાનું મન થાય કે હા, આ વ્યક્તિ મને ગમે છે."

એ જ સમયે વેઇટર કેક લઈને આવ્યો અને ટેબલ પર કેક રાખીને તેણે કહ્યું, 'સર, યોર કેક.'

કેક પર રહેલી મીણબત્તી સળગાવીને, કૃપાલીની આંખોમાં આંખો નાખીને પલ્લવે કહ્યું, 'ટૂંકમાં, જેની હાજરીમાં તમારી જાતને ઊજવવાનું મન થાય, એને પ્રેમ કહેવાય.'

કૃપાલી પણ થોડી વાર પલ્લવની આંખોમાં જોતી રહી, પછી અચાનક તેને કશુંક રિયલાઇઝ થયું. તેણે પોતાની પાંપણો પટપટાવી, આસપાસ નજર કરી અને કહ્યું, 'આઇ એમ ઇમ્પ્રેસ્ડ.'

પોતાના બે હાથ ઉપર તરફ કરીને પલ્લવે કહ્યું, 'થૅન્ક ગૉડ! કોઈક તો ઇમ્પ્રેસ થયું.'

ટેબલ પર પડેલી નાઇફ પલ્લવને આપતા કૃપાલીએ કહ્યું, 'ફૂંક માર અને કેક કાપ.'

"હમણાં નહિ." પલ્લવે વેઇટરને બોલાવ્યો અને પછી એના કાનમાં કશુંક કહ્યું.

થોડી જ વારમાં અચાનક ડાઇનિંગ એરિયાની બધી જ લાઇટ્સ બંધ કરી દેવામાં આવી. પલ્લવ અને કૃપાલી વચ્ચે હવે ફક્ત કેક પર રહેલી મીણબત્તીઓના અજવાળા જેટલું જ અંતર હતું.

એ અજવાળાની નજીક આવીને પલ્લવે કહ્યું, 'આજે મીણબત્તીઓ ઓલવતા પહેલા, મારે આપણું નવું જીવન પ્રગટાવવું છે. કૃપાલી, વર્ષો જૂની કોઈ માનતાની જેમ તું મને ફળી છે. હિમાલય પર ધ્યાનમાં બેઠેલા કોઈ સંતને ઈશ્વર મળે એમ તું મને મળી છે. હું તને ગુમાવવા નથી માંગતો. મારા ફેસબુક

એકાઉન્ટના પ્રૉફાઇલ પીકમાં મારા એકલાનો ફોટો જોઈને હું કંટાળી ગયો છું. મારે મારા ફેસબુકનો પ્રૉફાઇલ પીક બદલવો છે. મારા ફેસબુકના પ્રૉફાઇલ પીક પર મારી બાજુની જગ્યા ખાલી છે. ત્યાં સુધી આવીશ? મારા કવર પેજ પર મારો ક્રિકેટ રમતો બોરિંગ ફોટો છે. એ ફોટો કાઢીને ત્યાં આગળ મારે તારી આંખોનો ક્લોઝઅપ ફોટો અપલોડ કરવો છે. બધાને અભિનંદન આપીને થાકી ગયો છું. હવે ઇચ્છા છે કે કોઈ મને કૉન્ગ્રેચ્યુલેટ કરે.'

આટલું બોલીને પલ્લવે કેક પર રહેલી મીણબત્તીઓને ફૂંક મારીને ઓલવી નાખી અને છવાયેલા સુગંધી અંધકારમાં તેણે કહ્યું, 'મારા ફેસબુકનું સ્ટેટસ મારે સિંગલમાંથી 'મેરીડ ટુ' કરવું છે. એમાં તને ટેગ કરવાની પરમિશન જોઈએ છે.'

સામેથી કોઈ જ જવાબ ન આવ્યો. અંધારું વધારે ઘેરાતું ગયું. પલ્લવ કૃપાલીના જવાબની રાહ જોતો રહ્યો પણ કૃપાલીએ કોઈ જ જવાબ ન આપ્યો. થોડી વાર પછી પલ્લવે કહ્યું, 'કૃપાલી, આર યુ ધેર? હું તારા જવાબની રાહ જોઈ રહ્યો છું.'

થોડી ક્ષણો પસાર થઈ પણ સામેથી કશો જ જવાબ ન આવ્યો.

"કૃપાલી પ્લીઝ, આવી રીતે મને અંધારામાં ન રાખ. મારે તારું અજવાળું જોઈએ છે. હું તને પ્રૉમિસ કરું છું કે હું હંમેશાં તને ખુશ રાખીશ, તારી દરેક ઇચ્છાઓ પૂરી કરીશ. મને ખબર છે કે મની કાન્ટ બાય એવરીથિંગ. મારા માટે એ એવરીથિંગ, તું છે કૃપાલી. દુનિયામાં બધું જ ખરીદી શકનારો પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કર, તારી 'હા' ક્યારેય નહિ ખરીદી શકે કારણકે તારી 'હા' મારે ખરીદવાની નથી, મારે કમાવવાની છે. આઇ હેવ ટુ અર્ન યોર 'યેસ' ફોર ધીસ પ્રપોઝલ."

ખુરશી પરથી ઊભો થઈને પલ્લવ ઘૂંટણ ભેર જમીન પર બેસી ગયો અને અંધારામાં જે જગ્યાએ કૃપાલી બેઠેલી હતી, એ જગ્યા તરફ જોઈને માથું નમાવીને તેણે કહ્યું, "યોર હાઇનેસ, તમારો ચુકાદો મને મંજૂર રહેશે. માય લૉર્ડ, શું હું એટલો લાયક બન્યો છું કે તમારી એક 'હા' કમાઈ શકું?"

એટલામાં ડાઇનિંગ એરિયાની લાઇટ્સ ફરી પાછી થઈ. પલ્લવે માથું ઊંચકીને જોયું, તો કૃપાલીની ખુરશી ખાલી હતી.



♦ 2 ♦

"ઓહ, ધેટ મીન્સ શી હેડ ઓલરેડી લેફ્ટ." સ્ટેલાએ કહ્યું.

"ખુરશી ખાલી હતી? એ ત્યાંથી ઊભી થઈને ચાલી ગઈ, તો તને ખબર પણ ન પડી?" અનિકેતે પૂછ્યું.

"હા યાર. મને ખ્યાલ જ ન રહ્યો કે કૃપાલી ત્યાંથી ક્યારે નીકળી ગઈ? મને એવું લાગ્યું કે ડાઇનિંગ એરિયાની લાઇટ્સ તો પાછી આવી ગઈ, પરંતુ મારા જીવનમાં કાયમને માટે અંધકાર છવાઈ જશે."

સ્ટેલાએ કહ્યું, "બટ વ્હેર ડીડ શી ગો? યુ શુડ હેવ ફોલોવ્ડ હર."

"હું એની પાછળ ગયેલો. મેં મેરીઓટનો ખૂણેખૂણો જોઈ લીધો. હું છેક પાર્કિંગ સુધી જઈ આવ્યો પણ કૃપાલી મને ક્યાંય ન મળી."

અનિકેતે કહ્યું, 'એને ફોન કરીને પૂછાય ને કે તને શું પ્રૉબ્લેમ થયો?'

"મેં એને ચોપ્પન કૉલ્સ કર્યા. એણે એક વખત પણ ફોન ન ઉપાડ્યો. હું દોઢ કલાક સુધી મેરીઓટમાં તેને શોધતો રહ્યો અને પછી નિરાશ થઈને ગાડીમાં બેસી ગયો. મેરીઓટથી સીધો હું કૃપાલીના ઘરે ગયો. ત્યાં મને જાણવા મળ્યું કે કૃપાલી તો રિક્ષા કરીને ક્યારની ઘરે પહોંચી ગયેલી. હું એના રૂમમાં ગયો. એ ધ્રુસકે ધ્રુસકે રડતી'તી. મૅરેજ માટે પ્રપોઝ કરીને મેં કોઈ ગંભીર ગુનો કર્યો હોય મને એવું લાગ્યું."

"બટ વાય શી વોઝ ક્રાઈંગ?" સ્ટેલાએ પૂછ્યું.

"મેં એને એ જ પૂછ્યું કે મારી કોઈ ભૂલ થઈ ગઈ? એણે રડતા રડતા મને કહ્યું કે પ્લીઝ મારી એક ફેવર કર, મને અત્યારે એકલી રહેવા દે."

"તું એને એકલી મૂકીને તારા ઘરે ચાલ્યો ગયો?" અનિકેતે કહ્યું.

"શું કરું બીજું? હું એને બીજી કોઈ મદદ તો કરી શકું એમ નહોતો. એને એકલા રહેવું'તું, તો એને એકલા રહેવા દેવાની મદદ તો હું કરી જ શકું ને!"

પોતાના કપમાંથી કૉફીનો એક ઘૂંટડો ભરીને અનિકેતે પૂછ્યું, "પછી શું થયું?"

"પછી બે દિવસ સુધી કૃપાલી સાથે કોઈ જ વાત ન થઈ. ન કોઈ ફોન, ન કોઈ મૅસેજ. કશું જ નહિ. હું માનસિક રીતે તૈયાર થઈ ગયેલો કે મારી લવસ્ટોરીનો અંત આવી રીતે જ લખાયો હશે. મને લાગ્યું કે કૃપાલી સાથે આજીવન રહેવાના મારાં સપનાંઓ પર કાયમને માટે પડદો પડી જશે. પણ બે દિવસ પછી કૃપાલીનો સામેથી ફોન આવ્યો. એનો અવાજ બહુ દબાયેલો હતો. એ દિવસે એનો ટોન કંઈક અલગ જ લાગ્યો."

* * *

"હેલો..." કૃપાલીએ કહ્યું.

"હાઈ, બે દિવસથી તારા ફોનની રાહ જોતો'તો અને તારો અવાજ કેમ..."

"સાંભળ. મારે તને મળવું છે. તારી પ્રપોઝલનો જવાબ આપવો છે."

"હું અત્યારે ને અત્યારે સી.સી.ડી.માં પહોંચું છું. ત્યાં મળીએ."

"ના. સી.સી.ડી.માં બેસીને કરી શકાય એવી વાત નથી. મારા ઘરે અત્યારે કોઈ નથી. મારા ઘરે આવી જા."

* * *

"તે દિવસે અમારા વચ્ચે ફોન પર ફક્ત આટલી જ વાત થઈ." પલ્લવે કહ્યું અને પોતાના હાથમાં રહેલા કૉફીના કપ સામે જોઈ રહ્યો.

"તું યાર જબરું સસ્પેન્સ ઊભું કરે છે. પછી તું એના ઘરે ગયો?" અનિકેતે કહ્યું.

"સપનાંઓની સવારીને ક્યારેક કિક નથી મારવી પડતી. એ તો ઑટોસ્ટાર્ટ જ થઈ જતી હોય છે. હું તાત્કાલિક મારી ગાડીમાં બેઠો અને મારાં સપનાંઓની સવારી કૃપાલીના ઘર તરફ ચાલી નીકળી. હારીને નિરાશ થઈ ચૂકેલા મારા મનમાં ઊંડે ઊંડે ફરીવાર ક્યાંક મારા સુખી દામ્પત્ય જીવનના પાયાઓ નખાવાની શરૂઆત થઈ. કૃપાલીના ઘર સુધી લઈ જતા રસ્તાએ મને ફિલૉસૉફર બનાવી દીધો. મેં બંને શક્યતાઓ વિચારી લીધી. હું વિચારતો રહ્યો કે કૃપાલી 'હા' પાડશે તો શું કહીશ? જો 'ના' પાડશે તો શું કહીશ?"

"ઍન્ડ ફાઇનલી, વોટ ડીડ શી સે?" સ્ટેલાએ પૂછ્યું.

"હું એના ઘરે ગયો ત્યારે બારણું ખુલ્લું હતું. એના લિવિંગ રૂમના સોફા પર કૃપાલી બેઠી'તી. ઘરમાં ત્યારે ફક્ત બે જ જણા હતા. એક કૃપાલી અને બીજો, એના ઘરનો ખાલીપો. હું એના ઘરમાં દાખલ થયો અને એની બાજુમાં સોફા પર બેસી ગયો. એણે મારી સામે પણ જોયું નહિ. જમીન તરફ નજર કરીને એણે વાતની શરૂઆત કરી..."

* * *

"મારે તારી પ્રપોઝલનો જવાબ આપવાનો છે." કૃપાલીએ બહુ જ ગંભીર અવાજમાં કહ્યું.

પલ્લવ થોડો નર્વસ લાગતો'તો. એણે કહ્યું, 'એ જવાબ સાંભળવા તો અહીંયાં સુધી આવ્યો છું.'

કૃપાલી કાંઈ જવાબ આપે એ પહેલા તેની આંખોએ જવાબ આપવાનો શરૂ કરી દીધો. કૃપાલીની આંખમાંથી ટપકતા આંસુઓ કૃપાલીના ખોળામાં પડવા લાગ્યા. પલ્લવની સામે જોયા વગર તેણે રડતા રડતા કહ્યું, "મારો જવાબ 'ના' છે પલ્લવ."

પલ્લવે થોડો પોઝ આપ્યો અને પછી કહ્યું, "કૃપાલી, ના પાડવામાં આટલી બધી વાર લગાડી?"

કૃપાલીએ કશો જ જવાબ ન આપ્યો. એ રડતી રહી.

પલ્લવે બોલવાનું ચાલુ રાખ્યું, "થૅન્ક ગૉડ! ના પાડવા માટે તેં બે દિવસ તો લીધા. કેટલાક છોકરાઓ આઉટરાઇટલી રિજેક્ટ થઈ જતા હોય છે. એટલીસ્ટ, હું એમના કરતા તો સ્પેશિયલ છું. કૃપાલી, આ બે દિવસોએ મને ઘણું બધું આપ્યું છે. મને ના પાડવા માટે આ બે દિવસ લેવા બદલ મારે તને થૅન્ક્યુ કહેવું છે."

હવે કૃપાલીએ પલ્લવની સામે જોયું. એની આંખમાં વિસ્મય હતો.

પલ્લવે કહ્યું, "સાચું કહું છું. આ બે દિવસમાં ધીમે ધીમે હું એ શક્યતા સ્વીકારવા લાગ્યો કે કદાચ તારા વગર પણ મારે જીવવું પડે. આ પહેલા ક્યારેય એવો વિચાર જ નહોતો આવ્યો કે તારા વગર જીવવું પડી શકે છે."

કૃપાલી પલ્લવની આંખોમાં જોતી રહી.

પલ્લવે ફરી કહ્યું, "ભલે થોડી તકલીફ પડશે પણ જેમ મંગળ ગ્રહ ઉપર જીવન શક્ય છે, એમ તારા વગર પણ જીવન શક્ય છે."

કૃપાલીની આંખોમાં રહેલા આંસુઓએ ગિયર ચેન્જ કર્યું અને ગાલના નૅશનલ હાઇવે પર પૂરપાટ ઝડપે દોડવા લાગ્યા. હવે પલ્લવની આંખોમાં પણ પાણી હતા. કૃપાલી હજુ પણ કશું બોલતી નહોતી.

પલ્લવે રડમસ અવાજે કહ્યું, "કૃપાલી, બસ એક ફરિયાદ કરવાની છે. ભલે તેં ના પાડી, મને તારો જવાબ મંજૂર છે, પણ આ જ જવાબ તેં હસતા હસતા આપ્યો હોત તો મને થોડું સારું લાગત. શું છે કે કોઈને ના પાડ્યા પછી, કોઈને ના પાડી દીધી છે એનો અફસોસ ન થવો જોઈએ. નહિ તો એ અફસોસ તને કાયમને માટે હેરાન કરશે. મને ના પાડવાનાં કારણો પણ હું તને નહિ પૂછું. તારી 'ના' કોઈ પ્રમેય નથી કે તારે એને સાબિત કે જસ્ટીફાય કરવી પડે."

થોડી વાર સુધી પલ્લવ અને કૃપાલી બંને એકબીજાની બાજુમાં ચૂપચાપ બેસી રહ્યા. પલ્લવને લાગ્યું

કે તેને પોતાનો જવાબ મળી ગયો છે અને તેણે હવે જવું જોઈએ.

સોફા પરથી ઊભા થતા થતા પલ્લવે પૂછ્યું, "તો હું જાઉં?"

કૃપાલીએ એનો પણ જવાબ ન આપ્યો. પલ્લવ ચાલતો ચાલતો કૃપાલીના ઘરના દરવાજા સુધી પહોંચી ગયો અને અચાનક કશુંક યાદ આવતા પાછો ફર્યો.

"એક વાત કહેવાની તો તને રહી જ ગઈ. સારું થયું કે તેં લગ્ન માટે હા ન પાડી. જો તેં હા પાડી હોત અને આપણા લગ્ન થયા હોત તો હું તારા પર ડૉમેસ્ટિક વાયોલન્સનો કેસ ઠોકી દેત."

કૃપાલીએ રડતા રડતા જ પૂછ્યું, 'ડૉમેસ્ટિક વાયોલન્સ?'

પલ્લવે હસીને જવાબ આપ્યો, 'તું આમ અબોલા લઈને બેસી જાય, મૌનની તલવારો તાણી લે અને ખાલીપાના છુટ્ટા ઘા કરે ને, તો એને પણ ડૉમેસ્ટિક વાયોલન્સ કહેવાય. આપણી ગમતી વ્યક્તિનું કોઈ જ કારણ વગરનું મૌન, ડૉમેસ્ટિક વાયોલન્સ જ કહેવાય.'

કૃપાલી સોફા પરથી ઊભી થઈ ગઈ અને પલ્લવને ભેટી પડી. પલ્લવને ગળે મળીને કૃપાલીએ રડતા રડતા કહ્યું, "આઇ લવ યુ ટુ. તારા વગર નહિ રહી શકું."

પલ્લવે તેના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું, "મારા વગર નહિ રહી શકે તો મારી સાથે કેમ નથી રહેતી?"

પલ્લવથી થોડે દૂર જઈને કૃપાલીએ કહ્યું, "તારી સાથે લગ્ન નહિ કરી શકું."

"ઓહ, તો આ ટિપિકલ બોલીવૂડ સ્ટોરી છે. તું મને પ્રેમ કરે છે. તારા ઘરના લોકોએ તારા લગ્ન પરાણે કોઈ બીજા સાથે નક્કી કરી નાખ્યા છે. તું એમને ના પાડી શકતી નથી, કારણ કે તું તારાં મમ્મી-પપ્પાની વિરુદ્ધમાં જઈને મારી સાથે લગ્ન કરવા નથી માંગતી. તો તું તારા પ્રેમનું બલિદાન આપી દઈશ. થોડા જ દિવસોમાં મને તારા લગ્નની કંકોત્રી પણ મળશે. તું ફોન કરીને પૂછીશ કે મારા લગ્નમાં આવીશ ને? મારો જવાબ હશે ના. નહિ આવું તારા લગ્નમાં.'

કૃપાલીએ પોતાનું મોઢું ફેરવી લીધું, પીઠ પલ્લવ તરફ કરી અને કહ્યું, 'હું કોઈની પણ સાથે લગ્ન નહિ કરી શકું.'

"લગ્ન નહિ કરે? લીવ-ઇનમાં રહેવાનો ઇરાદો છે કે શું?"

"ના. કોઈની સાથે રહેવાનો ઇરાદો નથી."

"કૃપાલી, જીવનમાં કોઈનો સથવારો હોવો જરૂરી છે. સથવારો જીવનને પૂર્ણતા બક્ષે છે."

"જે વ્યક્તિ પોતે જ પૂર્ણ નથી, એ વ્યક્તિ બીજા કોઈને કેવી રીતે પૂર્ણતા બક્ષવાની હતી?"

પાછળ ફરીને ઊભેલી કૃપાલી તરફ ચાલતાં ચાલતાં પલ્લવે કહ્યું, "હું કાંઈ સમજ્યો નહિ."

કૃપાલીએ પીઠ ફેરવી, પલ્લવ સામે જોયું અને આંખોમાં આંસુ સાથે કહ્યું, "હું એક અપૂર્ણ સ્ત્રી છું, પલ્લવ. એક એવી સ્ત્રી જે ક્યારેય કોઈની સાથે લગ્ન નહિ કરી શકે."

પલ્લવ સ્તબ્ધ બનીને કૃપાલીની સામે જોતો રહ્યો.

હવે બોલવાનો વારો કૃપાલીનો હતો. તેણે કહ્યું, "પ્રેમ, સાથ, સથવારો. આ બધા શબ્દો નવલકથા કે વાર્તામાં સારા લાગે છે. એના આધારે જિંદગી નથી જિવાતી દોસ્ત. સાથે જીવવા માટે, લગ્ન કરવા માટે કમ્પેટિબિલિટી જરૂરી છે. હું લગ્ન માટે કમ્પેટીબલ નથી. હું મૅરેજ મટિરિયલ નથી. મારા જેવી સ્ત્રીને લોકો પોતાના બેડરૂમમાં સજાવીને રાખી શકે છે પણ ઘરના લિવિંગ રૂમમાં નહિ. દરેક પુરુષ એવી જ સ્ત્રી સાથે લગ્ન કરવા ઇચ્છતો હોય છે જેને ફક્ત બેડરૂમ સુધી જ નહિ, લિવિંગ રૂમ સુધી પણ લાવી શકાય."

કૃપાલીના ખભા પર હાથ મૂકીને પલ્લવે કહ્યું, "મારે તને મારા ઘરના લિવિંગ રૂમ સુધી લઈ જવી હોય તો?"

"બહુ જ પસ્તાવું પડશે. આ સમાજ અપૂર્ણ લોકોને સ્વીકારી શકતો નથી. અપૂર્ણ સ્ત્રીઓને તો બિલકુલ નહિ."

"તારામાં જે અધૂરપ છે એ હું પૂરી કરું તો? આપણે બંને એકબીજાની અપૂર્ણતાને પૂરી કરીશું. હું પણ પરફેક્ટ નથી યાર."

"મારામાં જે અપૂર્ણતા છે એને કોઈ પણ ક્યારેય પૂરી નહિ કરી શકે."

પલ્લવે સ્માઇલ કરીને કહ્યું, "એવી કોઈ અપૂર્ણતા છે જ નહિ કે જે પૂરી ન થઈ શકે. એવું તો શું ખૂટે છે તારામાં?"

આંખો પહોળી કરીને મોટા અવાજે કૃપાલીએ કહ્યું, "મિસ્ટર પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કર, તમારી સામે ઊભેલી આ સ્ત્રી ક્યારેય મા નહિ બની શકે. આઇ વોઝ બૉર્ન વિધાઉટ અ યુટરસ. મારામાં જન્મજાત ગર્ભાશય જ નથી. આજ સુધી મને ક્યારેય પિરિયડ્સ નથી આવ્યા."

પલ્લવ અવાચક થઈ ગયો. તેનું શરીર સુન્ન થઈ ગયું. શું જવાબ આપવો? એ તેને સમજાતું નહોતું.

કૃપાલીએ કહ્યું, "બોલો મિસ્ટર પલ્લવ. આજ સુધી ક્યારેય જોઈ છે એવી સ્ત્રી જેને મેન્સિસ જ ન આવતા હોય?"

પલ્લવે કહ્યું, "પણ તને જોઈને તો..."

"મને જોઈને ખબર નહિ પડે. કોઈને ખબર નહિ પડે કારણ કે મારી ઓવરીઝ નૉર્મલ છે. મારામાં એ બધા જ હોર્મોન્સ નૉર્મલ માત્રામાં છે, જે એક સ્ત્રીમાં હોવા જોઈએ. એક સ્ત્રી પાસે જે હોવું જોઈએ, એવું બધું જ મારી પાસે છે ફક્ત એક યુટરસ સિવાય. આપણા સમાજમાં એક સ્ત્રી તરીકે સ્થાપિત અને સ્વીકૃત થવા માટે એક પત્નીનું મા બનવું જરૂરી છે. હું નથી ઇચ્છતી કે કોઈ પણ પુરુષનું જીવન મારા કારણે બરબાદ થાય. કોઈ પણ પુરુષ એવી સ્ત્રી સાથે લગ્ન કરવા ક્યારેય તૈયાર નહિ થાય, જેને લગ્ન પહેલા ખબર છે કે આ સ્ત્રી આજીવન મા નહિ બની શકે."

પલ્લવ પાસે કોઈ જ જવાબ નહોતો. એ સોફા પર બેસી ગયો.

કૃપાલીએ કહ્યું, "મારે તને આ બધું બહુ પહેલા કહી દેવાની જરૂર હતી. પ્રેમ તો હું તને કરું છું પણ સૉરી, તારા સુખી દામ્પત્ય જીવનની ફોટોફ્રેમમાં હું ક્યાંય ફીટ નહિ બેસું. તારા વૉટ્સએપ કે ફેસબુકના પ્રૉફાઇલ પીકમાં મને તારી સાથે રહેવામાં કોઈ જ વાંધો નથી પણ લગ્નનાં થોડાં વર્ષો બાદ જ્યારે તારા ફેસબુક ફ્રેન્ડ્સ 'બ્લેસ્ડ વિથ અ બેબી બૉય' કરીને પોતાના નવા જન્મેલા બાળકોના ફોટા મૂકશે, ત્યારે તારો ફેસબુક પ્રૉફાઇલ તને જ અધૂરો લાગશે."

પલ્લવે હળવેથી કૃપાલીને કહ્યું, "આઇ એમ સૉરી. મને ખબર નથી પડતી કે મારે કઈ રીતે રિએક્ટ કરવું. જે રોગ વિશે મને કશી જ ખબર નથી, એ રોગ વિશે હું તને દિલાસો પણ કેવી રીતે આપી શકું? એવું લાગે છે કે મારી બધી જ ફિલૉસૉફી તારી આંખોમાંથી નીકળતા આંસુઓમાં ધોવાઈ ગઈ."

"મને કોઈ જ દિલાસો આપવાની જરૂર નથી. તારા ઘરે જા અને રિલેક્સ કર. તારે કશું જ રિએક્ટ કરવાની જરૂર નથી. આના વિશે વધારે વિચારતો પણ નહિ. આપણે હંમેશાં સારા મિત્રો રહીશું. જે સમય આપણે સાથે વિતાવ્યો છે એ હંમેશાં આપણી પાસે રહેશે."

પલ્લવના મગજમાં વિચારોનો દાવાનળ ફાટી નીકળેલો પણ તે કશું જ બોલી શકવાની હાલતમાં નહોતો. માથું નીચું કરીને પલ્લવ ધીમે ધીમે કૃપાલીના ઘરના દરવાજા સુધી પહોંચ્યો. પલ્લવ બહાર જવાની તૈયારીમાં હતો, એ જ સમયે કૃપાલીએ કહ્યું.

"હા, આ કોઈ રોગ કે બીમારી નથી. આ એક સિન્ડ્રોમ છે. પાંચ હજારમાંથી એક સ્ત્રીને આ સિન્ડ્રોમ હોય છે. આ એટલો બધો રેર છે. મેયર-રોકીટેન્સ્કી-કસ્ટર-હૌસર સિન્ડ્રોમ. ઘરે જઈને ગુગલ કરી લેજે. બે ફાયદાઓ થશે. એક તો થોડું જનરલ નૉલેજ વધશે અને બીજું એ કે મારી સાથે લગ્ન ન કરી શક્યાનો તને અફસોસ નહિ થાય."

પલ્લવ ચૂપચાપ ઘરની બહાર નીકળી ગયો. ગાડીમાં બેસીને પલ્લવે પોતાની ભીની આંખો સામે પોતાનો રૂમાલ ધરી દીધો.

કૃપાલીએ પોતાના ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દીધો અને ઘરના દરવાજા પર પીઠ ટેકવીને

ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. થોડા સમય પછી કૃપાલીના ઘરની ડોરબેલ વાગી. કૃપાલીનું રડવાનું ત્યારે પણ શરૂ જ હતું. કૃપાલીને સ્વસ્થ થતા થોડી વાર લાગી, પણ ત્યાં સુધીમાં તો ઉપરાઉપરી ત્રણ-ચાર વખત ડોરબેલ વાગવા લાગી. બહાર ઊભેલા માણસને બહુ ઉતાવળ હોય એવું લાગ્યું.

આંસુઓ લૂછીને કૃપાલીએ દરવાજો ખોલ્યો તો સામે પલ્લવ ઊભો'તો.

પલ્લવને જોઈને કૃપાલી કાંઈ પણ બોલે એ પહેલા પલ્લવે કહ્યું, "તું કશું જ બોલતી નહિ. હું જે પૂછું એનો જવાબ ફક્ત હા કે નામાં આપજે."

પલ્લવે પૂછ્યું, "તારી પાસે બે હાથ છે?"

"આ કયા પ્રકારનો સવાલ છે?"

"હું જે પૂછું છું એનો જવાબ ફક્ત હા કે નામાં આપ. તારી પાસે બે હાથ છે?"

પોતાના બંને હાથ ઊંચા કરીને કૃપાલીએ કહ્યું, "હા છે."

"મારી પાસે પણ બે હાથ છે. તારી પાસે બે પગ, એક માથું, બે કાન, બે આંખ, એક મોઢું અને એક હૃદય છે?"

"હા છે."

"મારી પાસે પણ છે."

"મને પ્રેમ કરે છે?"

આંખોમાં આવેલા આંસુઓ સાથે કૃપાલીએ કહ્યું, "હા, તને પ્રેમ કરું છું."

"હું પણ તને પ્રેમ કરું છું." પલ્લવની આંખો પણ ભીની હતી.

થોડી વાર સુધી પલ્લવ અને કૃપાલી બંનેએ એકબીજાની આંખોમાં જોયા કર્યું. થોડા સમય પછી પલ્લવે પૂછ્યું, "એક છેલ્લો સવાલ. તારી પાસે યુટરસ છે?"

રડતા રડતા કૃપાલીએ કહ્યું, "ના નથી."

ભીની આંખે પલ્લવે કહ્યું, "મારી પાસે પણ નથી. જો, આપણે બંને સરખા છીએ. આપણે બંને એકબીજા માટે કમ્પેટીબલ છીએ. કોણે કહ્યું કે તું મૅરેજ મટીરિયલ નથી?"

કૃપાલીએ કશો જ જવાબ ન આપ્યો. એ ફક્ત રડતી રહી.

પલ્લવે કહ્યું, "તારી વાત સાચી છે. તું બહુ જ 'રેર' છે. તું પાંચ હજારમાં નહિ, તું લાખોમાં એક છે. તને આજીવન પ્રેમ કરવા માટે મને તારા યુટરસની જરૂર નથી. મને તારી એક 'હા'ની જરૂર છે."

પલ્લવની આંખોમાં રહેલો પ્રેમ જોઈને કૃપાલી સ્તબ્ધ હતી. પોતાને મળેલી જિંદગી સાથે સમજાવટ કરીને પોતાનું મન મનાવી લેનારી કૃપાલીને લાગ્યું કે ઈશ્વર તેને એક નવી જિંદગી જીવવાનો ચાન્સ આપી રહ્યો છે.

પલ્લવે કહ્યું, "આ દુનિયામાં આંધળાના લગ્ન આંધળા સાથે થાય છે. બહેરાના લગ્ન બહેરા સાથે થાય છે. HIV પૉઝિટિવના લગ્ન બીજા HIV પૉઝિટિવ સાથે થાય છે. ફિઝિકલી કે મેન્ટલી ચૅલેન્જડ લોકોના લગ્ન તેમના જેવા જ બીજા લોકો સાથે થાય છે. તો જેમની પાસે યુટરસ નથી, એવી બે વ્યક્તિના લગ્ન કેમ ન થઈ શકે? ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં આપણા બંનેનું નામ લખાવું છે. આ દુનિયાના પહેલા યુટરસ વગરના લગ્ન કરવા છે. બોલ, મારી મદદ કરીશ?"

એટલું બોલીને પલ્લવ પોતાના ઘૂંટણ પર બેસી ગયો.

કૃપાલીએ કહ્યું, "આ શું કરે છે? આમ ઉંબરા પર આ સારું ન લાગે, અંદર ઘરમાં આવીને..."

"આજે ટોકતી નહિ. કહેવાય છે કે માણસ જ્યારે કોઈ શુભ કામ કરવા જઈ રહ્યો હોય, ત્યારે એને ટોકવો ન જોઈએ. આજે હું મારી જિંદગીનું સૌથી શુભ કાર્ય કરવા જઈ રહ્યો છું."

પોતાના બ્લેઝરમાંથી પલ્લવે એક નાની એવી ડબ્બી કાઢી અને એ ડબ્બી ખોલીને કૃપાલીને બતાવી. તેણે કહ્યું, "આ ડાયમંડ રિંગ મેં મારા ખિસ્સામાં રાખી મૂકી'તી. મને હતું કે તું જ્યારે હા પાડીશ, ત્યારે તને પહેરાવીશ. મને ખબર નહોતી કે તું ના પાડીશ તો પણ તને પહેરાવવાનો એક ચાન્સ મળશે.'

ઘૂંટણ પર બેઠા બેઠા પલ્લવે કૃપાલીની સામે જોયું. પોતાના ડાબા હાથમાં ડાયમંડ રિંગ રાખી અને જમણો હાથ એ ડાયમંડ રિંગ પર મૂકી દીધો. પછી તેણે કહ્યું, “હું પલ્લવ ચંદ્રકાંત ઠક્કર સંપૂર્ણ સભાનતા અને જવાબદારીપૂર્વક, કોઈના પણ દબાણ કે ડર વિના, કોઈ પણ નશાની અસરમાં આવ્યા વિના શપથ લઉં છું કે હું કૃપાલી મનહર દેસાઈ સાથે લગ્ન કરીશ, તેને આજીવન ખુશ રાખીશ અને તેની આંખોમાં ક્યારેય આંસુ નહિ આવવા દઉં.”

પોતાના જમણા હાથમાં રિંગ પકડીને પલ્લવે એ રિંગ, કૃપાલી સામે ધરી. પછી કહ્યું, “હું તને પ્રૉમિસ કરું છું કે તારા યુટરસની ગેરહાજરી આપણા પ્રેમની વચ્ચે ક્યારેય નહિ આવે. મને તારું યુટરસ નહિ, તારો હાથ જોઈએ છે. તારો હાથ માંગવા આવ્યો છું. બોલ, આપીશ તારો હાથ?”

કૃપાલીની આંખોમાં હર્ષના આંસુઓ હતા. આંખમાં આંસુઓ સાથે હસતા હસતા એ બોલી, “કેમ? તારી પાસે તારા હાથ નથી?”

એટલું બોલીને કૃપાલીએ પોતાનો હાથ પલ્લવ તરફ લંબાવ્યો અને પલ્લવે પોતાના હાથમાં રહેલી ડાયમંડ રિંગ કૃપાલીને પહેરાવી દીધી.

કૃપાલીએ પલ્લવને હાથ પકડીને ઊભો કર્યો. પલ્લવ અચાનક સાવ ચૂપ થઈ ગયો.

કૃપાલીએ કહ્યું, “આમ ચૂપ ન થઈ જા. બોલતો રહે. કાંઈ પણ બોલ પરંતુ આવા સમયે આ સાઇલન્સ મારાથી નહિ સહન થાય. જો આ સાઇલન્સ લાંબું ચાલ્યું ને તો.....”

“તો શું કરીશ?”

“તો લગ્ન પછી તારા પર ડૉમેસ્ટિક વાયોલન્સનો કેસ ઠોકી દઈશ.” એટલું બોલીને કૃપાલી રડતા રડતા પલ્લવને ભેટી પડી.



♦ 3 ♦

"ઓહ, સચ અ સ્વીટ લવ સ્ટોરી." આખી વાત સાંભળ્યા પછી સ્ટેલાની આંખોમાં પણ પાણી હતા.

પોતાની બાજુમાં બેઠેલા પલ્લવના ખભા પર હાથ મૂકીને અનિકેતે કહ્યું, "વાહ દોસ્ત, આઇ એમ ફિલિંગ પ્રાઉડ કે તું મારો મિત્ર છે."

કૉફી પીને પોતાનો કપ પલ્લવે ટેબલ પર મૂક્યો અને કહ્યું, "મને લાગે છે કે આપણે ઑપરેશન થિયેટરની બહાર બેસીએ. કૃપાલી અંદર એકલી છે."

"અરે દોસ્ત, હજુ બહુ વાર લાગશે. ઑપરેશન પતશે એટલે સિસ્ટર આપણને બોલાવશે."

"એક વાર સિસ્ટરને ફોન કરી લઈએ તો?"

"વેઇટ, આઇ વીલ ડુ ધેટ." કહીને સ્ટેલા ઊભી થઈ. કૅફેટેરિયાના ફોન પરથી ઑપરેશન થિયેટરના વેઇટિંગ લૉન્જમાં ફોન કરીને તેણે સિસ્ટર સાથે વાત કરી. ફોન મૂકીને તેણે કહ્યું, "ધ સર્જરી ઇઝ ગોઇંગ ઓન એન્ડ એવરીથિંગ ઇઝ ફાઇન. નથિંગ ટુ વરી."

"તો પછી હજુ એક કૉફી થઈ જાય. શું કહે છે પલ્લવ?" અનિકેતે કહ્યું.

"તને યાદ છે? પેલા બાપુના ગલ્લા પર આપણે રોજ સાંજે સાથે કૉફી પીતા'તા?"

"અરે, એટલે જ તો કહું છું. કૉફીમાં સંબંધોને સજીવન કરવાની સ્પેશિયલ ટૅલેન્ટ રહેલી હોય છે. ચાલ, આપણે સાથે વિતાવેલા સમય માટે એક વાર ચિયર્સ કરીએ."

"થ્રી કૉફી લાતે પ્લીઝ." સ્ટેલાએ કહ્યું.

થોડી જ વારમાં ટ્રેમાં સજાવીને કૉફી લાવવામાં આવી. કૉફી પીતા પીતા અનિકેતે પૂછ્યું, 'તું ને કૃપાલી કેવી રીતે મળ્યાં? એ તો અમને ખબર પડી ગઈ. પણ આ સર્જરીનું શું ચક્કર છે?'

"એક્ઝેક્ટલી. વોટ કાઇન્ડ ઑફ સર્જરી શી ઇઝ અન્ડરગોઇંગ?" સ્ટેલાએ પૂછ્યું.

કૉફીનો કપ હાથમાં પકડીને બેઠેલા પલ્લવની નજર એક જગ્યાએ સ્થિર થઈ ગઈ, જાણે એ પોતાના ભૂતકાળમાં ખોવાઈ ગયો હોય. કૉફીના કપમાંથી નીકળતી વરાળે પલ્લવની આંખોમાં વાદળો બાંધ્યાં. પલ્લવની આંખોમાં વાદળછાયું વાતાવરણ હતું અને વરસાદ અંધારેલો હતો.

સ્થિર થયેલી નજરે પલ્લવે પોતાની વાત કહેવાની શરૂઆત કરી. પલ્લવે કહ્યું, "કૃપાલીએ મને લગ્ન માટે હા તો પાડી દીધી પરંતુ મને લાગ્યું કે કૃપાલી પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો. જો કૃપાલી એક નૉર્મલ સ્ત્રી હોત, તો મને હા પાડતા પહેલા તેણે ચોક્કસ વિચાર કર્યો હોત કારણ કે તે સંજોગોમાં તેની પાસે ઘણા બધા વિકલ્પો હોત. મારા કરતા વધારે સારો છોકરો મળી શકવાની અથવા તો મારા કરતા વધારે પ્રેમ કરનારો પતિ મળી શકવાની શક્યતા હોત. પરંતુ કૃપાલી એબનોર્મલ હોવાથી તેની પાસે ફક્ત એક જ વિકલ્પ હતો. જે પુરુષ તેની સાથે લગ્ન કરવા માટે તૈયાર થઈ જાય, એ જ પુરુષ સાથે તેણે લગ્ન કરવા પડે તેમ હતા."

કૉફીનો એક ઘૂંટ મારીને, એક સર્કાસ્ટીક સ્માઇલ કરીને પલ્લવે કહ્યું, 'બેગર્સ આર નોટ ચૂઝર્સ. કોઈ પુરુષ સ્ત્રીઓમાં રહેલી ખામીઓ સ્વીકારવા તૈયાર હોતો નથી. એને માટે જ જ્યારે પણ કોઈ પુરુષ એક સ્ત્રીને તેનામાં રહેલી કોઈ ગંભીર ઊણપ કે ખામી સાથે સ્વીકારવા તૈયાર થઈ જતો હોય છે, ત્યારે બીજું કશું જ વિચાર્યા વગર પેલી સ્ત્રી પણ પોતાની જાતને તે પુરુષને સમર્પિત કરી દેતી હોય છે.'

"પલ્લવ, ધેટ ઇઝ કોલ્ડ લવ ડિયર." સ્ટેલાએ ઉમેર્યું.

પોતાની નજર ઊંચી કરીને પલ્લવે કહ્યું, 'એટલે જ મેં ત્યારે વિચારી લીધેલું કે લગ્ન માટે મને હા પાડ્યાનો અફસોસ, હું કૃપાલીને ક્યારેય નહિ થવા દઉં. હું કૃપાલીનું દરેક સપનું પૂરું કરીશ, તેની દરેક ઇચ્છા પૂરી કરીશ. મને હજુ પણ યાદ છે એ દિવસ જ્યારે અમે લગ્ન પહેલા એક વાર સી.સી.ડી.માં મળેલા.'

* * *

"સૉરી... થોડું મોડું થઈ ગયું આવવામાં. આઇ હોપ, મેં તને બહુ રાહ નથી જોવડાવી.' કૃપાલીએ ખુરશી પર બેસતા પલ્લવને કહ્યું.

"રાહ તો જોવડાવી છે." પોતાની આંખો ઝીણી કરીને પલ્લવે કહ્યું, "મારી લાઇફમાં આવવા માટે બહુ રાહ જોવડાવી તેં."

"લગ્ન પછી કરવા માટે પણ થોડુંક ફ્લર્ટિંગ બાકી રાખ. બધું ફ્લર્ટિંગ અત્યારે જ કરી લઈશ, તો લગ્ન પછી શું કરીશ?"

"સ્ટોક તો ઘણો પડ્યો છે. તું ચિંતા નહિ કર."

કૃપાલીએ હસતા હસતા કહ્યું, "આટલી બધી છોકરીઓ પાછળ વાપરી નાખ્યો, તો ય સ્ટોક પડ્યો છે?"

પોતાના બ્લેઝરમાંથી ગુલાબ કાઢીને કૃપાલીને આપતા પલ્લવે કહ્યું, 'તારા માટે એમેઝોન પરથી સ્પેશિયલ સ્ટોક મંગાવ્યો છે.'

"ઓહો, શું વાત છે? મારા માટે ગુલાબ?" પલ્લવના હાથમાંથી ગુલાબ લઈને કૃપાલીએ કહ્યું, "થેન્ક્યુ સો મચ."

"તું સરસ લાગે છે."

પોતાની ડોક ટટ્ટાર કરીને, ખોંખારો ખાઈને કૃપાલીએ કહ્યું, "એ તો હું જાણું છું. કાંઈ નવી વાત કર." એટલું બોલીને કૃપાલી હસી પડી.

પલ્લવ કૃપાલીના હસતા ચહેરા સામે જોઈ રહ્યો અને કોઈ ઊંડા વિચારમાં ખોવાઈ ગયો.

"ઓ હેલો, ક્યાં ખોવાઈ ગયો?" ચપટી વગાડીને કૃપાલીએ કહ્યું.

"ખોવાઈ ગયો'તો." આંખો પટપટાવીને પલ્લવે કહ્યું, "તું જ્યારથી લાઇફમાં આવી છે ત્યારથી મારી જાતને પાછો જડ્યો છું હું."

"આવી બધી ચીઝી લાઇન્સ, લગ્ન પછી કહેવા માટે બાકી રાખજે."

"એ કૃપાલી, સાંભળને....."

"બોલ."

"તું શનિવારની રાત જેવી છે. જીવતરની ભાગદોડમાં બહુ જ મુશ્કેલીથી મળતી નિરાંત જેવી છે. માંડ મળે છે પણ જ્યારે મળે છે ત્યારે હૃદયને બહુ ઠંડક વળે છે. તુમ જબ ભી આતી હો, બહોત શુકુન લાતી હો. તું જ્યારે મારી સામે હોય છે ત્યારે મને એવું લાગે છે કે મારી પાસે બહુ બધો સમય છે. તું સાથે હોય ત્યારે સમયને પોઝ કરી દેવાનું મન થાય છે."

"તું લગ્ન સમયની ધામધૂમ જેવો. તું આવે છે ત્યારે ઢોલ-નગારા વાગવા લાગે છે, શરણાઈઓ વાગે છે. એવું લાગે છે કે આખું ગામ આપણા બંનેના મેળાપને જોવા માટે હાથમાં ફૂલો લઈને ઊભું છે." પલ્લવનો હાથ પકડીને કૃપાલીએ કહ્યું, 'તારા જેવો સમય જીવનમાં એક જ વાર આવે છે. જ્યારે આવે છે ત્યારે એકસામટો આવે છે.'

"મારે તને દિવાળીના તહેવારની જેમ ઊજવવી છે. રવિવારની જેમ માણવી છે. કાળી અંધારી કોઈ લાંબી રાત પછી માંડ પડતી સવારની જેમ, મારે તને જીવવી છે."

કૃપાલીએ કશો જ જવાબ ન આપ્યો. ગાલ પર કોઈએ ગુલાલ લગાડ્યો હોય, કૃપાલીના ગાલ એવા ગુલાબી થઈ ગયેલા.

"કાંઈ જવાબ નહિ આપે?" પલ્લવે કૃપાલીની થોડી નજીક આવીને પૂછ્યું.

"કાન્ટ યુ સી ધેટ આઇ એમ બ્લશિંગ?" કૃપાલીએ શરમાતા શરમાતા કહ્યું.

થોડી ક્ષણો માટે પલ્લવ પણ શરમાઈ ગયો. પછી અચાનક પલ્લવ બોલ્યો, 'એ સાંભળ, તારા જેટલા લાગતાવળગતા હોય, એ બધાને કહી દેજે કે લગ્ન પહેલા તને કૉપી-પેસ્ટ કરી લે.' કૃપાલીની આંખોમાં

આંખો નાખીને પલ્લવે પોતાનું વાક્ય પૂરું કર્યું, 'કારણ કે લગ્ન પછી હું તને કોઈની પણ સાથે શેર નહિ કરી શકું.'

કૃપાલીએ પલ્લવના હાથ પર એક હળવેથી ટપલી મારી, "બસ હવે. કામની વાત કરીએ? નહિ તો લગ્નની વાતો સાઇડ પર જ રહી જશે."

"ઓહ યેસ. લગ્નની વાતો કરી લઈએ. પણ લગ્નની વાતો કરતા પહેલા દહેજની વાત કરી લઈએ?"

પોતાની ભમ્મરો ઊંચી કરીને કૃપાલીએ પૂછ્યું, "દહેજ? તું દહેજ લઈશ મારી પાસેથી? ચંદ્રકાન્ત ઠક્કરની કરોડોની સંપત્તિનો એક માત્ર વારસદાર એવો પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કર, મુજ ગરીબ પાસેથી દહેજ માંગશે?" કૃપાલી હસવા લાગી.

"એવું નહિ ચાલે. દહેજ તો જોઈશે યાર." પલ્લવે બહુ જ ગંભીરતાથી કહ્યું.

"શરમ કર શરમ. તારે તો મને એમ કહેવું જોઈએ કે કૃપાલી, તું બે જોડ કપડામાં પણ મારા ઘરે આવીશ તો મને મંજૂર હશે."

પોતાની ડાબી આંખ મારીને પલ્લવે કહ્યું, "કૃપાલી, તું કપડા વગર આવીશ તો પણ મને મંજૂર હશે."

"શટ અપ." આંખો પહોળી કરીને કૃપાલીએ કહ્યું.

"સિરિયસલી કહું છું, મારે દહેજ જોઈએ છે." પલ્લવના ચહેરા પર હવે ગંભીરતા હતી.

કૃપાલીએ પણ ગંભીર થઈને પૂછ્યું, "તારે શું જોઈએ છે બોલ?"

"મારી એવી ઇચ્છા છે કે દહેજમાં તું, તારાં સપનાંઓ લઈને મારા ઘરે આવે. એવાં સપનાંઓ જે હજુ પૂરાં કરવાના બાકી છે. એવાં સપનાંઓ જે આપણે સાથે મળીને પૂરાં કરીશું."

કૃપાલીએ કશું જ રિએક્ટ ન કર્યું. એ સ્તબ્ધ બનીને પલ્લવ સામે જોતી રહી.

પલ્લવે કહ્યું, 'દહેજમાં મારે તારી પાસેથી એક કૉન્ટ્રેક્ટ જોઈએ છે. તારાં સપનાંઓ પૂરાં કરવાનો કૉન્ટ્રેક્ટ. બહુ નજીવી કિંમતે ટેન્ડર ભરું છું. બોલ, મને તારાં સપનાંઓ પૂરાં કરવાં દઈશ?'

કૃપાલી રડવા લાગી. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. પલ્લવ તેની સામે જોતો રહ્યો. પલ્લવની આંખોમાં પણ પાણી હતા.

પોતાનો હાથરૂમાલ કૃપાલીને આપતા પલ્લવે કહ્યું, "રડ ત્યાં સુધી વાંધો નથી. તે દિવસની જેમ ગાયબ ન થઈ જતી યાર." આ સાંભળીને કૃપાલી રડતા રડતા હસી પડી.

પલ્લવે કહ્યું, 'તને શોધવામાં બહુ તકલીફ પડે છે. તું માંડ મળી છે. ફરી પાછી ખોવાઈ જઈશ, તો હવે તને નહિ શોધી શકું.'

"લાઇફમાં તું મને મળી ગયો એ વાત જ મારા માટે કોઈ સપનાંથી ઓછી નથી. રહી વાત બાળપણમાં જોયેલાં સપનાંઓની, તો એ સપનાંઓ જોવાનું હવે મેં બંધ કરી દીધું છે, પલ્લવ."

"સપનાંઓ જોવાનું બંધ કરી દેવું, એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે."

"કેટલાંક સપનાંઓ ક્યારેય પૂરાં નથી થતાં."

"એ સપનાંઓને પૂરાં કરવાનો આપણે પ્રયત્ન તો કરી શકીએ ને?" પલ્લવે કહ્યું.

થોડી વાર કૃપાલી કશું જ બોલી નહિ. થોડા સમય પછી કૃપાલીએ કહ્યું, "હું જ્યારે પાંચ વર્ષની હતી, ત્યારે હું ઢીંગલીઓ સાથે બહુ રમતી. મારી પાસે બહુ બધી ઢીંગલીઓ હતી. એ બધી ઢીંગલીઓને સોફા પર બેસાડીને હું તેમને ભણાવતી. મારી ઢીંગલીઓને હું નવડાવતી, તેમને કપડાં પહેરાવતી, તેમને વાળ ઓળી દેતી. મારા ખોળામાં રાખીને હું તેમને સૂવડાવતી. મારી બધી ઢીંગલીઓને હું મારી દીકરીઓની જેમ સાચવતી."

બોલતા બોલતા કૃપાલીના ગળે ડૂમો ભરાઈ આવ્યો. પલ્લવે તેને પાણી આપ્યું. પાણી પીને ફરી પાછી કૃપાલીએ બોલવાની શરૂઆત કરી.

"કોઈના ઘરે દીકરીનો જન્મ થાય ત્યારે ફક્ત એક દીકરી નથી જનમતી, એક માતા પણ જનમતી

હોય છે. એ દીકરીની સાથે એ દીકરીનું માતૃત્વ પણ જન્મી જતું હોય છે. દીકરીઓને મા બનવાનું કોઈએ શીખવવું નથી પડતું."

કૃપાલીએ ફરી થોડું પાણી પીધું અને કહ્યું, 'મારી ઉંમર ત્યારે 12 વર્ષની હતી, જ્યારે મારી મમ્મીનું અવસાન થયેલું. તેમની બંને કિડની ફેઇલ થઈ ગયેલી. થોડો સમય ડાયાલિસીસ કરાવ્યું પણ અંતે તો એ જ થયું જે ઈશ્વરને મંજૂર હતું. બે વરસ પછી મારા પપ્પાએ બીજા લગ્ન કરી લીધા. મારા જૂના થઈ ગયેલા ઘરમાં, મારી નવી મમ્મી આવી. મારી નવી મમ્મી મને બિલકુલ પ્રેમ નહોતી કરતી.'

પોતાના ગાલ પર આવેલા આંસુઓ રૂમાલથી લૂછતાં લૂછતાં કૃપાલીએ કહ્યું, "કેટલાક લોકોના નસીબમાં એક મમ્મી પણ નથી હોતી. મને બે-બે મમ્મીઓ મળી અને તેમ છતાં મમ્મીના પ્રેમથી હું કાયમને માટે વંચિત રહી ગઈ. તે સમયે મેં મારી ઢીંગલીઓને કહેલું કે તમે લોકો ચિંતા ન કરતા. હું છું ને તમારી પાસે! તમારી મમ્મી કાયમ તમારી સાથે જ રહેશે."

કૃપાલીએ થોડો પોઝ લીધો. કૃપાલી ઇચ્છતી હતી કે પલ્લવ કશુંક રિએક્ટ કરે. પલ્લવ કશું જ બોલ્યો નહિ. બંને વચ્ચે થોડા સમય સુધી મૌનનો સંવાદ ચાલુ રહ્યો.

કૃપાલીએ કહ્યું, "જેમ જેમ હું મોટી થતી ગઈ, તેમ તેમ મને મમ્મીના પ્રેમનો અભાવ વધારે લાગતો ગયો. જો ઈશ્વરે મને મમ્મી આપી જ ન હોત, તો મને ઈશ્વર સામે કોઈ જ ફરિયાદ ન હોત કારણ કે તો મને ખબર જ ન પડી હોત કે મમ્મીનો પ્રેમ કેવો હોય? 12 વર્ષ સુધી એકધારા મળતા મમ્મીના પ્રેમની મને આદત થઈ ગયેલી. હું જ્યારે 15 વર્ષની થઈ, ત્યારે મેં નક્કી કરેલું કે મને ભલે મમ્મીનો પ્રેમ ન મળ્યો હોય પરંતુ મારા સંતાનને હું મમ્મીની ખોટ ક્યારેય લાગવા નહિ દઉં. જે મને નથી મળ્યો એ બધો પ્રેમ હું મારા સંતાનને આપીશ."

"પછી શું થયું?" અત્યાર સુધી સાવ ચૂપ બેઠેલા પલ્લવે હિંમત કરીને પૂછ્યું.

"ભણવામાં મારું ધ્યાન નહોતું લાગતું. આખો દિવસ મમ્મીના જ વિચારો આવ્યા કરતા'તા. એટલે પપ્પાએ મને ભણવા માટે મારા મામાના ઘરે અહીંયાં મોકલી દીધી. 18 વર્ષ સુધી મને પિરિયડ્સ જ ન આવ્યા. મને એમ કે આ વાત નોર્મલ હશે. મમ્મી હતી નહિ, આ વાત કોની સાથે શેર કરું? એક દિવસ ડરતા ડરતા મેં આ વાત મામીને કરી. મામી મને તાત્કાલિક એક ડૉક્ટર પાસે લઈ ગયાં. મારી સોનોગ્રાફી કરવામાં આવી અને પછી મારો MRI કરવામાં આવ્યો. MRI જોઈને ડૉક્ટરે મારા મામીને કહ્યું કે આ છોકરીમાં યુટરસ જ નથી. એને જિંદગીમાં બીજી કોઈ તકલીફ નહિ પડે પરંતુ એ ક્યારેય મા નહિ બની શકે."

પોતાની નજર નીચે કરીને કૃપાલીએ કહ્યું, "મને ત્યારે ખબર પડી કે ઍબૉર્શન કરાવવા માટે યુટરસનું હોવું જરૂરી નથી. મારામાં યુટરસની ગેરહાજરીના સમાચાર મળતાની સાથે જ મારા મા બનવાના સપનાનું ઍબૉર્શન થઈ ગયેલું."

"મને ડૉક્ટરે કહ્યું કે લગ્ન પછી મારે કોઈ બાળકને દત્તક લેવાની જરૂર નહિ પડે, કારણ કે સરોગસીથી મને બાળક થઈ શકે છે. પરંતુ કોઈ બીજી સ્ત્રીના યુટરસમાં મારું બાળક ઉછેરવાનો વિચાર મને બહુ ગમ્યો નહિ. સરોગસી કરીને મારું બાળક તો આવી જાય પરંતુ હું મા તો ક્યારેય ન જ બની શકું ને? ખોળામાં બાળક હોવું અને મા બનવું, એ બંનેમાં તફાવત છે પલ્લવ. લગ્ન પછી સરોગસી કરાવવાની પૂર્વ શરત સાથે હું કોઈ પુરુષ સાથે લગ્ન કેવી રીતે કરી શકું? એટલે મેં મારી અપૂર્ણતાને સ્વીકારી લીધી અને લગ્ન ન કરવાનો નિર્ણય લઈ લીધો. તને ફરી એક વાર કહું છું. હજુ એક વાર વિચારી લે. આ ક્ષણ સુધી પહોંચ્યા પછી પણ જો તું પાછો વળી જઈશ, તો પણ મને કોઈ જ ફરિયાદ નહિ રહે. અધૂરી વ્યક્તિઓ અને અધૂરાં સપનાંઓ સાથે આખી જિંદગી પૂરી કરવી બહુ અઘરી છે."

"પણ અધૂરી વ્યક્તિઓને પૂરેપૂરો પ્રેમ કરીને તો જિંદગી પૂરી થઈ શકે છે ને? અને રહી વાત અધૂરાં સપનાંઓની, તો તારા અધૂરાં સપનાંઓ મારે દત્તક લેવાં છે. આપણે સાથે મળીને એ સપનાંઓને પૂરાં કરીશું.' પલ્લવે કહ્યું.

"એક મિનિટ ઊભો થઈશ?" કૃપાલીએ પૂછ્યું.

ઊભા થતા પલ્લવે કહ્યું, 'તારા માટે આજીવન ઊભો રહેવા તૈયાર છું.' પછી પલ્લવ થોડું હસ્યો અને કહ્યું, 'બાય ધ વે, મારી પાસે ઊઠ-બેસ કરાવવાનો ઇરાદો છે કે શું?'

"ના. તને હગ કરવું છે." પોતાની ખુરશી પરથી ઊભા થતા કૃપાલીએ કહ્યું અને પછી કૃપાલી પલ્લવને ભેટી પડી. એકબીજાને ગળે મળીને બંને જણા પાછા પોતાની ખુરશી પર બેસી ગયા.

ખુરશી પર બેસતા બેસતા પલ્લવે કહ્યું, 'ઇટ વોઝ અ સરપ્રાઇઝ. આમ જાહેરમાં ગળે મળવાનું તને ફાવતું હોય તો બીજું પણ કશું ટ્રાય કરીએ?'

કૃપાલીએ શરમાઈને કહ્યું, 'શટ અપ.' થોડા પોઝ પછી ફરી પાછું કૃપાલીએ કહ્યું, 'એ સાંભળને, મારે તને એક અગત્યની વાત પૂછવી છે. મને સાચો જવાબ આપજે. મારા આ યુટરસ પ્રૉબ્લેમ વિશે તેં તારાં મમ્મી-પપ્પાને વાત કરી છે?'

"ના નથી કરી. નહિ તો એ લોકો ક્યારેય લગ્ન માટે રાજી ન થાત."

"એમને લગ્ન પછી ખબર પડશે તો? એમને કેટલો મોટો આઘાત લાગશે પલ્લવ?"

"તો શું કરું હું?"

"અરે, કહી દે એમને. અસત્યના પાયા પર સંબંધોની ઇમારત ક્યારેય ચણી નથી શકાતી."

ચપટી વગાડતા પલ્લવે કહ્યું, 'કાલ ને કાલ આપણા મૅરેજ કૅન્સલ થઈ જશે. હું ઓળખું છું મારાં મમ્મી-પપ્પાને. એ લોકો આ વાત ક્યારેય નહિ સ્વીકારે કે એમની થનારી પુત્રવધૂ મા બની શકે તેમ નથી.'

"આજ નહિ તો કાલ. એમને આ વાતની જાણ તો થશે જ ને? જ્યારે એમને ખબર પડશે ત્યારે તેઓ મારો અસ્વીકાર નહિ કરે, એની શું ખાતરી છે?"

"કૃપાલી, દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ ઊણપ રહેલી હોય છે. મોટા ભાગના લોકોમાં વિચારો કે સમજણની ઊણપ હોય છે, કેટલાકમાં અંગોની ઊણપ હોય છે. જો એક યુટરસ ન હોવાને કારણે તું એને તારી ઊણપ ગણતી હોય તો ફક્ત આટલી જ વાત માટે તારો અસ્વીકાર કરનારા દરેક લોકો તારા કરતા વધારે અધૂરા છે. કારણ કે એ લોકો પાસે સમજણ અને પરિપક્વતાની ઊણપ છે. એ બધા જ લોકો તારા કરતા વધારે અધૂરા છે, કૃપાલી."

કૃપાલીનો હાથ પકડીને પલ્લવે કહ્યું, 'તું નસીબદાર છે યાર. તારામાં રહેલી ઊણપ MRIમાં તો પકડાય જાય છે. આ દુનિયામાં કેટલા બધા લોકો એવા છે જેમનામાં રહેલી ઊણપ શોધવા માટે કોઈ મશીન બન્યું જ નથી. અને માટે લોકોને એ વાતની જાણ જ નથી હોતી કે તેઓ અપૂર્ણ છે.'

"ફિલૉસૉફી એક તરફ યાર પણ મમ્મી-પપ્પાને આ વાત નહિ કરવાનું મને યોગ્ય નથી લાગતું." કૃપાલી થોડી નાખુશ હતી.

"આ દુનિયામાં લોકો ભાગીને લગ્ન કરી લેતા હોય છે. આપણે એવું તો કશું નથી કરી રહ્યા ને? મમ્મી-પપ્પાએ તને જોઈ છે, તને મળ્યા છે. આપણો સંબંધ એમને મંજૂર છે. આપણે બંને એકબીજાને પ્રેમ કરીએ છીએ. આપણે બંને એકબીજા સાથે ખુશ છીએ. એનાથી વધારે મમ્મી-પપ્પાને બીજું શું જોઈતું હોય યાર? લગ્ન પછી ક્યારેય પણ તારો અસ્વીકાર નહિ થાય, એ જોવાની જવાબદારી મારી છે. હું તને પ્રૉમિસ આપું છું કે ઈશ્વરે તને આપેલી તારી ઊણપને કારણે, તારે મારું ઘર ક્યારેય છોડવું નહિ પડે. જો છોડવું પડશે તો આપણે બંને સાથે ઘર છોડશું."

* * *

પોતાની વાત કરતી વખતે પલ્લવની આંખોમાં બંધાયેલાં વાદળોમાંથી ધીમો ધીમો વરસાદ શરૂ થઈ ગયેલો. પલ્લવની વાતો સાંભળીને અનિકેત અને સ્ટેલાની આંખોમાં પણ પાણી આવી ગયેલા.

પલ્લવના હાથમાં રહેલા કૉફીના કપમાંથી નીકળતી વરાળ હવે બંધ થઈ ચૂકી હતી, પરંતુ પલ્લવની

હૈયાવરાળ હજુ પણ શરૂ હતી. તેણે કહ્યું, "ત્યારે મને ખબર પડી કે દરેક સ્ત્રીનું પહેલું સપનું તો એક મા બનવાનું જ હોય છે. મને ખરેખર એવું લાગે છે કે દરેક મા આ દુનિયા પરની શ્રેષ્ઠ કલાકાર છે. જે સ્ત્રી એક નવા જીવનું સર્જન કરી શકે છે, એ કાંઈ પણ કરી શકે છે. પોતાની જાતની અંદર એક નવા જીવને ઊછરતો જોવાનો અને અનુભવવાનો આનંદ કેટલો અદ્‌ભુત હશે? કોઈ એક વ્યક્તિ સ્ત્રી હોવા છતાં પણ આ સુખથી વંચિત રહી જાય, એ કેટલો મોટો અન્યાય કહેવાય યાર?"

છેલ્લું વાક્ય પલ્લવ રડતા રડતા બોલ્યો. તેની આંખોમાંથી હવે મુશળધાર વરસાદ શરૂ થઈ ગયેલો. હાથમાં રહેલો કૉફીનો કપ તેણે ટેબલ પર મૂક્યો અને ખિસ્સામાંથી રૂમાલ કાઢીને પોતાની આંખોની સામે ધરી દીધો. સ્ટેલાએ અનિકેતને ઇશારો કર્યો, અનિકેત ઊભો થઈને પલ્લવની બાજુમાં બેસી ગયો અને પલ્લવના ખભા પર હાથ મૂક્યો.

સ્વસ્થ થઈને પલ્લવે કહ્યું, "મેં ત્યારે જ નક્કી કરી લીધેલું કે કોઈ પણ સંજોગોમાં હું કૃપાલીનું સપનું પૂરું કરીશ. બીજા દિવસે રાતે 2 વાગ્યે મેં એને ફોન કર્યો....."

* * *

"હા, બોલ" કૃપાલીએ ઊંઘમાં ફોન ઉપાડ્યો.

"સૂઈ ગઈ'તી?"

"તું ટાઇમ તો જો. રાતના બે વાગ્યા છે. નૉર્મલી માણસો અત્યારે સૂતા હોય ને તું કેમ જાગે છે?"

"મારે તને મળવું છે."

"હા, તો કાલ સવારે મળીએ ને."

"મારે તને અત્યારે જ મળવું છે."

કૃપાલી પોતાના બેડ પર બેઠી થઈ ગઈ. ગંભીર અવાજમાં તેણે પૂછ્યું, "બધું ઓકે છે ને? આઇ મીન, ઘરમાં કાંઈ પ્રૉબ્લેમ તો નથી થયો ને?"

"ના, પણ તને એક બહુ જ અગત્યની વાત કરવાની છે."

પોતાના રૂમની લાઇટ્સ ચાલુ કરીને કૃપાલીએ પૂછ્યું, "પણ અત્યારે ક્યાં મળીશું?"

"તારા ઘરની બહાર આવ. હું તારી રાહ જોઉં છું."

"ડૉન્ટ ટેલ મી, કે તું મારા ઘરની બહાર ઊભો છે." બોલતા બોલતા કૃપાલી બાલ્કનીમાં આવી. તેણે જોયું કે પોતાની ગાડી પાર્ક કરીને, તે ગાડીને ટેકો આપીને પલ્લવ ઊભો ઊભો ફોન પર વાત કરતો'તો. કૃપાલી દોડીને બહાર આવી.

"પાગલ થઈ ગયો છે કે શું? આ બધું શું છે?" કૃપાલીએ આવતાવેંત કહ્યું.

"તને યાદ છે? એક વાર તારા સિન્ડ્રોમનું નામ લઈને તેં મને કહેલું કે ગુગલ કરી લેજે. તારું જનરલ નૉલેજ વધશે."

"હા કહેલું."

"મેં આજે સાચ્ચે ગૂગલમાં તારો સિન્ડ્રોમ સર્ચ કર્યો. આપણા બંનેનું સપનું પૂરું કરવાનો રસ્તો મને ગૂગલમાંથી મળી ગયો."

"હું કાંઈ સમજી નહિ."

પલ્લવે ખુશ થઈને કહ્યું, 'તારું મા બનવાનું સપનું પૂરું થઈ શકે એમ છે યાર. એ પણ એવી જ રીતે જેવી રીતે તું ઇચ્છે છે. સરોગસી કે એડોપ્શનની મદદથી બાળક ખોળામાં રાખીને નહિ, તું પ્રેગનન્ટ બનીને મા બની શકે છે.'

"પલ્લવ, કાંઈ પણ રિએક્ટ કરતા પહેલા હું એટલી આશા રાખું છું કે તું જે કાંઈ પણ કહે છે, એ કહેતા પહેલા એની શક્યતા વિશે તને પૂરી ખાતરી હોય. ગૂગલની અધકચરી માહિતીઓ વાંચીને, અડધી રાતે મને એવાં સપનાંઓ નહિ બતાવતો પ્લીઝ, જે ક્યારેય પૂરા ન થઈ શકે."

પલ્લવની આંખોમાં એક ચમક હતી. જાણે ગૂગલ વાંચીને પોતાની આંખોથી સૂરજ ગળી ગયો હોય એવું તેજ હતું પલ્લવના ચહેરા પર. એક ઉત્સાહ હતો, એક આશા હતી અને રાતના કાળા ડિબાંગ અંધારામાં પણ સૂરજ ઉગાડવાની જીદ હતી.

"ઊંઘમાંથી જાગી જા. આ સપનાંઓ જોવાનો સમય નથી. આ સપનાંઓને પૂરા કરવાનો સમય છે. હું જે પણ કહું છું એ પૂરી ખાતરીપૂર્વક કહું છું."

"જો હું પ્રેગનન્ટ બની શકું, એવી નજીવી શક્યતા પણ હોય તો હું કોઈ પણ રસ્તા પર ચાલવા તૈયાર છું."

"ચાલવાનું નથી. ઊડવાનું છે. અમેરિકા."

"અમેરિકા?"

"ગાડીમાં બેસ."

"અત્યારે ક્યાં જવું છે? મેં નાઇટ ડ્રેસ પહેર્યો છે."

"નાઇટ ડ્રેસમાં વધારે સેક્સી લાગે છે. પ્રશ્નો નહિ પૂછ. બેસી જા."

કૃપાલી પલ્લવની ગાડીમાં બેસી ગઈ. થોડી વાર સુધી પલ્લવ કશું જ બોલ્યો નહિ. સૂમસામ રસ્તાઓ પર તે ગાડી ચલાવતો રહ્યો.

થોડી વાર પછી કૃપાલી થોડી અકળાઈ. 'તું કંઈક બોલતો ખરો. આપણે ક્યાં જઈએ છીએ? આપણે શું કરવાનું છે?'

એક ચાની લારી આગળ ગાડી ઊભી રાખીને પલ્લવે કહ્યું, "ચા પીવા જઈએ છીએ." ગાડીનો કાચ નીચે ઉતારીને પલ્લવે ચા વાળાને કહ્યું, "બે સ્પેશિયલ ચા."

પછી કૃપાલી સામે જોઈને કહ્યું, "આપણે ક્યાં જઈએ છીએ? એનો જવાબ તો તને મળી ગયો. બાકી રહ્યો તારો બીજો સવાલ કે આપણે શું કરવાનું છે? તો એનો જવાબ છે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ."

એક્સપ્રેશનલેસ બનીને કૃપાલી થોડી વાર સુધી પલ્લવ સામે જોઈ રહી. અસંખ્ય શંકાઓના ભાર નીચે દબાયેલી કૃપાલીએ થોડા ખચકાટ સાથે પૂછ્યું, "આર યુ સ્યોર? આઇ મીન, ઇઝ ધેટ પોસીબલ?"

"મેયર-રોકીટેન્સ્કી-કસ્ટર-હૌસર સિન્ડ્રોમ. નવી જન્મેલી પાંચ હજાર બાળકીઓમાંથી કોઈ એક બદનસીબને આ સિન્ડ્રોમ થતો હોય છે. બહારથી કોઈ જ ખોડખાંપણ ન દેખાતી આ બાળકીઓમાં જન્મથી જ તેમનું ગર્ભાશય એટલે કે યુટરસ ગેરહાજર હોય છે. દર્દી કે તેની આસપાસના લોકોને ત્યાં સુધી ખબર નથી પડતી જ્યાં સુધી છોકરી યુવાન ન થાય. મોડી ઉંમર સુધી પણ જ્યારે કોઈ છોકરીમાં પિરિયડ્સ નથી આવતા, ત્યારે આ રોગનું નિદાન થતું હોય છે. તેમના અંડાશય એટલે કે ઓવરીઝ નૉર્મલ હોવાથી આ સ્ત્રીઓ સરોગસી દ્વારા માતા બની શકે છે."

"ઓ ગુગલ મહારાજ, આટલી તો મને પણ ખબર હતી. આમાં તે નવું શું કીધું?" કૃપાલીએ કહ્યું.

ચાનો કપ કૃપાલીના હાથમાં આપતા પલ્લવે કહ્યું, "આ સ્ત્રીઓમાં યુટરસ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. આ તો તને ખબર નહોતી ને?"

"યુટરસ ટ્રાન્સપ્લાન્ટ કરાવવું એટલું સહેલું નથી. યુટરસ ટ્રાન્સપ્લાન્ટ વિશે કાંઈ ખબર પણ છે તને, કે આમ જ ઠોકાઠોક કરે છે?"

"યુટરસના ટ્રાન્સપ્લાન્ટની શરૂઆત સૌથી પહેલા સ્વીડનમાં થયેલી. સ્વીડનમાં અત્યાર સુધીમાં નવ યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ થયેલા છે, જેમાંથી આઠ કિસ્સાઓમાં પ્રેગનન્સી શક્ય બની છે અને આ બધી સ્ત્રીઓએ બાળકોને જન્મ આપ્યા છે. અમેરિકાના ક્લીવલૅન્ડ ક્લિનિકમાં ફેબ્રુઆરી 2016માં અમેરિકાનું પહેલું યુટરસ ટ્રાન્સપ્લાન્ટ થયું. ત્યાર બાદ આ જ સિન્ડ્રોમથી પીડાતી એક સ્ત્રીએ ડિસેમ્બર 2017 ડલ્લાસમાં બેયલોર યુનિવર્સિટીની ટેક્સાસ હૉસ્પિટલમાં પણ યુટરસ ટ્રાન્સપ્લાન્ટની મદદથી એક બાળકીને જન્મ આપ્યો."

કૃપાલીના ખભા પર હાથ મૂકીને પલ્લવે કહ્યું, "આપણું સપનું પૂરું થશે કૃપાલી. સપનું પૂરું કરવાની એવી કોઈ શરત તો નથી ને કે એ ઇન્ડિયામાં જ પૂરું થવું જોઈએ. આપણે અમેરિકા જઈશું. મેં બધું જ વિચારી રાખ્યું છે. મારો એક ફ્રેન્ડ છે. એ પોતે એન્ડ્રોલૉજીસ્ટ છે. મેં એની સાથે પણ ફોન પર વાત કરી લીધી છે. તેણે મને આખી પ્રક્રિયા સમજાવી દીધી છે."

ચા પીતા પીતા પલ્લવ બોલ્યો, "લગ્નના બીજા દિવસે આપણે હનીમૂન માટે ક્લીવલૅન્ડ રવાના થઈ જશું. હનીમૂન માટે જઈએ છીએ, એટલે આપણે કોઈને બીજા કોઈ જ ખુલાસાઓ નહિ આપવા પડે. ક્લીવલૅન્ડ ક્લિનિક પહોંચ્યાં પછી, ત્યાં ડૉક્ટરો તારી તપાસ કરશે. તારા બ્લડ સેમ્પલ લેશે. આપણે એટલું જ કરવાનું છે. એટલું કામ પતાવીને આપણે પાછાં ઇન્ડિયા આવી જઈશું."

"પછી?"

"પછી તારા શરીરને મૅચ થાય એવા કોઈ ડોનરની આપણે રાહ જોવાની. તારું નામ એ લોકો 'ઑર્ગન રેસીપીઅન્ટ વેઇટિંગ લીસ્ટ'ની યાદીમાં લખી રાખશે. તારા શરીરને મૅચ થાય એવો કોઈ ડોનર એ લોકોને મળશે, એટલે એ લોકો આપણને ફોન કરશે. આપણે તાત્કાલિક અમેરિકા પહોંચીને તારામાં યુટરસ ટ્રાન્સપ્લાન્ટ કરાવી નાખશું."

"પણ કેટલો બધો ખર્ચો થશે?"

"ખર્ચાની ચિંતા નહિ કર કૃપાલી. આજ સુધી એવું જ સાંભળતો આવ્યો છું કે આ દુનિયામાં પૈસાથી સંબંધો ખરીદી શકાતા નથી. પૈસા ખર્ચીને જો તારા માટે માતૃત્વ ખરીદવાનો એક ચાન્સ પણ મળતો હોય, તો મારી તમામ સંપત્તિ તારા ઉપર કુરબાન કરી દેવા તૈયાર છું."

ચા પીધા પછી ફરી પાછી પલ્લવે ગાડી કૃપાલીના ઘર તરફ મારી મૂકી. કૃપાલી ગાડીમાંથી નીચે ઊતરી. પલ્લવ હજુ પણ ડ્રાઇવિંગ સીટમાં જ બેઠેલો હતો. ડ્રાઇવિંગ સીટ તરફની વિન્ડો પાસે આવીને કૃપાલીએ જતા જતા કહ્યું, "આ ડ્રાઇવ મને હંમેશાં યાદ રહેશે. અડધી રાતે ઊંઘમાંથી જગાડીને પણ કોઈ આપણને સપનાંઓ બતાવી શકે છે એવી મને ખબર નહોતી."

ડ્રાઇવિંગ સીટ પર બેઠા બેઠા જ પલ્લવે કહ્યું, "તમારો પાસપૉર્ટ બનાવવાની તૈયારી શરૂ કરી દો, મૅડમ. બસ, એમ સમજી લો કે તમારાં સપનાંઓને વિઝા મળી ગયા છે."



♦ 4 ♦

"ઓહ, સો શી ઇઝ અન્ડરગોઇંગ યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ?" સ્ટેલાએ પૂછ્યું.

પાનખરની ઋતુમાં ઉદાસ થઈને ઊભેલું કોઈ વૃક્ષ, વસંત આવ્યાના સમાચાર સાંભળીને જે રીતે ખુશ થઈ જાય, ચહેરા પર એવી જ ખુશી સાથે પલ્લવે કહ્યું, "યેસ, શી ઇઝ"

ફરી પાછો સન્નાટો છવાઈ ગયો. અનિકેત અને સ્ટેલાને કઈ રીતે રિએક્ટ કરવું? એ સમજાતું નહોતું. થોડા સમય પછી પલ્લવે જ વાતની શરૂઆત કરી.

"લગ્ન નજીક આવતા'તા. કૃપાલીના પાસપોર્ટ માટે અમે અપ્લાય કરી દીધેલું. અમે નક્કી કર્યું કે લગ્ન પછી તરત જ હનીમૂન પર જવાને બદલે, પાસપોર્ટ અને વિઝા આવી જાય પછી જઈશું. લગ્ન પછીના છ એક મહિના સુધીમાં કૃપાલીના પાસપોર્ટ અને વિઝાની બધી જ ફૉર્માલિટીઝ પૂરી થઈ ગઈ. અમે અમેરિકા આવવાની ફ્લાઇટ બુક કરાવી. ત્યારે કૃપાલીએ ફરી એક વાર મને કહેલું....."

* * *

"હજુ પણ કશું બગડ્યું નથી, પલ્લવ. અમેરિકા જતા પહેલા એક વાર મમ્મી-પપ્પાને કહી દઈએ કે સત્ય શું છે? આમ એમને અંધારામાં રાખવાનો કોઈ જ અર્થ નથી."

"જો કૃપાલી, અત્યાર સુધી બધું જ બરાબર ચાલ્યું છે. શાંત પડેલા જળમાં પથ્થર નાખીને તારે શું કામ તરંગો ઊભા કરવા છે?"

"મને ક્યારેય આ શાંત પડેલું જળ લાગ્યું જ નથી. મને તો આ ઘૂઘવતો સમુદ્ર દેખાય છે. એક એવો વિશાળ દરિયો, જેના ઊંચે ઊછળતાં મોજાંઓથી મને ડર લાગે છે. અસત્યના વહાણમાં બેસીને આપણે ભવસાગર પાર નહિ કરી શકીએ, પલ્લવ. તણાઈ જઈશું, ડૂબી જઈશું. ઈશ્વર ન કરે પણ જો ભૂલેચૂકે પણ સત્ય સામે આવ્યું, તો સમાજની વિચારધારા વિરુદ્ધના વહેણમાં આપણે નહિ તરી શકીએ. હજુ પણ કહું છું, સમય છે. યુટરસ ટ્રાન્સપ્લાન્ટ કરવાની હિંમત કરી નાખી છે, તો ચાલને સત્ય બોલવાની પણ હિંમત કરી નાખીએ. કહી દઈએ મમ્મી-પપ્પાને."

"અરે કિનારે પહોંચવા આવ્યાં છીએ અને તું હવે વહાણ બદલવાની વાતો કરે છે?" અમેરિકાની ફ્લાઇટની ટિકિટ હાથમાં પકડીને પલ્લવે કહ્યું, "કિનારે પહોંચવા આવ્યા છીએ, કૃપાલી. કિનારે પહોંચ્યા પછી અસત્યનું વહાણ ત્યાં જ છોડી દેવાનું છે યાર. અમેરિકા જવામાં કેટલો ઓછો સમય બાકી છે હવે? શું કહેશું મમ્મી-પપ્પાને?"

કૃપાલી તરફ પીઠ ફેરવીને પલ્લવ આગળ ચાલતા ચાલતા બોલ્યો, "સત્ય સંભળાવીને કોઈને દુઃખી કરવા કરતા, અસત્યનો સહારો લઈને હું તેમને ખુશ રાખવાનું વધારે પસંદ કરીશ."

કૃપાલી દોડીને પલ્લવની પીઠને વળગી પડી. તેના ખભા પર હાથ ફેરવતા ફેરવતા કૃપાલીએ કહ્યું, "માની જાને પ્લીઝ."

પલ્લવ કૃપાલી તરફ ફર્યો. પોતાના બે હાથની વચ્ચે કૃપાલીનો ચહેરો રાખીને પલ્લવે કહ્યું, "જે સત્ય કોઈને પણ દુઃખી કરનારું છે, એ સત્યનું મારે મન કોઈ જ મહત્ત્વ નથી. આપણાં સપનાંઓ પૂરાં કરવા માટે આપણે કોઈ બીજાને કન્વીન્સ કરવાની જરૂર નથી હોતી. આપણે ફક્ત આપણી જાતને કન્વીન્સ કરવાની હોય છે. યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટના આઇડિયા સાથે હું અને તું કન્વીન્સ છીએ, એ વાત પૂરતી છે.'

કૃપાલીએ પલ્લવના ખભા પર માથું મૂકી દીધું. પોતાનો જમણો હાથ પલ્લવની છાતી પર ફેરવતા ફેરવતા કૃપાલી બોલી, "તું શ્યોર છે ને? પછી ખબર નહિ પડે ને કોઈને?"

કૃપાલીના માથા પર હાથ ફેરવીને પલ્લવે કહ્યું, "ચિંતા નહિ કર. ઈશ્વર આપણી સાથે છે."

કૃપાલીનો ટોન બદલાઈ ગયો, "ઓહ રીઅલી? તને કોણે કહ્યું?"

"યાર, એક સિમ્પલ ફૉર્મ્યુલા છે. જ્યારે પણ તકલીફમાં હોઈએ ત્યારે એવું ધારી લેવાનું કે ઈશ્વર આપણી સાથે જ છે. ઈશ્વરોનું ગણિત જેવું હોય છે. ધારી લઈએ ને તો જ દાખલાની શરૂઆત થાય અને દાખલો પૂરો થાય ત્યારે જે ધારેલું હતું, એ સાબિત પણ થઈ જાય."

કૃપાલી કચકચાવીને પલ્લવને ભેટી પડી અને કહ્યું, "માય ડિયર ફિલૉસૉફર, આઇ રિયલી લવ યુ."

પલ્લવે ચપટી વગાડતા કહ્યું, "ચપટીમાં અમેરિકા પહોંચી જઈશું અને બહુ જ થોડા સમયમાં તારું ટ્રાન્સપ્લાન્ટ પણ થઈ જશે. મમ્મી-પપ્પાને ચોક્કસ જાણ કરશું પણ હવે તો તેમને સીધી તારી પ્રેગનન્સીની જ જાણ કરશું."

* * *

"અમે ફ્લાઇટમાં બેઠાં અને વિદેશમાં જઈને માતૃત્વ મેળવી લેવાની અમારી ઘેલછાએ પણ ટેકઑફ કર્યું." પલ્લવે અનિકેતની સામે જોઈને કહ્યું.

"ઓહ, તો તમે લોકો આ પહેલા પણ એક વાર ક્લીવલૅન્ડ આવી ચૂક્યાં છો."

"હા યાર પણ ત્યારે અમે બંને એટલાં બધાં સ્ટ્રેસમાં હતાં કે કોઈને જાણ કરવાની ઇચ્છા નહોતી. ત્યારે કૃપાલીની પહેલી વાર તપાસ કરવામાં આવી. તેના કેટલાક ઇન્વેસ્ટીગેશન્સ કરવામાં આવ્યા, તેના બ્લડ સેમ્પલ્સ લેવામાં આવ્યા, તેનું બ્લડ ગ્રુપ ચેક કરવામાં આવ્યું." પલ્લવે સ્ટેલા સામે જોઈ ખુશ થઈને કહ્યું, "ઍન્ડ ધ ડૉક્ટર સેઇડ, યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ ઇઝ પોસિબલ ઇન ધીસ કેસ."

"ઓહ, ધેટ્સ ગ્રેટ."

"પણ એમણે કહ્યું કે સમય લાગશે. જ્યાં સુધી કોઈ ડોનર ન મળે ત્યાં સુધી રાહ જોવી પડશે. ડોનર મળ્યા પછી પણ કૃપાલીના લોહીમાં રહેલા HLA નામના એન્ટીજન, ડોનરના HLA સાથે મૅચ થવા જોઈએ. તેનું બ્લડ ગ્રુપ પણ મૅચ થવું જોઈએ. આ બધી શરતો પૂરી થાય પછી જ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે."

સ્ટેલાએ તરત જ પૂછ્યું, "વેર ધે લુકિંગ ફોર લિવિંગ ડોનર ઓર અ કેડેવર?"

પલ્લવે કહ્યું, "અનરિલેટેડ લિવિંગ ડોનર. તેમણે કહ્યું કે ડોનર કોઈ એવી વ્યક્તિ હશે, જેમને અમે ઓળખતા નહિ હોઈએ અને જેની જાણ અમને કરવામાં પણ નહિ આવે. અમેરિકન ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ ઍક્ટના નિયમો પ્રમાણે રેસીપીઅન્ટ અને ડોનર બંનેની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. એટલું જ નહિ, યુટરસ ડોનેટ કરનારી સ્ત્રીને પણ એ જાણ નહિ થાય કે તેનું ગર્ભાશય કઈ સ્ત્રીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે."

"પણ એક નૉર્મલ સ્ત્રી કોઈ જ કારણ વિના શું કામ પોતાનું યુટરસ કઢાવી નાખે? એ પણ એક એવી વ્યક્તિને આપવા માટે જેને તે ઓળખતી નથી, જેની સાથે તેનો કોઈ જ સંબંધ નથી." અનિકેતે કહ્યું.

"ઍક્ઝેક્ટલી. સૌથી મોટો પ્રૉબ્લેમ એ જ હતો. અમે જ્યારે પહેલી વાર ક્લીવલૅન્ડ આવ્યાં ત્યારે તેમની પાસે કોઈ જ ડોનર નહોતો. ડોનરના સ્વરૂપમાં તેમને એક એવી સ્ત્રીની જરૂર હતી જેની ઉંમર 25થી 40 વર્ષની વચ્ચે હોય, જેને પોતાને બે બાળકો હોય, જેણે પોતાનું ફૅમિલી કમ્પ્લીટ કરી નાખ્યું હોય, જેને કોઈ પણ સંજોગોમાં ભવિષ્યમાં પોતાનું બાળક કરવાની ઇચ્છા જ ન હોય, જે માનસિક અને શારીરિક રીતે સંપૂર્ણ સ્વસ્થ હોય અને સૌથી મહત્ત્વની વાત જે પોતાનું યુટરસ કોઈ બીજી અજાણી સ્ત્રીને ડોનેટ કરવા માટે તૈયાર હોય."

"ઇટ ઇઝ વેરી ટફ ટુ ફાઇન્ડ સચ અ વુમન." સ્ટેલાએ કહ્યું.

"તારી વાત સાચી છે, સ્ટેલા. આ દુનિયામાં લોકો કોઈ અજાણ્યા માણસને પોતાનું નામ કે સરનામું પણ નથી આપતા, તો કોઈ પોતાનું યુટરસ કેવી રીતે આપી દે?" પલ્લવની નજર ફરતી ફરતી સ્ટેલાના ચહેરા સામે સ્થિર થઈ ગઈ. પછી તેણે કહ્યું, 'તને ખબર છે સ્ટેલા? હું એવું માનતો'તો કે એક સ્ત્રીને

સૌથી વધારે સારી રીતે બીજી એક સ્ત્રી જ સમજી શકતી હોય છે. મારો આ ભ્રમ ત્યારે તૂટી ગયો જ્યારે અમેરિકાથી પાછા ફર્યા પછી બે-અઢી વર્ષ સુધી ક્લીવલૅન્ડ ક્લિનિકમાંથી કોઈ જ ફોન આવ્યો નહિ. અમે સામેથી ફોન કરતા, તો દર વખતે એક જ જવાબ મળતો કે હજુ સુધી કોઈ ડોનર મળ્યો નથી."

"તમે લોકોએ ડોનર માટે ઇન્ડિયામાં કેમ ટ્રાય ન કરી?" અનિકેતે પૂછ્યું.

"કયા મોઢે ટ્રાય કરીએ યાર? શું પૂછીએ લોકોને? કે તમે યુટરસ આપશો? કોના માટે જોઈએ છે?" પલ્લવે પોતાની નજર નીચી કરી અને કહ્યું, "વહાણમાં છિદ્ર હોવાની જાણ સામે ચાલીને દરિયાને કરી દઈએ, તો પછી વહાણ ડૂબવાની રાહ જ જોયા કરવાની ને?"

પોતાની બાજુમાં મૂકી દીધેલો રૂમાલ પલ્લવે ફરી પાછો હાથમાં લીધો. પલ્લવની આંખોનું વાતાવરણ ઇંગ્લૅન્ડના વેધર જેવું થઈ ગયેલું. ગમે તે સમયે હળવા શાવર્સ આવવાની શક્યતા હતી. તેણે રડમસ અવાજે કહ્યું, "આ બે-અઢી વર્ષના સમયગાળા દરમિયાન હું અને કૃપાલી અનેક વાર રડ્યાં હોઈશું. અમને એવું લાગ્યું કે જે આશાના કિરણ સાથે અમે અમારાં સુખી દામ્પત્ય જીવનની શરૂઆત કરેલી, એ જ આશાના કિરણ ઉપર અશક્યતાના કાળાં ડિબાંગ વાદળો ઘેરાઈ ગયાં."

સ્ટેલાએ પાણીનો ગ્લાસ ભરીને પલ્લવને આપ્યો. પલ્લવ પાણી પીને થોડો સ્વસ્થ થયો. એક કટાક્ષભર્યા સ્મિત સાથે પલ્લવે કહ્યું, "રડવું ફક્ત સ્વાસ્થ્ય માટે જ નહિ, સપનાંઓ માટે પણ હાનિકારક છે. એ ત્યારે ખબર પડી જ્યારે આંસુઓનો ભેજ સપનાંઓને લાગ્યો અને સપનાંઓને કાટ લાગવાની શરૂઆત થઈ. ધીમે ધીમે અમને લાગ્યું કે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ કરાવવું, એટલું સહેલું નથી. મમ્મી-પપ્પા પણ પૂછવા લાગ્યાં કે હવે કાંઈ વિચાર્યું કે નહિ? અમે દર વખતે તેમના સવાલોને ટાળી દેતા."

પલ્લવની આંખોમાં ફક્ત ભીનાશ જ નહિ, લાલાશ પણ હતી. તેણે કહ્યું, "એક દિવસ તો અમે નક્કી કર્યું કે વન્સ ઍન્ડ ફોર ઓલ, મમ્મી-પપ્પાને કહી દઈએ કે અમારે બાળક કરવાનો કોઈ જ પ્લાન નથી. અમે બંને એકબીજાની સાથે ખુશ છીએ. પણ એ જ દિવસે તકદીરનું પાનું ફર્યું અને ક્લીવલૅન્ડ ક્લિનિકમાંથી ફોન આવ્યો. ફાઇનલી તેમને ડોનર મળ્યો. અમેરિકામાં રહેતી 36 વર્ષની એક સ્ત્રી પોતાનું યુટરસ આપવા તૈયાર થઈ."

આ વાત કરતા કરતા પલ્લવના ચહેરાની ડિઝાઇન ફરી બદલાઈ. તે ખુશ થઈને બોલ્યો, "ક્લીવલૅન્ડ ક્લિનિકમાંથી ફોન આવ્યો ત્યારે એવું લાગ્યું કે મારી ધારણા સાચી હતી. એ વાત સાબિત થઈ કે ઈશ્વર અમારી સાથે જ છે. ત્યારે અમને લાગ્યું કે ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યા પહેલા, ટ્રાન્સપ્લાન્ટ કરાવવાના વિચાર માત્રથી કૃપાલી પ્રેગનન્ટ થઈ ગઈ હોય."

પલ્લવે સ્ટેલા સામે જોઈને કહ્યું, "ત્યારે સાચે રિયલાઇઝ થયું કે ફક્ત સારા વિચારો કરીને પણ પ્રેગનન્ટ થઈ શકાય છે. જો ગર્ભમાં ઊછરતા બાળકની ફક્ત કલ્પના કરવાથી પણ એક સ્ત્રીની અંદર માતૃત્વ નામનો છોડ ઊગી નીકળતો હોય, તો જ્યારે એ કલ્પના હકીકત બનતી હશે ત્યારે તો માતૃત્વના જંગલો ઊમટી પડતા હોવા જોઈએ."

પલ્લવે થોડો પોઝ લીધો અને પછી કહ્યું, "તેમણે ફરી એક વાર કૃપાલીના બ્લડ સેમ્પલ્સ અમેરિકા મંગાવ્યા. HLA ટાયપિંગ અને ક્રોસ-મૅચિંગ માટે. કૃપાલી અને ડોનરના HLA મૅચિંગનો સ્કોર સારો હતો. એટલે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટના ઑપરેશન માટે એ લોકોએ અમને તાત્કાલિક અહીંયાં બોલાવી લીધા. અમે ઉતાવળે ઉતાવળે ફરી પાછી સપનાંઓની બૅગ પેક કરી અને ઘરના લોકો માટે શરૂ થયું અમારું સેકન્ડ હનીમૂન.'

"આટલું બધું બની ગયા પછી તેં મને ફોન કર્યો." અનિકેતે વાત વાતમાં ફરિયાદ પણ કરી દીધી.

"એવું નથી યાર. અમે વિચારેલું કે ક્લીવલૅન્ડ ક્લિનિક પહોંચતાની સાથે જ તને ફોન કરીશું. પણ ક્લીવલૅન્ડ આવ્યા પછી તને ફોન કરવાનો સમય જ ન મળ્યો. અહીંયાં આવ્યાં પછી, સૌથી પહેલાં કૃપાલીનું ઓવમ (અંડકોષ) પીક-અપ કરવામાં આવ્યું. મારું સીમેન (વીર્ય) એનાલિસીસ કરવામાં આવ્યું.

IVF(ઇન વીટ્રો ફર્ટિલાઇઝેશન)ની મદદ દ્વારા મારા સ્પર્મસ (શુક્રાણુઓ) અને કૃપાલીના ઓવમને ભેગા કરી તેમણે એમ્બ્રિયો બનાવ્યા. એવા જ એમ્બ્રિયો જેવા કોઈ સ્ત્રીના ગર્ભાશયમાં બનતા હોય છે જ્યારે શુક્રાણુ અંડકોષમાં પ્રવેશે છે. આ એમ્બ્રિયો લાંબા સમય સુધી જળવાઈ રહે, એ માટે તેમને લિક્વિડ નાઇટ્રોજનમાં ફ્રીઝ કરવામાં આવ્યા. આ ફ્રોઝન એમ્બ્રિયો ભવિષ્યમાં કૃપાલીના ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસમાં નાખવામાં આવશે અને ત્યાર બાદ એ એમ્બ્રિયોમાંથી બાળક બનશે. કૃપાલીમાં ટ્રાન્સપ્લાન્ટ થનારા કોઈ બીજાના યુટરસનું રીજેક્શન ન આવે, એ માટે કૃપાલીને ઇમ્યુનો-સપ્રેસીવ ડ્રગ્ઝ શરૂ કરવામાં આવ્યા. આ દવાઓથી કૃપાલીની રોગપ્રતિકારક શક્તિ પણ ઘટવા લાગે ને તેનામાં ઇન્ફેક્શનની શક્યતા વધી જાય. પણ ડૉક્ટરે એવું કહ્યું કે કોઈ પણ ટ્રાન્સપ્લાન્ટ રેસીપીઅન્ટમાં એ આપવા જરૂરી છે, નહિ તો ગમે ત્યારે ટ્રાન્સપ્લાન્ટ કરેલા ઓર્ગનનું રીજેક્શન થઈ શકે અને એ અંગ તાત્કાલિક શરીરમાંથી કાઢી નાખવું પડે. આ બધી પ્રક્રિયાઓ અમારા માટે સાવ નવી હતી. એ પ્રક્રિયાઓ સમજવામાં અને એમાંથી પસાર થવામાં એટલા ગૂંચવાયેલા રહ્યા કે તને ફોન કરવાનો ચાન્સ જ ન મળ્યો.”

“એની વે, ધ ગુડ ન્યૂઝ વોઝ ધેટ ફાઇનલી શી ગોટ ધ ડોનર.” સ્ટેલાએ કહ્યું.

“હા સ્ટેલા. ક્લીવલૅન્ડમાંથી જ્યારે ડોનર મળ્યાનો ફોન આવ્યો ત્યારે અમને બંનેને લાગ્યું કે હવે ઈશ્વરનું આધાર કાર્ડ નથી માંગવું. આવી એકાદ ઘટના જ એની હયાતીની સાબિતી પૂરી પાડે છે.” પલ્લવે કહ્યું.

“પણ યુટરસ કોણે ડોનેટ કર્યું? શું કામ ડોનેટ કર્યું? એ તો ખબર જ નહિ પડી હોય ને?” અનિકેતે પૂછ્યું.

પલ્લવે કહ્યું, “કોણે ડોનેટ કર્યું એ તો ખબર નથી. હા, એટલી ખબર છે કે એણે શું કામ ડોનેટ કર્યું?”

“પણ ડોનરની બધી વિગતો તો કૉન્ફિડેન્શીયલ રાખતા હોય છે. તો એના વિશે કઈ રીતે ખબર પડી?”

પલ્લવે પોતાના ખિસ્સામાંથી એક કાગળ કાઢ્યો અને કહ્યું, “આ કાગળથી ખબર પડી. આ એક બહુ યુનિક પત્ર છે. એક યુટરાઇન ડોનર દ્વારા એક યુટરાઇન રેસીપીઅન્ટને લખાયેલો પત્ર. આ પત્ર અમને કૃપાલીના ઑપરેશનને આગલે દિવસે હૉસ્પિટલ ઑથોરિટીઝ તરફથી મળ્યો. યુટરસ ડોનેટ કરનારી સ્ત્રીએ આ પત્ર લખીને હૉસ્પિટલ ઑથોરિટીઝને આપેલો અને તેમણે આ પત્ર કૃપાલીને આપ્યો. આ પત્રની કૃપાલી પર શું અસર થઈ હશે? એની તો મને ખબર નથી, પણ એક વાત તો નક્કી છે કે આ પત્રએ મારા જીવનમાં વિચારોનું વાવાઝોડું સર્જી નાખ્યું છે.’

“એવું તો શું છે આ પત્રમાં?” અનિકેતે પૂછ્યું.

“મેગ્નીફાઇડ કરેલી એક સ્ત્રીની સંવેદનાઓ.” પલ્લવે અનિકેત તરફ જોઈને કહ્યું, “આ પત્રએ મારી જાતમાં પણ ક્યાંક ને ક્યાંક સ્ત્રી સંવેદનાઓના બીજ રોપી દીધા હોય એવું લાગે છે યાર.”

“રીડ ઇટ લાઉડ. લેટ્સ સી વોટ અ યુટરાઇન ડોનર હેઝ ટુ સે.” સ્ટેલાએ કહ્યું.

“હા, યાર. અમને આ કાગળ વાંચી સંભળાવ. કોઈની પીડામાં ડૂબકીઓ ન લગાવી શકીએ તો કાંઈ નહિ, કાંઠે ઊભા રહી પગ તો પલાળી જ શકીએ.” અનિકેતે કહ્યું, “વાંચ દોસ્ત. કાગળ વાંચ.”



♦ 5 ♦

હાઇ,

આઇ ડોન્ટ નો યોર નેઇમ એન્ડ આઇ ડોન્ટ ઇવન નીડ ટુ.

પત્રનો ગુજરાતી ભાવાનુવાદ

તારું નામ મને ખબર નથી અને મારે જાણવું પણ નથી. ટ્રાન્સપ્લાન્ટ એક્ટના નિયમો પ્રમાણે મારું નામ પણ હું તને જણાવી નહીં શકું. નામ વગરના સંબંધો હોય છે એવું તો મેં સાંભળેલું, પરંતુ નામ વગરના સંબંધીઓ પણ હોય છે એવું પહેલી વાર બનશે. લેટ ઇટ બી. આપણા વચ્ચે એક નવો સંબંધ સ્થપાઈ રહ્યો છે ત્યારે કેટલીક વાતોની સ્પષ્ટતા કરવી મને જરૂરી લાગે છે.

જ્યારે કોઈની સેકન્ડ હેન્ડ કાર આપણે ખરીદતા હોઈએ છીએ, ત્યારે એ કાર સાથે તેના ફર્સ્ટ ઓનરની કેટલીય યાદો જોડાયેલી હોય છે. એ વાતની જાણ તે કારના સેકન્ડ ઓનરને પણ હોય જ છે. મારામાં રહેલા યુટરસ સાથે મારી પણ અસંખ્ય યાદો જોડાયેલી છે. એક સ્ત્રીનું જ્યારે પહેલું મેન્સીઝ આવતું હોય છે ને, ત્યારે એક સ્ત્રી પોતાનામાં રહેલા સ્ત્રીત્વના પ્રેમમાં પડતી હોય છે. મને જ્યારે પહેલું મેન્સીઝ આવેલું ત્યારે થોડી ડરી ગયેલી, પણ સાથે સાથે એક આનંદ હતો. મારા પહેલા પિરિયડ વખતે મારામાંથી વહી જતા લોહીમાં, મેં મારી મા બનવાની શક્યતાઓને જોઈ હતી.

એક સ્ત્રીમાં સૌથી વધારે આશાવાદી કોઈ અંગ હોય તો એ યુટરસ છે. એ દર મહિને રાહ જુવે છે. આવનારા ગર્ભની રાહ. આપણા ઘરે કોઈ મહેમાન આવવાનું હોય, તો આપણે કેવા તૈયાર થઈને પેલા આવનારા મહેમાનની રાહ જોઈએ છીએ? બસ, ઍક્ઝેક્ટલી એવી જ રીતે આપણું યુટરસ પણ દર મહિને તૈયાર થઈ જાય છે અને નવા આવનારા ગર્ભની રાહ જુએ છે. જો ગર્ભ ન આવે તો યુટરસ નિરાશ થઈ જાય છે. મેન્સીઝ એ યુટરસના ગર્ભ ધારણ કરવાના ધોવાઈ ગયેલાં સપનાંઓનું પ્રવાહી સ્વરૂપ છે.

દરેક યુટરસ એક એવા બાળકની રાહ જોતું હોય છે, જેનો ગર્ભ પણ હજુ બન્યો નથી હોતો. મારી દૃષ્ટિએ આ પૃથ્વી પરની આ સૌથી મોટી ક્રિએટિવિટી છે. જેનું નામો-નિશાન ન હોય અને તેમ છતાં જે વસ્તુ કે વ્યક્તિ બનાવવાની આપણે કલ્પના કરી શકીએ, એ ક્રિએટિવીટી જ છે ને. એ રીતે જોઈએ તો માનવશરીરનું સૌથી ક્રિએટિવ અંગ તેનું બ્રેઇન નહિ, તેનું યુટરસ છે.

આપણા સમાજમાં કન્સીવ ન કરી શકવાને એક સ્ત્રીની નિષ્ફળતા ગણવામાં આવે છે. માટે જ મેન્સીઝના ડાઘાઓ સ્ત્રીનાં કપડાઓ પર ક્યાંય દેખાડી શકાતા નથી. સોસાયટી એવું માનતી હશે કે આ મેન્સીઝના ડાઘ નથી, આ એક સ્ત્રીની નિષ્ફળતાના ડાઘાઓ છે, પણ હું એવું નથી માનતી. દાઢી કરતી વખતે બ્લેડ વાગે અને પુરુષને લોહી નીકળે, તો દરેક પુરુષ એ લોહીને સામી છાતીએ બતાવી શકે છે. તો પછી આપણે સ્ત્રીઓ આપણામાંથી વહી જતા લોહી માટે શું કામ શરમાવું જોઈએ? સ્ત્રી હોય કે પુરુષ, લોહીનો રંગ તો બંનેમાં એક જ હોય છે.

તને એમ થતું હશે કે હું તને ઓળખતી પણ નથી, અને તેમ છતાં તને યુટરસ ડોનેટ કરવા માટે હું શા માટે તૈયાર થઈ? તને એનો જવાબ આપું છું. તારા જીવનમાં રહેલા પુરુષને હું ઓળખતી નથી પણ જ્યાં સુધી હું પુરુષ જાતને ઓળખી શકી છું ત્યાં સુધી મને એવું લાગે છે કે આ દુનિયામાં કોઈ સ્ત્રીને પામવા માટેના, દરેક પુરુષના બે મુખ્ય ઇન્સેન્ટીવ્ઝ હોય છે. દરેક પુરુષનો પહેલો ઇન્સેન્ટીવ એ જ હોય છે, કે એ સ્ત્રી સાથે સૂઈ શકાય. તારામાં ફક્ત યુટરસની ગેરહાજરી છે, પણ તારામાં વજાઈના તો હશે જ. જો તને વજાઈના જ ન હોત તો કદાચ તારા જીવનમાં કોઈ પુરુષ પણ ન હોત. દરેક પુરુષનો બીજો ઇન્સેન્ટીવ હોય છે. એ સ્ત્રી દ્વારા પોતાનો વંશ અને અંશ આગળ વધારવાનો. પુરુષે પસંદ કરેલી સ્ત્રી જ્યારે બાળક નથી આપી શકતી, ત્યારે કશુંક ન મેળવી શક્યાનો કે ન પામી શક્યાનો એક 'મેલ ઇગો'

પુરુષને જીવવા દેતો નથી અને પુરુષની સાથે રહેલી સ્ત્રીને પણ.

આ દુનિયામાં સ્ત્રી-પુરુષના બહુ ઓછા એવા સંબંધો છે જ્યાં સેક્સ કે રિપ્રોડક્શનના કોઈ જ ઇરાદાઓ વગર પણ તેઓ સારા મિત્રો રહી શકે છે. મારે બે બાળકો છે. એક દીકરો અને એક દીકરી. દીકરો 12 વર્ષનો છે અને દીકરી 9 વર્ષની. હું મારાં બંને બાળકો સાથે બહુ જ ખુશ છું. મારો પતિ કોઈ બીજી સ્ત્રી સાથે રહે છે. એને ફક્ત મારાં બાળકો સાથે નિસબત છે. એ મને હવે મળતો નથી અને યાદ પણ કરતો નથી. હૂ કેર્સ? હું પણ તેને યાદ નથી કરતી. અફસોસ બસ એક જ વાતનો થાય છે. જ્યારે જ્યારે મારાં બાળકોના ચહેરા જોઉં છું ત્યારે ત્યારે મારાં બાળકોમાં મને મારા પતિનો ચહેરો પણ દેખાય છે અને એ બાસ્ટર્ડનો ચહેરો જોવો મને નથી ગમતો.

મને મારા પતિ વિશે બહુ બધી ફરિયાદો છે. એ બધી ફરિયાદો તને કરવાનો કોઈ મતલબ નથી. હું ફક્ત એક જ વસ્તુ માટે એ માણસની આભારી રહીશ કે મારાં બે સુંદર બાળકો બનાવવા માટે, તેણે પોતાના સ્પર્મસનું યોગદાન આપ્યું. પોતાના સ્પર્મ આપ્યા સિવાય, એ માણસ મને ક્યાંય કામમાં લાગ્યો નથી, પણ એ અફસોસને મેં હવે ખંખેરી નાખ્યો છે. હું દરેક ક્ષણે મારામાં રહેલા માતૃત્વની ઉજવણી કરું છું. મને મારા પતિની ખોટ નથી લાગતી કારણ કે મારાં બાળકો જ મારી દુનિયા છે. બસ, હવે એમના સહારે જ મારી બાકીની જિંદગી નીકળી જશે.

આ યુટરસ તને શું કામ આપું છું? એ સાંભળ હવે. આપણે સ્ત્રીઓ હંમેશાં કોઈ બીજાના પર ઇમોશનલી ડિપેન્ડન્ટ હોઈએ છીએ. નાના હોઈએ ત્યારે મમ્મી-પપ્પા પર. પછી આપણી જિંદગીમાં કોઈ ભાઈ કે બહેન આવે તો પછી તેમના પર ડિપેન્ડન્ટ. મોટા થઈએ પછી બૉયફ્રેન્ડ કે પતિ પર અને છેલ્લે બાળકો પર. દરેક સ્ત્રીએ આ સર્કલ પૂરું કરવું પડે છે, કારણ કે એક સ્ત્રી માટે આ દુનિયામાં એકલા જીવવું બહુ જ અઘરું છે. કદાચ કાલ સવારે તારે પણ એકલા રહેવું પડે તો એવા સમયમાં, તને જિંદગી બર્ડન ન લાગે માટે તારે બાળક કરવાનું છે. એક સ્ત્રી જ્યારે બાળકને જન્મ આપે છે ત્યારે એ સ્ત્રી ફક્ત બાળકને જ નહિ, પોતાના જીવતા રહેવા માટેના નિમિત્તને પણ જન્મ આપતી હોય છે.

હું તને ફક્ત યુટરસ નથી ડોનેટ કરતી, હું તને તારા જીવવા માટેનું એક સબળ કારણ પણ ડોનેટ કરું છું. આપણા બંનેમાં એક અસમાનતા છે અને એક સમાનતા પણ. અસમાનતા એ છે કે મારી પાસે યુટરસ છે અને તારી પાસે નથી. આપણા બંને વચ્ચે સમાનતા એ છે કે આપણા બંનેનું ફૅમિલી અધૂરું છે. તને યુટરસ ડોનેટ કરીને, તારું ફૅમિલી પૂરું કરવાનો મારે તને એક ચાન્સ આપવો છે.

આને દાનમાં મળેલી પૂર્ણતા ન સમજતી. આ યુટરસ તારો હક છે, જે ઈશ્વરે તને નથી આપ્યો. બસ એમ સમજી લે કે તને યુટરસ નહિ આપીને ઈશ્વરે જે ભૂલ કરી છે, એ ભૂલ સુધારવાનો હું પ્રયત્ન કરી રહી છું. આવનારાં વર્ષોમાં રક્તદાન કરતા પણ યુટરસનું દાન વધારે ઊંચું ગણાશે, કારણ કે યુટરસનું દાન એ એક સ્ત્રીએ બીજી સ્ત્રીને આપેલું માતૃત્વનું ગિફ્ટ વાઉચર છે.

આ કાગળની સાથે તને એક ગિફ્ટ મોકલું છું. તને મળેલી અત્યાર સુધીની આ સૌથી વધારે પ્રેશિયસ ગિફ્ટ હશે કારણ કે આવી ગિફ્ટ તને હજુ સુધી કોઈએ નહિ આપી હોય. આ ગિફ્ટ તને એટલા માટે આપું છું કારણ કે તને ડોનેટ કરેલા યુટરસમાં ગર્ભ ધારણ કરતા પહેલા, તારે પૉઝિટિવિટી ધારણ કરવી જરૂરી છે. એ જ આશાવાદ સાથે આ ગિફ્ટ તને મોકલું છું.

મારા યુટરસને મેં બહુ પ્રેમથી ઉછેર્યું છે. એ હવે તને આપવા જઈ રહી છું. લોકો પોતાની દીકરી બીજાના ઘરે મોકલતા હોય છે, હું મારું યુટરસ બીજાના ઘરે મોકલું છું. હું ઈશ્વરને એવી પ્રાર્થના કરું છું કે મારું યુટરસ તારી સાથે ઍડજસ્ટ કરી લે અને તારું શરીર તેને રિજેક્ટ ન કરે.

ગુડ ન્યૂઝ આવે ત્યારે આ હૉસ્પિટલને ફોનથી જાણ કરી દેજે. તેઓ તારા મમ્મી બનવાના સમાચાર મને પહોંચાડી દેશે. હું એવું સમજી લઈશ કે તારા થકી હું ત્રીજી વાર પ્રેગનન્ટ થઈ શકી.

* * *

કાગળ વાંચતા વાંચતા પલ્લવની આંખો ભીંજાયેલી હતી. તેણે આંખો લૂછીને સામે બેઠેલા અનિકેત અને સ્ટેલાની સામે જોયું. વાતાવરણમાં જે પ્રકારનો ભેજ છવાયેલો હતો, એ જોતા અનિકેત અને સ્ટેલાની આંખો પણ કોરી રહી શકે તેમ નહોતી. એક યુટરસ જેવી વસ્તુ માણસને આટલું બધું રડાવી શકે છે, તેનો અહેસાસ અનિકેતને પહેલી વાર થયો.

અનિકેતે કહ્યું, "પુરુષ થઈને ક્યારેય આપણે સ્ત્રીઓ વિશે વિચારી શકતા જ નથી, નહિ? એવું કહેવાય છે કે પુરુષના હૃદય સુધી પહોંચવું હોય તો તેને ભાવતું ખાવાનું બનાવવું. ભાવતી વાનગીઓ અને મીઠાઈઓમાં પુરુષ પોતાનું સુખ શોધી શકે છે. આજે મને રિયલાઇઝ થાય છે કે પુરુષ માટે સુખનો રસ્તો જો તેના પેટમાંથી પસાર થઈને જતો હોય, તો એક સ્ત્રી માટે સુખનો રસ્તો તેના યુટરસમાંથી પસાર થઈને જતો હશે."

પલ્લવે કહ્યું, "આ કાગળ વાંચીને સમજાય છે કે સ્ત્રીઓને સમજવાની વાત તો એક બાજુ, આપણે સ્ત્રીઓને વાંચી પણ શકતા નથી."

સ્ટેલાએ કહ્યું, "આઇ એમ ગ્લેડ ધેટ યુ કુડ અન્ડરસ્ટેન્ડ ધ પેઇન અ વુમન પાસીસ થ્રુ ઇન હર એન્ટાયર લાઇફ."

થોડી વાર સુધી કોઈ કશું જ બોલ્યું નહિ. પલ્લવ અને અનિકેત બંનેની નજર જમીન પર હતી. કાગળમાં ભલે તમાચો એક જ પુરુષને મારવામાં આવ્યો હોય, એ તમાચાના સોળ પલ્લવ અને અનિકેત બંનેના ગાલ પર દેખાઈ રહ્યા હતા. જે કોઈએ પણ આ કાગળ લખ્યો હતો, એણે પોતાના પુરુષની વાત કરીને સમગ્ર પુરુષજાત પર ઉઝરડાઓ પાડી દીધા હતા.

વાતનો ટોપિક બદલવા માટે થોડી વાર પછી સ્ટેલાએ કહ્યું, "હેય પલ્લવ, ઍન્ડ વોટ વોઝ ધેટ ગિફ્ટ?"

પલ્લવ હાથમાં કાગળ પકડીને સ્થિર નજરે થોડી વાર જમીન સામે તાકી રહ્યો.

અનિકેતે કહ્યું, "હા યાર, એવી તો કઈ ગિફ્ટ છે જે કોઈ એક સ્ત્રીએ બીજી સ્ત્રીને પહેલી વાર આપી હોય?"

પોતાની બાજુમાં રહેલી બૅગમાંથી અત્યાર સુધીની સૌથી મોંઘી ગિફ્ટ કાઢતો હોય એમ પલ્લવે હળવેથી સેનેટરી પેડ્સનું પૅકેટ કાઢ્યું અને એ પૅકેટ સ્ટેલાની સામે ધરીને કહ્યું, "આ રહી એ ગિફ્ટ. જો મૅન્સિસનો રંગ લાલ ન હોત ને, તો રેડ કાર્પેટ પાથરીને કૃપાલીના મૅન્સિસનું સ્વાગત કર્યું હોત. પણ દરેક મૅન્સિસ પોતાની લાલ જાજમ લઈને જ આવતા હોય છે, એટલે એમને આવકારવા માટે આ સફેદ રંગના સેનેટરી પેડ્સ."

સ્ટેલાએ કહ્યું, "ધે વિલ બી ઇન યુઝ વેરી સુન."

આ વાતો થતી'તી એટલામાં જ હૉસ્પિટલનો એક સ્ટાફ આવ્યો અને તેણે પલ્લવની પાસે જઈને કહ્યું, "ઍક્સક્યુઝ મી, ધ સર્જરી ઇઝ અબાઉટ ટુ ફિનિશ. યુ કેન પ્રોસિડ ટુ ધ વેઇટિંગ લૉન્જ."

"થૅન્ક્યુ સો મચ." કહીને પલ્લવ ઉભો થયો. પલ્લવની સાથે સ્ટેલા અને અનિકેત પણ ઊભા થયાં. વેઇટિંગ લૉન્જ તરફ ચાલતા ચાલતા અનિકેતે પૂછ્યું, 'બહુ યુનિક લેટર હતો યાર. આ લેટર કાયમ યાદ રહેશે.'

સ્ટેલાએ પૂછ્યું, "ઍન્ડ ડિડન્ટ કૃપાલી રિપ્લાય ટુ ધેટ?"

"લખ્યો છે. જવાબમાં કૃપાલીએ પણ એક કાગળ લખ્યો છે. એ કાગળ પણ મારી પાસે જ છે. કૃપાલીએ મને કહેલું કે ઑપરેશન પતી જાય પછી આ કાગળ હું હૉસ્પિટલ ઑથોરિટિઝને આપી દઉં અને તેઓ આ કાગળને ડોનર સુધી પહોંચાડી દેશે."

"વુડ લાઇક ટુ રીડ ધેટ." સ્ટેલાએ કહ્યું.

"તું એકલી નહિ. મારે પણ જવાબ સાંભળવો છે." અનિકેતે કહ્યું.

"ધેન વાય ડોન્ટ યુ રીડ ઇટ આઉટ લાઉડ?" સ્ટેલાએ પલ્લવને કહ્યું.

વેઇટિંગ લૉન્જમાં પહોંચી ગયાં પછી ઑપરેશન થિયેટરની બહાર ત્રણેય જણ બેઠાં. પોતાના ખિસ્સામાંથી પલ્લવે કાગળ કાઢ્યો. એ કાગળ કૃપાલીએ લખેલો હતો, જે ડોનરને આપવાનો હતો. પલ્લવે કાગળ વાંચવાની શરૂઆત કરી.

* * *

કૃપાલીએ લખેલા પત્રનો ગુજરાતી ભાવાનુવાદ

હાઈ,

તમારો કાગળ વાંચ્યો. તમારો કાગળ ફક્ત વાંચવાની જ નહિ, જીવવાની પણ ઉતાવળ છે. તમે ગિફ્ટમાં મોકલેલા સફેદ આશીર્વાદ માટે તમને હૃદયપૂર્વક થૅન્ક્યુ કહેવું છે. મને પ્રપોઝ કરતી વખતે મારા પતિએ મને જે મોંઘીદાટ રિંગ આપેલી, એ રિંગ કરતા પણ તમારી આ ગિફ્ટ મને વધારે કિંમતી લાગે છે. કારણ કે તમે આપેલી ગિફ્ટ સાથે એક આશા જોડાયેલી છે. તમે મને ગિફ્ટમાં ફક્ત સેનેટરી પેડ્સ જ નથી આપ્યા, તમે મને નર્યો આશાવાદ આપ્યો છે. પૉઝિટિવિટી પણ ડોનેટ કરી શકાય, એનું તમે ઉત્તમ ઉદાહરણ છો.

મેં મારા પતિને કહ્યું છે કે આ કાગળ ત્યારે જ તમારા સુધી પહોંચાડે જ્યારે આપણા બંનેનું ઑપરેશન પતી ગયું હોય. આ કાગળ જ્યારે તમારા હાથમાં આવશે ત્યારે મારી જેમ તમે પણ હૉસ્પિટલના બેડ પર સૂતા સૂતા ઑપરેશનના ટ્રોમામાંથી રિકવર થઈ રહ્યા હશો.

જે અંગ મારી પાસે હોવું જોઈએ, એ અંગ મારી પાસે જન્મથી જ નહોતું. ઈશ્વરે જેટલું ધ્યાન મારી સુંદરતા પર આપ્યું, એટલું જ ધ્યાન મારી પૂર્ણતા પર આપ્યું હોત તો હું વધારે સુખી હોત. આટલાં વર્ષો પછી મને ધીમે ધીમે એ વાત રિયલાઇઝ થઈ ચૂકી છે કે આ દુનિયાના લોકોને સુંદરતા જોવી ચોક્કસ ગમે છે પરંતુ સાથે રહેવાની કે ઘર માંડવાની વાત આવે ત્યારે તેઓ પૂર્ણતા જ પ્રીફર કરે છે. મારી બનાવટ વખતે ઈશ્વરે ઉતાવળમાં કરેલી આ એક ભૂલને હું એટલા માટે માફ કરી દેવા તૈયાર છું, કારણ કે મને પ્રેમ કરનારો અને આ ઊણપ સાથે સ્વીકારી શકે એવો પતિ આપીને ઈશ્વરે પોતાની કરેલી બધી જ ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરી લીધું છે.

રહી વાત મૅન્સિસની. એક સ્ત્રી થઈને મારે મારા પિરિયડ્સ માટે આટલું બધું કરગરવું પડશે, એવું મેં ક્યારેય વિચાર્યું નહોતું. એક સ્ત્રી માટે એનાથી વધારે લાચારીની વાત બીજી કઈ હોઈ શકે, કે તેણે પોતાના મૅન્સિસ પણ કોઈ બીજાની પાસેથી ઉધાર કે દાનમાં માંગવા પડે. તમારા યુટરસની કિંમત હું બહુ સારી રીતે જાણું છું. તમારા યુટરસ સાથે તમારી અસંખ્ય યાદો સંકળાયેલી હશે. તમારું પહેલું મૅન્સિસ, મૅન્સિસ સમયનો તમારો દુખાવો, તમારા બંને બાળકોનો જન્મ, એ બાળકોના જન્મ સમયે તમે અનુભવેલું લેબર પેઇન અને એ યુટરસ સાથે જોડાયેલી તમારી પૂર્ણતાને હું બહુ જ સારી રીતે સમજી શકું છું.

આ વાક્ય લખતી વખતે મને હસવું આવે છે, પરંતુ તમારા યુટરસને હું મારા બાળકની જેમ સાચવીશ.

મને ખબર છે કે બાળકની ડિલિવરી પછી દરેક યુટરસ એ બાળકને મીસ કરતું હોય છે કારણ કે એ યુટરસે એ બાળકને બનતા જોયું છે, એ બાળક સાથે 9 મહિના જેટલો લાંબો સમય પસાર કર્યો છે. બાળકની ડિલિવરી પછી યુટરસને પણ ખાલીપો લાગતો હશે ને? યુટરસ પણ એવું નહિ વિચારતું હોય કે મારી અંદર હતું ત્યારે બચ્ચું આમ લાત મારતું, આમ પડખા ફરતું કે આમ આંખો ખોલીને જોતું.

તમારું યુટરસ ઈશ્વરે તમને આપેલી તમારી સૌથી મોંઘી મિલકત છે. કોઈ પણ જાતના સ્વાર્થ વગર, કોઈ પણ અપેક્ષા વગર તમારી 'દોમ દોમ સાહ્યબી' મને અર્પણ કરીને તમે મને માલામાલ કરી દીધી છે. મને મારું ફૅમિલી પૂરું કરવાનો ચાન્સ આપવા બદલ તમારો આભાર એટલા માટે નહિ માનું કારણ કે આભાર માનવાથી જવાબદારી પૂરી થઈ જતી હોય છે. હું કાયમ તમારી ઋણી રહીશ.

આ યુટરસ મને ડોનેટ કરીને તમે ફક્ત મારા બાળકને જ નહિ, મને પણ એક નવો જન્મ આપશો.

તમારા પતિ વિશે વાંચીને સહેજ પણ અફસોસ કે દુઃખ પ્રગટ નહિ કરું, કારણ કે તમે આ અફસોસને ખંખેરીને આગળ વધી ચૂક્યા છો. એ બાબતમાં હું નસીબદાર છું. મારા પતિ વિશે હું બહુ જ કૉન્ફિડન્સથી કહી શકું એમ છું કે દુનિયામાં કાંઈ પણ થઈ જાય, એ મારો સાથ ક્યારેય નહિ છોડે. તમારી આશા અને મદદથી મારું ફૅમિલી પૂરું થશે અને એ ફૅમિલીના તમે પણ એક હિસ્સેદાર હશો.

ઑપરેશન પછી હું રાહ જોઈશ મારા પહેલા મૅન્સિસની. ડૉક્ટરે મને કહ્યું છે કે મારું ઑપરેશન ત્યારે જ સફળ થયું ગણાશે જ્યારે એક મહિના પછી મને પહેલા મૅન્સિસ આવશે. લાલ રંગ તો બહુ જોયો છે, પણ જિંદગીમાં પહેલી વાર એ લાલ રંગની મને કિંમત સમજાશે. આટલાં વર્ષો સુધી મેં ભોગવેલી ઉજ્જડતા પછી પહેલી વાર મારામાંથી વહી જતા લોહીના મને શુકન થશે. એ ઘડી કોઈ મંગળમય ઘડી હશે.

કહેવાય છે કે લોહીનો સંબંધ સૌથી વધારે મજબૂત હોય છે. આપણી વચ્ચે લોહીનો જ નહિ, આપણી વચ્ચે હવે યુટરસનો સંબંધ છે. આ સંબંધને સાચવી રાખશું. ક્લીવલૅન્ડ ક્લિનિક ટપાલી જેવું કામ કરશે અને આપણા બંનેના કાગળો એકબીજાને પહોંચાડ્યા કરશે.

હું મરીશ ત્યાં સુધી મને એ વ્યક્તિનું નામ નહિ ખબર પડે જેમણે મને પૂર્ણતા બક્ષી છે. તમે મારા માટે ઈશ્વર કરતા પણ વધારે મહાન છો, કારણ કે ખુશીઓ આપીને ઈશ્વર પણ પોતાના નામ અને બ્રાંડનું પ્રમોશન કરતો હોય છે. તમે તો નામ આપ્યા વગર જ મને ખુશીઓ આપી છે.

કાગળ દ્વારા મળતા રહીશું. મારા યુટરસનો રસ્તો કાયમ તમારા હૃદયમાંથી પસાર થશે. હા, ગુડ ન્યૂઝ આવશે ત્યારે પહેલું કામ હું તમને કાગળ લખવાનું કરીશ.

* * *

આ વાંચીને પલ્લવે કાગળ એક કવરમાં નાખ્યો. સ્ટેલા અને અનિકેત ભીની આંખો સાથે તે કાગળની સામે જોઈ રહ્યાં. એ કાગળવાળું કવર લઈને પલ્લવ ઊભો થયો અને નર્સિંગ સ્ટેશન પાસે જઈને તેણે એક સિસ્ટરને કહ્યું, "ઍક્સક્યુઝ મી. આઇ નીડ ટુ ડિલિવર ધીસ લેટર ટુ ધ ઑર્ગન ડોનર."

પલ્લવના હાથમાંથી કવર લેતા સિસ્ટરે પૂછ્યું, "સ્યોર સર. મે આઇ નો ધ નેમ ઑફ ધ રેસીપીઅન્ટ?"

"કૃપાલી પલ્લવ ઠક્કર"

એક મસ્ત સ્માઇલ કરીને સિસ્ટરે કહ્યું, "ડોન્ટ વરી સર. ધ ડોનર હેઝ બીન શિફ્ટેડ આઉટ ઑફ ધ ઑપરેશન થિયેટર અ વ્હાઇલ અગો. વી વીલ ડિલિવર ધીસ લેટર ટુ હર એઝ સૂન એઝ પોસિબલ."

"થૅન્ક્યુ" કહીને પલ્લવ ફરીથી પોતાની જગ્યા પર આવીને બેસી ગયો.

થોડા સમય પછી ઑપરેશન થિયેટરનું બારણું ખૂલ્યું અને જાણે સાકાર થઈ રહેલાં સપનાંઓને સ્ટ્રેચર પર બહાર લાવવામાં આવ્યાં. સ્ટ્રેચર પર કૃપાલી સૂતેલી હતી. તેના શરીરમાં બે-ત્રણ નળીઓ નાખેલી હતી. હાથમાં નાખેલી ઇન્ટ્રાવીનસ કેન્યુલામાંથી સેલાઇન ધીમે ધીમે કૃપાલીના શરીરમાં જઈ રહ્યું હતું અને કૃપાલી ધીમે ધીમે એનેસ્થેસિયાની અસરમાંથી બહાર આવી રહી હતી. અનિકેત અને સ્ટેલા થોડે દૂર ઊભાં રહીને આ બધું જોઈ રહ્યાં હતાં.

સ્ટ્રેચરની સાથે જ બહાર આવેલા એનેસ્થેટીસ્ટે પલ્લવના ખભા પર હાથ મૂકીને કહ્યું, "ઍવરીથિંગ ઇઝ ફાઇન. શી ઇઝ સ્ટેબલ. શી વીલ બી અન્ડર ધ ઇફેક્ટ ઑફ સેડેશન ફોર અ વ્હાઇલ."

પલ્લવે કૃપાલીની સામે જોયું. અડધી ખૂલેલી આંખોમાંથી કૃપાલીએ પણ પલ્લવને જોયો. ઘેનની અસરમાં પણ કૃપાલીએ પલ્લવ સામે જોઈને હળવું સ્માઇલ આપ્યું અને ફરી પાછી સૂઈ ગઈ.

સપનાંઓ જોવા માટે જે આંખોએ રાત-દિવસ ઉજાગરાઓ કરેલા, સપનાંઓ પૂરાં થયાં પછી એ જ આંખો હવે ખુલ્લી પણ રહી શકતી નહોતી. ભારેખમ સપનાંઓનું વજન ઊંચકીને આંખો એટલી બધી

થાકી ગઈ હશે કે હવે આંખોથી પાંપણોનું વજન પણ ઊંચકાતું નહોતું.

પલ્લવે કૃપાલીના માથા પર હાથ ફેરવ્યો. એનેસ્થેટીસ્ટ સાથે હાથ મિલાવીને પલ્લવે કહ્યું, 'થૅન્ક્યુ સો મચ સર.'

"ઇટ્સ ઓકે. શી ઇઝ ફાઇન બટ શી વીલ નીડ આઇસોલેશન. શી ઇઝ ઓન ઇમ્યુનો-સપ્રેસીવ ડ્રગ્સ. વી આર કિપિંગ હર ઇન આઈ.સી.યુ. જસ્ટ ફોર ધ ઑબ્ઝર્વેશન. નથિંગ સિરિયસ."

"યુ આર ધ બેસ્ટ જજ." કહીને પલ્લવ થોડો બાજુ પર ખસી ગયો અને કૃપાલીનું સ્ટ્રેચર સડસડાટ આઈ.સી.યુ. તરફ આગળ વધ્યું.

પલ્લવે પીઠ ફેરવીને અનિકેત અને સ્ટેલા સામે જોયું. પલ્લવની આંખોમાં આંસુઓ હતા. અનિકેત ધીમે ધીમે પલ્લવ તરફ આગળ વધ્યો. પલ્લવ અચાનક અનિકેતને ભેટી પડ્યો અને પછી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

અનિકેતના ખભા પર માથું નાખીને રડતા પલ્લવના માથા પર સ્ટેલાએ હાથ ફેરવ્યો અને કહ્યું, "શી ઇઝ ફાઇન ડિયર. ધેર ઇઝ નો પૉઇન્ટ લૂઝિંગ ધ હોપ નાવ."

અનિકેતે કહ્યું, "ઍક્ઝેક્ટલી. તારે તો હવે ખુશ થવું જોઈએ કે તમારાં સપનાંઓ પૂરાં થવા જઈ રહ્યાં છે. દોસ્ત, હવે રડવાનો સમય નથી."

પલ્લવના આંસુઓથી અનિકેતનો ખભો ભીનો થઈ ગયેલો. ધીમે ધીમે પલ્લવ સ્વસ્થ થયો. તેઓ ત્રણેય જણાં ચાલતાં ચાલતાં આઈ.સી.યુ.ની બહાર આવેલાં એરિયા સુધી પહોંચ્યાં અને ત્યાં એક સોફા પર બેસી ગયાં.

એકાદ કલાક પછી આઈ.સી.યુ.માંથી મૅસેજ આવ્યો કે પલ્લવ અંદર મળવા જઈ શકે છે. આઈ.સી.યુ.ના પ્રોટોકોલ પ્રમાણે પલ્લવને હૉસ્પિટલનો ગાઉન પહેરાવવામાં આવ્યો. રેસીપીઅન્ટને ઇન્ફેક્શન ન લાગે તે માટે પલ્લવને કેપ અને માસ્ક પહેરાવવામાં આવ્યા.

કૃપાલીના બેડ પાસે પહોંચીને પલ્લવે જોયું કે કૃપાલીને પણ કેપ અને માસ્ક પહેરાવેલાં હતાં. કૃપાલી હવે સંપૂર્ણ સભાનાવસ્થામાં હતી. તેની આંખો પૂરેપૂરી ખૂલેલી હતી. પલ્લવ તેની બાજુમાં જઈને બેઠો.

કૃપાલી પોતાનો ડાબો હાથ ધીમે ધીમે પોતાના ચહેરા તરફ લઈ ગઈ. પોતાના ડાબા હાથેથી પોતાનું માસ્ક ઉતારીને કૃપાલીએ પહેલો સવાલ પૂછ્યો, 'પેલો કાગળ?'

"આપી દીધો છે હૉસ્પિટલને. તેઓ હમણાં જ ડોનર સુધી પહોંચાડી દેશે. કાગળની ચિંતા નહિ કર. તું આરામ કર."

"મારે તારો હાથ પકડવો છે. મારો હાથ પકડીશ?" કૃપાલીએ પૂછ્યું.

કૃપાલીના બેડની બાજુ પર મૂકેલા એન્ટી-સેપ્ટીક સોલ્યુશનથી પોતાના હાથ સાફ કરતા કરતા પલ્લવ બોલ્યો, "તારો હાથ છોડ્યો છે જ ક્યારે?" એટલું કહીને પલ્લવે કચકચાવીને કૃપાલીનો હાથ પકડી લીધો.

કૃપાલીએ પૂછ્યું, "આ ઑપરેશન સફળ જશે ને?"

કૃપાલીના ગાલ પરથી આંસુઓ લૂછતાં પલ્લવે કહ્યું, "શું કામ નહિ? તારા પહેલા મૅન્સિસની રાહ આપણે સાથે જોઈશું."

કૃપાલીને પહેરાવેલી કેપમાંથી બહાર નીકળી ગયેલી તેના વાળની લટને, કેપની અંદર નાખતા પલ્લવ બોલ્યો, "સુખને આમંત્રણ મોકલીએ ને, ત્યારે આપણે RSVP નથી લખતા. આપણે એવું માની લેતા હોઈએ છીએ કે સુખ આપણા ઘરે આવશે જ. આપણા ઘરે આપણે આસોપાલવના તોરણ બાંધેલા હોય અને શુભ-લાભના સાથિયા કરેલા હોય, પછી મહેમાન શું કામ આપણા ઘરે ન આવે?"

"ડૉક્ટર ગઈકાલે કહેતા'તા કે એક મહિના પછી મૅન્સિસ આવશે. મૅન્સિસ આવે એનો મતલબ એમ કે આ ટ્રાન્સપ્લાન્ટ સફળ." એટલું બોલીને કૃપાલી થોડી વાર અટકી. થોડી વાર રહીને કહે, "હવે તો એક મહિનો પણ રાહ નહિ જોવાય."

"આટલાં વર્ષો રાહ જોઈ છે, એક મહિનો વધારે."

"એ પલ્લવ, ત્યારે આપણે પાર્ટી કરવી છે."

"બિલકુલ. તારા પહેલા જન્મદિવસ વખતે તો હું તારી સાથે નહોતો. તારા પહેલા મૅન્સિસ વખતે હું તારી સાથે હોઈશ, એ વાતનો મને આનંદ છે. પોતાના પહેલા મૅન્સિસની વાત દરેક છોકરી ફક્ત પોતાની મમ્મીને જ કરતી હોય છે. હું મારી જાતને નસીબદાર માનું છું કે તારા પહેલા મૅન્સિસનો અનુભવ તું મારી સાથે શેર કરીશ. તારા પહેલા મૅન્સિસ આપણે સાથે સેલીબ્રેટ કરશું."



♦ 6 ♦

કૃપાલીના યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ પછી દિવસો ઝડપથી આગળ વધવા લાગ્યા. ઑપરેશન પછીના ત્રીજા દિવસે કૃપાલીને આઈ.સી.યુ.માંથી વૉર્ડમાં શિફ્ટ કરવામાં આવી. કૃપાલીની રિકવરી સંતોષકારક હતી. વર્તમાન સમયમાં શરીર પર થયેલા ઘાવ પર જો ભવિષ્યમાં સાકાર થનારાં સોનેરી સપનાંઓનો લેપ લગાડવામાં આવે, તો શરીર પરના જખ્મો જલદીથી રુઝાઈ જતા હોય છે.

ખરાબ સમયમાંથી સારા સમય સુધી જલદીથી પહોંચવું હોય તો કોઈ પણ માણસે પોતાની ગાડીમાં આશાવાદનાં પૈડાંઓ લગાડી દેવા જોઈએ.

કૃપાલીના શરીરમાં લગાડવામાં આવેલી નળીઓ એક પછી એક દૂર કરવામાં આવી અને ઑપરેશન પછીના સાતમાં દિવસે કૃપાલીને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. લીઝા જોહાન્સનની સલાહ અને શરત પ્રમાણે કૃપાલીને જ્યાં સુધી પહેલા મૅન્સિસ ન આવે ત્યાં સુધી કૃપાલી દેશ છોડી શકે તેમ નહોતી.

અનિકેત અને સ્ટેલાના આગ્રહને માન આપીને હૉસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પલ્લવ અને કૃપાલી તેમના ઘરે રહેવા ચાલ્યાં ગયાં. અનિકેતના ઘરે કૃપાલીના રહેવા માટે એક સ્પેશિયલ રૂમ તૈયાર કરવામાં આવ્યો. તેમાં સ્વચ્છતાનો સંપૂર્ણ ખ્યાલ રાખવામાં આવ્યો. ઑપરેશનમાંથી રિકવર થઈ રહેલી કૃપાલીને કોઈ પણ જાતનું ઇન્ફેક્શન ન લાગે, એની પૂરતી કાળજી સ્ટેલા અને અનિકેતે લીધી.

પહેલા મૅન્સિસની રાહમાં એક પછી એક દિવસો પસાર થતા ગયા. પલ્લવ અને કૃપાલીની સંયુક્ત મુસાફરી તેમના ફાઇનલ ડેસ્ટીનેશન તરફ પૂરપાટ ઝડપે આગળ વધી રહી હતી અને બરાબર એ જ સમયે તેમની જિંદગીમાં એક યુ-ટર્ન આવ્યો.

ઑપરેશન પછી ત્રણ અઠવાડિયાં જેટલો સમય વીતી ચૂકેલો. તબિયત બાબતે કૃપાલીને કોઈ જ ફરિયાદ નહોતી. પલ્લવ, કૃપાલી, અનિકેત અને સ્ટેલા ચારેય જણાં સવારે બ્રેકફાસ્ટ કરતાં કરતાં ગપ્પાં મારી રહ્યાં હતાં.

અનિકેતે પૂછ્યું, "તો હવે આગળનો પ્લાન કઈ રીતે છે? આઇ મીન, પેલું જે એમ્બ્રિયો ફ્રીઝ કરેલું છે, એ ક્યારે ટ્રાન્સફર કરશે?"

પલ્લવે કહ્યું, "એક વરસ પછી. ડૉ. લીઝાએ કહ્યું છે કે એક વરસ સુધી ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ નૉર્મલ ફંક્શન કરે પછી તેઓ સિરીંજ દ્વારા નવા યુટરસમાં એમ્બ્રિયો ટ્રાન્સફર કરશે."

સ્ટેલાએ કૃપાલીને કોણી મારી અને કહ્યું, "સો યુ આર ગોઇંગ ટુ હેવ અ બેબી નેક્સ્ટ ઇયર." કૃપાલી શરમાઈ ગઈ.

પલ્લવે હસતા હસતા કહ્યું, "યેસ. અમારો ગર્ભ તો તૈયાર થઈ ગયો છે. બસ હવે ગર્ભાશય તૈયાર થાય એની રાહ જોવાની છે. અમે થોડાં અલગ મા-બાપ છીએ. અમે ગર્ભ પહેલા બનાવી નાખ્યો અને હવે ગર્ભાશય બનવાની રાહ જોઈએ છીએ.'

અનિકેતે પણ મજાકમાં કહ્યું, "ટૂંકમાં તમારા બાળકનું ઘર અન્ડર કન્સ્ટ્રક્શન છે. ઘર તૈયાર થતા એક વરસ લાગશે. ત્યાં સુધી તમારા બાળકને ક્લીવલૅન્ડ ક્લિનિકની IVF લૅબોરેટરીમાં રહેવું પડશે.'

પલ્લવે કહ્યું, "હા યાર. અમે ઇન્ડિયામાં અને અમારું બાળક અત્યારથી અમેરિકામાં." એ વાત પર બધાં ખડખડાટ હસી પડ્યાં.

એ જ સમયે પલ્લવના ફોનની રિંગ વાગી.

ફોન પર વાત કરતા કરતા પલ્લવ થોડે દૂર ચાલ્યો ગયો. ફોન પર વાત પૂરી કરીને પલ્લવ જ્યારે પાછો ફર્યો ત્યારે તેનો ચહેરો ઊતરેલો હતો.

"શું થયું?" કૃપાલીએ પૂછ્યું.

પલ્લવે કશો જ જવાબ ન આપ્યો. પલ્લવ નર્વસ દેખાતો હતો. અમેરિકાના ઠંડા વેધરમાં પણ પલ્લવના ચહેરા પર પરસેવો દેખાતો હતો. તેના હાથ ધ્રૂજતા હતા.

પલ્લવના ખભા પર હાથ મૂકી અનિકેતે પૂછ્યું, "કોનો ફોન હતો?"

ટેબલ ઉપર સ્થિર થયેલી નજર અને ધીમા અવાજ સાથે પલ્લવે જવાબ આપ્યો, "ઘરેથી મમ્મીનો ફોન હતો."

"ઘરે કાંઈ પ્રૉબ્લેમ?" કૃપાલી પોતાની ખુરશી પરથી ઊભી થઈ ગઈ.

પલ્લવે પોતાની નજર ટેબલ પરથી ઊંચકીને કૃપાલી તરફ કરી. પલ્લવની આંખો જોઈને કૃપાલીને વાતની ગંભીરતા સમજાઈ ગયેલી.

તેણે ફરી પૂછ્યું, "શું થયું છે, પલ્લવ?"

ગળામાં ભરાયેલો ડૂમો ખંખેરીને પલ્લવે રડમસ અવાજે જવાબ આપ્યો, 'પપ્પાને હાર્ટઍટેક આવ્યો છે. ઇટ ઇઝ અ મેસીવ ઍટેક. થોડી જ વારમાં તેમની ઍન્જિયૉપ્લાસ્ટી કરવામાં આવશે."

આખી પરિસ્થિતિ સમજતા કૃપાલીને સહેજ પણ વાર ન લાગી. કશું પણ બોલ્યા વિના તે પલ્લવના ચહેરા સામે જોતી રહી અને વિચારતી રહી કે આવી પરિસ્થિતિમાં તેનું પોતાનું સ્ટેન્ડ શું હોવું જોઈએ?

સ્ટેલાએ પાણીનો ગ્લાસ પલ્લવના હાથમાં આપ્યો અને કહ્યું, "ડોન્ટ વરી ડિયર. હી વિલ બી ફાઇન."

અનિકેતે પણ કહ્યું, "ચિંતા નહિ કર પલ્લવ. મારા કાકાને પણ પાંચ વર્ષ પહેલા આવો જ ઍટેક આવેલો. તેમની પણ ઍન્જિયૉપ્લાસ્ટી થયેલી. આજે તેઓ મારા કરતા પણ વધારે ફીટ છે. ચિંતા નહિ કર. પપ્પાને કંઈ જ નહિ થાય."

પલ્લવે કૃપાલીની સામે જોયું અને આંખોમાંથી ટપકતા પાણી સાથે બોલ્યો, "મમ્મીએ કહ્યું છે કે તમે લોકો પાછા આવી જાવ."

કૃપાલી કશું જ બોલ્યા વિના પોતાના રૂમમાં ચાલી ગઈ. પલ્લવ પણ તેની પાછળ જવા લાગ્યો. પલ્લવ કૃપાલીના રૂમમાં એન્ટર થવા જઈ રહ્યો હતો ત્યારે જ અનિકેતે તેને રોક્યો, "પલ્લવ, તું ભાભી સાથે વાત કરે, એ પહેલા મારે તારી સાથે એક વાત કરવી છે."

પલ્લવ પાછો ફર્યો અને કહ્યું, "બોલ ને યાર." પલ્લવની બૉડી લૅન્ગવેજ બદલાઈ ગયેલી. કૉન્ફીડન્સ અને આશાવાદની હવાથી ભરેલા પલ્લવ નામના ફુગ્ગામાં જાણે અચાનક કોઈએ ટાંકણી મારી દીધી હોય.

અનિકેતે કહ્યું, "મને ખબર છે કે આ તારી પર્સનલ મેટર છે, પણ એક મિત્ર તરીકે તને કશુંક કહેવાનો મને હક છે."

"અરે બોલ ને યાર. તું મને કાંઈ પણ કહી શકે છે. કોઈ જ ફૉર્માલિટીની જરૂર નથી."

"તારે ઇન્ડિયા જવું હોય તો જા. આટલા મોટા ઑપરેશન પછી કૃપાલી અહીંયાં રહે એ જ સારું છે."

પલ્લવે અનિકેત સામે એક સરસ સ્માઇલ આપી અને કહ્યું, "હું સમજું છું દોસ્ત. એવું જ થશે." એટલું બોલીને પલ્લવ કૃપાલીના રૂમમાં ચાલ્યો ગયો.

કૃપાલી પોતાની બૅગ પૅક કરતી'તી.

"આ શું કરે છે?" પલ્લવે પૂછ્યું.

"ઇન્ડિયા જવાની તૈયારી"

"પાગલ થઈ ગઈ છે? તારા ઑપરેશનને હજુ મહિનો પણ થયો નથી. ડૉક્ટરની સલાહ પ્રમાણે..."

"હું જાણું છું." કૃપાલીએ મોટા અવાજે કહ્યું. "હું બરાબર જાણું છું કે ડૉક્ટરે મને એક મહિના પહેલા ટ્રાવેલિંગ કરવાની મનાઈ કરી છે. પણ આવી પરિસ્થિતિમાં આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી, પલ્લવ."

"વિકલ્પ છે. હું એકલો જઈશ. તું અહીંયાં રહે."

કૃપાલી પલ્લ્વની નજીક આવી. પલ્લવની આંખોમાં આંખો નાખીને કૃપાલીએ પૂછ્યું, 'મમ્મીને શું

જવાબ આપીશ? કૃપાલી ક્યાં ગઈ? ક્યાં મૂકી આવ્યો કૃપાલીને?'

પલ્લવ પાસે કોઈ જ જવાબ નહોતો.

કૃપાલીએ ફરી બોલવાનું શરૂ કર્યું, 'પલ્લવ, એ ન ભૂલ કે મમ્મી-પપ્પા માટે આપણે હનીમૂન પર આવ્યાં છીએ. આવા સમાચાર સાંભળીને પણ આપણે પાછા નહિ જઈએ તો લોકો શું વિચારશે આપણા માટે?'

"અત્યારે મારા માટે એક જ વસ્તુ મહત્ત્વની છે અને એ છે તારી તબિયત."

"મારી તબિયત કરતા સંબંધો વધારે મહત્ત્વના છે. હું અહીંયાં એકલી રહીશ તો મારી તબિયત નક્કી સુધરી જશે પણ મમ્મી-પપ્પા સાથેના મારા સંબંધો કાયમને માટે બગડી જશે."

"આ કાંઈ જેવું તેવું ઑપરેશન નથી, કૃપાલી. ટ્રાન્સપ્લાન્ટ સર્જરી છે. આને આટલા હળવાશથી ન લે. ડૉક્ટરની સલાહ પ્રમાણે તારે એક મહિનો રોકાવું પડે."

"એક મહિનો પૂરો થવાને ક્યાં વાર છે હવે? ફક્ત નવ દિવસ બાકી છે. અત્યાર સુધી મારી તબિયત સાવ સારી રહી છે. ઈશ્વરની ઇચ્છા હશે તો આગળ પણ કોઈ જ વાંધો નહિ આવે. મારા પહેલા મૅન્સિસ આપણે આપણા દેશમાં ઊજવશું. ચાલ, ઇન્ડિયાની ટિકિટ બુક કરાવી દે."

પલ્લવે પોતાનો ફોન હાથમાં લીધો અને ફરી પાછા કોઈ વિચારમાં ખોવાઈ ગયો. થોડા સમય પછી તેણે કહ્યું, 'મારું મન નથી માનતું. તારી તબિયત સાથે હું કોઈ જ રિસ્ક લેવા નથી માંગતો. હું મમ્મી-પપ્પાને સમજાવી દઈશ. હું કહી દઈશ કે કૃપાલીની તબિયત સારી નહોતી એટલે એને નથી લાવ્યો.'

"રિસ્ક મારી તબિયત સાથે નહિ, રિસ્ક પપ્પાની તબિયત સાથે છે. હું સંપૂર્ણ સ્વસ્થ હાલતમાં તારી સામે ઊભી છું. મને કોઈ જ તકલીફ નથી અને આગળ પણ કોઈ જ તકલીફ નહિ થાય. પણ પપ્પા વિશે આપણે કશું જ નથી જાણતા. ઈશ્વર કરે કે પપ્પા જલદી સારા થઈ જાય. પણ જો એમ ન થયું તો હું મારી જાતને જિંદગીભર માફ નહિ કરી શકું. મને કાયમ એ અફસોસ રહેશે કે કોઈ અજાણી વ્યક્તિએ આપેલા યુટરસને સાચવવા માટે મેં મારો પોતાનો કહી શકાય એવો એક સંબંધ ગુમાવી દીધો. ઈશ્વર ન કરે પણ જો હું પપ્પાનો ચહેરો છેલ્લી વાર નહિ જોઈ શકું તો આજીવન અરીસામાં મારો પોતાનો ચહેરો પણ નહિ જોઈ શકું."

"તું ઈમ્યુનો સપ્રેસીવ ડ્રગ્સ પર છે. તું સમજવાની ટ્રાય કર." પલ્લવે કહ્યું.

"હવે કોઈ જ લાંબી ચર્ચા નહિ થાય. તને આપણા આવનારા બાળકના સમ." કૃપાલીએ કહ્યું.

પલ્લવ સ્તબ્ધ બનીને કૃપાલીની સામે જોતો રહ્યો. પલ્લવના ગાલ પર હાથ ફેરવતા ફેરવતા કૃપાલીએ કહ્યું, "હું ફક્ત તને જ નહિ, તારી આસપાસ રહેલી દરેક વ્યક્તિને પણ પ્રેમ કરું છું. મેં ફક્ત તારી સાથે લગ્ન નથી કર્યા, મેં તારા કુટુંબ સાથે પણ લગ્ન કર્યા છે. આવા ખરાબ સંજોગોમાં મમ્મીને આપણી જરૂર છે. આપણે આટલા સ્વાર્થી ન થઈ શકીએ."

થોડા સમય પછી પલ્લવ રૂમની બહાર આવ્યો અને તેણે અનિકેતને કહ્યું, "સાંભળ અનિકેત, તારે મારું એક ખૂબ જ અગત્યનું કામ કરવાનું છે."

"બોલ."

"નેક્સ્ટ અવેલેબલ ફ્લાઇટ પકડીને અમારે બંનેએ ઇન્ડિયા પહોંચવું પડશે. તારે શું કરવાનું છે? એ હું તને કહું."

અનિકેત પોતાનો અણગમો રોકી ન શક્યો. તેણે કહ્યું, "ધીસ ઇઝ નોટ ઍડવાઇઝેબલ. તું ફરીવાર વિચારી લે."

"યાર, અત્યારે વધારે વિચારવાનો સમય નથી. આ મારો નહિ, કૃપાલીનો નિર્ણય છે."

"ઇમોશન્સમાં વહી જવાને બદલે, એક વાર થોડું પ્રૅક્ટિકલી પણ વિચારી જુઓ." અનિકેતે કહ્યું.

અનિકેતને રોકીને સ્ટેલાએ કહ્યું, 'લેટ ધેમ ડુ વોટ ધે વોન્ટ ટુ.'

"બટ સ્ટેલા, ધીસ ઇઝ રિસ્કી."

અનિકેતના ખભા પર હાથ રાખીને પલ્લવ બોલ્યો, 'તારી લાગણીઓ હું સમજુ છું દોસ્ત. પણ આજે મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. જો આજે કૃપાલીને અહીંયાં એકલી મૂકીને ચાલ્યો જઈશ, તો હું કાયમને માટે એનો સાથ ગુમાવી દઈશ.'

અનિકેતે એક લાંબો પોઝ લીધો અને પછી પલ્લવને પૂછ્યું, "મારે શું કરવાનું છે બોલ?"

"જો, અત્યારે ડૉ. લીઝાની એપૉઇન્ટમૅન્ટ મળવી અશક્ય છે. અમારી નેક્સ્ટ એપૉઇન્ટમૅન્ટ સાત દિવસ પછી છે. પણ તું ગમે તેમ કરીને કાલ ને કાલ એમને મળી આવ. હું એમની સાથે ફોન પર વાત કરી લઈશ પણ તું એક વાર રૂબરૂ જઈને બધી જ હકીકત વિગતવાર કહી દેજે. અમારા સંજોગો કહી દેજે. જે પેપર્સમાં તેઓ સાઇન કરવાનું કહે, એ બધા જ પૅપર્સમાં મારા વતી સાઇન કરી દેજે."

"કયા પેપર્સમાં સાઇન કરવાની બાકી છે?"

"ડૉક્ટરની સલાહ વિરુદ્ધ અમે અમારા દર્દીને આ દેશમાંથી બહાર લઈ જઈએ છીએ અને દર્દીને કાંઈ પણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે." આટલું બોલીને પલ્લવે અનિકેતની સામે જોયું અને કહ્યું, 'મારા વતી આ કાગળ ઉપર સહી કરી નાખજે."

"મને એવું લાગે છે કે એક વાર તમે ડૉ. લીઝાને મળીને જાવ તો વધારે સારું."

"એટલો સમય નથી યાર. પપ્પા ક્રિટિકલ છે. પ્લીઝ સાચવી લેજે."

અનિકેતે પાંપણોથી ઇશારો કર્યો અને કહ્યું, "ડોન્ટ વરી. તમે લોકો નીકળો. હું કાલ ને કાલ ડૉ. લીઝાને મળી આવીશ. બસ, તું ખાલી કૃપાલીનું ધ્યાન રાખજે અને પપ્પાની ચિંતા નહિ કરતો. એમને કશું જ નહિ થાય."

"તારું ઋણ કઈ રીતે ચૂકવીશ દોસ્ત?" એટલું બોલીને પલ્લવ ગળગળો થઈ ગયો.

"આપણી સ્કૂલે તને આ સંસ્કાર આપ્યા છે? ભાઈબંધીમાં ઋણ ચૂકવવાનું હોય?" અનિકેતે કહ્યું.

પલ્લવ અનિકેતને ભેટી પડ્યો. થોડી જ વારમાં ફ્લાઇટની ટિકિટો બુક થઈ ગઈ. પલ્લવ અને કૃપાલીની બૅગ્સ પૅક થઈ. અમેરિકામાં ચાલી રહેલા સુવર્ણયુગનો અંત આવ્યો અને પલ્લવ-કૃપાલીની જિંદગીમાં એક નવા અને અણધાર્યા પ્રકરણની શરૂઆત થઈ.



♦ 7 ♦

મુંબઈના છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર પલ્લવ અને કૃપાલીની ફ્લાઇટ લૅન્ડ થઈ. થોડા જ સમયમાં તેમની અમદાવાદ સુધીની કનેક્ટિંગ ફ્લાઇટ હતી.

વેઇટિંગ લૉન્જમાં બેઠાં બેઠાં પલ્લવ અને કૃપાલી તેમની નૅક્સ્ટ ફ્લાઇટની રાહ જોઈ રહ્યાં હતાં. પલ્લવ પોતાના ફોનમાં પોતાનું ફેસબુક ચેક કરી રહ્યો હતો. કૃપાલી સતત કોઈ વિચારમાં હતી. તેણે પલ્લ્વને કહ્યું, 'પલ્લવ, એક વાત કહું?'

ફેસબુક જોતા જોતા જ પલ્લવ બોલ્યો, 'બોલને.'

"મને લાગે છે કે મમ્મી-પપ્પાને હવે આપણે મારી હકીકત કહી દેવી જોઈએ."

પલ્લવે અચાનક કૃપાલીની સામે જોયું. કૃપાલીની આંખોના વેઇટિંગ લૉન્જમાં આંસુઓ બહાર આવવાની રાહ જોઈને એવી જ રીતે બેઠેલાં હતાં જેવી રીતે પલ્લવ અને કૃપાલી પોતાની નૅક્સ્ટ ફ્લાઇટની રાહ જોઈને. પલ્લવે પોતાનો ફોન બંધ કર્યો અને સાઇડ પર મૂકી દીધો.

કૃપાલીએ આંખો ઝીણી કરીને કહ્યું, 'બહુ લાંબી રમત ચાલી યાર. હવે ખોટું નથી બોલાતું. મેં તને અને તારા ફૅમિલીને પ્રેમ કરવા માટે તારી સાથે લગ્ન કર્યા'તા. કોઈની સાથે રમત રમવા માટે નહિ. મમ્મી-પપ્પા બધું સમજી જશે. એક વાર એમને બધું સાચે સાચું કહી દઈએ.'

"તને લાગે છે એટલું સહેલું નથી. યુદ્ધ ફાટી નીકળશે. હું મારા મમ્મી- પપ્પાને બહુ સારી રીતે ઓળખું છું. તેઓ કોઈ પણ વાત સ્વીકારી શકે પરંતુ કોઈ કારણસર તેમને સોસાયટીમાં નીચું જોવું પડે, એ વાત તેઓ ક્યારેય નહિ સ્વીકારે."

"આજ નહિ તો કાલ, એ વાતની ખબર તો પડશે જ ને?"

"આટલાં વર્ષો આપણે પડવા નથી દીધી. હવે શું કામ ખબર પડે? હવે તો તારું યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ પણ થઈ ચૂક્યું છે. હવે તો ફક્ત એક જ વર્ષ પછી આપણે ઑફિશિયલી ચાઇલ્ડ પ્લાન કરી શકીએ છીએ."

"એટલે જ આપણે જાણ કરી દેવી જોઈએ."

"કૃપાલી, આ યોગ્ય સમય નથી. પપ્પાની હાલત નાજુક છે. છેલ્લા મૅસેજ પ્રમાણે તેઓ કાર્ડિયાક આઈ.સી.યુ.માં છે. આ વાતનું સ્ટ્રેસ અત્યારે પપ્પા નહિ સહન કરી શકે."

"હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે પપ્પા જલદી સાજા થઈ જાય." કહીને કૃપાલી રડવા લાગી.

"તું શું કામ રડે છે? ડૉક્ટરે તને સ્ટ્રેસ લેવાની ના પાડી છે ને?"

"તને ખબર છે પલ્લવ, સૌથી વધારે દુઃખ ક્યારે થાય? જ્યારે તમે કોઈ વ્યક્તિ સાથે છેતરપિંડી કરતા હો, કે કોઈ વ્યક્તિ સાથે જુઠ્ઠું બોલતા હો અને એ વ્યક્તિ તમારા જુઠ્ઠાણાને જ તમારું સત્ય માનીને આ દુનિયામાંથી ચાલી જાય, ત્યારે તમને આજીવન અફસોસ રહેતો હોય છે. અફસોસ એ વાતનો કે એ વ્યક્તિના મર્યા પહેલા પણ તમે એમને સત્ય કહી ન શક્યા. અફસોસ એ વાતનો કે તમે એ વ્યક્તિના છેલ્લા શ્વાસ સુધી એ વ્યક્તિને છેતરી. અફસોસ એ વાતનો કે એ વ્યક્તિ તમારા માટેની સાવ સારી અને છતાં ખોટી ઇમ્પ્રેશન લઈને મૃત્યુ પામી."

પલ્લવે વાત ડાઇવર્ટ કરવાનો પ્રયત્ન કર્યો. તેણે પૂછ્યું, 'તેં તારી દવાઓ લીધી કે નહિ?'

"હા લીધી." થોડો સમય સુધી પલ્લવ અને કૃપાલી બંને ચૂપ રહ્યાં.

પલ્લવે ફરી પોતાનો ફોન કાઢ્યો અને તે પોતાના ફોનમાં બીઝી થઈ ગયો.

"પલ્લવ, સાંભળ ને!"

કૃપાલી સામે જોયા વગર ફોન જોતા જોતા પલ્લવે જવાબ આપ્યો, 'બોલ બકા. સાંભળું છું.'

"એમ નહિ, મારી સામે જો."

પલ્લવે કૃપાલીની સામે જોયું. એ જ સમયે મુંબઈથી અમદાવાદ જતી ફ્લાઇટના પૅસેન્જર્સ માટે બોર્ડિંગનું એનાઉન્સમૅન્ટ થયું.

પલ્લવે કૃપાલીની સામે જોઈને કહ્યું, "જઈએ મૅડમ?"

કૃપાલીની નજર પલ્લવ પર સ્થિર થયેલી હતી. તે કશું જ બોલી નહિ. તે ફક્ત પલ્લવને જોતી રહી. બોર્ડિંગ માટેના પૅસેન્જર્સની ઑલરેડી લાંબી લાઇન થઈ ચૂકી હતી. ઊભાં થવામાં પલ્લવ અને કૃપાલી છેલ્લાં હતાં.

કૃપાલીએ કોઈ જ જવાબ ન આપ્યો એટલે પલ્લવે ફરી પૂછ્યું, 'શું થયું? હવે એમ ન કહેતી કે પાઇલટ તને અહીંયાં સુધી લેવા આવે. થોડુંક તો ચાલવું પડશે ને?'

કૃપાલીએ કશો જ જવાબ ન આપ્યો. તે હજુ પણ પલ્લવની આંખો સામે જોઈ રહી હતી. પલ્લવની અકળામણ વધી, 'બોલો મૅડમ. કાંઈક તો બોલો.'

આ બાજુ બોર્ડિંગ માટેના પૅસેન્જર્સની લાઇન આગળ વધતી ગઈ અને આ બાજુ કૃપાલીની આંખોમાંથી આંસુઓની લાંબી કતાર આગળ વધવા લાગી. રડતા રડતા કૃપાલીએ કહ્યું, 'આઇ લવ યુ પલ્લવ. થૅન્ક્યુ સો મચ ફોર બિઇંગ ધેર ઇન માય લાઇફ.'

"એય કમોન, અચાનક શું થયું તને?"

"મને પૂર્ણતા બક્ષવા માટે, હું આજીવન તારી ઋણી રહીશ. હું ઈશ્વરને પ્રાર્થના કરીશ કે તારા જેવો પતિ મને સાતેય જન્મમાં આપે."

"હું ઈશ્વરને પ્રાર્થના કરીશ કે આ જન્મ સાતમો અને છેલ્લો હોય." કહીને પલ્લવ હસી પડ્યો. કૃપાલી પણ હસી પડી. બંને એકબીજાંને ભેટી પડ્યાં.

"અરે કૃપાલી, તારું શરીર તો ગરમ લાગે છે. તારી તબિયત તો ઠીક છે ને?"

પોતાના આંસુઓ લૂછતાં લૂછતાં કૃપાલી બોલી, "હા એકદમ ઠીક છે. કેમ? તને કાંઈ પ્રૉબ્લેમ લાગે છે?"

"ના પણ મને તારું શરીર થોડું ગરમ લાગ્યું. તને ડૉક્ટરે માસ્ક પહેરી રાખવાનું કહ્યું છે ને? કેમ નથી પહેરતી?"

"ભૂલી જવાય છે યાર. આદત નથી ને?"

"એની વે, ચાલ જલદી અમદાવાદ પહોંચી જઈએ."

થોડા જ સમયમાં, અત્યાર સુધી સતત હવામાં ઊડતાં કૃપાલી અને પલ્લવની ફ્લાઇટ અમદાવાદની જમીન પર લૅન્ડ થઈ અને પલ્લવ-કૃપાલીનું સપનાંઓની દુનિયામાંથી વાસ્તવિક દુનિયામાં અરાઇવલ થયું.

* * *

કૃપાલીની ઇચ્છાને માન આપીને પલ્લવ અને કૃપાલી અમદાવાદ ઍરપોર્ટથી સીધાં હૉસ્પિટલ જ ગયાં. અમદાવાદની એક ભવ્ય કૉર્પોરેટ હૉસ્પિટલમાં પલ્લવના પપ્પાને દાખલ કરવામાં આવેલા. પલ્લવના પપ્પા ચંદ્રકાન્ત ઠક્કર અમદાવાદના ખ્યાતનામ અને બહુ મોટા બિઝનેસ ટાયકુન હોવાથી મિત્રો, સગાંઓ અને મીડિયાકર્મીઓનો હૉસ્પિટલની બહાર જમાવડો હતો. કૃપાલી અને પલ્લવ સીધાં મમ્મી પાસે પહોંચ્યાં.

પલ્લવ અને કૃપાલીને ભેટીને મમ્મી ચોધાર આંસુઓએ રડી પડ્યાં.

મમ્મીને વળગેલા રહીને જ પલ્લવે પૂછ્યું, 'કેમ છે પપ્પાને?'

"ઍન્જિયોપ્લાસ્ટી થઈ ગઈ છે, બેટા. ડૉક્ટરના કહેવા પ્રમાણે હવે આઉટ ઑફ ડેન્જર છે. ઑબ્ઝર્વેશન માટે કાર્ડિયાક આઇ.સી.યુ.માં રાખ્યા છે. તમે લોકો એક વાર જઈને મળી આવો. એમને સારું લાગશે. સતત તમારા બંનેનું નામ લેતા'તા."

કૃપાલીએ તરત કહ્યું, "એટલે તો અમે આવી ગયાં મમ્મી. હવે અમે અહીંયાં જ છીએ. ક્યાંય જવાના નથી."

"કેમ આટલી થાકેલી લાગે છે?" પલ્લવે મમ્મીને પૂછ્યું.

"ઊંઘ જ નથી થઈ. એક બાજુ સતત વિઝિટર્સ, એક બાજુ ફોન અને એક બાજુ આ મીડિયાવાળા. હું એકલી કેટલાને સાચવું?"

"મમ્મી, હવે તું ચિંતા નહિ કર. હવે હું છું ને. તું મને કહી દે."

"આપણા બહુ બધા સગા આવ્યા છે. પપ્પાના આવા સમાચાર સાંભળીને કેટલા બધા લોકો બહારગામથી પણ આવ્યા છે. એ બધાને સાચવવાની જવાબદારી આપણી છે. પપ્પા માટે અને આપણા કુટુંબ માટે લાગણી છે માટે તેઓ બધા આવ્યા છે. તેમને સરખી રીતે સાચવવા પડશે."

"તો સાચવશું ને મમ્મી. તું ચિંતા નહિ કર."

"બેટા, આ મીડિયાવાળા સતત કૅમેરા લઈને હૉસ્પિટલની બહાર ઊભા છે. હૉસ્પિટલવાળા અવારનવાર તેમને હેલ્થ બુલેટિન આપતા રહે છે પણ થોડી જવાબદારી આપણી છે. તું એક પ્રેસ કૉન્ફરન્સ બોલાવી લે અને પેપરમાં આપી દે કે ચંદ્રકાન્ત ઠક્કરની તબિયત હવે સુધારા પર છે."

"જી મમ્મી. હું બધાને જાણ કરી દઉં છું."

"તમે લોકો થાકી ગયા હશો. પપ્પાને મળીને નીકળો. ઘરે જઈને આરામ કરો."

કૃપાલી અને પલ્લવ આઇ.સી.યુ.માં જઈને પપ્પાને મળી આવ્યાં. પપ્પાની તબિયત હવે સારી હતી. આઇ.સી.યુ.માંથી બહાર નીકળતી વખતે પલ્લવે કૃપાલીને કહ્યું, 'ઘરે જતા પહેલા, ફરી એક વાર મમ્મીને મળી લઈએ.'

પલ્લવ અને કૃપાલી મમ્મી પાસે પહોંચ્યાં. મમ્મી પાસે જઈને પલ્લવે કહ્યું, 'પપ્પાને સારું છે અને પપ્પાએ જ કહ્યું છે કે તને અમારી સાથે ઘરે લઈ જઈએ. તું પણ ઘરે આવીને આરામ કર.'

"મારું મન નહિ માને. તમે લોકો જાવ. આપણે કાલે મળીશું."

"સારું મમ્મી." એટલું બોલીને પલ્લવ મમ્મીને પગે લાગ્યો. કૃપાલી મમ્મીને પગે લાગવા જઈ રહી હતી પણ પલ્લવે તેને અટકાવી, 'તું નીચે વળવાનું રહેવા દે.'

મમ્મીની ઊંચી થયેલી ભમ્મરો જોઈને પલ્લવે તરત જ ખુલાસો કર્યો, "મમ્મી, એની તબિયત બરાબર નથી."

"કાંઈ ગુડ ન્યૂઝ છે?" મમ્મીએ તરત જ પૂછ્યું.

"ના મમ્મી. થોડો જેટલેગ છે. બીજું કશું જ નથી." કૃપાલી કાંઈ બોલે એ પહેલા પલ્લવે જ જવાબ આપી દીધો.

મમ્મીએ કૃપાલીની સામે જોઈને કહ્યું, "તો હવે ગુડ ન્યૂઝ આપો બેટા. જેટલા લોકો ખબર કાઢવા આવે છે, એ બધા મને પૂછ્યા કરે છે કે તમારી વહુએ કેમ હજુ સુધી કાંઈ ન્યૂઝ નથી આપ્યા?"

"કમ ઓન મમ્મી. અત્યારે આ ટોપિક ડિસ્કસ કરવો જરૂરી છે? આમ પણ અમે નક્કી કર્યું છે કે અમે આવતા વર્ષે ચાઇલ્ડ પ્લાન કરીશું." પલ્લવે કહ્યું.

કૃપાલી કશું જ બોલતી નહોતી. મા અને દીકરા વચ્ચેની ચર્ચા કૃપાલી નીચી નજર કરીને સાંભળી રહી હતી.

"છેક આવતા વર્ષે? બેટા તમારા લગ્નને ઘણાં વર્ષો વીતી ચૂક્યાં છે. ચાઇલ્ડ તો પ્લાન કરવાનું જ છે. આજે નહિ તો કાલે. તો પછી આટલું મોડું શું કામ?"

"મમ્મી, પ્લીઝ. એ અમને નક્કી કરવા દે ને!" પલ્લવે થોડું રૂડ થઈને મમ્મીને કહ્યું.

કૃપાલીએ તરત પોતાની પાંપણો ઉપર કરી અને પલ્લવ સામે જોયું. કૃપાલીએ આંખોથી પલ્લવને ઇશારો કર્યો કે આ રીતે મમ્મી સાથે વાત કરવાનું રહેવા દે.

મમ્મીએ કૃપાલીના ખભા પર હાથ રાખીને કહ્યું, "જો બેટા, મારે અને તારા પપ્પાએ ઘણા સમયથી

આ વિશે તમારા લોકો સાથે વાત કરવી'તી. નાવ, ઇટ ઇઝ હાઇ ટાઇમ ધેટ યુ શુડ પ્લાન અ ચાઇલ્ડ. ક્યાં સુધી આમ જવાબદારીમાંથી ભાગ્યા કરીશું?"

મમ્મીનું છેલ્લું વાક્ય સાંભળીને કૃપાલીને શોક લાગ્યો. પલ્લવ પણ પોતાનો ગુસ્સો કંટ્રોલ ન કરી શક્યો.

"મમ્મી, આમાં જવાબદારીમાંથી ભાગવાની કોઈ વાત જ નથી. ઇટ ઇઝ જસ્ટ ધેટ કે અમે લોકો હજુ બાળક માટે પૂરતા તૈયાર નથી."

"તૈયાર નથી? તમે એટલા બધા નાના છો? એક નાના જીવને આ પૃથ્વી પર લાવવા માટે તમારે શું તૈયારીઓ કરવાની બાકી છે? તમે તમારા બાળકને ઉછેરી ન શકતા હોવ, તો તમારું બાળક અમને આપી દેજો. તમારા બાળકને અમે મોટું કરશું."

ટ્રાન્સપ્લાન્ટ જેવા મોટા ઑપરેશનમાંથી રિકવર થઈ રહેલી કૃપાલી ઇમોશનલી તદ્દન ફ્રજાઈલ થઈ ગયેલી. મમ્મીની આવી વાતો સાંભળીને તે રડવા લાગી. કૃપાલીને રડતા જોઈને પલ્લવનો ગુસ્સો વધતો ગયો. તેણે પોતાના મમ્મીની આંખોમાં આંખો પરોવીને કહ્યું,

"અમે એટલા બધા નાના પણ નથી કે અમારું બાળક અમે પોતે ઉછેરી ન શકીએ. અને એટલા બધા વૃદ્ધ પણ નથી થઈ ગયા કે બાળકને જન્મ જ ન આપી શકીએ."

મમ્મીએ પોતાની નજર પલ્લવ સામેથી ખસેડી લીધી અને કૃપાલી સામે કરી. કૃપાલી સામે જોઈને મમ્મીએ પૂછ્યું, "તો કેમ જન્મ નથી આપતા?"

"મમ્મી, તું મારી સામે જોઈને વાત કર ને. આ આખી ચર્ચામાં કૃપાલીને શું કામ વચ્ચે લાવે છે?"

"કારણ કે આ ચર્ચામાં કૃપાલી હોવી અનિવાર્ય છે. તે તો કશું બોલતી જ નથી. ક્યાંક એવું તો નથી ને કે એ પોતે જ ઇચ્છતી ન હોય કે..."

પલ્લવનો અવાજ થોડો ઊંચો થયો, 'મમ્મી, બસ. આ ડિસ્કશન આપણે અહીંયાં જ પૂરું કરીએ એ વધારે સારું છે. અમારું સેકન્ડ હનીમૂન અધવચ્ચે છોડીને અમે ફક્ત એટલા માટે આવ્યાં છીએ કારણ કે અમને પપ્પાની ચિંતા થતી'તી. અમારે અહીંયાં આવીને જો આ બધી જ ચર્ચા કરવાની હોય તો અમે અમેરિકામાં જ સારાં હતાં.'

"હા, ચાલ્યાં જાવ પાછાં અમેરિકા. નથી જરૂર તમારી ઇન્ડિયામાં કોઈને." મમ્મી રડવા લાગ્યાં. 'હવે અમારી ઉંમર થઈ ગઈ છે પલ્લવ. ક્યારે ઈશ્વરના ઘરેથી આમંત્રણ આવશે? અમને નથી ખબર. અમારા બંનેની એવી ઇચ્છા છે કે મરતા પહેલા એક વાર અમને કોઈ દાદા-દાદી કહીને બોલાવે. કોઈ નાના નાના પગ લઈને આખા ઘરમાં ફરી વળે. કોઈ તારા દાદાના ચશ્માં સંતાડી દે. કોઈ મારી પાસે વાર્તાઓ સાંભળે."

પલ્લવ અને કૃપાલી સામે બે હાથ જોડીને મમ્મીએ કહ્યું, 'તમારા બંનેના મમ્મી-પપ્પા કાયમને માટે સૂઈ જાય એ પહેલા તમારાં મમ્મી-પપ્પાને એક વાર હાલરડાં ગાવાં છે. તમારા બાળકને હીંચકા નાખીને સૂવડાવવું છે. એક વાર તમારા બાળકનો ચહેરો જોઈ લઈએ પછી ભલે ગમે ત્યારે મૃત્યુ આવે, એનો કોઈ અફસોસ નહિ થાય.'

મમ્મીને રડતા જોઈને કૃપાલી વધારે રડવા લાગી. સાસુ-વહુ બંનેએ જાણે રડવાની કૉમ્પિટિશન કરી. પલ્લવ થોડો ઢીલો પડ્યો.

"મમ્મી, તું ઇમોશનલી બ્લૅક મેઇલ ન કર. પ્લીઝ કહું છું તને."

"બેટા, શું એક મા કે બાપ તરીકે અમારી આ અપેક્ષાઓ તને વધારે પડતી લાગે છે?"

પલ્લવને હવે કોઈ પણ રીતે આ ચર્ચાનો અંત લાવવો'તો. તેણે થોડા ખચકાટ સાથે કહ્યું, "મમ્મી, તું સાચી છો પણ આપણે આ વિષય પર પછી વાત કરીએ. અમે પણ અત્યારે થાકી ગયાં છીએ અને તને પણ આરામની જરૂર છે.'

કૃપાલીની સામે જોઈને પલ્લવે કહ્યું, 'ચાલ કૃપાલી. ઘરે જઈને આરામ કરીએ.'

કૃપાલી નીચું જોઈને પલ્લવની સાથે ચાલવા લાગી. કૃપાલી હજુ પણ મમ્મીની વાતોના આઘાતમાંથી બહાર આવી નહોતી.

ગાડીમાં બેસતાની સાથે જ પલ્લવે કહ્યું, "મમ્મીની વાતો પર ધ્યાન ન આપતી. પપ્પાની તબિયતને કારણે આ બધી વાતો થઈ રહી છે. પપ્પા એક વાર ઘરે આવી જશે, પછી આપોઆપ બધું શાંત થઈ જશે."

"અને નહિ થાય તો?" કૃપાલીએ પૂછ્યું.

"અફકોર્સ થઈ જશે. આપણે હવે તેમને ફક્ત એક જ વર્ષ રાહ જોવડાવવાની છે. આટલાં વર્ષો તેમણે રાહ જોઈ છે. એક વર્ષ વધારે."

"મારો જીવ બહુ મૂંઝાય છે."

કૃપાલીનો હાથ પકડીને પલ્લવે કહ્યું, "હવે હિંમત નહિ હારતી યાર. હવે કિનારો સામો દેખાય છે. કાંઠે પહોંચવાની તૈયારીમાં છીએ. હવે ડૂબવાનો વિચાર પણ નહિ કરતી." એટલું બોલતા બોલતા પલ્લવ અચાનક ચૂપ થઈ ગયો. કોઈ ગંભીર સમાચાર મળ્યા હોય એવી રીતે તેણે કૃપાલી સામે જોયું.

"શું થયું? મારા હાથમાંથી તને કરન્ટ લાગ્યો કે શું?" કૃપાલીએ પરાણે થોડું સ્માઇલ કર્યું.

એક પણ સેકન્ડ વિચાર્યા વિના પલ્લવે ડ્રાઇવરને કહ્યું, "ડ્રાઇવર, યુ-ટર્ન લઈ લો. હૉસ્પિટલ પાછા જવાનું છે."

કૃપાલીને કાંઈ સમજાયું નહિ. તેણે પૂછ્યું, "શું થયું? કેમ હૉસ્પિટલ પાછાં? પપ્પાને કાંઈ..."

"પપ્પાને કાંઈ નથી થયું."

"તો પછી?"

"તારી તબિયત બરાબર નથી."

"પલ્લવ, આઇ એમ ફાઇન."

"નો, યુ આર નોટ ફાઇન. તને તાવ છે. યુ આર રનિંગ વેરી હાઇ ગ્રેડ ફિવર. ડૉ. લીઝાના શબ્દો યાદ છે? કાંઈ પણ થાય, તાવ તો ન જ આવવો જોઈએ."

"ઓહ શીટ. એટલે મને મજા નથી આવતી. હવે શું કરશું?"

પલ્લવ થોડો નર્વસ લાગ્યો. તેણે ફોન પર તાત્કાલિક ડૉ. લીઝા જોડે વિગતવાર વાત કરી.

"શું કહ્યું લીઝાએ?" કૃપાલીએ પૂછ્યું.

"થોડાક રિપોર્ટ્સ કરવાના કીધા છે."

"શેના રિપોર્ટ્સ?"

"બ્લડ રિપોર્ટ્સ. કયા રિપોર્ટ્સ કરવાના છે? એનું લીસ્ટ તેઓ મેઇલમાં મોકલે છે. આપણે અત્યારે ને અત્યારે એ બધા રિપોર્ટ્સ કરાવી લઈએ. એમની સલાહ પ્રમાણે આપણે સૌથી નજીકની કોઈ હૉસ્પિટલમાં ઍડમિટ થઈ જવું જોઈએ."

કૃપાલી કશુંક વિચારવા લાગી. થોડી વાર રહીને તેણે કહ્યું, "પણ હું જો આ જ હૉસ્પિટલમાં ઍડમિટ થઈશ તો બધાને ખબર પડી જશે."

"એવું બધું વિચારવાનો અત્યારે સમય નથી. અત્યારે સૌથી અગત્યની તારી હેલ્થ છે."

"પણ મમ્મીને ખબર પડશે તો?"

"મમ્મીને ઓલરેડી મેં કહ્યું જ છે ને કે તારી તબિયત બરાબર નથી. તું આ હૉસ્પિટલમાં ઍડમિટ છે, ફક્ત એટલી ખબર પડવાથી શું વાંધો છે? તારી તબિયત તો ખરાબ હોય જ શકે ને? એમાં શું આટલું બધું ડરવાનું?"

"ઓકે." કહીને કૃપાલી ચૂપ થઈ ગઈ.

કૃપાલી અને પલ્લવ બંને જણાં હવે વધારે નર્વસ હતાં. કિનારા સુધી આવેલી નૌકા ડૂબવાનો ડર બંને જણાંને લાગતો હતો. હૉસ્પિટલના કૉરિડોરમાં દાખલ થતી વખતે કૃપાલીએ પલ્લ્વને પૂછ્યું, 'ડૉક્ટર

મારી હિસ્ટરી પૂછે તો મારે શું કહેવાનું? ત્રણ અઠવાડિયાં પહેલા મારું આટલું મોટું ઑપરેશન થયેલું છે, એ વાત હું કઈ રીતે છુપાવીશ? હું ઇમ્યુનો-સપ્રેસીવ ડ્રગ્સ પર છું, એ વાત હું કઈ રીતે છુપાવીશ?'

આંખોમાં આવનારી પરિસ્થિતિની ચિંતા અને ડર સાથે કૃપાલીએ પૂછ્યું, "ડૉક્ટર્સને તો ખબર પડી જ જશે ને?"

"ડૉક્ટર્સને તો કહેવાનું જ છે. કશું જ છુપાવવાનું નથી, તો જ તારી સારવાર બરાબર થશે. જરૂર લાગે તો અહીંયાંના ડૉક્ટર્સ સાથે ડૉ. લીઝા પણ વાત કરી લેશે. ચિંતા નહિ કર. આ ટ્રાન્સપ્લાન્ટવાળી વાત બધા ડૉક્ટર્સ કૉન્ફિડેન્શિયલ રાખશે. તેઓ કોઈને જાણ નહિ કરે."

માથા પર લટકતી તલવાર અને આવનારી અનિશ્ચિતતાઓની વચ્ચે એ જ કૉર્પોરેટ હૉસ્પિટલમાં કૃપાલીને દાખલ કરવામાં આવી અને તેના લોહીનું સેમ્પલ મોકલવામાં આવ્યું. મોડી રાતે રિપોર્ટ્સ આવ્યા. રિપોર્ટ્સ દર્શાવતા હતા કે કૃપાલીના શરીરના કોઈ એક અંગમાં ઇન્ફેક્શન છે, પરંતુ કયા અંગમાં ઇન્ફેક્શન છે એ હજુ ક્લીઅર થતું નહોતું.

મોડી રાત થઈ ચૂકી હતી. પલ્લવ ઘરે જવાને બદલે હૉસ્પિટલમાં કૃપાલી પાસે જ રોકાયો. પલ્લવ કૃપાલીના બેડની બાજુમાં ખુરશી નાખીને બેઠેલો હતો.

કૃપાલીએ ધીમા અવાજે પૂછ્યું, "શું કહ્યું ડૉક્ટરે?"

"બ્લડમાં ઇન્ફેક્શન બતાવે છે. કયા અંગમાં ઇન્ફેક્શન છે? એની માટે તેઓ વધારે તપાસ કરશે. એક્સ-રે સોનોગ્રાફી પણ કરાવશે."

"કાંઈ પ્રૉબ્લેમ નહિ થાય ને?"

"તું ચિંતા નહિ કર. ડૉક્ટરે ઓલરેડી હાયર એન્ટીબાયોટિક્સ શરૂ કરી દીધી છે. તેઓ પ્રયત્ન કરી રહ્યા છે કે ઇન્ફેક્શન જલદી કાબૂમાં આવી જાય."

થોડી વાર કૃપાલી કશું જ ન બોલી. થોડા સમય પછી તેણે ધીમા અવાજે કહ્યું, 'પલ્લવ, મારો હાથ પકડ ને.'

પલ્લવે કૃપાલીનો જમણો હાથ કચકચાવીને પકડી લીધો અને પછી કહ્યું, 'તારો હાથ છોડ્યો છે જ ક્યારે?'

"ક્યાંથી લાગ્યું હશે ઇન્ફેક્શન? આપણે તો કાળજી લીધી'તી ને?"

કૃપાલીના ચહેરા પર માસ્ક પહેરાવતા પહેરાવતા પલ્લવ બોલ્યો, "ના. આપણે પૂરતી કાળજી નથી લીધી. તને ડૉ. લીઝાએ કાયમ આ માસ્ક પહેરી રાખવાનું કહ્યું છે, જેથી કરીને કોઈનું ઇન્ફેક્શન ન લાગે. એ તો તું પહેરતી જ નથી."

"પણ..." કૃપાલી કશુંક બોલવા જતી હતી.

કૃપાલીના માસ્ક વાળા ચહેરા પર હાથ મૂકીને પલ્લવે તેને બોલતા અટકાવી અને કહ્યું, "પણ મિસિસ કૃપાલી પલ્લવ ઠક્કર, એ વાતની જાણ તમને હોવી જોઈએ કે અત્યારે તમારી ઇમ્યુનિટી એકદમ લૉ છે અને તમને ક્યારેય પણ કોઈ પણ ઇન્ફેક્શન લાગી શકે છે. ઇન્ફેક્શનથી તમારી રક્ષા કરવા માટે તમારો 'અનપેઇડ' બૉડીગાર્ડ કાયમ હાજર છે." એટલું બોલીને પલ્લવે કૃપાલીની સામે પોતાનું માથું નમાવ્યું.

આ જોઈને કૃપાલી હસી. માસ્ક હોવાથી પલ્લવ તેનું સ્માઇલ જોઈ શક્યો નહિ પરંતુ કૃપાલીની ઝીણી થયેલી આંખો એ વાતની સાબિતી હતી કે માસ્કની પાછળ રહેલી કૃપાલી હસી રહી હતી.

કૃપાલીએ ખોંખારો ખાઈને, પલ્લવની સામે ઇશારો કરીને કહ્યું, "મારી ઇમ્યુનિટી ભલે લૉ હોય, મારો પ્રેમ તો કાયમ હાઇ જ રહેવાનો છે."

"ડાયલૉગ ન માર અને આરામ કર. સૂઈ જા."

"તું પણ સૂઈ જા."

"હું થોડી વાર તારી બાજુમાં બેઠો છું. મને તાત્કાલિક ઊંઘ નહિ આવે. તું સૂઈ જા."

પલ્લવના કહેવાથી કૃપાલીએ પરાણે પોતાની આંખો બંધ કરી દીધી. પલ્લવ થોડી વાર સુધી

કૃપાલીના ચહેરા સામે જોઈ રહ્યો.



બીજા દિવસની સવાર પડી. ઊંઘમાંથી ઊઠીને પલ્લવે પહેલું કામ કૃપાલીનો તાવ ચેક કરવાનું કર્યું. કૃપાલીનું શરીર સહેજ પણ ગરમ નહોતું. પલ્લવને હાશકારો થયો.

પલ્લવના હાથના સ્પર્શથી કૃપાલીની ઊંઘ પણ તૂટી. માસ્કની પાછળ રહેલા ચહેરાએ હળવેથી આંખો ખોલી. પોતાની સામે ઊભેલા પલ્લવને જોઈને, કૃપાલીની આંખોને ફરી એક વાર ઝીણા થવાનું બહાનું મળી ગયું. કૃપાલી હસી.

પલ્લવે પૂછ્યું, "ગુડ મોર્નિંગ. કેમ છે તને?"

"સારું લાગે છે. આંખો ખોલું અને તારો ચહેરો દેખાય, એનાથી વધારે સારી મોર્નિંગ બીજી કઈ હોઈ શકે?"

પલ્લવના ચહેરા પર સ્માઇલ આવ્યું. તેણે કહ્યું, "તને ખબર છે કૃપાલી? કાલ રાત પછી તને એક પણ વાર તાવ નથી આવ્યો. ઇટ ઇઝ અ ગુડ સાઇન."

"હા યાર. બૅક્ટેરિયા મને છોડીને ચાલ્યા ગયા. તારી સિવાય કોઈ મારો સાથ આપે તેમ નથી." કૃપાલી મજાકના મૂડમાં હતી.

પલ્લવે પોતાની ડાબી આંખ મારી અને કહ્યું, "એમાં એવું છે મૅડમ કે હું એક જ તને સદી ગયો છું. મારી સિવાય કોઈ તને સદતું નથી."

કૃપાલી બેઠી થઈ ગઈ. તેણે કહ્યું, "ઓહો, શું વાત છે? સવાર સવારમાં ફ્લર્ટ કરવાના મૂડમાં છે."

"કાલ રાતે બહુ ટૅન્શનમાં હતો. આજે થોડો રિલેક્સ્ડ થઈ ગયો છું."

"ઘરે જઈને ફ્રેશ થઈ આવ."

"સાંભળ. આજે સવારે હું એક કલાક માટે ઉપર કૉન્ફરન્સ હૉલમાં હોઈશ. પપ્પાની હેલ્થ બાબતે મારે પ્રેસ કૉન્ફરન્સ કરવાની છે. મમ્મી તને મળવા આવવાની છે. હું ન હોઉં ત્યારે જો મમ્મી આવે તો નર્વસ ન થઈ જતી. નૉર્મલ બિહેવ કરજે. મમ્મીને કહેજે કે મુસાફરીનો થાક લાગ્યો હશે એટલે કદાચ તાવ આવી ગયો. મેં પણ એવું જ કહ્યું છે. હા, કાલ રાતની વાતો ભૂલી જજે."

"ચિંતા નહિ કર. ઘરે જા અને ફ્રેશ થઈ આવ. તારે દસ વાગે કૉન્ફરન્સ કરવાની છે."

પલ્લવે ઘરે જવા માટે રૂમનો દરવાજો ખોલ્યો. બહાર નીકળતા પહેલા પલ્લવ કૃપાલીની નજીક આવ્યો. કૃપાલીના માથા પર હાથ ફેરવીને તેણે કૃપાલીને કહ્યું, "જાવ છું. ટેક કેર."

"થોડું પેટમાં દુ:ખે છે." કૃપાલીએ કહ્યું.

"ક્યાં દુ:ખે છે?"

"ઑપરેશન કર્યું છે, એ જ જગ્યાએ."

"હું બોલાવું ડૉક્ટરને?"

"ના. એટલું બધું નથી. અત્યારે કોઈને બોલાવવાની જરૂર નથી. તું જા. કદાચ Pre-Menstrual Pain હશે."

"તને એવું લાગે છે કે આજે મૅન્સિસ આવશે?"

"ખબર નથી પણ દુ:ખાવો તો એનો જ હોય એવું લાગે છે. આ દુ:ખાવો મારા માટે નવો છે. મૅન્સિસનો છે કે નહિ? એ પણ મને ખબર નથી."

"સારું પણ ડૉક્ટર રાઉન્ડમાં આવે ત્યારે એમને કહી દેજે."

"હા, હું કહી દઈશ. તું જા."

પલ્લવ રૂમના દરવાજે પહોંચ્યો. કૃપાલીને આ હાલતમાં છોડીને જવાનું તેનું મન નહોતું થતું, પરંતુ મમ્મીએ સોંપેલાં કામો પણ કરવાનાં હતાં. જતા જતા એક વાર પલ્લવે પાછું ફરીને કૃપાલીના ચહેરા

સામે જોયું. કૃપાલીની આંખો ફરી એક વાર ઝીણી થઈ. કશું જ બોલ્યા વિના પલ્લવે પોતાનો જમણો હાથ વેવ કરીને કૃપાલીને બાય કર્યું. કૃપાલીએ પણ બાય કર્યું. પલ્લવ ઘરે જવા નીકળી ગયો.

કૃપાલીનો પેટનો દુ:ખાવો ધીમે ધીમે વધવા લાગ્યો. તેણે સિસ્ટરને વાત કરી. સિસ્ટરે કહ્યું, “ડૉક્ટર રાઉન્ડ પર છે. આવે જ છે. ત્યાં સુધી ડૉક્ટરે મને એક ઇન્જેક્શન આપવાનું કહ્યું છે. એનાથી તમારો દુ:ખાવો ઓછો થઈ જશે.”

થોડો સમય વીત્યો. આ બાજુ કૉર્પોરેટ હૉસ્પિટલના ચોથા માળે આવેલા કૉન્ફરન્સ રૂમમાં પલ્લવની પ્રેસ કૉન્ફરન્સ શરૂ થઈ અને આ બાજુ કૃપાલીના રૂમમાં મમ્મીની એન્ટ્રી થઈ. મમ્મી આવીને કોઈ સવાલ ન પૂછે એટલા માટે મમ્મી આવે એ પહેલા પોતાના ચહેરા પર રહેલું માસ્ક પણ કૃપાલીએ કાઢી નાખેલું.

ઇન્જેક્શન આપ્યું હોવા છતાં પણ કૃપાલીનો દુ:ખાવો વધતો જતો હતો. મમ્મીની સામે કૃપાલીએ નૉર્મલ રહેવાનો બહુ જ પ્રયત્ન કર્યો, પરંતુ તેની પીડા તેના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ આવી રહી હતી.

કૃપાલીના ચહેરા પર હાથ ફેરવીને મમ્મીએ પૂછ્યું, “બેટા તારી તબિયત ખરેખર સારી નથી. તને શું થાય છે?”

કૃપાલીનો દુ:ખાવો અસહ્ય થઈ રહ્યો હતો. પલ્લવને ડિસ્ટર્બ કરી શકાય એવા સંજોગો નહોતા. ડરતા ડરતા કૃપાલીએ મમ્મીને કહ્યું, “મને પેટના નીચેના ભાગમાં બહુ જ દુ:ખે છે.”

“ડૉક્ટરને કહ્યું? હું વાત કરું?”

ચહેરા પર દોરાઈ રહેલી પીડાની રેખાઓ સાથે કૃપાલીએ કહ્યું, “એમને ઓલરેડી મૅસેજ મળી ચૂક્યા છે. તેઓ આવવા જ જોઈએ.”

“તારા મૅન્સિસ તો ક્યારેય પૅઇનફુલ નથી રહ્યા. તો પછી આજે અચાનક કેમ આટલું બધું દુ:ખે છે? આટલો બધો દુ:ખાવો છે તો ડૉક્ટરને વહેલા બોલાવી લેવાય ને. લાવ હું જ બોલાવી લાવું.” કહીને મમ્મી ડૉક્ટરને બોલાવવા બહાર જતાં હતાં, ત્યાં જ ગાયનેકૉલૉજીસ્ટ ડૉક્ટર મનોજ પટેલ રૂમમાં દાખલ થયા.

ડૉક્ટરે કૃપાલી પાસે આવીને પૂછ્યું, ‘ક્યાં દુ:ખે છે તમને?’

કૃપાલી કાંઈ પણ જવાબ આપે, એ પહેલા જ તેને અહેસાસ થયો કે તેના બે પગની વચ્ચેથી કોઈ પ્રવાહી નીકળી રહ્યું છે. કૃપાલીએ હળવેથી નજર નીચે કરી તો તેણે જોયું કે હૉસ્પિટલની સફેદ ચાદર લાલ થઈ ચૂકી હતી અને તેની યોનિમાંથી લોહીનો અફાટ અને અવિરત પ્રવાહ નાયગ્રાના ધોધની જેમ વહી રહ્યો હતો. કૃપાલી કાંઈ સમજે એ પહેલા લોહીના ટીપા જમીન પર પડવા લાગ્યા અને ધીમે ધીમે જમીન પર લોહીનું ખાબોચિયું ભરાવા લાગ્યું.

આ દૃશ્ય જોઈને મમ્મી સ્તબ્ધ થઈ ગયાં હતાં. મૅન્સિસનું આવું બ્લીડિંગ તેમણે ક્યારેય જોયેલું નહોતું. તેઓ ડૉક્ટરને કાંઈ પૂછે, એ પહેલા ડૉ. મનોજે તેમને કહ્યું, “તમે પ્લીઝ થોડી વાર બહાર જાવ. મારે તાત્કાલિક તપાસ કરવી પડશે.”

મમ્મીને રૂમની બહાર કાઢવામાં આવ્યાં. ડૉ. મનોજ જેવા કૃપાલીની નજીક આવ્યા કે તરત જ કૃપાલીએ પૂછ્યું, “મૅન્સિસ શરૂ થઈ ગયું ને?”

કૃપાલી અને પલ્લવનાં સપનાંઓ પર બુલડોઝર ફેરવતા હોય એવી રીતે ડૉ. મનોજે કહ્યું, “ના. આ મૅન્સિસનું બ્લીડિંગ નથી લાગતું. તમારા ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસમાં ઇન્ફેક્શન લાગ્યું છે.”

આ સાંભળીને કૃપાલીએ પોતાની યોનિમાંથી વહી જતા લોહીની સાથે, પોતાનાં સપનાંઓને પણ જમીન પર પછડાતા જોયા. કૃપાલી અને પલ્લવે અત્યાર સુધી કરેલી આટલી બધી મહેનત પર એક જ ક્ષણમાં પાણી નહિ પરંતુ લોહી ફરી વળ્યું.

ડૉ. મનોજે સિસ્ટર પાસે તાત્કાલિક ઍક્ઝામિનેશન ટ્રે મંગાવી. તેમણે કૃપાલીની તપાસ કરી અને કૃપાલીને પૂછ્યું, “તમારા હસબન્ડ ક્યાં છે?”

કૃપાલીએ ધ્રૂજતા અવાજે જવાબ આપ્યો, “ચોથા માળે કૉન્ફરન્સમાં છે.”

“એમને તાત્કાલિક બોલાવવા પડશે.” સિસ્ટર સામે જોઈને ડૉ. મનોજે કહ્યું, “તેમના હસબન્ડને ફોન લગાડો અને કહો કે તાત્કાલિક નીચે આવી જાય. ચાર યુનિટ બ્લડ રિઝર્વ કરાવો અને ઑપરેશન થિયેટરમાં જાણ કરો કે એક હિસ્ટરેક્ટમીની ટ્રોલી તૈયાર કરે.”

આ શબ્દ સાંભળીને કૃપાલી નમ્બ થઈ ગયેલી. તેને આખા શરીરે ખાલી ચડવા લાગી. આંખોની સામે અંધારું આવવા લાગ્યું. તે બે મિનિટ સુધી કશું જ બોલી શકી નહિ.

ખુશીઓના નૅશનલ હાઇવે પર પૂરપાટ ઝડપથી દોડતી જિંદગી, આવી રીતે અચાનક યુ-ટર્ન લેશે એની જાણ તો કોને હોય?

થોડા સમય પછી ડરતા ડરતા કૃપાલીએ ડૉ. મનોજને પૂછ્યું, “હિસ્ટરેક્ટમી?”

“તમારા યુટરસમાંથી સીવીઅર બ્લીડિંગ થઈ રહ્યું છે. આ બ્લીડ કોઈ રીતે બંધ થાય એવું લાગતું નથી. આઇ એમ વેરી સૉરી ટુ સે પણ મને લાગે છે કે અમારે તમારું ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ કાઢવું પડશે.”

ડૉ. મનોજ જ્યારે આ વાક્ય બોલ્યા ત્યારે પલ્લવ ઓલરેડી રૂમમાં દાખલ થઈ ચૂક્યો હતો અને ઈશ્વરે આપેલો આ ચુકાદો તેણે પણ સાંભળી લીધો હતો.

પલ્લવે કૃપાલીની સામે જોઈને ઇશારો કર્યો કે ધીરજ રાખ. તેણે પોતાનો ફોન કાઢ્યો અને ડૉ. લીઝાને ફોન જોડ્યો. પલ્લવે ફોન જોડીને ત્યાં ઊભા રહેલા ડૉ. મનોજને આપ્યો. ડૉ. મનોજે અમેરિકાના ટ્રાન્સપ્લાન્ટ સર્જન

ડૉ. લીઝા જોહાનસન જોડે વાત કરી, “મૅડમ. ધેર ઇઝ અ સીવીઅર ઇન્ફેક્શન ઇન ધ ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ. શી ઇઝ બ્લીડિંગ હૅવીલી. વી વિલ હેવ ટુ પર્ફોમ અરજન્ટ હિસ્ટરેક્ટમી.”

સામે છેડે રહેલા ડૉ. લીઝાએ પલ્લવને ફોન આપવા કહ્યું. પલ્લવે ફોન પોતાના કાન પર ધર્યો અને સામે છેડેથી ડૉ. લીઝાની સૂચના આવી, “ઇટ ઇઝ વેરી અન્ફોર્ચ્યુનેટ બટ વી હેવ નો અધર ઑપ્શન. વી વિલ હેવ ટુ રીમૂવ હર યુટરસ ઇન ઑર્ડર ટુ સેવ હર લાઇફ.”

પલ્લવે ફોન કટ કર્યો. મુશળધાર વરસાદ પછી કોઈ નદી-નાળા છલકાય, એવી રીતે પલ્લવની આંખો છલકાણી. પહેલા જ વરસાદમાં કાચા રસ્તાઓ ધોવાઈ જાય, એવી જ રીતે પલ્લવની આંખોમાં રહેલાં સપનાંઓ ધોવાઈ ગયાં.

પોતાના આંસુઓ લૂછતાં લૂછતાં પલ્લવે ડૉ. મનોજને કહ્યું, “ગો અહેડ સર. તમે કહો ત્યાં સહી કરી દેવા તૈયાર છું.”

લોહીથી લથબથ હાલતમાં, વેરવિખેર સપનાંઓની વચ્ચે સૂતેલી કૃપાલીનો આર્તનાદ વધતો ગયો. તેણે રડતા રડતા ચીસો પાડવાનું શરૂ કર્યું, ‘નહિ પલ્લવ. હું મારું યુટરસ નહિ કાઢવા દઉં. હું કન્સેન્ટ પર સહી નહિ કરું.’

કૃપાલીના શબ્દોની અવગણના કરીને ડૉ. મનોજે સિસ્ટરને આદેશ આપ્યો, ‘સિસ્ટર સ્ટ્રેચર મંગાવો અને પૅશન્ટને ઑપરેશન થિયેટરમાં શિફ્ટ કરો.’

કૃપાલીની ચીસો અને રુદન હજુ પણ શમ્યાં નહોતાં. તેનો અવાજ મોટો થતો ગયો, “નહિ પલ્લવ નહિ. હું મારું યુટરસ નહિ કઢાવું. ભલે હું મરી જાવ પણ યુટરસ નહિ કાઢવા દઉં.”

પલ્લવે કૃપાલીના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું, “ઈશ્વરની ઇચ્છાને સ્વીકારી લે.”

રડવાને કારણે કૃપાલીનો ચહેરો કદરૂપો લાગવા લાગ્યો. તેના મોઢામાંથી લાળ પડવા લાગી. તે ચીસો પાડતી રહી, “અરે, તમે પુરુષો ક્યારેય નહિ સમજી શકો. આ યુટરસ નથી. આ મારા આવનારા બાળકનું ઘર છે. તમે મારા આવનારા બાળકનું ઘર તોડવા માંગો છો? નહીં તોડવા દઉં, કોઈને નહીં તોડવા દઉં. ભલે હું મરી જાઉં પણ મારું યુટરસ નહિ કાઢવા દઉં.”

પલ્લવે કૃપાલીને કહ્યું, “એમ માની લે કે આ યુટરસ તારું ક્યારેય હતું જ નહિ. કોઈ બીજાના યુટરસનો આટલો બધો મોહ ન રાખ. જવા દે. તારો જીવ વધારે અગત્યનો છે. આપણે બંને આ

ટ્રાન્સપ્લાન્ટ પહેલા પણ ખુશ જ હતાં ને?"

"પણ આપણું એમ્બ્રિયો અમેરિકાની લૅબમાં આપણી રાહ જોઈ રહ્યું છે. જો યુટરસ જ નહિ રહે તો એ એમ્બ્રિયોનું શું થશે?"

"સરોગસી કરશું. કોઈ બીજાના યુટરસમાં આપણા એમ્બ્રિયોને મોટો કરશું. હિંમત નહિ હાર."

એક બાજુ કૃપાલીની આંખોમાંથી આંસુઓનો ધોધ વહી રહ્યો હતો અને એક બાજુ તેની યોનિમાંથી લોહીનો અવિરત પ્રવાહ.

કન્સેન્ટ પેપર બતાવીને પલ્લવે તેને કહ્યું, "સહી કરી દે. આપણે સાથે જીવવાનું છે. તારા વગર એકલો નહિ જીવી શકું."

કન્સેન્ટ પેપર ઉપર સહી કરતા કરતા કૃપાલી બોલી, "આઇ એમ સૉરી પલ્લવ. તારા બાળકને હું ક્યારેય જન્મ નહિ આપી શકું. તારી જિંદગી બરબાદ કરવા માટે મને માફ કરી દે."

પલ્લવે કહ્યું, "એક તમાચો માર્યો હોય ને તો પાપ ન લાગે. મેં તને શું કહેલું એ ભૂલી ગઈ? તને પ્રેમ કરવા માટે મારે તારા સાથની જરૂર છે, તારા યુટરસની નહિ."

સ્ટ્રેચર આવી ગયેલું. કૃપાલીને શિફ્ટ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી.

આંખો બંધ કરીને કૃપાલીએ કહ્યું, "મેં તને બહુ ખર્ચો કરાવ્યો, નહિ? અને બધો ખર્ચો માથે પડ્યો."

કૃપાલીના આંસુઓ લૂછતાં પલ્લવ બોલ્યો, "ખર્ચો માથે નથી પડ્યો. આ ટ્રાન્સપ્લાન્ટના કારણે આપણે એકબીજાની વધારે નજીક આવ્યાં છીએ. હું તને વધારે ચાહવા લાગ્યો છું. જો આટલો ખર્ચો કરવાથી આપણો પ્રેમ વધતો હોય, તો તારા ઉપર કરોડો રૂપિયા કુરબાન."

કૃપાલીને સ્ટ્રેચર પર શિફ્ટ કરવામાં આવી. પલ્લવે કૃપાલીનો હાથ છેક સુધી પકડી રાખ્યો. કૃપાલીનો હાથ પકડીને પલ્લવ સ્ટ્રેચરની સાથે સાથે ઑપરેશન થિયેટર સુધી ગયો. ઑપરેશન થિયેટરની અંદર જ્યારે સ્ટ્રેચર લઈ જવાનું હતું ત્યારે કૃપાલીએ કહ્યું, "હાથ છોડ મારો."

કૃપાલીનો હાથ છોડતા પલ્લવે કહ્યું, "તારો હાથ ક્યારેય નહિ છોડું." એટલું બોલીને પલ્લવ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો અને સ્ટ્રેચર પર રડતી કૃપાલીને ઑપરેશન થિયેટરની અંદર હિસ્ટરેક્ટમી માટે લઈ જવામાં આવી.

કૃપાલીના રૂમની બહાર ઊભેલાં મમ્મી આ આખું દૃશ્ય જોતાં રહ્યાં અને કોઈના કશા પણ કહ્યા વિના તેઓ આખી પરિસ્થિતિ સમજી ગયાં.



♦ 9 ♦

ઇમર્જન્સીમાં કૃપાલીનું ઑપરેશન કરવામાં આવ્યું. યુટરસની સાથે સાથે ટ્રાન્સપ્લાન્ટ કરાવેલાં સપનાંઓને પણ કૃપાલીના શરીરમાંથી કાઢી નાખવામાં આવ્યા. યોગ્ય સમયે ઑપરેશન થઈ જવાથી, ઇન્ફેક્ટેડ યુટરસની સાથે કૃપાલીના જીવ પર તોળાઈ રહેલું જોખમ પણ દૂર થઈ ચૂક્યું હતું. કૃપાલીની કંડિશન હવે સ્ટેબલ હતી.

તેની સ્ટેબલ કંડિશનને કારણે ઑપરેશન પછી કૃપાલીને રૂમમાં જ શિફ્ટ કરવામાં આવી. કૃપાલીની આંખો ખૂલી ત્યારે સાંજનો સમય હતો. તેણે આંખો ખોલી અને સૌથી પહેલા તેને પલ્લવનો ચહેરો દેખાયો. પલ્લવ તેના બેડની બાજુમાં ખુરશી પર બેઠેલો હતો. અસ્ત થઈ રહેલા સૂરજનો તડકો પલ્લવના ચહેરા પર ઝાંખો ઉજાસ પાથરી રહ્યો હતો.

કૃપાલીએ પોતાની નજર રૂમમાં બધી જગ્યાએ ફેરવી જોઈ. પલ્લવ સિવાય તેને કોઈ જ દેખાયું નહિ. તેણે પોતાની નજર ફરી પાછી પલ્લવના ચહેરા પર સ્થિર કરી દીધી. પલ્લવે તેને એક સરસ સ્માઇલ આપી અને કહ્યું,

"આ હૉસ્પિટલમાં દાખલ તું થઈ અને ફાયદો મને થાય છે."

કૃપાલી કશું સમજી નહિ. તેણે કશો જ જવાબ આપ્યા વગર પોતાની ભમ્મરો ઊંચી કરી, જાણે ઇશારાથી પૂછતી હોય કે તને શું ફાયદો થયો?

પલ્લવે પોતાની ડાબી આંખ મારીને કહ્યું, "બે યાર, અહીંની નર્સ બધી સોલિડ ફટકો છે. માલ છે માલ."

કૃપાલી સમજી ગઈ કે પલ્લવ તેને હસાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ કૃપાલી હસવાના બિલકુલ મૂડમાં નહોતી. પલ્લવની વાતનું કૃપાલીએ કોઈ જ રિએક્શન ન આપ્યું.

થોડી વાર રહીને પલ્લવે ફરી વાત કરવાનો પ્રયત્ન કર્યો, 'યાર કૃપાલી, તને એક ગુડ ન્યૂઝ આપવાના છે.'

આ વખતે કૃપાલીએ કોઈ ઇશારો પણ ન કર્યો. સાવ નિસ્તેજ અને એક્સપ્રેશનલેસ ચહેરા સાથે તે પલ્લવ સામે જોઈ રહી.

પલ્લવે કહ્યું, "આજથી તારે કોઈ જ સ્ટીરોઇડ્સ કે ઈમ્યુનો-સપ્રેસીવ ડ્રગ્સ લેવાના નથી. તારી બધી દવાઓ બંધ. હવે તારે કોઈ જ માસ્ક પહેરવાની જરૂર નથી.'

આ વાત સાંભળીને કૃપાલીએ પોતાની નજર પલ્લવના ચહેરા સામેથી ખસેડી લીધી. તેણે પોતાનો ચહેરો પણ બીજી દિશામાં ફેરવી નાખ્યો, જાણે એ પલ્લવને કન્વે કરી રહી હતી કે મારે કોઈ જ વાત નથી કરવી. મને એકલી રહેવા દે.

પલ્લવ પોતાનો હાથ કૃપાલીના ચહેરા તરફ લઈ ગયો. કૃપાલીનો ચહેરો પોતાનો તરફ કરીને પલ્લવે કહ્યું, 'એ કૃપાલી, મારી સામે તો જો. કંઈક વાત તો કર યાર.'

કૃપાલીએ ફરી પોતાનો ચહેરો બીજી દિશામાં ફેરવી દીધો.

"વાત નહિ કર તો કેમ ચાલશે?" પલ્લવ થોડો અકળાયો. 'જે થવાનું હતું, એ થઈ ગયું. આપણે બંને સાથે છીએ ને, એ મહત્ત્વનું છે. તું જલદીથી સાજી થઈ જા, પછી આપણે મેરીઓટમાં જશું. યાદ છે ને? આપણે પહેલી વાર મેરીઓટમાં મળેલા ત્યારે તે મારું કેવું પોપટ કરી નાંખેલું?"

કૃપાલીએ કશો જ જવાબ ન આપ્યો. પલ્લવ અકળાઈને ઊભો થઈ ગયો. તેણે થોડા ગુસ્સામાં કહ્યું, 'તારે જો મારી સાથે વાત જ ન કરવી હોય તો હું જાઉં છું.' પલ્લવ ઊભો થઈને દરવાજા પાસે ગયો. થોડી વાર દરવાજા પાસે ઊભા રહીને પલ્લવ કૃપાલીના રિસ્પોન્સની રાહ જોતો રહ્યો, તેમ છતાં કૃપાલીએ કોઈ જ રિસ્પોન્સ ન આપ્યો.

પલ્લવ કૃપાલી તરફ પાછો ફર્યો અને ચપટી વગાડતા વગાડતા બોલ્યો, "હું દસ ગણું છું. જો દસ ગણતા સુધીમાં તારું આ સાઇલન્સ તૂટ્યું નથી ને તો....."

કૃપાલીએ પલ્લવની સામે જોઈને સાવ નિર્દોષતા અને નિખાલસતાથી ધીમા અવાજે પૂછ્યું, "તો શું કરીશ?"

હસતા હસતા પલ્લવે કહ્યું, "તો તારા પર ડૉમેસ્ટિક વાયોલન્સનો કેસ ઠોકી દઈશ."

આ સાંભળીને કૃપાલી પરાણે હસી અને પછી રડી પડી.

રડતા રડતા કૃપાલીએ પૂછ્યું, "મમ્મી-પપ્પાને ખબર પડી ગઈ ને?"

"તારો જીવ બચી ગયો એ જ મહત્ત્વનું છે."

"બધાને ખબર પડી ગઈ હશે ને?"

"હા, બધાને ખબર પડી ગઈ હશે કે આપણે બંને એકબીજાની સાથે છીએ."

"લોકો હવે આપણી વિરુદ્ધમાં હશે."

"શું કામ વિચારે છે એવું બધું? તારી તબિયત સારી છે એ પૂરતું નથી?"

કૃપાલી કશુંક વિચારવા લાગી. તેણે પૂછ્યું, "કેવી રીતે લાગ્યું હશે ઇન્ફેક્શન?"

"ડૉક્ટરનું કહેવું છે કે કદાચ પબ્લિક ટૉઇલેટ યુઝ કરવાથી લાગ્યું હોય."

"મારે જે નહોતું કરવું એ જ કરવું પડશે. સરોગસી સિવાય હવે આપણી પાસે કોઈ ઑપ્શન નથી."

કૃપાલીના માથા પર હાથ ફેરવતા ફેરવતા પલ્લવ બોલ્યો, "સરોગસીથી થયેલું બાળક આપણું સંતાન ન કહેવાય? એ આપણું જ બાયૉલૉજિકલ ચાઇલ્ડ હશે. કોઈ બીજી સ્ત્રીના યુટરસમાં ઊછરે તો શું થયું? એ બાળક આપણને એટલું જ વહાલું લાગવાનું છે.'

"તને ખબર છે પલ્લવ? માતા અને પિતા વચ્ચે શું તફાવત છે? પિતા ત્યારે જ પિતા બને છે જ્યારે બાળકનો જન્મ થાય છે. માતા ત્યારે માતા બને છે જ્યારે તે કન્સીવ કરે છે. એક માતાનું પૅરેન્ટહુડ એક પિતાના પૅરેન્ટહુડ કરતા નવ મહિના અગાઉથી શરૂ થઈ જાય છે. ઈશ્વર જ્યારે ગર્ભ આપે છે ને, ત્યારે એ માતૃત્વ પણ આપી દેતો હોય છે. પોતાની અંદર ઊછરી રહેલા એક નવા જીવને બનતા જોવાનો આનંદ, કેવો અદ્‌ભુત હશે?"

"તારે પાણી પીવું છે? થોડી વાર પહેલા ડૉક્ટર આવીને કહી ગયા છે કે તું હવે પ્રવાહી લઈ શકે છે." પલ્લવ તેને ડાઇવર્ટ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

"એ પડખું ફરે, એ લાત મારે, એ વાતો કરે. ફક્ત આવી કલ્પનાઓ માત્રથી જ જો મારામાં રહેલું માતૃત્વ આળસ મરડતું હોય, તો એ કલ્પના જ્યારે હકીકતનું સ્વરૂપ લેતી હશે ત્યારે સ્ત્રીનો અવતાર કેટલો ધન્ય થઈ જતો હશે?" બોલતા બોલતા કૃપાલીના ગળે ડૂમો ભરાયો.

ગ્લાસમાં પાણી કાઢીને કૃપાલીને આપતા પલ્લવે કહ્યું, "થોડું પાણી પી લે."

પોતાના હાથમાં પાણીનો ગ્લાસ લેતા લેતા કૃપાલીએ કટાક્ષભર્યું સ્મિત કર્યું અને બોલી, "હા, પાણી પી લઉં. બહુ બધો અફસોસ એકસાથે ગળે ઊતરતો નથી. ડચૂરો વળે છે. કપરા દિવસો ગળે ઉતારવા પાણીની જ જરૂર પડે છે, પછી તે ગ્લાસમાં રહેલું પાણી હોય કે આંખોમાં રહેલું."

"પોતાની જાત પર આરોપ મૂક્યા કરવાથી, કપરા દિવસો ગળે નહિ ઊતરે. આ અફસોસમાંથી આપણે બહુ જલદી બહાર આવવું પડશે."

કૃપાલીએ પૂછ્યું, "કેટલા વાગ્યા?"

"સાત. અંધારું થઈ ગયું ને? ઊભી રે લાઇટ કરું." એટલું બોલીને પલ્લવ રૂમની લાઇટ્સ કરવા ઊભો થયો.

કૃપાલીએ ફરી પાછો ડાયલોગ માર્યો, "સૂર્યાસ્ત થઈ ગયો પલ્લવ. આ અંધારાની હવે આદત પાડવી પડશે."

પલ્લવે રૂમની લાઇટ્સ સ્વીચ ઑન કરી. તેણે ગુસ્સામાં કહ્યું, "આ નિરાશામાંથી તારે બહુ જલદી

બહાર આવવાનું છે. આપણા બંનેમાંથી કોઈ પણ અંધારામાં નહિ રહે."

"આ આર્ટિફિશિયલ લાઇટ્સના સહારે જિંદગી કેમ પૂરી થશે?"

"ધીરજ રાખ કૃપાલી. કાલ સવારે ફરી પાછો સૂર્ય ઊગશે. તને આરામની જરૂર છે. તું સૂઈ જા. કાલ સવારનો સૂર્યોદય આપણા માટે નવી આશાઓનાં કિરણો લાવશે. આજનો દિવસ ખરાબ હતો. બધા દિવસો એક સમાન નથી હોતા. બસ, આજનો દિવસ પૂરો થઈ જવા દે. આવનારી કાલમાં વિશ્વાસ રાખ."

કૃપાલીએ આંખો બંધ કરી અને પલ્લવ તેના માથા પર હાથ ફેરવવા લાગ્યો.

* * *

બીજા દિવસનો સૂર્યોદય થયો. પલ્લવે આંખો ખોલી. તેણે કૃપાલીના ચહેરા સામે જોયું. કૃપાલી હજુ પણ ઊંઘમાં જ હતી. એક ગમતા સપનાના નિધન પછી આંખોને પણ ખાલીપો લાગતો હશે ને? અકાળે અવસાન પામેલાં સપનાંઓની પ્રાર્થનાસભામાં પાંપણો પણ એકબીજાને ભેટીને રડતી હોવી જોઈએ. કૃપાલીની બંધ આંખો નક્કી આવો જ કોઈ ખરખરો કરી રહી હતી.

એક વાર થયેલા ખરાબ અનુભવ પછી, કૃપાલીની આંખોએ હવે નવાં સપનાંઓ જોવાનું માંડી વાળેલું. એટલે જ એમની પાસે હવે ઊંઘવા સિવાય બીજું કોઈ કામ હતું નહિ.

પલ્લવને લાગ્યું કે કેટલા સમય પછી કૃપાલી માંડ આટલી શાંતિથી સૂતી છે. એને જગાડવી નથી. તેણે પોતાનો હાથ કૃપાલીના ચહેરા પર ફેરવવા માટે લંબાવ્યો, પરંતુ એ સ્પર્શથી કૃપાલી જાગી જશે એવું માનીને તેણે પોતાના હાથને રોકી લીધો.

એ જ સમયે પલ્લવના ફોનની રિંગ વાગી અને પલ્લવના ફોનની રિંગથી કૃપાલીની ઊંઘ ઊડી. કૃપાલીએ આંખો ખોલીને જોયું તો પલ્લવ કોઈની સાથે ફોન પર વાત કરતો'તો.

પલ્લવે ફોન પર કહ્યું, "હા. આવું છું."

ફોન મૂકીને પલ્લવે કૃપાલીને કહ્યું, "આઇ એમ સૉરી. ફોનની રિંગથી તારી ઊંઘ ઊડી ગઈ. તું પાછી સૂઈ જા. મમ્મીનો ફોન હતો. મમ્મીને કાંઈક કામ છે. પપ્પાના રૂમમાં જઈને આવું છું."

આ સાંભળીને કૃપાલીની અર્ધ ખૂલેલી આંખો સંપૂર્ણ ખૂલી ગઈ. "મમ્મીના શું રિએક્શન છે? મમ્મી-પપ્પા બહુ ગુસ્સામાં હશે ને?"

પલ્લવ કૃપાલીની બાજુમાં બેઠો અને કહ્યું, "કાલે જે કાંઈ પણ બન્યું, એ પછી મને મમ્મી સાથે વાત કરવાનો ચાન્સ જ નથી મળ્યો. હું તારા જ સ્ટ્રેસમાં હતો. કાલે મમ્મી સાથે વાત જ નથી થઈ."

"તો તો મમ્મીને નક્કી અત્યારે તારી સાથે આ જ વાત કરવી હશે."

"તું ચિંતા નહિ કર. જે થવાનું હતું એ થઈ ગયું છે. મમ્મી-પપ્પાને હું સમજાવી લઈશ. અત્યારે તારે આ બધું વિચારવાનું નથી. અત્યારે તારી તબિયત અગત્યની છે."

"મમ્મી-પપ્પા આપણાથી બહુ નારાજ હશે ને?"

કૃપાલીનો હાથ પકડીને પલ્લવે કહ્યું, "કેટલો સમય નારાજ રહેશે? આપણે મનાવી લેશું એમને. કોઈ પણ મા-બાપ લાંબો સમય સુધી ક્યારેય પોતાના સંતાનોથી રિસાયેલા રહી શકતાં નથી."

"મમ્મી-પપ્પાને વારસ જોઈએ છે, પલ્લવ."

"આપશું ને! સરોગસીનો રસ્તો તો ખુલ્લો જ છે ને? મને ખબર છે કે તારે સરોગસી દ્વારા બાળક નહોતું જોઈતું પણ હવે આપણી પાસે બીજો કોઈ જ રસ્તો નથી. મેં ડૉ. લીઝા જોડે ગઈકાલે જ વાત કરી. ફરીવાર તારું ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે એવી કોઈ જ શક્યતા નથી."

"સરોગસી દ્વારા થયેલા બાળકને મમ્મી-પપ્પા સ્વીકારશે ને?"

"કેમ નહિ સ્વીકારે? એ આપણું બાયૉલૉજિકલ ચાઇલ્ડ હશે. એ તને મમ્મી અને મને પપ્પા કહીને બોલાવશે."

કૃપાલી કશુંક વિચારવા લાગી. કોઈ એક જગ્યા પર તેની નજર સ્થિર થઈ ગઈ. પલ્લવે તેની આંખો સામે ચપટી વગાડીને કહ્યું:

"મને ખબર છે મૅડમ કે ખોળામાં બાળક હોવું અને મા બનવું એ બંનેમાં તફાવત છે. આ તારો જ ડાયલોગ છે ને? પણ મા તો મા હોય છે. ભલે ને આપણું બાળક કોઈ બીજી સ્ત્રીના યુટરસમાંથી જન્મ લે, એ બાળકમાં જીન્સ તો આપણા જ હશે ને? આપણા બંનેના DNA હશે, આપણા બંનેના સંસ્કાર હશે. તું જોજે, બહુ જ જલદી આપણા ઘરે એક દીકરી આવવાની છે, જેનો ચહેરો બિલકુલ તારા જેવો હશે. એ એટલી બધી સુંદર હશે કે ભમરાઓ કન્ફ્યુઝ થઈ જશે."

કૃપાલી હસવા લાગી. આશાવાદ બહુ ચેપી રોગ છે. પલ્લવની હકારાત્મકતા અને આશાવાદનો ચેપ કૃપાલીને પણ લાગ્યો. હસતા હસતા તે બોલી, "આપણા ઘરે દીકરી જ આવવાની છે એવું તને કોણે કહ્યું?"

પલ્લવે કચકચાવીને કૃપાલીનો હાથ પકડ્યો અને કહ્યું, "ઈશ્વરે પોતે મને કહ્યું છે કે તેમને આપણું ઘર જોવું છે. જેના ઘરે દીકરી આવવાની હોય ને, એ બાપનો કૉન્ફિડન્સ જ અલગ હોય. વસંત આવવાની સૌથી પહેલી જાણ વૃક્ષને થતી હોય છે."

"તું બહુ આશાવાદી છે. હજુ તો ઉજ્જડતાના ઉઝરડાઓ પણ રૂઝાયા નથી અને તું વસંતની વાતો કરે છે."

પલ્લવે સ્માઇલ આપ્યું અને કહ્યું, "સપનાંઓ જોવાનું બંધ કરી દેવું, એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે."

"બહુ જૂનો ડાયલૉગ છે. કાંઈક નવો ડાયલૉગ માર."

પલ્લવે પોતાની ડાબી આંખ મારીને કહ્યું, "ક્યારેક આંખ મારવાથી જ કામ પતી જતું હોય છે. ડાયલૉગ મારવાની જરૂર જ નથી રહેતી."

કૃપાલી હસવા લાગી અને હસતા હસતા કહે, "જા, મમ્મીને મળી આવ. મારા વતી સૉરી કહી દેજે."

"તું ચિંતા નહિ કર. હું હમણાં જ આવું." પલ્લવે જવા માટે રૂમનો દરવાજો ખોલ્યો. રૂમના દરવાજાની બહાર રહેલા હૅન્ડલ પર સવારનું છાપું ભરાવેલું પડ્યું'તું.

એ છાપું જોઈને કૃપાલીએ કહ્યું, "મને પેલું છાપું આપતો જા ને!"

દરવાજાના હૅન્ડલમાં ભરાવેલું છાપું કૃપાલીને આપતાં પલ્લવ બોલ્યો, "છાપામાં શોધવાનો પ્રયત્ન નહિ કરતી. હજુ સુધી છાપામાં આપ્યું નથી."

છાપું હાથમાં પકડીને કૃપાલીએ પલ્લવ સામે જોયું અને પૂછ્યું, "શું?"

"એ જ કે આઇ લવ યુ."

કૃપાલી શરમાઈ ગઈ. ચાર યુનિટ બ્લડ ચડાવ્યા પછી પણ જે લાલાશ તેના ગાલ પર આવી શકી નહોતી, એ લાલાશ પલ્લવના ફક્ત એક જ વાક્યએ કૃપાલીના ગાલ પર લાવી દીધી.

કૃપાલી શરમાતા શરમાતા બોલી, "તારે હવે જવાનું નથી? ડાયલૉગ મારવામાંથી ઊંચો નથી આવતો."

પલ્લવ કૃપાલીની નજીક આવ્યો અને પોતાના બંને હાથની વચ્ચે કૃપાલીનો ચહેરો રાખીને બોલ્યો, "તને પ્રૉમિસ કરું છું કે આજે મારે કારણે જે લાલાશ તારા ગાલ પર આવી છે. એ લાલાશ તારી આંખો સુધી ન પહોંચે એની પૂરતી કાળજી લઈશ."

કૃપાલીની આંખોમાં પ્રેમના આંસુઓ આવ્યા. તેણે પલ્લવના માથા પર હળવેથી ટપલી મારી અને કહ્યું, "પાગલ છે તું. જા હવે."

પલ્લવ સડસડાટ કૃપાલીના રૂમની બહાર નીકળી ગયો અને ઉપરના ફ્લૉર પર આવેલા પપ્પાના રૂમમાં પહોંચી ગયો.

* * *

પલ્લવે પપ્પાના રૂમનો દરવાજો ખોલ્યો. પપ્પાને હવે આઈ.સી.યુ.માંથી રૂમમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા'તા. દરવાજો ખોલતાની સાથે જ પલ્લવને લાગ્યું કે એક જ હૉસ્પિટલમાં હોવા છતાં પણ કૃપાલીના રૂમ કરતા આ રૂમનું તાપમાન અને વાતાવરણ બંને અલગ છે.

પપ્પા ગંભીર ચહેરા સાથે પોતાના બેડ પર સૂતા હતા. એમની સામે આવેલા સોફા પર મમ્મી બેઠાં બેઠાં છાપું વાંચી રહ્યાં હતાં. કૃપાલી સાથે બનેલી આટલી મોટી દુર્ઘટના પછી પલ્લવ પહેલી વાર મમ્મી-પપ્પાને મળી રહ્યો હતો.

પલ્લવ ધીમા પગલે મમ્મી તરફ આગળ વધ્યો, "મમ્મી, કાંઈ કામ હતું?"

મમ્મીએ પલ્લવ સામે જોયા વગર જ પોતાના હાથમાં રહેલું છાપું પલ્લવ સામે ધરી દીધું. મમ્મી અને પપ્પાના ચહેરા પર રહેલો અણગમો અને ગુસ્સો વાંચવા માટે પલ્લવને છાપાની જરૂર નહોતી.

છાપું હાથમાં પકડીને પલ્લવે મમ્મીને કહ્યું, "કોઈ સ્ત્રીને જન્મથી જ યુટરસ નથી, તો એમાં એ સ્ત્રીનો શું વાંક?"

મમ્મીએ ગુસ્સાથી પલ્લવ સામે જોયું. તેઓ કશું જ બોલ્યાં નહિ. પછી તેમણે પપ્પા સામે જોયું.

પલ્લવ હવે પપ્પાની નજીક ગયો. પપ્પાનો હાથ પકડીને પલ્લવે કહ્યું, "પપ્પા, હું જાણું છું કે આ બધું આ સમયે ન થવું જોઈએ. તમારે અત્યારે બિલકુલ સ્ટ્રેસ નથી લેવાનું. પણ જે બન્યું એ ન તો મારા હાથમાં હતું, ન તો કૃપાલીના."

પપ્પાએ પણ કશો જવાબ ન આપ્યો. પલ્લવ ફરી પાછો મમ્મી પાસે ગયો અને કહ્યું, "આમાં કૃપાલીનો કોઈ જ વાંક નથી. હું લગ્ન પહેલાથી જાણતો'તો કે કૃપાલી ક્યારેય મા નહિ બની શકે અને એ વાત મને મંજૂર હતી. હું એને ત્યારે પણ પ્રેમ કરતો'તો અને અત્યારે પણ પ્રેમ કરું છું. મેં તમને લોકોને ફક્ત એટલા માટે આ વાત નહોતી કરી, કારણ કે કોઈ પણ સંજોગોમાં મારે કૃપાલીને ગુમાવવી નહોતી."

પપ્પાએ હળવેથી કહ્યું, "તેં ફક્ત તારો જ વિચાર કર્યો. અમારો વિચાર તને ક્યારેય ન આવ્યો?"

"વિચાર આવ્યો ને પપ્પા. વિચાર આવ્યો. ઘરમાં બાળક આવે, એ ફક્ત તમારું જ સપનું નથી, એ અમારું પણ સપનું છે. એ સપનાંને સાકાર કરવા માટે જ અમે અમેરિકા ગયેલાં."

અત્યાર સુધી શાંત બેઠેલી મમ્મીએ કહ્યું, "આટલો મોટો નિર્ણય લેતા પહેલા, તને એક વાર પણ જરૂર ન લાગી કે તું અમને લોકોને પૂછે?"

"મમ્મી, કૃપાલી સાથે લગ્ન કરવાનો નિર્ણય મારો હતો. મેં કૃપાલીને તેની બધી જ અપૂર્ણતાઓ, તેની બધી જ ઊણપો, તેની બધી જ ખામીઓ સાથે સ્વીકારી છે. તેના અધૂરાં સપનાંઓ પૂરાં કરવાની જવાબદારી મારી છે મમ્મી. એ સપનાંઓ પૂરાં કરવા માટે મારે કોઈને પૂછવાની જરૂર નથી."

મમ્મી રડવા લાગ્યાં. પલ્લવે મમ્મીની બાજુમાં બેસીને મમ્મીના ખભા પર હાથ મૂક્યો, "મમ્મી, તું રડ નહિ. તમને લોકોને નહોતું કહેવું એવું બિલકુલ નહોતું. અમારે તમને સરપ્રાઇઝ આપવી'તી."

મમ્મી રડતાં રડતાં બોલ્યા, "અમને સાચ્ચે સરપ્રાઇઝ મળી છે. તમે લોકો નહોતા ઇચ્છતા કે આ વાતની અમને ખબર પડે. હવે આખા સમાજને આ વાતની ખબર પડી ગઈ છે, એનું શું?"

પલ્લવ સ્તબ્ધ બનીને મમ્મીની સામે જોતો રહ્યો, "આખા સમાજને ખબર પડી ગઈ છે? તું કહેવા શું માંગે છે? મમ્મી આ વાત આ હૉસ્પિટલની બહાર નહિ જાય."

મમ્મીએ એક કટાક્ષભર્યા સ્મિત સાથે કહ્યું, "આજનું સીટી પેજ વાંચી લે. તને બધી ખબર પડી જશે."

પોતાના હાથમાં રહેલું છાપું પલ્લવ ઉતાવળે ઉતાવળે વાંચવા લાગ્યો. આજના છાપાંના સીટી પેજની હેડલાઇન્સ વાંચીને પલ્લવના પગ નીચેથી જમીન સરકવા લાગી. મોટા અને બૉલ્ડ અક્ષરોમાં લખેલું હતું, "અમદાવાદની મહિલા પર અમેરિકામાં થયેલું યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટનું ઑપરેશન નિષ્ફળ."

"આ ન્યૂઝ છાપાંમાં કેવી રીતે આવ્યા?" પલ્લવને એ વાતનો સહેજ પણ અંદાજ નહોતો કે કઈ હદ

સુધી સંજોગો એનાથી રિસાયેલા છે.

મમ્મીએ કહ્યું, "તારા પપ્પાએ હમણાં જ આ ન્યૂઝ પેપરના એડિટરને ફોન કર્યો. તેમના કહેવા પ્રમાણે આ ન્યૂઝ તેમને હૉસ્પિટલમાંથી જ મળ્યા છે."

"અરે પણ, આ છાપાંવાળાઓ આમ કોઈની અંગત વાતોને કેવી રીતે જાહેરમાં ઉછાળી શકે? આ લોકોને ઍથિક્સ જેવું કશું હોય છે કે નહિ? અને ડૉક્ટર મનોજ પટેલ? તેમને પોતાને ઍથિક્સ જેવું નહિ હોય કે તેમણે આ વાત મીડિયા સુધી પહોંચાડી દીધી. હું આ ઍડિટર પર બદનક્ષીનો કેસ ઠોકી દઈશ."

પપ્પાએ ગુસ્સામાં કહ્યું, "કેવી રીતે કેસ કરીશ? તેમણે આખા આર્ટિકલમાં ક્યાંય પણ કૃપાલીનું નામ સુધ્ધાં લખ્યું નથી. આ ન્યૂઝ ડૉક્ટરે કોઈને નથી કહ્યા. હૉસ્પિટલના કોઈ સ્ટાફમાંથી આ વાત લીક થઈ છે."

ઊભાં થતાં મમ્મીએ કહ્યું, "તમે વધારે બોલવાનું રહેવા દો. ડૉક્ટરે તમને સંપૂર્ણ આરામ કરવાનો કહ્યો છે." પછી પલ્લવની સામે જોઈને બોલ્યાં, "જેણે કહ્યું હોય એણે, છાપાં સુધી તો પહોંચી ગયું ને? અને ભલે એણે ક્યાંય નામ નથી લખ્યું, જે રીતનો માહોલ છે એ રીતે ગામ આખાને ખબર પડી ગઈ છે કે આ કૃપાલી વિશે જ લખાયેલું છે."

રડતાં રડતાં મમ્મીએ કહ્યું, "આપણા કુટુંબની આવી બદનામી ક્યારેય થઈ નથી."

"મમ્મી, આને તું બદનામી શું કામ ગણે છે? ધારો કે ઈશ્વરે કોઈ વ્યક્તિને કોઈ અંગ આપ્યું જ નથી, તો એમાં એ વ્યક્તિ કે એ કુટુંબ બદનામ કેવી રીતે થાય?"

"હું અને તારા પપ્પા જ્યારે આ શહેરમાં આવ્યાં ને, ત્યારે અમને કોઈ ઓળખતું નહોતું. અમે ભાડાના મકાનમાં રહેતાં'તાં. પૂછ તારા પપ્પાને. તારા પપ્પાએ એકલા હાથે આ આખું ઍમ્પાયર ઊભું કર્યું. રાતદિવસ મહેનત કરી, પૈસા અને નામ કમાણા. બેટા, સમાજમાં સારી છાપ ઊભી કરવામાં અમને વર્ષો લાગ્યાં છે. કાલ સવારે આવેલી છોકરીને કારણે એક જ ઝટકામાં....."

"અરે પણ મમ્મી, આમાં આપણી રૅપ્યુટેશન ક્યાં બગડી છે? મને તો એ જ સમજાતું નથી. આપણે કોઈ ફ્રોડ કર્યો હોય, કોઈના પૈસા લઈને ભાગી ગયા હોઈએ, દેવાળું ફૂંક્યું હોય તો બરાબર છે. કોઈ સ્ત્રીને યુટરસ નથી, એ વાત બદનામીનું કારણ કેવી રીતે હોઈ શકે?"

"કેટલા ઊંચા ઊંચા ઘરના માંગા આવતા'તા તારી માટે. તેં જો ધાર્યું હોત ને તો તને એકથી એક ચડિયાતી છોકરીઓ મળી શકી હોત. તેં લગ્ન કર્યા તો પણ કોની સાથે? એક એવી સ્ત્રી સાથે જે ક્યારેય આપણું ફૅમિલી કમ્પ્લીટ નહિ કરી શકે."

"મમ્મી, આપણું ફૅમિલી ઓલરેડી કમ્પ્લીટ છે."

"ના બેટા. ફૅમિલી ત્યારે જ કમ્પ્લીટ થાય જ્યારે ઘરમાં બાળક આવે. 'કમ્પ્લીટ' શબ્દ જ ત્યારે વપરાય છે જ્યારે ઘરમાં એક કે એકથી વધારે નાના નાના બાળકો રમતા હોય. કોઈ પણ કુટુંબ ગમે તેટલું મોટું હોય પણ જ્યાં સુધી તે ઘરમાં ઘોડિયું નથી બંધાતું, ત્યાં સુધી તે ફૅમિલી ઇનકમ્પ્લીટ જ કહેવાય છે."

"તો આપણે કમ્પ્લીટ કરશું ને! કૃપાલીને ફક્ત યુટરસ નથી. તેની ઓવરીઝ નૉર્મલ છે. મારો સીમેન રિપોર્ટ નૉર્મલ છે. કૃપાલીના ઓવમ અને મારા સ્પર્મમાંથી ઓલરેડી એમ્બ્રિયો બની ચૂક્યા છે. આ એમ્બ્રિયો ક્લીવલૅન્ડ ક્લિનિકની આઇ.વી.એફ લૅબમાં ફ્રોઝન કરીને રાખેલા છે. એ ગમે ત્યારે ઉપયોગમાં લઈ શકાશે. અમારી ઇચ્છા એવી હતી કે એ એમ્બ્રિયો કૃપાલીને ટ્રાન્સપ્લાન્ટ થયેલા યુટરસમાં મોટા થાય. પણ ઈશ્વરને તે મંજૂર નથી. ઇટ્સ ઓકે. સરોગેટેડ યુટરસ દ્વારા તો એ એમ્બ્રિયો મોટા કરી જ શકાય છે."

"એટલે આપણા ઘરના વારસ માટે આપણે કોઈ અજાણી સ્ત્રી પર આધાર રાખવો પડશે?" મમ્મીએ કહ્યું.

"ઓહ કમ ઓન મમ્મી. તું કયા જમાનામાં જીવે છે? સરોગસી દ્વારા બાળક કરવાની પદ્ધતિ હવે બહુ જ કૉમન છે અને સમાજમાં આ પદ્ધતિ સ્વીકાર્ય છે. હું તમને બંનેને પ્રૉમિસ કરું છું કે આપણા ઘરમાં બાળક આવશે. એ વાતનો મને પૂરો ભરોસો છે. બસ, ભરોસો એક જ વાતનો નથી કે તમે અમને માફ કરશો કે નહિ? અમે બંનેએ તમારી સાથે છેતરપિંડી કરી છે. અમે તમારા ગુનેગાર છીએ. અમને માફ કરી દો."

મમ્મીએ પલ્લવના ગાલ પર પોતાની હથેળી રાખીને કહ્યું, 'અમે ક્યારેય તારાથી નારાજ રહી શક્યા છીએ? તું અમારો એકનો એક દીકરો છે. અમને તારી ચિંતા થાય છે. અમને તારા ભવિષ્યની ચિંતા થાય છે. તું અમારી ઉંમરે પહોંચીશ ને પછી તને સમજાશે.'

"મારી ચિંતા કરવાની છોડી દે. ચિંતા તો મને કૃપાલીની થાય છે કે આ ન્યૂઝ વાંચ્યા પછી તેના મગજ પર કેવી અસર થઈ હશે?" પલ્લવ પપ્પાના રૂમમાંથી નીકળ્યો અને સીધો કૃપાલીના રૂમમાં પહોંચ્યો.

* * *

કૃપાલી છાપું પકડીને રડી રહી હતી. પલ્લવ જઈને તેના જ બેડ પર તેની બાજુમાં બેઠો. કૃપાલી પલ્લવને વળગીને રડવા લાગી.

"છાપામાં આવી ગયું, પલ્લવ." રડતાં રડતાં કૃપાલીએ કહ્યું.

"મને ખબર છે."

"મમ્મી-પપ્પાએ શું કહ્યું? બહુ ગુસ્સે છે ને મારાથી?"

"તારાથી નહિ, આપણાથી. ગુસ્સે છે નહિ, ગુસ્સે હતા. હવે બધું નૉર્મલ છે."

પોતાના આંસુઓ લૂછતાં કૃપાલીએ કહ્યું, "સાચે? આટલા જલદી માની ગયાં?"

"આ સંસારમાં બધું જ ક્ષણિક હોય છે. કોઈની નારાજગી પણ. બહુ ચિંતા નહિ કરવાની."

પોતાના ખોળામાં રહેલું છાપું પલ્લવને બતાવીને કૃપાલીએ કહ્યું, "લોકો મારા વિશે શું વિચારે છે? એનાથી મને કોઈ જ ફર્ક નથી પડતો. મમ્મી- પપ્પા અને તું મારા વિશે શું વિચારો છો? મારા માટે એ જ મહત્ત્વનું છે. હવે મારી દુનિયા ફક્ત આટલી જ છે."

"હું જાણું છું. તારી દુનિયાના બધા લોકો તારા સપોર્ટમાં છે."

આ સાંભળીને કૃપાલી ફરી પાછી પલ્લવને ભેટી પડી. પલ્લવના ખભા પર માથું મૂકીને કૃપાલીએ પૂછ્યું, "પલ્લવ, છાપાં સુધી આ વાત કઈ રીતે પહોંચી ગઈ?"

"મેં હમણાં જ તપાસ કરી. ચાલુ પ્રેસ કૉન્ફરન્સે સિસ્ટરનો ફોન આવેલો અને મારા ઍક્સપ્રેશન્સ જોઈને ત્યાં બેઠેલા પત્રકારોને લાગ્યું કે કાંઈક મેજર પ્રૉબ્લેમ હોવો જોઈએ. તેમને લાગ્યું કે પપ્પાની તબિયત ફરી બગડી હશે. સાચું શું છે? એ જાણવા માટે એક પત્રકાર મારી પાછળ પાછળ આ રૂમ સુધી પહોંચી ગયો. એણે હૉસ્પિટલમાં થોડી પૂછપરછ કરી, હૉસ્પિટલના કોઈ સ્ટાફને થોડા પૈસા આપ્યા હશે અને હૉસ્પિટલના સ્ટાફે બધી જ વિગતો તેને આપી દીધી."

"લોકો કેટલા ખરાબ હોય છે નહિ? પણ એ વાતની ફરિયાદ હું ન કરી શકું, કારણ કે મારા ભાગમાં તો સારા લોકો જ આવ્યા છે." પલ્લવના ગળામાં હાથ નાખીને કૃપાલી બોલી.

ન્યૂઝ પેપર હાથમાં પકડીને પલ્લવે કહ્યું, "આપણા આવનારા બાળકના સમ. જે અખબારે તારા આ સમાચાર છાપ્યા છે, એ જ અખબાર આપણા ઘરે દીકરીનો જન્મ થયો છે એક દિવસ એવી હેડલાઇન્સ છાપશે.'

"એ પલ્લવ... હવે હૉસ્પિટલમાં નથી ગમતું. રજા ક્યારે મળશે?"

"બહુ જલદી. બહુ જલદી આપણે ઘરે પહોંચી જઈશું અને ફરી પાછા નવેસરથી સપનાંઓ જોવાની શરૂઆત કરીશું."



♦ 10 ♦

બીજા બેત્રણ દિવસોમાં કૃપાલીને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. પલ્લવના પપ્પાને પણ સાથે જ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા.

કૃપાલી અને પલ્લવના જીવનમાં આવેલું તોફાન ધીમે ધીમે શાંત પડી રહ્યું હતું અને જનજીવન સામાન્ય બની રહ્યું હતું. આટલી મોટી ઘટના બની ગયા પછી પણ પલ્લવના ઘરનું વાતાવરણ આશ્ચર્યજનક રીતે શાંત હતું. પલ્લવ જાણતો નહોતો કે આ યુદ્ધ પહેલાની શાંતિ હતી.

પલ્લવનાં મમ્મી-પપ્પાનું કૃપાલી સાથેનું વર્તન તદ્દન નૉર્મલ હતું અને એ વાત એબનૉર્મલ હતી. પલ્લવના પ્રયત્નોને કારણે મમ્મી-પપ્પા અને કૃપાલી વચ્ચે કોઈ શાંતિકરાર થયો હોય એવું લાગ્યા કરતું હતું. પરંતુ ચાલી રહેલી શાંતિ મંત્રણાઓની વચ્ચે પણ ક્યારેક 'સીઝ ફાયર'નું ઉલ્લંઘન થતું હોય છે. ક્યારેક ક્યારેક થતા આવા છુટ્ટાછવાયા ગોળીબારોને કારણે કેટલાક જવાનો શહીદ પણ થઈ જતા હોય છે. ફરક બસ એટલો હોય છે કે સામે છેડેથી નીકળેલી કેટલીક ગોળીઓ શરીર પર નહિ, માણસના મન પર ઊંડા ઘાવ કરી નાખતી હોય છે.

આ દુનિયાનું સૌથી ખતરનાક અને ઘાતક હથિયાર માણસની જીભ છે. ગમે તેટલી દૂરથી કે રેન્જ બહારથી છોડવામાં આવે તો પણ જીભેથી છૂટેલી ગોળીઓ સામે વાળાના હૃદય પર જ વાગતી હોય છે.

કૃપાલીના ઑપરેશનને ત્રણેક અઠવાડિયાં જેટલો સમય થયો હતો. શરીર પર થયેલા ઑપરેશનના ઘાવ ઓલમોસ્ટ રૂઝાઈ ગયેલા, પરંતુ કૃપાલીના મન પર થયેલી ઈજાઓ હજુ પણ તાજી હતી.

સ્વસ્થ હોવાનો એ સૌથી લાચાર તબક્કો છે જ્યારે તમારું શરીર સંપૂર્ણપણે રીકવર થઈ ગયું હોય અને મન હજુ પણ ઈજાગ્રસ્ત હોય. આપણે હજુ પણ એવા જ સમાજમાં જીવીએ છીએ જ્યાં બીમારી કે રોગનો મતલબ ફક્ત શારીરિક યાતના જ થાય છે.

* * *

તે દિવસે સૂરજ એવી રીતે ઊગેલો જાણે એને આથમવાની બહુ ઉતાવળ હોય. સવારનો સમય હતો. લિવિંગ રૂમના સોફા પર બેઠા બેઠા કૃપાલી પુસ્તક વાંચી રહી હતી. સંપૂર્ણપણે સ્વસ્થ હોવાથી પપ્પા ઑફિસ માટે નીકળી ચૂક્યા હતા. ઘરમાં બનાવેલા મંદિરની સામે બેસીને મમ્મી પૂજા-પાઠ કરી રહ્યાં હતાં. પલ્લવ બ્લેઝર પહેરીને ઑફિસે જવા માટે નીકળી રહ્યો હતો.

શૂઝ પહેરતા પહેરતા પલ્લવે કૃપાલીને પૂછ્યું, "કઈ બુક વાંચે છે?"

"માટીનો માણસ. માણસ જાતની પામરતા અને ઈશ્વરની જાહોજલાલીને ઊજવી લેવાનો અવસર."

શૂઝ પહેરીને પલ્લવ કૃપાલીની નજીક આવ્યો. કૃપાલીનો હાથ પકડીને કહ્યું, "માણસ તરીકે આપણે પામર ચોક્કસ હશું પણ બિચારા કે ઓશિયાળા નથી."

પુસ્તક બંધ કરીને કૃપાલીએ પલ્લવની આંખોમાં જોયું અને કહ્યું, "ખબર નહિ યાર, આજે કાંઈ ગમતું નથી. મજા નથી આવતી. એક અજંપો લાગે છે. કાંઈ સમજાતું નથી કે જિંદગી કઈ દિશામાં લઈ જઈ રહી છે?"

"બહુ વિચારવાનું નહિ. જિંદગીમાં આગળ વધતી વખતે આપણે ગૂગલ મેપ કે નેવિગેશનની મદદ નથી લેતા. આપણા જીવતરમાં આપણે ક્યાં પહોંચવાનું છે? એનું લૉકેશન ઈશ્વર ક્યારેય આપણી સાથે શેર નથી કરતો. ઈશ્વર હાથ પકડીને આપણને એ લૉકેશન સુધી લઈ જાય છે. ભરોસો રાખ." કૃપાલીના ખભા પર હાથ રાખીને પલ્લવે કહ્યું, "મને ખબર છે. આપણી પાસે જેટલી હતી એટલી બધી જ શ્રદ્ધા આપણે દાવ પર લગાડી'તી અને એ બધી શ્રદ્ધા આપણે ગુમાવી ચૂક્યા છીએ. પણ ફરી એક વાર પ્રયત્ન કરીએ. થોડી શ્રદ્ધા ઉધાર લઈ આવીએ અને ફરી એક વાર ઈશ્વરમાં ઇન્વેસ્ટ કરીએ."

એક કટાક્ષભર્યું સ્મિત કરીને કૃપાલી બોલી, "હવે તો ઊંઘની ગોળીઓની સાથે આશાવાદની ગોળીઓ પણ લેવી પડશે."

"ઊંઘની ગોળીઓ કાયમી નથી લેવાની. તેની આદત તો બિલકુલ પાડવાની નથી. ડૉ. મનોજે શું કહેલું યાદ છે ને? આ સેડેટીવ્ઝ ફક્ત એટલા માટે છે કે તમે રાતે ખોટા અને નકામા વિચારો કરી કરીને તમારી ઊંઘ અને તબિયત ન બગાડો."

"સારું. નહિ પાડું આદત."

સોફા પરથી ઊભા થતા થતા પલ્લવે કહ્યું, "તો હું નીકળું?" કૃપાલીના ચહેરા પર હાથ ફેરવીને પલ્લવે કહ્યું, "તારું ધ્યાન રાખજે."

આંખોમાં ભીનાશ સાથે કૃપાલીએ કહ્યું, "તારા વગર ઘરે એકલું એકલું લાગે છે. ઊંઘની ગોળીઓની પડે કે ન પડે, તારી આદત તો પડી જ ગઈ છે."

સોફા પર ફરીથી બેસતા બેસતા પલ્લવ બોલ્યો, "તો ઑફિસે જવાનું કૅન્સલ. આજનો દિવસ તારી સાથે."

"ના હવે. હું તો એમ જ કહું છું. તું જા ઑફિસે. મારે આજે આ પુસ્તક પૂરું કરવાનું છે. મારી સહેજ પણ ચિંતા કરતો નહિ." પુસ્તક હાથમાં લઈને કૃપાલીએ કહ્યું, "આજનો મારો આખો દિવસ માટીના માણસ સાથે."

કૃપાલીના કપાળ પર કિસ કરીને પલ્લવ ઘરની બહાર નીકળ્યો અને ઘરના લિવિંગ રૂમમાં મમ્મીની એન્ટ્રી થઈ.

કૃપાલીની બાજુમાં બેસતા બેસતા મમ્મીએ પૂછ્યું, "શું કહેતો'તો પલ્લવ?"

કૃપાલીએ હસતા હસતા કહ્યું, "કહેતો'તો કે ઑફિસે નથી જવું. આખો દિવસ તારી સાથે રહેવું છે." પછી પોતાની જાતને જ કહેતી હોય, એટલા ધીમા અવાજે કૃપાલી બોલી, "પાગલ છે સાવ"

"પાગલ નથી, ભોળો છે." મમ્મીએ કૃપાલીની સામે જોયા વગર કહ્યું.

"સાચી વાત છે તમારી. સાવ ભોળો છે." કૃપાલીએ હસતા હસતા મમ્મીની સામે જોયું.

મમ્મીએ કૃપાલી તરફ સિરિયસ લુક આપીને કહ્યું, "એટલે જ તો ભોળવાઈ ગયો."

તીર બરાબર નિશાના પર વાગ્યું. કૃપાલી તરત સમજી ગઈ કે મમ્મી શું કહેવા માંગતા હતા. પણ તેમ છતાં તેણે કશું ન સમજવાનો ઢોંગ કર્યો.

અપમાન ત્યારે જ થયું કહેવાય, જ્યારે કોઈ વ્યક્તિએ કરેલું અપમાન આપણે સમજી જઈએ. જ્યાં સુધી આપણે સમજતા નથી અથવા તો સમજવા માંગતા નથી ત્યાં સુધી કોઈ આપણું અપમાન કરી શકતું નથી.

કૃપાલીએ વાતનો ટોપિક બદલવાનો પ્રયત્ન કર્યો, "મમ્મી, પલ્લવને ભરેલા મરચાનું શાક બહુ ભાવે છે. આજે હું બનાવું એની માટે?"

"હા બનાવ." મમ્મીએ થોડો પૉઝ લીધો અને પછી કટાક્ષમાં કહ્યું, "તને બનાવતા તો બહુ સરસ આવડે છે."

કૃપાલી સમસમી ગયેલી. તેને લાગ્યું કે મમ્મી સાથે આ ચર્ચા ટાળવાનો હવે કોઈ અર્થ નથી. કૃપાલી હજુ કશું બોલવા જાય, એ પહેલા જ મમ્મીનો ડાયલૉગ આવ્યો, "તેં અમને બનાવ્યા, પલ્લવને બનાવ્યો તો પછી તારા માટે ભરેલા મરચાનું શાક બનાવવું ક્યાં અઘરી બાબત છે?"

કૃપાલીએ થોડા રડમસ અવાજે કહ્યું, "મેં પલ્લવને નથી બનાવ્યો. મારી બધી હકીકત મેં એને લગ્ન પહેલા કહી દીધેલી. ઇનફેક્ટ, મેં તો લગ્ન કરવાની ના જ પાડેલી. અમારા લગ્ન માટે પલ્લવે મને કન્વીન્સ કરી."

"એટલે જ મેં કહ્યું ને કે ભોળો છે. સુંદરતાની પાછળ પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠો."

"આવું કેમ બોલો છો, મમ્મી? અમે બંને એકબીજાને પ્રેમ કરીએ છીએ. મેં તો પલ્લવને લગ્ન પહેલા

જ કહેલું કે મમ્મી-પપ્પાને બધું સાચે સાચું કહી દઈએ."

થોડી વાર સુધી મમ્મી કશું જ ન બોલ્યાં. તેઓ કશુંક વિચારતાં હોય તેવું લાગ્યું. થોડી વાર પછી તેમણે કૃપાલીને કહ્યું, "તને ખબર છે? હું કેટલાય વર્ષોથી કૃષ્ણ ભગવાનની પૂજા કરું છું. આ ધન, આ સંપત્તિ, આ ગાડી-બંગલા, નોકરચાકર. મેં મારા કાનુડા પાસે આવું કશું જ માંગ્યું નહોતું. મેં મારા કાનુડા પાસે ફક્ત એક જ વસ્તુ માંગી'તી કે મારા દીકરાને સુખી રાખજે. મારા દીકરાને હેરાન થતા હું નહિ જોઈ શકું."

"મમ્મી, પલ્લવ મારી સાથે સુખી....."

"તારી સાથે મારો દીકરો સુખી નથી. તું જોઈ નથી શકતી? તારી પાછળ મારા દીકરાએ પોતાની જાતને ખૂવાર કરી નાખી છે. ખર્ચી નાંખી છે પોતાની જાતને. એ ગમે તેટલા પૈસાનો ધુમાડો કરે, અમારું રૂંવાડું ય ફરકશે નહિ. પણ તારી સાથેના સંબંધમાં એ પોતે બળી રહ્યો છે અને એનો ધુમાડો હું નહિ જોઈ શકું."

"મમ્મી, તમે મને કહો મારે શું કરવું જોઈએ? પલ્લવને ખુશ રાખવા માટે હું કોઈ પણ હદે જઈ શકું છું. મારા જેવી છોકરીની જિંદગીમાં પલ્લવ જેવા છોકરાનું આવવું એ ઘટના જ ચમત્કાર છે. આ ચમત્કાર માટે હું કાયમ ઈશ્વરની આભારી રહીશ. પલ્લવે મને બધું જ આપ્યું છે. માન, સન્માન, પ્રેમ, સાથ, સહકાર અને સહવાસ. પલ્લવે મને ફરી સપનાંઓ જોતી કરી છે. એણે ફક્ત સપનાંઓ જોવાનું નથી શીખવ્યું, એણે એ સપનાંઓ પૂરાં કરવાની હિંમત પણ આપી છે. પલ્લવને પામીને મને એવું લાગે છે કે હું પૂર્ણ થઈ ગઈ છું."

"પલ્લવનો વિચાર કર્યો છે? તારી સાથેના સંબંધમાં પલ્લવને શું મળ્યું? અપૂર્ણતા અને એ અપૂર્ણતાને પૂરી કરવા માટેની જિંદગીભરની મથામણ. મારો દીકરો જુઠ્ઠું બોલતા શીખી ગયો. આજ સુધી એણે મારાથી કોઈ વાત છુપાવી નથી."

"અમારે તમને કહી દેવાની જરૂર હતી. અમારી ભૂલ થઈ ગઈ."

"તેં પામવા-ગુમાવવાનો હિસાબ માંડી જ દીધો છે તો ચાલ એ હિસાબ હું આગળ વધારું. પલ્લવે તને શું આપ્યું? એ તો તેં કહી દીધું પરંતુ પલ્લવને શું મળ્યું? નિરાશા, અફસોસ, પસ્તાવો અને નિષ્ફળતા. તું એમ ન માનતી કે પલ્લવ તારા માટે અમેરિકા આવેલો. પલ્લવ એટલા માટે અમેરિકા આવેલો કારણ કે તેને પોતાની પત્નીને પૂર્ણ કરવાની જીદ હતી."

"મમ્મી, આ શું કહો છો તમે?"

"સાચું કહું છું. પલ્લવે પોતાની પસંદગી જસ્ટીફાય કરવાની હતી. એણે પોતાના પ્રેમને નહિ, પોતાની પત્નીને સમાજની સામે સંપૂર્ણ સાબિત કરવાની હતી."

"મમ્મી, એ અમારા બંનેનું સપનું હતું."

"સપનાંઓ પૂરા કરવાના રૂપકડા નામની હેઠળ મારો દીકરો તને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. જો કોઈ વ્યક્તિને ખરેખર તમે પ્રેમ કરતા હોવ તો એ વ્યક્તિને તમે તેની સંપૂર્ણ ખામીઓ અને ઊણપ સાથે સ્વીકારી લો છો. તમે એને પૂર્ણ કરવાનો પ્રયત્ન નથી કરતા."

મમ્મીએ રોપેલા બીજમાંથી કૃપાલીના મનમાં શંકાઓ અને ધારણાઓ અંકુરિત થવા લાગી.

મમ્મીએ તેમાં ખાતર અને પાણી નાખવાનું શરૂ રાખ્યું, "એક સંતાન કરવા માટે મારો દીકરો જો પોતાનો આટલો બધો સમય અને ઊર્જા બગાડતો હોય, તારા ટ્રાન્સપ્લાન્ટ માટે જો આટલો બધો ખર્ચો કરતો હોય તો એનો અર્થ જ એમ થાય કે પોતાની પત્નીની અપૂર્ણતાથી તેને અસંતોષ છે. હું જાણું છું મારા દીકરાને. એને જ્યારે કોઈ વાતથી ઇન્ફીરિયર ફિલ થાય ત્યારે જ એ સુપિરિયર બનવા માટે ધમપછાડા કરે છે. તારું યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ એ બીજું કાંઈ નથી, પરંતુ સમાજની સ્વીકૃતિ માટેના મારા દીકરાના ધમપછાડા છે."

"મમ્મી, અમે સિરિયસલી સરોગસીનું વિચારી રહ્યાં છીએ."

"જો પલ્લવના સંતાન માટે મારે કોઈ બીજી સ્ત્રી પર જ આધાર રાખવાનો હોય, તો આ ઘરમાં તારી હાજરીની આવશ્યકતા કેટલી?"

કૃપાલી કશું જ બોલી નહિ. કારણ કે હવે જે વિષય પર વાત થઈ રહી હતી, એ વિષય પર કૃપાલીએ બોલવા જેવું કશું હતું જ નહિ.

મમ્મીએ કહ્યું, "સ્ત્રી પોતાના પતિનું ઘર સાચવે, બાળકોને જન્મ આપે, બાળકોને ઉછેરે અને સમાજને સારા નાગરિક આપે. આ કામ ફક્ત એક સ્ત્રી જ કરી શકે છે. સ્ત્રી હોવાનો અર્થ જ એમ થાય કે માતા હોવું."

કૃપાલીના માથા પર હાથ ફેરવતા ફેરવતા મમ્મી બોલ્યાં, "સ્ત્રી અને પુરુષ વચ્ચેના લગ્ન જીવનમાં બાળક કરવાની જવાબદારી સ્ત્રીની હોય છે. પુરુષ ધારે તો પણ ક્યારેય મા નથી બની શકતો. અને માટે જે સ્ત્રી મા ન બની શકે, એનું લગ્ન જીવન અધૂરું કહેવાય છે બેટા."

કૃપાલીએ રડવાનું શરૂ કરી દીધું. મમ્મી તેના ગાલ પર આવેલા આંસુઓ લૂછતાં ગયા અને તેની આંખોમાં નવા આંસુઓ ભરતા ગયા. મમ્મીએ કહ્યું, "સ્ત્રી પુરુષ કરતા બહુ સુપિરિયર છે અને સ્ત્રી એટલા માટે સુપિરિયર છે, કારણ કે તે એક બાળકને જન્મ આપી શકે છે. બેટા, આ દુનિયાની સર્વોચ્ચ પીડા, એ પ્રસૂતિ પીડા છે. આ પીડા ફક્ત એક સ્ત્રી જ ભોગવી શકે છે. જે પીડા નથી ભોગવી શકતી, એ વ્યક્તિ સર્જન ક્યારેય નથી કરી શકતી. જે સર્જન નથી કરી શકતી, એને સમાજ કદાચ સ્ત્રી તરીકે સ્વીકારી પણ લે પરંતુ એક પત્ની તરીકે ક્યારેય નહિ સ્વીકારે.'

મમ્મીની ફિલૉસૉફી સામે કૃપાલીએ બહુ જલદી પોતાના હથિયાર નાંખી દીધા. રડતા રડતા તેણે મમ્મીને પૂછ્યું, "મારે શું કરવું જોઈએ?"

"પલ્લવે તને બહુ બધું આપ્યું છે, બેટા. એના બદલામાં એને અસંતોષ તો ન જ મળવો જોઈએ."

"મારે પલ્લવને બહુ ખુશ જોવો છે. મારે એને દુનિયાની બધી ખુશીઓ આપવી છે."

"જો બેટા, આપણા બંનેના રસ્તાઓ અલગ હશે પરંતુ આપણી મંજિલ તો એક જ છે પલ્લવની ખુશી. પલ્લવને ખુશ જોવા માટે હું તારી પાસેથી કાંઈક માંગું, તો મને આપીશ?"

"બોલો ને મમ્મી. પલ્લવની ખુશી માટે તમે માંગો તે આપવા તૈયાર છું."

મમ્મી ઊભાં થઈને પોતાના રૂમમાં ગયાં. થોડી જ વારમાં પાછાં આવ્યાં. પોતાનું બ્રહ્માસ્ત્ર કાઢતા હોય એમ થેલીમાંથી કાગળિયા કાઢીને કૃપાલીને આપ્યા અને કહ્યું, "તારે જો પલ્લવને કશું આપવું જ હોય તો એને ડિવોર્સ આપી દે."

કૃપાલીને હાથમાં ધ્રુજારી આવવા લાગી. ગળું સુકાવા લાગ્યું. જાણે કોઈએ તેનો જીવ માંગી લીધો હોય, એમ સ્તબ્ધ બનીને કૃપાલી મમ્મી સામે જોતી રહી.

ડિવોર્સ પેપર્સ કૃપાલીને આપતા મમ્મીએ કહ્યું, "મારો દીકરો તારામાં પોતાની જાતને, પોતાના અસ્તિત્વને ખોઈ બેઠો છે. એ સામે ચાલીને તને ક્યારેય ડિવોર્સ નહિ આપે. તારી દયા ખાઈને પણ કદાચ મારો દીકરો ડિવોર્સ વિશે ક્યારેય નહિ વિચારે.'

કૃપાલી એટલી બધી શોકમાં હતી કે તેને રડવાનું પણ સૂજતું નહોતું.

મમ્મીએ ફરી પાછો કૃપાલીના માથા પર હાથ ફેરવ્યો, 'જો બેટા, મને ખબર છે કે તું બહુ સારી છોકરી છે. તને પલ્લવ માટે પ્રેમ છે જ એની હું ના જ નથી પાડતી, પણ હું નથી ઇચ્છતી કે પલ્લવ માટે તું ફક્ત એક ઇમોશનલ લાએબિલિટી બનીને રહી જાય. તારે હજુ તારી જિંદગી પણ જીવવાની છે. આ દુનિયા બહુ વિશાળ છે દીકરી. કોઈના વગર કશું જ અટકવાનું નથી.'

"મને થોડો સમય આપો, મમ્મી."

"વિચારી લે. પલ્લવ ક્યારેય દિલ ખોલીને તને આ વિશે વાત નહિ કરી શકે. એને તો ભોગવવા સિવાય છૂટકો જ નથી. આ સોશિયલ સફરિંગમાંથી ફક્ત તું જ એને મુક્ત કરી શકે એમ છે."

ડિવોર્સ પેપર્સ લઈને કૃપાલી પોતાના રૂમમાં ચાલી ગઈ. કૃપાલી કશું પણ વિચારી શકે કે કોઈ પણ

નિર્ણય લઈ શકે એવી ક્ષમતા ગુમાવી ચૂકી હતી. ડિવોર્સ પેપર્સ પોતાની સામે રાખીને તેના પર સહી કરવી કે નહિ, એવું તે વિચારવા લાગી.

એક બાજુ મમ્મીની સાથે તાજેતરમાં થયેલા ડાયલૉગ્સ અને એક બાજુ પલ્લવ સાથેની એ યાદગાર મુલાકાત.

તેને પલ્લવે કહેલા શબ્દો યાદ આવ્યા, “હું પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કર સંપૂર્ણ સભાનતા અને જવાબદારીપૂર્વક, કોઈના પણ દબાણ કે ડર વિના, કોઈ પણ નશાની અસરમાં આવ્યા વિના શપથ લઉં છું કે હું કૃપાલી મનહર દેસાઈ સાથે લગ્ન કરીશ, તેને આજીવન ખુશ રાખીશ અને તેની આંખોમાં ક્યારેય આંસુ નહિ આવવા દઉં.”

બીજી જ ક્ષણે તેને મમ્મીના શબ્દો યાદ આવ્યા, “મારો દીકરો સુખી નથી તારી સાથે. તું જોઈ નથી શકતી? તારી પાછળ મારા દીકરાએ પોતાની જાતને ખુંવાર કરી નાખી છે.”

તેણે ડિવોર્સ પેપર્સ પર સહી કરવા માટે પેન ઉપાડી પરંતુ ફરી પાછા તેને પલ્લવના શબ્દો યાદ આવ્યા, “મારે તને દિવાળીના તહેવારની જેમ ઊજવવી છે. રવિવારની જેમ માણવી છે. કાળી અંધારી કોઈ લાંબી રાત પછી માંડ પડતી સવારની જેમ મારે તને જીવવી છે.”

ફરી પાછી કૃપાલી અટકી અને ફરી મમ્મીના શબ્દો યાદ આવ્યા, “પલ્લવે પોતાની પસંદગી જસ્ટીફાય કરવાની હતી. એણે પોતાના પ્રેમને નહિ, પોતાની પત્નીને સમાજની સામે સંપૂર્ણ સાબિત કરવાની હતી.”

કૃપાલીએ પેન લઈને સહી કરવાની શરૂઆત કરી. અધૂરી સહીએ તેને ફરી પલ્લવ યાદ આવ્યો, “દહેજમાં મારે તારી પાસેથી એક કૉન્ટ્રેક્ટ જોઈએ છે. તારાં સપનાંઓ પૂરાં કરવાનો કૉન્ટ્રેક્ટ. બહુ નજીવી કિંમતે ટેન્ડર ભરું છું. બોલ, મને તારાં સપનાંઓ પૂરાં કરવાં દઈશ?”

ડિવોર્સ પેપર્સ પર કૃપાલી પોતાની સહી પૂરી ન કરી શકી. અધૂરી સહીએ તેણે પેન ઉપાડી લીધી. ફાડી નાંખવા માટે તેણે ડિવોર્સ પેપર્સ હાથમાં લીધા પરંતુ મમ્મીએ કહેલી છેલ્લી વાત તેને યાદ આવી, “સ્ત્રી અને પુરુષ વચ્ચેના લગ્ન જીવનમાં બાળક કરવાની જવાબદારી સ્ત્રીની હોય છે. પુરુષ ધારે તો પણ ક્યારેય મા નથી બની શકતો. જો સ્ત્રી મા ન બની શકે તો એ લગ્ન જીવન અધૂરું કહેવાય છે બેટા.”

ફાડ્યા વગર જ કૃપાલીએ ડિવોર્સ પેપર્સ નીચે રાખી દીધા. એટલું બધું કન્ફ્યુઝન હતું કે શું કરવું? એ કૃપાલીને સમજાતું નહોતું. એટલામાં તેની નજર તેના બેડની પાસે રાખેલી ઊંઘની ગોળીઓ પર પડી. ડિવોર્સ પેપર્સના પાછળના કોરા પાને કૃપાલીએ લખી નાખ્યું, “મને માફ કરી દેજે પલ્લવ.”

એક ગ્લાસમાં પાણી ભર્યું અને એક સાથે બધી જ ઊંઘની ગોળીઓ કૃપાલીએ પોતાની અંદર ઉતારી દીધી. થોડા જ સમયમાં કૃપાલીને અંધારા આવવા લાગ્યા. બારીમાંથી આવતા સૂર્યપ્રકાશની આસપાસ કાળા ચકરડાઓ દેખાવા લાગ્યા. પોતાની આસપાસનું સમગ્ર વિશ્વ પોતાની જાત ફરતે ગરબા રમતું હોય એવું લાગવા લાગ્યું. ભૂતકાળમાં બનેલી દરેક ઘટનાઓ પૂરપાટ ઝડપે તેની આંખો સામેથી પસાર થવા લાગી. પોતાની સામે રહેલી દરેક વસ્તુઓ ફરતી હોવા છતાં પણ પોતાની મમ્મીનો ચહેરો પોતાની આંખો સામે સ્થિર દેખાવા લાગ્યો.

કૃપાલીએ જોયું કે તેનાં મમ્મી હસીને તેને બોલાવી રહ્યાં હતાં. પોતાના હાથ ફેલાવીને કૃપાલીને આવકારી રહ્યાં હતાં. મમ્મીને મળવા માટે કૃપાલી પણ હાથ ફેલાવી રહી હતી. થોડી જ ક્ષણોમાં મમ્મી ગાયબ થઈ ગયાં. મામીનો ચહેરો દેખાયો અને મામીની બાજુમાં બેઠેલા ડૉક્ટર દેખાયા. એ જ ડૉક્ટર કે જેમણે કહેલું કે કૃપાલી હવે ક્યારેય મા નહિ બની શકે.

અચાનક કૃપાલીનું વિઝન ધૂંધળું થવા લાગ્યું. એન્ટેના હલી જાય અને ટીવીમાં ઝરમરિયા આવે, એવા જ ઝરમરિયા કૃપાલીને દેખાવા લાગ્યા અને એ ઝરમરિયાની વચ્ચે પલ્લવનો ચહેરો દેખાયો.

ડૂબતા માણસનો છેલ્લો શ્વાસ બાકી હોય અને આસપાસમાં કોઈ હોડી દેખાય, એવી રીતે કૃપાલીને

છેલ્લે પલ્લવનો ચહેરો દેખાયો. ત્યાર બાદ આ વિશ્વ સાથેનો કૃપાલીનો સંપર્ક તૂટી ગયો.

* * *

વચ્ચે કેટલો સમય વીતી ગયો એની તો જાણ ન થઈ, પણ આંખો ખૂલી ત્યારે કૃપાલી આઈ.સી.યુ.ના બેડ પર સૂતેલી હતી અને તેની આસપાસ મેડિકલ મોનિટર્સ વીંટળાયેલા હતા.

આખી રાતની ઊંઘ પછી સવારે જ્યારે આંખો ખૂલે ત્યારે જ આપણને જાણ થતી હોય છે કે આપણે આજે જીવતા છીએ. એવી જ રીતે કૃપાલીને જાણ થઈ કે તે હજુ પણ જીવે છે.

સામેથી તેને પોતાના તરફ આવતો પલ્લવ દેખાયો. કૃપાલીની બાજુમાં બેસતા બેસતા પલ્લવે કહ્યું, “મારે એક વાર આવું જ થયેલું. હું ટ્રેનમાં અમદાવાદથી મુંબઈ જઈ રહેલો. રાતે ટ્રેનમાં બેઠો અને આંખો બંધ કરી. મને એમ હતું કે આંખો ખૂલશે ત્યારે મુંબઈ પહોંચી ગયો હોઈશ. સવારે આંખો ખોલીને જોયું તો ટ્રેન હજુ અમદાવાદથી ઊપડી જ નહોતી. કોઈ ટૅક્નિકલ ખામીને કારણે ટ્રેન હજુ અમદાવાદમાં જ હતી.”

કૃપાલી સામે મસ્ત સ્માઇલ કરીને પલ્લવે કહ્યું, “તારે પણ એવું જ થયું. તને એમ કે તારી ટ્રેન ઊપડી ગઈ છે. પણ બકા, તું હજુ પણ અમદાવાદમાં જ છે. તારી ટ્રેન ઊપડવાને બહુ વાર છે.”

અચાનક પલ્લવની આંખોમાં થોડી ભીનાશ આવી. તે ગળગળો થઈને બોલ્યો, “આપણે તો સાથે ટિકિટ બુક કરાવી છે યાર. તારે એકલા જ પહોંચી જવું છે? મારી રાહ નહિ જોવાની?”

કૃપાલીએ કહ્યું, “મને માફ કરી દે. હું એક નિષ્ફળ સ્ત્રી છું. એટલી બધી નિષ્ફળ કે આત્મહત્યા કરવામાં પણ સફળ ન થઈ.”

“સેમપિન્ચ. આપણે બે ય સરખા. હું પણ નિષ્ફળ છું.”

“તું કેવી રીતે નિષ્ફળ થયો કહેવાય?”

“મારા હોવા છતાં પણ તારે આત્મહત્યા કરવી પડે એ મારી સૌથી મોટી નિષ્ફળતા છે. પુરુષ તરીકે નહિ તો પણ એક પતિ તરીકે તો નિષ્ફળ જ ગયો ને? નક્કી મારા પ્રેમમાં જ કોઈ ઊણપ રહી ગઈ હશે કે તારે આમ અડધી જિંદગીએ મને છોડીને ભાગવું પડ્યું.”

“આવું બોલીને મને વધારે એમ્બેરેસ ન કર. તારા પ્રેમમાં કોઈ જ ઊણપ નથી, પલ્લવ. તું અને તારો પ્રેમ બંને સંપૂર્ણ છે. મારો પ્રૉબ્લેમ એ છે કે મને પૂર્ણતા સદતી નથી.”

“એક તમાચો માર્યો હોય ને તો પાપ ન લાગે. ઊંઘની ગોળીઓ ખાતા પહેલા, એક વાર મારો વિચાર તો કરવો’તો. મારો વિચાર ન આવ્યો તો કાંઈ નહિ, આપણી આવનારી દીકરીનો તો વિચાર કરવો’તો. એના જન્મ પહેલા જ તારે એની માને મારી નાખવી છે? તને મમ્મીનો પ્રેમ નથી મળ્યો એટલે તારી દીકરીને પણ મમ્મીનો પ્રેમ નહિ આપવાનો?”

“પલ્લવ, કોઈ બીજી સ્ત્રીનો આધાર લઈને સંતાન કરવા કરતા તું બીજા લગ્ન કરી લે. મને ડિવોર્સ આપી દે. મને તારી જિંદગી બરબાદ કરવાનો કોઈ અધિકાર નથી.”

“તું મને ડિવોર્સ આપવાનું કહે છે અને એવું પણ ઇચ્છે છે કે મારી જિંદગી બરબાદ ન થાય. વાહ, તું કમાલ છે યાર. ખંજર મારે છે અને ઇચ્છે છે કે લોહી પણ ન નીકળે.”

“હું તને સુખી જોવા માંગું છું.”

“તને એવું કોણે કહ્યું કે હું તારી સાથે સુખી નથી? એક વાત કાન ખોલીને સાંભળી લે. ક્લીવલૅન્ડ ક્લિનિકના આઇ.વી.એફ. લૅબમાં પડેલા આપણા એમ્બ્રિયોને હું વેસ્ટ નહિ જવા દઉં. તું હોય કે ન હોય, તું જીવે કે મરે, આપણા ઘરે બાળક આવશે એ વાત નક્કી છે. હવે તારે ફક્ત એટલું જ વિચારવાનું છે કે એ બાળકને તારે મમ્મીનો પ્રેમ આપવો છે કે નહિ?”

“બાળપણથી એ જ તો સપનું જોયું’તું.”

“તો પછી તારા બેડ પર ડિવોર્સ પેપર્સ શું કામ હતા? તેં મારી જાણ બહાર ડિવોર્સના પેપર્સ પણ

કરાવી લીધા. મને એક વાર પૂછ્યું સુધ્ધાં નહિ. આપણે લગ્ન કર્યા એ આપણા બંનેનો નિર્ણય હતો. આપણા ડિવોર્સનો નિર્ણય પણ આપણા બંનેનો હોવો જોઈએ. તું એકલી આ નિર્ણય કઈ રીતે લઈ શકે? તું મારાથી નાખુશ હોય તો મને કહી દે. હું ખુશી ખુશી ડિવોર્સ પેપર્સ પર સહી કરી દઈશ. બસ, મને એટલું જાણવાનો હક તો છે ને કે મારી ભૂલ ક્યાં થઈ?"

"તારી કોઈ ભૂલ નથી થઈ, પલ્લવ. તું તો પરફેક્ટ છે."

"તો પછી ડિવોર્સ શું કામ, કૃપાલી?"

અંતે ન ઇચ્છતા હોવા છતાં પણ થોડા ખચકાટ સાથે કૃપાલીએ મમ્મી સાથે થયેલી દરેક વાતો શબ્દશઃ પલ્લવને કહેવાની શરૂઆત કરી. કૃપાલીની વાતો સાંભળીને પલ્લવની આંખોમાં રહેલી ભીનાશનું સ્થાન લાલાશે લીધું. જેમ જેમ વાતો આગળ વધતી ગઈ, પલ્લવનો ગુસ્સો વધતો ગયો.

કૃપાલીની વાતો પૂરી થઈ. બંને મુઠ્ઠીઓ વાળીને પલ્લવ ઊભો થયો અને પલ્લવની સાથે મેડિકલ સાયન્સનો એક નવો યુગ પણ ઊભો થયો. પલ્લવ સડસડાટ કરતો આઇ.સી.યુ.ની બહાર નીકળી ગયો અને પોતાની ગાડી તેણે પોતાના ઘર તરફ મારી મૂકી.



પલ્લવ ગુસ્સામાં હતો. મમ્મી સાથે વાત કરવા માટે પલ્લવ લિવિંગ રૂમમાં પહોંચી ગયો જ્યાં મમ્મી સોફા પર બેઠાં બેઠાં ઘરના માળી સાથે વાતો કરતાં હતાં.

"મમ્મી, આ શું છે બધું? આવું બધું કૃપાલીને કહેવાની શું જરૂર હતી?" માળી કાકા જાય, ત્યાં સુધી પણ પલ્લવ રાહ જોવાની તૈયારીમાં નહોતો.

મમ્મીએ પલ્લવની સામે જોઈને કહ્યું, 'એક મિનિટ બેટા.' પછી મમ્મીએ માળી કાકાની સામે જોયું અને કહ્યું, "સારું, તમે જઈ શકો છો. મેં કહ્યું એ પ્રમાણેનું ખાતર મંગાવી લેજો."

માળી કાકા બે હાથ જોડીને ત્યાંથી રવાના થયા. થોડે આગળ જઈને માળી કાકા અટક્યા અને મમ્મી તરફ પાછા આવ્યા.

"કાંઈ પૂછવાનું બાકી રહી ગયું?" મમ્મીએ માળી કાકાને પૂછ્યું.

"જી બેનબા. ઓલો ખૂણામાં રહેલો ગુલાબનો છોડ જે છે ને, એ હવે કરમાઈ ગયો હોય એવું લાગે છે. છેલ્લા કેટલાય વખતથી એમાં ફૂલો નથી આવતા. એ છોડ હવે ક્યારો રોકીને બેઠો છે. તમે કહેતા હોવ તો એ છોડ કાઢીને ત્યાં બીજો કોઈ છોડ વાવવો છે?"

"માળી કાકા, તમને ગમે તે છોડ વાવી દો. જેના પર ગુલાબ નથી ઊગતા, એ છોડ આપણા કામનો નથી."

માળી કાકા ત્યાંથી રવાના થયા. પલ્લવ કાંઈ પણ પૂછે એ પહેલા જ મમ્મીએ પોતાની ઇનિંગ્સની શરૂઆત એક સિક્સર મારીને કરી દીધી.

"જોયું પલ્લવ? એક અભણ માળીને પણ ખબર છે કે જે છોડ ઉપર ફૂલ નથી આવતા, એ છોડની જગ્યાએ બીજો છોડ વાવવો જોઈએ."

"મમ્મી, કોઈ બીજા ઘરની દીકરી આપણે ઘરે લાવ્યાં છીએ. એ આપણું ઘરેણું છે. કૃપાલી કોઈ ગુલાબનો છોડ નથી કે મન ફાવે ત્યારે એને ઉખાડીને ફેંકી દઈએ."

"માણસ પોતાના બગીચામાં પણ એવાં જ વૃક્ષો કે છોડ વાવે છે જે ફળ કે ફૂલ આપી શકે. જે ફળ કે ફૂલ ન આપી શકે, એ વૃક્ષો ફક્ત જંગલની ગીચતાં વધારતાં હોય છે. એમનું બગીચામાં કોઈ જ સ્થાન નથી."

"એક પણ ફૂલ કે ફળ ન આપતું હોવા છતાં પણ ઘરના બારણે તોરણ તો આસોપાલવનું જ લાગે છે. મમ્મી, કૃપાલી આપણા ઘરનું તોરણ છે. આપણા આંગણામાં રહેલો તુલસીનો છોડ છે." મમ્મીની આંખોમાં આંખો નાખીને પલ્લવે કહ્યું, "જે ફળ કે ફૂલ ન આપી શકે એ વૃક્ષો ફક્ત જંગલની ગીચતાં નથી વધારતાં. એ વૃક્ષો છાંયો આપતા હોય છે. કાળઝાળ તડકાથી ભરેલા આ જીવતરમાં કૃપાલી મને છાંયો આપે છે.'

મમ્મીએ પલ્લવ સામેથી પોતાની નજર હટાવી લીધી અને કહ્યું, "એને છાંયો ન કહેવાય, એને અંધકાર કહેવાય."

પલ્લવે ગુસ્સાથી કહ્યું, "મમ્મી, મેં ક્યારેય નહોતું ધાર્યું કે એક સ્ત્રી થઈને તું એક બીજી સ્ત્રી માટે આવું વિચારીશ. કૃપાલીને આવું બધું સંભળાવાની શું જરૂર હતી? તને ખબર છે, એ ઓલરેડી ડિપ્રેશનમાં છે. આ તો સારું છે કે ઊંઘની દવાઓનો ડોઝ એટલો બધો નહોતો, નહિતર..."

"મેં ફક્ત એને તારી જિંદગીમાંથી જવાનું કહ્યું'તું. આ દુનિયામાંથી નહિ. જેને ખરેખર મરવું હોય, એ ઊંઘના પાંચ-દસ ટીકડાઓ લઈને આત્મહત્યા કરવાના દેખાડા નથી કરતા. તને ઇમોશનલી બ્લૅક મેઇલ કરવાનાં નાટકો છે આ બધાં."

"મમ્મી, તું આટલી બધી ઇનસેન્સિટીવ કઈ રીતે થઈ શકે છે? કોઈ માણસની લાગણીઓનો તો

વિચાર કર. આજે પહેલી વાર તને મારી મમ્મી કહેતા મને શરમ આવે છે." પલ્લવનો અવાજ મોટો થતો ગયો.

મમ્મીનો અવાજ પણ મોટો થયો, "આજે મને પણ મારી જાત પર શરમ આવે છે કે હું તને સારા સંસ્કાર ન આપી શકી. મેં એક એવો દીકરો સમાજને આપ્યો છે જે ફક્ત અને ફક્ત પોતાનું જ વિચાર્યા કરે છે. જેને પોતાનાં મમ્મી-પપ્પાની, પોતાના કુટુંબની અને સમાજમાં પોતાની આબરૂની સહેજ પણ પરવા નથી."

દરેક મમ્મીનો ગુસ્સો અંતે તો આંસુઓમાં જ પરિણમતો હોય છે. ગુસ્સો કરતા કરતા રડી શકે, દરેક મમ્મીને એવું વરદાન મળેલું હોય છે. પલ્લવનાં મમ્મીએ પણ રડવાનું શરૂ કરી દીધું.

રડતા રડતા તેઓ બોલ્યાં, 'બેટા, આટલો બધો સ્વાર્થી ન બન. બીજા લોકોનો વિચાર કર.'

"મમ્મી, અત્યારે મને ફક્ત કૃપાલીનો વિચાર આવે છે. એને ડિવોર્સ આપવાની વાત કરીને સ્વાર્થીપણું આપણે બતાવી રહ્યા છીએ."

મમ્મીએ કહ્યું, "તને ખબર છે બેટા? સ્ત્રીને જનેતા કહેવામાં આવે છે. કારણ કે બાળક જણવાની શક્તિ ઈશ્વરે ફક્ત સ્ત્રીને આપી છે. સ્ત્રી જીવનની પૂર્ણતા સંતાન પ્રાપ્તિમાં રહેલી છે. બાળકનો જન્મ એ સ્ત્રીના જીવનની સૌથી મહત્ત્વની ઘટના છે."

પલ્લવના ખભા પર હાથ મૂકીને મમ્મીએ કહ્યું, "જે જનેતા નથી, સમાજ એને સ્ત્રી હોવા છતાં પણ સ્ત્રી તરીકે નથી સ્વીકારતો."

"તને એવું લાગે છે? કે એક બાળકને જન્મ આપ્યા સિવાય, એક સ્ત્રી આ સમાજમાં બીજું કોઈ જ યોગદાન આપવા માટે સમર્થ નથી? શું એક સ્ત્રીનું સામર્થ્ય ફક્ત અને ફક્ત એના ગર્ભવતી થવા સાથે જ જોડાયેલું છે?"

પલ્લવના ગાલ પર હાથ ફેરવીને મમ્મીએ કહ્યું, "બાળકો કરવાની જવાબદારી ઈશ્વરે ફક્ત સ્ત્રીઓને સોંપેલી છે, કારણ કે પુરુષ એ કામ ક્યારેય નથી કરી શકવાનો. આ પૃથ્વી પર એક નવો જીવ લાવવાનું કામ ફક્ત અને ફક્ત એક સ્ત્રી જ કરી શકે છે બેટા. સ્ત્રી અને પુરુષ વચ્ચેના લગ્નજીવનની એ વણલખાયેલી શરત હોય છે કે સ્ત્રી એક નવું સર્જન કરશે અને પુરુષ એ સર્જનને પોષણ પૂરું પાડશે. પુરુષોની જેમ સ્ત્રી નોકરી કરી શકે છે, કમાઈ શકે છે, ઘર ચલાવી શકે છે પરંતુ પુરુષ ક્યારેય સ્ત્રીઓની જેમ બાળકોને જન્મ નથી આપી શકતો. માટે તને કહું છું, મારી વાત માન અને બીજા લગ્ન કરી લે."

મમ્મીના સ્પર્શથી પલ્લવનો ગુસ્સો ધીમે ધીમે ઓગળવા લાગ્યો પરંતુ કૃપાલીને ડિવોર્સ ન આપવાની જીદ તેણે પકડી રાખી.

"મમ્મી, એ શક્ય નથી. અમે સરોગસીથી બાળક કરીશું ને? એ અમારું જ બાયૉલૉજિકલ ચાઇલ્ડ હશે. એનામાં અમારા જ સંસ્કારો હશે, અમારા જ DNA હશે. સરોગસીની વાત તને કેમ મંજૂર નથી?"

મમ્મી સોફા પરથી ઊભાં થયાં. સોફાની આસપાસ ધીમે ધીમે ચાલવા લાગ્યાં. ચાલતા ચાલતા કશુંક વિચારવા લાગ્યાં અને બોલ્યાં, "તને ખબર છે પલ્લવ? એક વહુ ઘરમાં આવે પછી એ કુટુંબ માટે સૌથી વધારે આનંદનો પ્રસંગ કયો હોય છે?"

મમ્મી પલ્લવ સામે સ્થિર નજરે જોઈ રહ્યાં. પલ્લવે કશો જ જવાબ ન આપ્યો. મમ્મીએ પોતાનો જવાબ પૂરો કર્યો, "એક વહુ ઘરમાં આવે પછી એ કુટુંબ માટે સૌથી વધારે આનંદનો પ્રસંગ હોય છે એ વહુના શ્રીમંતનો. એને 'ખોળો ભરવો' એવું કહેવાય છે. ખોળો ભરવો એટલે કહેવાય છે કારણ કે ત્યાં સુધી એક સ્ત્રીનો ખોળો ખાલી હોય છે. જ્યાં સુધી એક સ્ત્રીનો ખોળો નથી ભરાતો ત્યાં સુધી દરેક સ્ત્રી અધૂરી છે."

"સરોગસી દ્વારા થયેલું બાળક પણ સ્ત્રીનો ખોળો ભરી શકે ને, મમ્મી?"

મમ્મીના ફક્ત વિચારો જ નહિ, મમ્મીનો અવાજ પણ મક્કમ થવા લાગ્યો. તેમણે કહ્યું, “બાળકને સૌથી પહેલા સંસ્કાર ગર્ભમાંથી મળતા હોય છે. આપણે તેને ગર્ભસંસ્કાર કહીએ છીએ. બાળક જ્યારે એક સ્ત્રીના ગર્ભમાં હોય છે, ત્યારથી બાળકનો ઉછેર શરૂ થઈ જતો હોય છે. એનો જન્મ થવો તો ફક્ત એક ફૉર્માલિટી છે. જે દિવસે સ્ત્રી ગર્ભ ધારણ કરે છે, એ જ દિવસથી સ્ત્રી પોતાના બાળકને રમાડવાનું, તેની સાથે વાતો કરવાનું શરૂ કરી દે છે.”

મમ્મીએ થોડો પોઝ લીધો અને પછી પલ્લવની સામે જોઈને કહ્યું, “બેટા, જે બાળકને ગર્ભસંસ્કાર જ કોઈ અજાણી સ્ત્રીએ આપ્યા હોય, એ બાળકને આપણે કઈ રીતે સ્વીકારી શકીએ?”

“જન્મ પછી તો એ બાળક આપણી સાથે જ રહેવાનું છે.”

“સમાજમાં ઑલરેડી બહુ બદનામી થઈ ચૂકી છે. હવે વધારે બદનામી હું સહન નહિ કરી શકું.”

“મમ્મી, આમાં બદનામી ક્યાં થવાની છે?”

“આજ સુધી મેં તારી પાસે કશું જ નથી માંગ્યું. નાનપણથી લઈને આજ સુધી, તારે જે જોઈતું’તું એ બધું જ મેં તને આપ્યું છે. તારે તારી પસંદની છોકરી સાથે લગ્ન કરવા’તા, એ પણ મેં કરવા દીધા. જિંદગીમાં પહેલી વાર કંઈક માંગી રહી છું. તારી મા માટે આટલું નહિ કરે?”

“મમ્મી, તું મારું જીવન માંગી રહી છે.”

“તારા ભલા માટે કહી રહી છું બેટા. ઉધારનો ખોળો લઈને તારું ફેમિલી કમ્પ્લીટ કરવાનો પ્રયત્ન ન કર.”

“કૃપાલીને નહિ છોડી શકું.”

મમ્મીએ મક્કમતાથી મોટા અવાજે કહ્યું, “તો તારી મમ્મીને છોડી દે.”

“મમ્મી, આવું કેમ બોલે છે?”

“એક વાત સાંભળી લે પલ્લવ. આને મારી શરત ગણવી હોય તો શરત અને જીદ ગણવી હોય તો જીદ. આપણા ઘરમાં ખોળો ભરાશે અને ફક્ત એ જ સ્ત્રીનો ભરાશે જે ગર્ભવતી હશે. કૃપાલી માટે હવે એ શક્ય નથી. જો તું બીજી પત્ની આ ઘરમાં ન લાવી શકે, તો મારી પ્રાર્થનાસભામાં હાજરી આપવા તૈયાર રહેજે. આત્મહત્યા કરતા મને તારી પત્ની કરતા વધારે સારું આવડે છે અને તારી પત્નીની જેમ મને કોઈ પણ કામમાં નિષ્ફળ જવાની ટેવ નથી.”

ગુસ્સામાં બોલાયેલા આ વાક્ય સાથે મમ્મી પોતાના રૂમમાં ચાલ્યાં ગયાં અને પલ્લવ સ્તબ્ધ બનીને ત્યાં જ ઊભો રહ્યો.



♦ 12 ♦

તે રાતે પલ્લવને ઊંઘ ન આવી. તે આખી રાત વિચારતો રહ્યો. પોતાની જિંદગીમાં રહેલી સૌથી મહત્ત્વની બે સ્ત્રીઓમાંથી તેણે કોઈ એક સ્ત્રીની પસંદગી કરવાની હતી. એક બાજુ હતી કૃપાલી જે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટની નિષ્ફળતા પછી ક્યારેય ગર્ભ ધારણ કરી શકે તેમ નહોતી અને બીજી બાજુ હતાં પલ્લવનાં મમ્મી જેમની શરત અને જીદ પ્રમાણે ઘરમાં એક એવી સ્ત્રી આવવી જોઈએ જે ગર્ભવતી બની શકે.

પહાડ જેવી મુશ્કેલીઓની વચ્ચે ફસાયેલા પલ્લવના કાનમાં મમ્મીએ કહેલા શબ્દોના પડઘાઓ વારંવાર અફળાતા રહ્યા, 'બાળકો કરવાની જવાબદારી ઈશ્વરે ફક્ત સ્ત્રીઓને સોંપેલી છે, કારણ કે પુરુષ એ કામ ક્યારેય નથી કરી શકવાનો.'

પોતાના પ્રેમ અને પોતાની મા વચ્ચે ફસાયેલા પલ્લવને કાળી ડિબાંગ રાતે એવી જાણ પણ નહિ હોય કે સવાર પડતા સુધીમાં તેને એક એવો રસ્તો જડશે જે ફક્ત પલ્લવને જ નહિ, આખી પુરુષ જાતને અજવાળા તરફ લઈ જશે. જ્યારે રાત સૌથી વધારે કાળી લાગતી હોય છે, ત્યારે નક્કી અજવાળું ક્યાંક આસપાસ હોય છે.

તે રાતે પલ્લવ મોડે સુધી ઇન્ટરનેટ પર કશુંક વાંચતો રહ્યો. બીજા દિવસના સૂર્યોદય સાથે પલ્લવના મગજમાં પણ એક નવા વિચારનો ઉદય થઈ ચૂક્યો હતો. એક એવો વિસ્ફોટક વિચાર જે એક સ્લીપર સેલની જેમ આવનારાં વર્ષોમાં માણસ જાતની રૂઢિચુસ્ત માન્યતાઓના ધડાકાભેર અસંખ્ય ટુકડાઓ કરી નાખવાનો હતો.

રાતભરના ઉજાગરાથી પલ્લવની આંખો લાલ હતી. તેણે પોતાની ભડકે બળતી જાતને બાથરૂમમાં શાવરના પાણીની નીચે ખુલ્લી મૂકી દીધી. બાથરૂમમાં રહેલા અરીસામાં પલ્લવે નિઃસહાય અને લાચાર ઊભેલી પોતાની નગ્ન પુરુષાવસ્થાને જોઈ. એના મનમાં જન્મી ચૂક્યો હતો એક એવો વિચાર, જે સમાજની પ્રવર્તમાન માન્યતાઓ અને પ્રથાઓને નિર્વસ્ત્ર કરી નાખે એવો હતો.

જરા પણ સમય વેડફ્યા વગર પલ્લવ તૈયાર થઈને ઘરેથી નીકળી ગયો. કોઈને કશું પણ કહ્યા વગર પલ્લવ પોતાના એક ડૉક્ટર મિત્ર પાસે પહોંચ્યો જે એન્ડ્રોલૉજીસ્ટ હતો. એ મિત્રનું નામ હતું ડૉ. સમીર પરીખ.

"અરે પલ્લવ, આમ અચાનક? બધું બરાબર તો છે ને?" પોતાની OPDમાં આવી ચડેલા પલ્લવને જોઈને ડૉ. સમીરે પૂછ્યું. ડૉ. સમીરના કન્સલ્ટેશન રૂમમાં તેઓ એક દર્દી તપાસી રહ્યા હતા.

"તારી એક ફેવર જોઈએ છે."

"બેસ તો ખરો." દર્દીની તપાસ અધવચ્ચે અટકાવીને ડૉ. સમીરે કહ્યું, 'મને પાંચ મિનિટ આપ.'

"ટેક યોર ટાઇમ." ડૉ. સમીરની સામે રહેલી ખાલી ખુરશી પર બેસતા પલ્લવે કહ્યું.

થોડા સમય પછી પેલું પેશન્ટ બહાર ગયું અને ડૉ. સમીરે પલ્લવને પૂછ્યું, "બોલ, હું શું કરી શકું તારા માટે?"

"મારે મા બનવું છે." પલ્લવે બહુ જ મક્કમતાથી કહ્યું.

"આઇ એમ સૉરી. મને સંભળાયું નહિ. શું બોલ્યો તું?" પલ્લવે કહેલા વાક્ય પર ડૉ. સમીરને હજુ ભરોસો નહોતો. તેમને લાગ્યું કે નક્કી તેમની સાંભળવામાં કશીક ભૂલ થઈ હશે.

પહેલા કરતા પણ વધારે મક્કમતાથી પલ્લવે કહ્યું, "આઇ વોન્ટ ટુ બીકમ અ મધર."

હજુ પણ ડૉ. સમીર કશું સમજ્યા નહિ. તેમણે પૂછ્યું, "શું બોલે છે યાર? તારી તબિયત તો બરાબર છે ને?"

"મારી તબિયત એકદમ બરાબર છે."

"જો પલ્લવ, તું શું કહેવા માંગે છે કે શું કરવા માંગે છે? એ મને નથી સમજાઈ રહ્યું. તારે મા બનવું છે, એટલે ઍક્ઝેક્ટલી શું કરવું છે તારે?"

"સમીર, મારે પ્રેગનન્ટ થવું છે."

ડૉ. સમીર મોટેથી હસવા લાગ્યા. હસતા હસતા તેમણે કહ્યું, "તારું ચસકી ગયું છે? શું ગાંડા જેવી વાતો કરે છે? અને બાય ધ વે, તને આ વિચાર આવ્યો ક્યાંથી?"

ગઈ રાતે નેટ પરથી પ્રિન્ટ કાઢેલા કેટલાક પેપર્સ ડૉ. સમીરના ટેબલ પર મૂકીને પલ્લવે કહ્યું, "આ આર્ટિકલ વાંચ."

ડૉ. સમીરે એ આર્ટિકલ પર નજર ફેરવી જેનું ટાઇટલ હતું, "અ લૅન્ડમાર્ક આર્ટિકલ ઓન મેલ પ્રેગનન્સી." બહુ જ રસપૂર્વક ડૉ. સમીર એ આર્ટિકલ વાંચવા લાગ્યા.

આર્ટિકલ વાંચીને તેમણે પલ્લવને કહ્યું, "આ આર્ટિકલમાં સી-હોર્સની વાત છે. મનુષ્યોની નહિ. સી-હોર્સ એ માછલીઓની એક પ્રજાતિ છે. માછલીઓની આ પ્રજાતિમાં સૌપ્રથમ વાર મેલ સી-હોર્સને એટલે કે નરને પ્રેગનન્ટ બનાવવામાં આવ્યા.'

હાથમાં રહેલા પેપર્સને ટેબલ પર ફેંકીને ડૉ. સમીરે કહ્યું, "તું વધારે પડતો આશાવાદી છે. મનુષ્યોમાં આ શક્ય નથી."

પલ્લવે પૂછ્યું, "જો એક પ્રાણીમાં થઈ શકે તો બીજા પ્રાણીમાં કેમ નહિ?"

"કારણ કે દરેક પ્રાણીની રચના એકસરખી નથી હોતી." ડૉ. સમીરે થોડા ઊંચા અવાજમાં કહ્યું.

પલ્લવનો ગંભીર ચહેરો જોઈને ડૉ. સમીર થોડા નરમ પડ્યા અને કહ્યું, "જો પલ્લવ, ભાભી સાથે જે કંઈ પણ ઍપિસોડ થયો છે એ મને ખબર છે. તારી સાથે મને પૂરી સિમ્પથી છે. પણ એનો મતલબ એ તો નથી ને કે તું સાવ તર્ક વગરની વાતો કરવા લાગે."

ડૉ. સમીર પોતાની ખુરશી પરથી ઊભા થયા અને પલ્લવના ખભા પર હાથ મૂકીને કહ્યું, "સરોગસી કરાવવાની મારી જવાબદારી."

પલ્લવની નજર ટેબલ પર સ્થિર થયેલી હતી. ડૉ. સમીરનો હાથ પોતાના ખભા પરથી દૂર ખસેડતા પલ્લવ બોલ્યો, "મારે સરોગસી નથી કરાવવી. મારે પ્રેગનન્ટ થવું છે."

ડૉ. સમીરનો અવાજ ફરી મોટો થયો, "ગાંડા જેવી વાતો ન કર, પલ્લવ. તું એક પુરુષ છે અને તું ક્યારેય પ્રેગનન્ટ ન થઈ શકે."

"એવું કોણે કહ્યું છે? એવું ક્યાં લખેલું છે? એક ગ્રંથ કે એક પુસ્તક તો એવું બતાવ જેમાં લખેલું હોય કે એક પુરુષ ગર્ભધારણ ન કરી શકે? કયા બંધારણમાં એવું લખેલું છે કે પુરુષને ગર્ભધારણ કરવાનો અધિકાર નથી?"

"ઓ ભાઈ, મારી સામે ફિલૉસૉફી કરવાની રહેવા દે. હું મેડિકલ સાયન્સનો માણસ છું. ક્યાં લખેલું છે એટલે? વિજ્ઞાનના પુસ્તકોમાં, બાયૉલૉજીના પુસ્તકોમાં, મેડિકલના પુસ્તકોમાં બધે જ લખેલું છે કે ફક્ત માદા જ ગર્ભધારણ કરી શકે છે. આ પ્રકૃતિનો નિયમ છે, પલ્લવ. એમાં આપણે કોઈ સવાલો ન કરી શકીએ."

"ચાલ માની લીધું કે આ પ્રકૃતિનો નિયમ છે, પણ મારા એક સવાલનો જવાબ આપ. પુરુષ પ્રેગનન્ટ કેમ ન થઈ શકે?"

"માય ડિયર ફ્રૅન્ડ, પુરુષ એટલા માટે પ્રેગનન્ટ ન થઈ શકે કારણ કે પ્રેગનન્ટ થવા માટે યુટરસ અને ઓવરીઝ જરૂરી છે અને પુરુષોમાં યુટરસ અને ઓવરીઝ નથી હોતા."

"મારે ઓવરીઝની જરૂર નહિ પડે. કૃપાલીની ઓવરીમાંથી લેવાયેલા અંડકોષ (ઉસાઇટ) અને મારા શુક્રાણુ(સ્પર્મ)થી બનેલો એમ્બ્રિયો ઓલરેડી તૈયાર થઈ ચૂક્યો છે. મારે તો ફક્ત એ એમ્બ્રિયોમાંથી બાળકને જન્મ આપવાનો છે."

"હા, પણ એના માટે યુટરસની જરૂર તો પડશે ને? એક સાદી વાત તારા મગજમાં કેમ નથી

ઊતરતી કે તું પુરુષ છે અને પુરુષોમાં યુટરસ નથી હોતું."
પલ્લવ હસ્યો. તેણે ડૉ. સમીરની સામે જોયું અને પૂછ્યું, "કૃપાલીમાં પણ યુટરસ નહોતું. જો કૃપાલીમાં યુટરસ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે તો મારામાં કેમ નહિ?'
"ઓ મહાન આત્મા, કૃપાલીની વાત અલગ છે. પ્રેગ્નન્સી ટકાવી રાખવા માટેના ફિમેલ હૉર્મોન્સ ઓલરેડી તેનામાં હાજર હતા."
"એ ફિમેલ હૉર્મોન્સના હું ઇન્જેક્શન લઈ લઉં તો?"
"તારે ઍક્ઝેક્ટલી કરવું છે શું? તને ખબર છે તું જે વાતો કરી રહ્યો છે, એ કેટલી બધી ઇમપ્રૅક્ટિકલ છે?"
"હું બહુ જ પ્રૅક્ટિકલ વાતો કરી રહ્યો છું, સમીર. હું ફિમેલ હૉર્મોન્સના ઇન્જેક્શન લેવા તૈયાર છું. મારે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ કરાવવું છે."
ડૉ. સમીર પોતાની ખુરશી પર બેઠા. તેણે પલ્લવની સામે જોઈને કહ્યું, "આ શક્ય નથી. એક પુરુષમાં યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ મેડિકલ સાયન્સના ઇતિહાસમાં આજ સુધી ક્યારેય થયું નથી."
પલ્લવ મનોમન બોલ્યો, "એ જ તો કરવાનું છે. પુરુષ જાતનો વર્ષો જૂનો ઇતિહાસ મારે બદલવાનો છે."
"તું જે વિચારે છે એ ક્રાંતિ નથી. એ મૂર્ખામી છે."
"દરેક નવો આવિષ્કાર પહેલા તો મૂર્ખામી જ લાગતો હોય છે."
"આઇ એમ સૉરી પલ્લવ. આમાં હું તને બિલકુલ મદદ નહિ કરી શકું. કારણ કે તું જે વિચારે છે, એ મેડિકલ સાયન્સની દૃષ્ટિએ અસંભવ છે."
પોતાની ખુરશી પરથી ઊભા થતાં પલ્લવે કહ્યું, "ચાલ તારી વાત માની લઉં છું કે હું જે વિચારું છું એ મેડિકલ સાયન્સની દૃષ્ટિએ અસંભવ કે અશક્ય હશે. પણ એક વાતનો અફસોસ મને કાયમ રહેશે કે મારો સુપર સ્પેશિયાલિસ્ટ મિત્ર મને એ સમજાવવામાં નિષ્ફળ રહ્યો કે પુરુષોમાં યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ કેમ ન થઈ શકે?" આટલું બોલતા બોલતા પલ્લવ ઓપીડીના દરવાજા તરફ આગળ વધવા લાગ્યો. તેની પીઠ ડૉ. સમીર તરફ હતી.
"તારે જાણવું જ છે ને? તો જવાબ પણ સાંભળતો જા. ફક્ત યુટરસ ટ્રાન્સપ્લાન્ટ કરી દેવાથી મા નથી બનાતું. ટ્રાન્સપ્લાન્ટ કરેલા યુટરસને યોનિ માર્ગ સાથે જોડવું પણ પડે છે."
આ જવાબ સાંભળીને પલ્લવ થોડી વાર અટક્યો, પરંતુ તેની પીઠ હજુ પણ સમીર તરફ જ હતી.
ડૉ. સમીરે પોતાની વાત આગળ વધારી, "ફક્ત યુટરસ મૂકી દેવાથી કોઈ પુરુષ પ્રેગનન્ટ નથી થઈ શકતો મિ. પલ્લવ. મા બનવા માટે યુટરસ સિવાય પણ એક બહુ જ મહત્ત્વનું અંગ જરૂરી છે અને એ છે યોનિ. જેને આપણે વજાઈના કહીએ છીએ. સ્ત્રીમાં રહેલી એક એવી જગ્યા જેનું મહત્ત્વ આપણા માટે પ્લેઝર મેળવવાથી વિશેષ કશું જ નથી. આપણા આનંદથી વિશેષ આપણા પુરુષો માટે સ્ત્રીમાં રહેલી યોનિનો બીજો કોઈ ઉપયોગ આપણને ક્યારેય સમજાશે નહિ."
અત્યાર સુધી શાંત રહેલા પલ્લવે પોતાની પીઠ ફેરવી અને સમીર સામે જોયું. ડૉ. સમીરની વાતોમાં ફક્ત ગંભીરતા જ નહિ, સચ્ચાઈ પણ હતી.
ડૉ. સમીરે કહ્યું, "તને ખબર છે પલ્લવ? સ્ત્રીમાં રહેલો યોનિમાર્ગ એ ફક્ત પુરુષોને મળતા આનંદનું સરનામું નથી, એ જન્મ લઈ રહેલા બાળકનો આ દુનિયામાં આવવાનો દરવાજો પણ છે. દરેક યોનિ લાલ જાજમ પાથરીને નવા આવનારા બાળકને આવકારતી હોય છે. દોસ્ત, એ બહુ પવિત્ર જગ્યા છે." પછી પોતાની નજર નીચી કરીને ડૉ. સમીર બોલ્યા, "કમનસીબે પુરુષોની દરેક ગાળ સ્ત્રીની યોનિને સંબોધીને જ બોલવામાં આવે છે. સ્ત્રીઓને આદર આપવાની વાત તો એક બાજુ, આપણે તો એ રસ્તાને પણ આદર નથી આપી શકતા જે રસ્તાએ આપણને અહીંયાં સુધી પહોંચાડ્યા."
પલ્લવે કહ્યું, "તારી વાત સાચી છે."

"હવે સમજાયું તને કે પુરુષોમાં પ્રેગનન્સી કેમ શક્ય નથી?" ડૉ. સમીરે પૂછ્યું.

"સમજાઈ તો ગયું પણ એક છેલ્લો પ્રશ્ન છે. મને તો એવું કહેવામાં આવ્યું'તું કે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ કર્યા પછી નૉર્મલ ડિલિવરી નથી કરવામાં આવતી. ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસને જોર ન પડે, માટે લેબર શરૂ થાય એ પહેલા જ સિઝેરિયન કરીને બાળક બહાર લઈ લેવામાં આવે છે."

"યુ આર રાઇટ પલ્લવ. ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસમાં હંમેશાં સિઝેરિયન કરવામાં આવે છે. લેબરનું સ્ટ્રેસ ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ સહન ન કરી શકે માટે."

"તો પછી એ પરિસ્થિતિમાં વજાઈનાની શું જરૂર છે? યોનિ ન હોય તો પણ ચાલે ને?"

"ન ચાલે દોસ્ત. એનાં ત્રણ કારણો છે. પહેલું કારણ એ કે ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસને સ્ત્રીમાં રહેલી યોનિ સાથે જોડવું પડે છે. પુરુષોમાં વજાઈના ન હોવાથી આ શક્ય નથી. બીજું કારણ, યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ પછી એમ્બ્રિયો ઇન્જેક્ટ કરવા માટે પણ યોનિમાર્ગની જરૂર પડે છે. વજાઈનામાંથી સિરિંજ દ્વારા એમ્બ્રિયો યુટરસમાં નાખવામાં આવે છે. ત્રીજું અને સૌથી મહત્ત્વનું કારણ. યુટરસ ટ્રાન્સપ્લાન્ટ કર્યા પછી મૅન્સિસ બહાર આવવા માટે વજાઈના જરૂરી છે. જો વજાઈના ન હોય તો દર માસે નીકળતો રક્તસ્રાવ યુટરસમાં જમા થાય અને યુટરસમાં લોહી ભરાવાને કારણે એ ફૂલવા માંડે અને અંતે એમાં ઇન્ફેક્શન થાય."

પલ્લવને સમજાવવા માટે આ જવાબ પૂરતો હતો. તે કશું જ બોલ્યો નહિ. તે નીચી નજર કરીને સમીરની સામે જ ઊભો રહ્યો.

પલ્લવના ખભા પર હાથ મૂકીને ડૉ. સમીરે કહ્યું, "દોસ્ત, આપણામાં ક્રોમોઝોમ XY હોય છે અને ક્રોમોઝોમ XY ક્યારેય મા નથી બની શકતા."

નીચું માથું કરીને પલ્લવ OPDની બહાર નીકળી ગયો અને ડૉ. સમીર પોતાના કામમાં વ્યસ્ત થઈ ગયા.

* * *

બીજા દિવસે સવારે ડૉ. સમીરનો ફોન આવ્યો. "પલ્લવ, ક્લિનિક પર મળવા માટે આવી શકે?"

પલ્લવ થોડા જ સમયમાં ડૉ. સમીરના ક્લિનિક પર પહોંચ્યો. ડૉ. સમીર 'રિકન્સ્ટ્રક્ટિવ જનાઇટો-યુરીનરી સર્જરી'નું એક દળદાર પુસ્તક વાંચી રહ્યા હતા. પલ્લવ સામે જોયા વગર ડૉ. સમીરે કહ્યું, "બેસ. તને કામ લાગે એવી એક ઇન્ફોર્મેશન આપવાની છે."

થોડા સમય સુધી પલ્લવ કશું જ ન બોલ્યો. એ ચૂપચાપ સમીરની સામે જોઈ રહ્યો. પુસ્તકમાંથી નજર ઉપર ઉઠાવીને ડૉ. સમીરે કહ્યું, "તારી એક ઇચ્છાએ મને ફક્ત વાંચતો જ નહિ, વિચારતો પણ કરી દીધો છે. ગઈકાલે મેં ઘણું બધું વાંચ્યું. એમાંનું ઘણું બધું એવું હતું જે આપણને કામ લાગે એવું છે. અમેરિકન સોસાયટી ફોર રિપ્રોડકટીવ મેડિસીનના પ્રમુખ ડૉ. રીચાર્ડ પોલસને હમણાં જ એવું સ્ટેટમૅન્ટ આપ્યું છે કે એ દિવસો દૂર નથી કે હવે પુરુષો પણ પ્રેગનન્ટ થઈ શકશે. મેલ પ્રેગ્નન્સી વિશેના ઘણા બધા લેખ વાંચ્યા પછી ગઈકાલે રાતે મને ઊંઘ જ ન આવી. હું આખી રાત વિચારતો અને વાંચતો રહ્યો કે આ કેવી રીતે શક્ય બની શકે?' ડૉ. સમીરે થોડો પોઝ લીધો. એક નજર પોતાના દળદાર પુસ્તક તરફ નાંખી. પછી ફરી પલ્લવની સામે જોઈને બોલ્યા, "તારે મા બનવું છે ને?"

એક કટાક્ષભર્યું સ્મિત કરીને પલ્લવે કહ્યું, "જો તમારા મેડિકલ સાયન્સમાં તાકાત હોય તો, હા. મારે મા બનવું છે."

પુસ્તક બંધ કરીને ડૉ. સમીરે કહ્યું, "મેડિકલ સાયન્સમાં તાકાત છે. પલ્લવ ઠક્કરમાં તાકાત છે મા બનવાની?"

પલ્લવ થોડો ગંભીર થયો. તેણે કહ્યું, "જો હું મા બની શકું એવી નજીવી શક્યતા પણ હોય તો હું કાંઈ પણ કરવા તૈયાર છું."

"ક્રાંતિ લાવવા માટે આટલો બધો ડેસ્પરેટ કેમ છે? ગિનીસ બુકમાં નામ લખાવવું છે કે શું? મા બનીને શું સાબિત કરવા માંગે છે?"

"મારા પ્રેમને સાબિત કરવા માંગુ છું." પલ્લવે સ્માઇલ કર્યું અને કહ્યું, "ક્રાંતિ તો લાવવી પડશે દોસ્ત. આપણા વિચારોમાં, વિચારધારામાં, રૂઢિચુસ્ત પ્રથા અને પ્રણાલીઓમાં, આપણી માન્યતાઓમાં, સ્ત્રીઓ વિશે આપણે બાંધી લીધેલા અભિપ્રાયોમાં, સ્ત્રીઓ વિશેની આપણી સમજણમાં અને આપણે બંને જેમાં આવીએ છીએ એવી પુરુષજાતમાં જડમૂળથી ફેરફારો કરવાની જરૂર છે."

હવે પછીનું વાક્ય બોલતા બોલતા પલ્લવની આંખો ભીંજાઈ ગઈ. તેણે રડમસ અવાજે કહ્યું, "મારે મા બનીને એ સાબિત કરવું છે કે બાળકો પેદા કરવાની જવાબદારી ફક્ત સ્ત્રીઓની નથી."

ડૉ. સમીરે પોતાના ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ પલ્લવને આપ્યો અને કહ્યું, "તને ખબર છે? મેડિકલ સાયન્સમાં આજ પહેલાં ક્યારેય એવું બન્યું નથી કે એક પુરુષે બાળકને જન્મ આપ્યો હોય."

"કદાચ એવું પણ બની શકે ને સમીર કે આજ સુધી કોઈ પુરુષે બાળકને જન્મ આપવાનો વિચાર જ ન કર્યો હોય."

"આવો વિચાર નહીં કરવાના પુરુષો પાસે યોગ્ય કારણો પણ છે, કારણ કે આવું શક્ય જ નથી."

"આવો વિચાર નહીં કરવાના પુરુષો પાસે બહાનાંઓ છે. એવું કહું તો?"

"તને મા બનાવવાનો એક રસ્તો મને મેડિકલ સાયન્સમાં મળ્યો છે. પણ એ કેટલો પ્રૅક્ટિકલ છે એની મને નથી ખબર. મારી ફરજ ફક્ત તને એક શક્યતા બતાવવાની છે."

"માતૃત્વ સુધી લઈ જતો કોઈ પણ રસ્તો ક્યારેય સરળ નથી હોતો, દોસ્ત. એક મા બનવું કેટલું અઘરું છે? એવી વાતો આજ સુધી ફક્ત સાંભળતો આવ્યો છું. હવે સમય આવી ગયો છે કે એનો અનુભવ પણ કરી લઉં."

"નિષ્ફળ જવાની પૂરેપૂરી શક્યતાઓ છે."

"જે માણસે પોતાની પત્નીનો આત્મહત્યાનો નિષ્ફળ પ્રયત્ન જોઈ લીધો હોય, એ માણસ હવે નિષ્ફળતાને પણ પ્રેમ કરતાં શીખી ગયો હોય." એક કટાક્ષભર્યું સ્મિત કરીને પલ્લવ બોલ્યો, "કેટલીક નિષ્ફળતા બહુ વહાલી લાગે છે."

થોડા સમય સુધી બંને વચ્ચે મૌનનો સંવાદ ચાલુ રહ્યો.

થોડા સમય પછી પલ્લવે કહ્યું, "પ્રયત્ન કરી લેવા દે. કદાચ એક મા બનવામાં નિષ્ફળ જઈશ તો એ મને મંજૂર છે, પણ એક પુરુષ બનવામાં નિષ્ફળ જઈશ તો એ મને મંજૂર નથી."

ડૉ. સમીર પોતાની ખુરશી પરથી ઊભા થયા. પલ્લવની પાસે આવીને તેમણે કહ્યું, "એક મા બનતાં પહેલાં તારે એક સ્ત્રી બનવું પડશે. બોલ, મંજૂર છે તને?"

"દરેક પુરુષ પોતાની અંદર એક સ્ત્રીને જીવતો હોય છે. દરેક સ્ત્રી પોતાની અંદર એક માને જીવતી હોય છે."

"મા બનવા માટે સૌથી પહેલાં તારે તારું પુરુષત્વ છોડવું પડશે. પુરુષો પોતાનો અહંકાર નથી છોડી શકતા. તું તારું પુરુષત્વ છોડી શકીશ?"

પાણી ભરેલી આંખો સાથે પલ્લવે સમીરની સામે જોયું અને પૂછ્યું, 'શું કામનું મારું પુરુષત્વ જો એ મારી પત્નીને મારા જ ઘરમાં આદર અને દરજ્જો ન આપી શકે?'

"બહુ મોટી સર્જરી કરવી પડશે. ત્યાર પછી યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ. મેડિકલ સાયન્સના ઇતિહાસમાં આજ સુધી આવું ક્યારેય બન્યું નથી. મને ખબર નથી કે આવું ગાંડપણ ભવિષ્યમાં બીજું કોઈ કરશે કે કેમ? બહુ જ લાંબી અને કૉમ્પ્લિકેટેડ પ્રક્રિયા છે. એમ સમજી લે કે કોઈ ચમત્કાર થાય તો જ તું ગર્ભ ધારણ કરી શકીશ. નહિ તો આવનારાં વર્ષોમાં આ સમાજ તારા પર હસશે અને મેડિકલ સાયન્સ મારા પર. આપણા બંનેની મૂર્ખામીના કિસ્સાઓ અખબારની હેડલાઇન્સ બની જશે."

પલ્લવે કહ્યું, "કોઈ પણ સ્ત્રીનું ગર્ભવતી બનવું અને એક બાળકનું આ દુનિયામાં આવવું, એ ઘટના

પોતે જ એક ચમત્કાર છે." પલ્લવની આંખોમાંથી આંસુઓ છલકાઈને સમીરના કન્સલ્ટેશન ટેબલ પર પડવા લાગ્યા.

ડૉ. સમીરે પૂછ્યું, "એ ય શું થયું? રહેવા દે. આવું કાંઈ જ નથી કરવું. સરોગસી બહુ જ સરળ અને સ્વીકાર્ય પદ્ધતિ છે."

પોતાના આંસુઓ લૂંછીને પલ્લવ બોલ્યો, "સર્જરીથી ડરી ગયો છું એટલે નથી રડતો."

"તો શું વિચારીને રડે છે?"

"આ દુનિયામાં એવા કેટલાય લોકો છે જેઓ પોતાના બાળકને ગર્ભમાં જ મારી નાખે છે. બે બે ત્રણ ત્રણ વાર દીકરીઓના ઍબૉર્શન કરાવ્યા પછી પણ એમના ઘરે દીકરાનો જન્મ થાય છે. ઈશ્વર જો એવા લોકોની સાથે હોય તો આપણી સાથે કેમ ન હોય? અમે તો ઇચ્છીએ છીએ કે અમારા ઘરે દીકરી આવે. અમારી વખતે ઈશ્વર કેમ બહેરો થઈ જતો હશે?"

પલ્લવના માથા પર હાથ મૂકીને સમીરે કહ્યું, "ઈશ્વર સાંભળશે આ વખતે. એણે સાંભળવું પડશે. એક પુરુષ જ્યારે પોતાની જાત ભૂલીને એક બાળકને પામવા માટેના પ્રયત્નો શરૂ કરે છે, વિશ્વાસ રાખ ઈશ્વર એના ઘરે ચોક્કસ પધારે છે."

"બસ તો પછી ઈશ્વર ઘરે લાવવાની તૈયારી શરૂ કરી દે."

"બાળકને જન્મ આપવો એટલો સહેલો નથી દોસ્ત. એ સર્જરીની વિગતો સાંભળીને જ તું ના પાડી દઈશ."

પલ્લવ પોતાની ખુરશી પર ઊભો થયો અને ટટ્ટાર છાતી રાખીને બોલ્યો, "શું કરવાનું છે મારે? તું કહે તે સર્જરી કરાવવા તૈયાર છું."

"સેક્સ રીઍસાઇન્મૅન્ટ સર્જરી (SRS). આ સર્જરીમાં સૌપ્રથમ તારા બંને ટેસ્ટિકલ્સ કાઢી નાખવામાં આવશે. તારું પેનીસ પણ કાઢી નાખવામાં આવશે અને તારા પેનીસની સ્કીનમાંથી તારી વજાઈના બનાવવામાં આવશે. આ સર્જરી પછી તારી બાહ્ય જનનેન્દ્રિયો એટલે કે એક્સટર્નલ જનાઇટલ ઑર્ગન્સ પુરુષ જેવા નહિ પરંતુ સ્ત્રી જેવા તૈયાર કરવામાં આવશે."

આ સાંભળીને પલ્લવ કશાક વિચારોમાં ખોવાઈ ગયો. ચપટી વગાડીને ડૉ. સમીરે પૂછ્યું, "રૂંવાડાં ઊભાં થઈ ગયાં ને? આ એટલું સહેલું નથી ભાઈ. જે લિંગ અને અવયવો સાથે તમે આજ સુધી જીવતા આવ્યા છો, અચાનક એ લિંગ, એ અવયવો અને પુરુષત્વની એ ઓળખને રાતોરાત તિલાંજલી આપવી બહુ અઘરી બાબત છે, દોસ્ત. વિચાર માત્રથી પરસેવો છૂટી જાય છે ને?"

"હું તારી સર્જરી વિશે વિચારતો જ નથી."

"તો શેના વિશે વિચારે છે?"

પલ્લવ થોડો ગંભીર થયો અને સમીરની સામે જોઈને બોલ્યો, "મારી અંદર એક જીવ ઊછરી રહ્યો છે, એ કલ્પના માત્ર માટે પણ હું બધું જ ભુલાવી દેવા તૈયાર છું." થોડો પોઝ લઈને પલ્લવ બોલ્યો, "મારું પુરુષત્વ પણ."

પોતાનો હાથ લંબાવીને ડૉ. સમીરે કહ્યું, "કૉન્ગ્રેચ્યુલેશન્સ. તારી અંદર માતૃત્વ તો જન્મી ગયું છે. બસ, હવે ગર્ભધારણ થાય ત્યાં સુધી રાહ જોવાની છે."

ડૉ. સમીરના હાથને પલ્લવે કચકચાવીને પકડી લીધો અને કહ્યું, "હું એ દિવસની રાહ જોઈશ જ્યારે પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કર એક પુરુષ થઈને ઇતિહાસમાં પહેલી વાર કન્સીવ કરશે."

"હા. આ દુનિયા પરનો પહેલો ક્રોમોઝોમ XY જે કન્સીવ કરશે."

◙

♦ 13 ♦

એકાદ અઠવાડિયું વીત્યું. કૃપાલી હવે ઘરે આવી ગયેલી. મમ્મી અને કૃપાલી વચ્ચે હજુ પણ અબોલા ચાલુ હતા.

એક દિવસ સવારે કૃપાલીના હાથમાં કેટલાક પેપર્સ આપીને પલ્લવે કહ્યું, "મેં સહી કરી દીધી છે. આમાં તારી પણ સહી જોઈએ છે."

પોતાના હાથમાં રહેલા પેપર્સ કૃપાલી ધ્યાનપૂર્વક વાંચવા લાગી. એ જ સમયે પલ્લવે કૃપાલીને કહ્યું, "ચિંતા નહિ કર. ડિવોર્સ પેપર્સ પર સાઇન કરવાનું નથી કહેતો."

પલ્લવે આપેલા ડૉક્યુમૅન્ટ્સ વાંચીને કૃપાલીને તેની જિંદગીનો સૌથી મોટો આઘાત લાગ્યો. પલ્લવની સામે જોઈને તેણે પૂછ્યું, "સેક્સ રીઍસાઇન્મૅન્ટ સર્જરી? આ શું કરવા ઇચ્છે છે તું? આ શેની સર્જરી છે?"

"મારામાં રહેલા પુરુષમાંથી એક સ્ત્રીને જન્મ આપવાની." પલ્લવે સ્માઇલ કરીને જવાબ આપ્યો.

"તું કહેવા શું માંગે છે?" કૃપાલીની ભમ્મરો ઊંચી થવાં લાગી. "જો પલ્લવ, ઓલરેડી આપણી લાઇફમાં બહુ કન્ફ્યુઝન છે. નવું કાંઈ જ ઊભું ન કરતો."

કૃપાલીના ગાલ પર હાથ ફેરવતા ફેરવતા પલ્લવે કહ્યું, "મમ્મીએ મને અલ્ટીમેટમ આપ્યું છે. જો આ ઘરમાં કોઈ ગર્ભવતી સ્ત્રીનો ખોળો નહિ ભરાય, તો મમ્મી આત્મહત્યા કરશે. મમ્મી માટે હવે આ પ્રેસ્ટીજ ઇસ્યુ છે."

"ઓહ શીટ." થોડું વિચારીને કૃપાલીએ કહ્યું, "એનો સીધો અર્થ એ જ થયો કે તારે બીજા લગ્ન કરવા પડશે. મને ડિવોર્સ આપ્યા સિવાય તારી પાસે બીજો કોઈ જ રસ્તો નથી. સરોગસી પણ નહિ."

"ઍક્ઝેક્ટલી. પણ રસ્તો મેં શોધી કાઢ્યો છે."

"આ સર્જરી કરાવવાથી તને રસ્તો મળી જશે?"

પલ્લવ બેડરૂમની બારીમાંથી બહાર જોઈને બોલ્યો, "હા કૃપાલી. રસ્તો મળી ગયો છે. આપણે બંને પતિ-પત્ની છીએ. આપણે બંને હવે એક કહેવાઈએ. જો મારા દરેક કામ તું કરી શકતી હો, તો તારા દરેક કામ પણ મારે કરવા જોઈએ."

કૃપાલી કશું સમજી નહિ. તેણે પૂછ્યું, "તું કરવા શું માંગે છે?"

કૃપાલી તરફ ફરીને પલ્લવે કહ્યું, "કોઈ પણ સંજોગોમાં મારે તને છોડવી નથી અને મમ્મીને ગુમાવવાનું મને પોસાશે નહિ. મમ્મીને આ ઘરમાં એક એવી સ્ત્રી જોઈએ છે જે ગર્ભવતી થઈ શકે. આ ઘરમાં એવી સ્ત્રી લાવવા માટે મારે તને ડિવોર્સ આપવા પડે, જે મને ક્યારેય મંજૂર નથી. માટે આ ઘરમાં એક એવી સ્ત્રીની જરૂર છે જેના આવવાથી તને ડિવોર્સ પણ ન આપવા પડે અને જે ગર્ભવતી પણ થઈ શકે."

"એવું શક્ય જ નથી. એવી સ્ત્રી મળવી અશક્ય છે." કૃપાલીએ કહ્યું.

"એ સ્ત્રી તારી સામે ઊભી છે." પલ્લવે પોતાની તરફ ઇશારો કરીને કહ્યું.

"પ્લીઝ, આવું ગાંડપણ રહેવા દે. જો બકા, આ બધું વાતોમાં અને વિચારોમાં સારું લાગે. આવું પ્રૅક્ટિકલી પૉસિબલ નથી અને કરાય પણ નહિ."

"હું ઓલરેડી સમીરને મળી આવ્યો છું. સમીર સાથે મારે ડીટેઇલમાં વાત થઈ ગઈ છે. આવું થવું બિલકુલ શક્ય છે. સેક્સ રીઍસાઇન્મૅન્ટ સર્જરી દ્વારા."

"પણ આ કોઈ સોલ્યુશન નથી પલ્લવ. તારા ઑપરેશનથી આપણી જિંદગીમાં રહેલા પ્રૉબ્લેમનું સોલ્યુશન નહિ આવે."

"આપણને બંનેને બાળક જોઈએ છે અને મમ્મીને ગર્ભવતી સ્ત્રી. હું આ બંને કરી શકું તેમ છું."

કૃપાલીએ થોડા ગુસ્સામાં કહ્યું, "અરે પણ સર્જરી કરાવ્યા પછી તું પ્રેગનન્ટ કેવી રીતે થઈશ?"

"સેક્સ રિઍસાઇન્મૅન્ટ સર્જરી કરાવ્યા બાદ હું મારામાં યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ કરાવીશ. પહેલી સર્જરી વખતે મારામાં બનાવાયેલી વજાઈના સાથે ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ જોડી દેવામાં આવશે. આ બે ઑપરેશન વચ્ચે થોડો ગેપ રહેશે પણ જો મારામાં યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ સફળ થાય તો એ ઑપરેશનના એક વર્ષ પછી ક્લીવલૅન્ડ ક્લિનિકની આઈ.વી.એફ. લૅબમાં રહેલા આપણા એમ્બ્રિયો મારા યુટરસમાં નાખવામાં આવશે અને હું કન્સીવ કરીશ."

થોડા સમય સુધી કૃપાલી કશું જ બોલી ન શકી. પોતાના બંને હાથ પોતાના માથા પર મૂકીને કૃપાલીએ કહ્યું, "આઇ ડોન્ટ બિલિવ થીસ. આ વાત મને ગળે નથી ઊતરતી. આ બધું થિયોરેટિકલી પૉસિબલ હશે, પ્રૅક્ટિકલ ક્યારેય નહિ. આજ સુધીના ઇતિહાસમાં તેં ક્યારેય કોઈ પુરુષને પ્રેગનન્ટ થતાં જોયો છે?"

કૃપાલીના ખભા પર હાથ મૂકીને પલ્લવે કહ્યું, "કદાચ આજ સુધી કોઈ પુરુષે ટ્રાય જ નથી કરી."

"અને હું તને આટલી બધી સર્જરીમાંથી પસાર થવાની પરમિશન ન આપું તો?"

"પરમિશન તો મેં પણ તને નહોતી આપી આત્મહત્યા કરવાની."

થોડો સમય સન્નાટો છવાઈ ગયો. બંનેમાંથી કોઈ કશું બોલ્યાં નહિ. પછી કૃપાલીએ કહ્યું, "પણ તું જે કરવાનું વિચારી રહ્યો છે, એ આત્મહત્યાથી પણ વધારે છે."

પલ્લવે કૃપાલીને હાથ પકડીને બેસાડી, "સાંભળ. હું તને થોડું અલગ રીતે સમજાવું. થોડા સમય માટે ભૂલી જા કે તું સ્ત્રી છે અને હું પુરુષ છું. લિંગભેદ કે જેન્ડર ડિસ્ક્રીમીનેશનથી ઉપર ઊઠીને એવું ધારી લઈએ કે આપણે બંને મનુષ્યો છીએ. બે અલગ અલગ વ્યક્તિઓ. તું દોડી શકે છે, હું પણ દોડી શકું છું. તું બોલી શકે છે, હું પણ બોલી શકું છું. તું સાંભળી શકે છે, જોઈ શકે છે, અનુભવી શકે છે અને એ બધું જ હું પણ કરી શકું છું. આપણા સંવેદનો કદાચ અલગ હશે પરંતુ આપણી ઇન્દ્રિયો તો સરખી જ છે."

કૃપાલીના ખભા પર હાથ મૂકીને પલ્લવે કહ્યું, "જે કામ તું કરી શકે છે, એ જ કામ હું પણ કરી શકું છું. આપણા બંને પાસે યુટરસ નથી. એ બાબતમાં પણ આપણે સરખા છીએ. તારામાં યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનું તને મંજૂર હતું, મારામાં નથી. આ તો અન્યાય છે. તેં તારો પ્રયત્ન કરી લીધો. તારા પ્રયત્ન વખતે હું સતત તારી સાથે હતો, તારી સાથે અમેરિકા આવેલો. કોઈ કારણોસર એ પ્રયત્નમાં આપણને નિષ્ફળતા મળી. ફરી એક વાર પ્રયત્ન કરવાનો હવે મારો વારો છે. મારો સાથ ન આપી શકે તો કાંઈ વાંધો નથી, મને ફક્ત ડિસ્કરેજ ન કરતી. પ્લીઝ."

"મારી વાત અલગ હતી. હું તો ઓલરેડી સ્ત્રી તરીકે જ જન્મી છું. તું તો પુરુષ છે."

"તું સ્ત્રી તરીકે જન્મી હોવાથી, અપેક્ષા અને પીડાનો ભાર ઊંચકવાનો તને એકલાને જ હક છે?"

"પણ....."

"આ પીડાનો ભાર એક વાર મને પણ ઊંચકવા દે. કદાચ એવું પણ બને કે મારા પર કરવામાં આવેલી સર્જરી નિષ્ફળ જાય અને હું બાળકને જન્મ ન આપી શકું. પણ કૃપાલી, મને એક વાર નિષ્ફળ જવાનો તો ચાન્સ આપ. મારે પીડાની બાબતમાં તારી સરખામણી કરવી છે. આટલી પીડામાંથી પસાર થયા પછી મારે પણ એક વાર નિષ્ફળ જવું છે. ભલે હું નિષ્ફળ જાઉં, મને એક વાતનો સંતોષ કાયમ રહેશે કે મેં પ્રયત્ન તો કર્યો."

"આના કરતાં વધારે સારું તો એ જ રહેશે કે હું જ તને ડિવોર્સ આપી દઉં. તું બીજા લગ્ન કરી લે." કહીને કૃપાલીએ તેના હાથમાં રહેલા ડૉક્યુમૅન્ટ્સ ફાડી નાખ્યા.

"કૃપાલી પ્લીઝ..."

"ના પલ્લવ. આપણે કોઈ બીજો રસ્તો શોધીએ. હું મમ્મી સાથે વાત કરીશ. છેવટે કોઈ રસ્તો નહિ મળે તો હું ડિવોર્સ પેપર્સ પર સાઇન કરવા તૈયાર છું. જો તું એ પેપર્સ પર સાઇન નહિ કરે તો હું ઘર

છોડીને ભાગી જઈશ, પણ સો વાતની એક વાત. હું તને આ સર્જરી માટે ક્યારેય પરમિશન નહિ આપું. આ મારો અંતિમ નિર્ણય છે." આટલું બોલીને કૃપાલી રૂમની બહાર નીકળી ગઈ.

* * *

બીજે દિવસે સવારે ચંદ્રકાન્ત ઠક્કરના લિવિંગ રૂમમાં એક સભા ભરાઈ. એ સભામાં ચંદ્રકાન્ત ઠક્કર પોતે, તેમનાં પત્ની અને તેમની પુત્રવધૂ કૃપાલી પલ્લવ ઠક્કરે સાથે મળીને પલ્લવના સર્જરી કરવાના નિર્ણયનો વિરોધ કરવાનું નક્કી કર્યું.

આ સભામાં પલ્લવને પણ બોલાવવામાં આવ્યો. પલ્લવ આવ્યો ત્યારે કૃપાલી, મમ્મી અને પપ્પા ઓલરેડી પોતાની પોઝિશન લઈ ચૂક્યાં હતાં. ફક્ત પોઝિશન જ નહિ, પોતાની સાઇડ પણ લઈ ચૂક્યા હતા.

કૃપાલીએ કહ્યું, "મેં તારી સર્જરીની બધી જ વાત મમ્મી-પપ્પાને કરી દીધી છે. અમે ત્રણેય તારા આ નિર્ણયની વિરુદ્ધમાં છીએ અને અમારાં ત્રણમાંથી કોઈ પણ તને આ ગાંડપણ કરવાની મંજૂરી નહિ આપે. મેં નક્કી કર્યું છે કે હું તને ડિવોર્સ આપી દઈશ. મમ્મી-પપ્પા સાથે પણ વાત થઈ ચૂકી છે. બીજા લગ્ન કરવા કે નહિ, એ તારે નક્કી કરવાનું છે પરંતુ તને ડિવોર્સ આપવાનો મારો નિર્ણય હવે નહિ બદલાય."

મમ્મીએ પલ્લવને કહ્યું, "એકદમ વાહિયાત અને ગેરવાજબી વિચાર છે તારો. આવા ગાંડપણ કરાતા હશે? સ્ત્રી એ કોઈ નાટકનું પાત્ર નથી કે એક સવારે તને વિચાર આવ્યો અને તું એ પાત્ર ભજવવા નીકળી પડ્યો. સ્ત્રી એક વિચારધારા છે. એ વિચારધારાને જીવવી બહુ અઘરી છે બેટા. ઑપરેશન કરાવીને સ્ત્રી બનવું કદાચ સહેલું હોય પણ ખરું પરંતુ એક સ્ત્રીની જેમ જીવવું બહુ અઘરું હોય છે બેટા. આવાં નાટકો કરવાની શું જરૂર છે?"

પપ્પાએ પોતાના રેસોનન્ટ અવાજમાં કહ્યું, 'પુરુષ તરીકે જન્મ્યો છે, તો એક પુરુષની જેમ જીવ. પુરુષની જેમ વર્તન કરતા શીખ. સ્ત્રીના ભાગે આવેલાં કામો કરવાનું રહેવા દે.'

"તું કોણ છે તારું લિંગ બદલવાવાળો? દરેક બાળકનું લિંગ ઈશ્વર નક્કી કરે છે. તને ઈશ્વરે પુરુષ બનાવ્યો છે એટલે તારે પુરુષ તરીકે જ જીવવું જોઈએ. કોઈ પણ પુરુષનું કામ ગર્ભધારણ કરવાનું કે બાળકને જન્મ આપવાનું નથી. ઈશ્વરે એ કામ સ્ત્રીઓ પર છોડ્યું છે." ટટ્ટાર છાતીએ મમ્મીએ કહ્યું.

વાતાવરણમાં સન્નાટો છવાયો. કૃપાલી, મમ્મી અને પપ્પા ત્રણેય જણાં પલ્લવના જવાબની રાહ જોઈ રહ્યાં હતાં. સમાજ તો બહુ દૂરની વાત, પોતે લીધેલા નિર્ણય માટે પલ્લવે સૌ પહેલા તો પોતાના જ ઘરના લોકોને કન્વીન્સ કરવાના હતા.

થોડા સમય સુધી પલ્લવ સ્તબ્ધ બનીને કૃપાલી, મમ્મી અને પપ્પા સામે જોતો રહ્યો. પછી તેણે બોલવાનું શરૂ કર્યું, 'બાળકનું લિંગ ક્રોમોઝોમ નક્કી કરે છે. ક્રોમોઝોમ XX થાય તો દીકરી અને ક્રોમોઝોમ XY થાય તો દીકરો. મમ્મી, તું સાચું કહે છે. એક બાળક દીકરા તરીકે જનમશે કે દીકરી તરીકે, એ આપણા કોઈના હાથમાં નથી. આપણે બધાએ આપણને ગર્ભમાં મળેલા લિંગ સાથે જ જન્મ લેવો પડે છે. જન્મ સમયે આપણી પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી હોતો.'

પપ્પાએ કહ્યું, "એટલે જ કહીએ છીએ. જે સેક્સ મળી છે એ સેક્સ સ્વીકારી લે. એને બદલાવવાનો પ્રયત્ન ન કર. ઇતિહાસમાં કોઈ તને ક્રાંતિકારી તરીકે નહિ ઓળખે, લોકો તને મૂરખ તરીકે ઓળખશે."

પલ્લવે એક સરસ મજાનું સ્માઇલ કર્યું અને કહ્યું, "ક્રોમોઝોમ મારું લિંગ નક્કી કરી શકે, મારું વર્તન નહિ. મારું પુરુષ બનવું ચોક્કસ મારા હાથમાં નહોતું, પણ મારા પુરુષ બન્યા પછી મારે કરવાનાં કામો ફક્ત હું જ નક્કી કરીશ. મારી જિંદગીમાં રહેલા પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતા, મારા માટે અત્યારે કરવા જેવું સૌથી અગત્યનું કામ એક બાળકને જન્મ આપવાનું છે."

પપ્પાએ કહ્યું, "જે કામ તું પુરુષ થઈને ક્યારેય કરી શકવાનો નથી. ફક્ત ક્રોમોઝોમ XY મળી જવાથી

પુરુષ નથી થવાતું બેટા. પુરુષ બનવા માટે એક પુરુષને શોભે એવું વર્તન કરવું પડે."

"એક પુરુષ કે એક સ્ત્રીએ કેવું વર્તન કરવું જોઈએ? એ કોણ નક્કી કરે છે પપ્પા? આપણો સમાજ. આ સમાજ જ આપણને શીખવે છે કે સ્ત્રીના વાળ લાંબા હોવા જોઈએ, પુરુષના ટૂંકા. સ્ત્રી મહેંદી મૂકે, પુરુષ ન મૂકે. સ્ત્રીઓ નખ વધારી શકે, રંગી શકે. પુરુષો નહિ. સ્ત્રીઓ મન ફાવે ત્યારે જાહેરમાં રડી શકે પણ પુરુષોએ ન રડાય. આ સમાજે નક્કી કરેલા ધોરણો નથી તો બીજું શું છે? કયા પુસ્તકમાં, કયા ગ્રંથમાં, કયા ઈશ્વરે એવું કહ્યું છે કે સ્ત્રી કે પુરુષ થઈને અમુક જ કામ કરી શકાય?"

પલ્લવ આગળ કશું પણ બોલે એ પહેલા જ મમ્મીએ કહ્યું, "બેટા, સમાજ ઘણું બધું નક્કી કરતો હશે પરંતુ એક બાબત સમાજ ક્યારેય નક્કી કરતો નથી. એ બાબત કુદરત નક્કી કરે છે કે બાળકને જન્મ તો સ્ત્રી જ આપી શકશે. પુરુષ અને સ્ત્રીના શરીરની રચનાઓ જ અલગ રીતે કરવામાં આવી છે. પુરુષ ધારે તો પણ બાળકને જન્મ ન આપી શકે. તું આ જે કાંઈ પણ કરી રહ્યો છે, એ બાળકને જન્મ આપવા માટે કરી રહ્યો છે. જે અંગ તારામાં છે જ નહિ, એ અંગ કૃત્રિમ રીતે મેળવવાના ધમપછાડા કરવા એ નરી મૂર્ખામી છે બેટા."

"મમ્મી સાચું કહે છે પલ્લવ. પુરુષોમાં ક્યારેય યુટરસ નથી હોતું. આદમ અને ઈવથી ચાલી આવતી પ્રણાલીને બદલનાર આપણે કોણ? ઈશ્વરે આપણને આપેલી કુદરતી શરીર રચનાને બદલવી પણ શું કામ જોઈએ? આ તારી જીદ છે પલ્લવ. આ જીદ છોડી દે પ્લીઝ. જે ઓર્ગન તારા પુરુષ શરીર માટે સર્જાયું જ નથી, એ ઓર્ગન મેળવવાનો હઠાગ્રહ છોડી દે." કૃપાલીએ કહ્યું.

પલ્લવે કહ્યું, "બાળકને જન્મ આપવાની જવાબદારી એક સ્ત્રીની જ છે, એવું શું કામ માની લેવું જોઈએ? એક પુરુષ બાળકને જન્મ કેમ ન આપી શકે? શું ફક્ત એટલા માટે કે સ્ત્રીઓ પાસે યુટરસ છે અને પુરુષો પાસે નથી? એનો અર્થ એ થયો કે ઈશ્વરે મને જન્મથી જ આંખો નથી આપી, તો શું હું આજીવન આંધળો રહીશ? મને જોવાની ક્યારેય ઇચ્છા જ નહિ થાય? જો આ ખૂબસૂરત દુનિયા જોવાની ઇચ્છા થશે તો હું એના માટે પ્રત્યનો નહિ કરું?"

કૃપાલીએ કહ્યું, "ઈશ્વર જે લોકોને આંખો નથી આપતો, એ લોકો પોતાના અંધાપા સાથે સમજૂતી કરી લેતા હોય છે, પલ્લવ. જે વ્યક્તિને આંખો નથી હોતી, એ વ્યક્તિ પણ ખુશ રહેતી હોય છે, કારણ કે એ વ્યક્તિએ અંધાપાનો સ્વીકાર કરી લીધો હોય છે. આપણે પણ સ્વીકાર કરી લેવો જોઈએ."

પલ્લવે સામી દલીલ કરી, "ધારો કે બહુ જ નાની ઉંમરમાં મારી બંને કિડનીઓ ફેઇલ થઈ જાય, તો શું હું એવું માનીને બેઠો રહીશ? કે આ તો ઈશ્વરે આપેલી કિડનીઓ હતી. એ ફેઇલ થઈ એટલે મને જીવવાનો કોઈ અધિકાર નથી. હું કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવીશ ને? હું ટ્રાન્સપ્લાન્ટ કરાવીશ કારણ કે મારે જીવવું છે. જો આપણે જીવતા રહેવા માટે આપણા બગડી ગયેલા કે બીમાર થઈ ગયેલા કોઈ અંગના બદલામાં, બીજી કોઈ વ્યક્તિનું અંગ સ્વીકારી શકીએ તો બાળકને જન્મ આપવા માટે એક પુરુષ બીજી કોઈ સ્ત્રીનું યુટરસ કેમ સ્વીકારી ન શકે?"

"પણ પલ્લવ, ધેટ ઑર્ગન ડઝ નોટ બિલોન્ગ ટુ યુ. ધેટ ઑર્ગન ઇઝ નોટ મેન્ટ ફોર યુ." કૃપાલીનો અવાજ મોટો થયો.

"ઍન્ડ હુ હેઝ ડિસાઇડેડ ધેટ?" પલ્લવ પણ ઉશ્કેરાઈ ગયો. "તું એમ માની લે કે આજે મને લીવર ફેલ્યોર હોત તો મને બચાવવા માટે ગમે તેટલો ખર્ચ કરીને પણ તું અને મમ્મી-પપ્પા મારું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવત કે નહિ?"

"પલ્લવ, તું લીવર ટ્રાન્સપ્લાન્ટ અને યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટને કઈ રીતે સરખાવી શકે?" કૃપાલીએ પૂછ્યું.

"તું પણ આ સમાજ જેવું જ વિચારે છે ને? હું લીવર ટ્રાન્સપ્લાન્ટ અને યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટને એટલા માટે ન સરખાવી શકું કારણ કે લીવર દરેક માણસમાં હોય છે જ્યારે યુટરસ ફક્ત સ્ત્રીઓમાં? જો કોઈ સ્ત્રી મને લીવર કે કિડની ડોનેટ કરી શકે અને એક સ્ત્રીએ આપેલું એ અંગ હું સ્વીકારી શકું

તો એક સ્ત્રીએ આપેલું યુટરસ કેમ નહિ? શું મારો મેલ ઇગો મને એટલો બધો નડશે કે એક સ્ત્રીનું યુટરસ હું સ્વીકારી નહિ શકું?"

"તું જે વિચારી રહ્યો છે, એવું આજ પહેલા કેટલી વાર થયું હશે? મેડિકલ સાયન્સની હિસ્ટરીમાં આવો એક દાખલો તો બતાવ. આજ સુધી જે નથી થયું એ એટલા માટે નથી થયું કારણ કે એ અશક્ય છે." કૃપાલી બોલી.

"ના કૃપાલી. આજ સુધી આ એટલા માટે નથી બન્યું કારણ કે આજ સુધી કોઈ પુરુષે બાળકને જન્મ આપવાની ઇચ્છા જ વ્યક્ત નથી કરી, પણ મેં મારું મન બનાવી લીધું છે. હું પ્રેગનન્ટ થઈને રહીશ. તમે લોકો મારી સાથે હો કે ન હો."

મમ્મીએ મોટા અવાજે કહ્યું, "એમ કરવું શક્ય છે કે નહિ? એ તો તપાસ કરી લે પહેલા."

"મેં સમીર સાથે વાત કરી લીધી છે. મેડિકલી શક્ય છે. પ્રક્રિયા બહુ લાંબી, ખર્ચાળ અને બહુ જ કૉમ્પ્લિકેટેડ છે પણ જો મને આ જ ભવમાં ક્રોમોઝોમ XY સાથે જનમ્યા હોવા છતાં પણ માતૃત્વનું સુખ મળતું હોય, તો એના માટે હું કોઈ પણ હદ સુધી જવા તૈયાર છું."

"તું જે સર્જરીની વાત કરી રહ્યો છે, એના વિશે તને ખબર પણ છે?" કૃપાલીએ પૂછ્યું.

"હા, થોડું મને સમીરે કહ્યું છે. થોડું મેં ગૂગલ ઉપર પણ સર્ચ કર્યું છે."

"ગૂગલ સર્ચ કરીને જિંદગી નથી જિવાતી."

"હું ગૂગલ સર્ચ કરીને જિંદગી જીવવા પણ નથી માંગતો. હું તો એવી જિંદગી જીવવા માંગું છું કે લોકો ગૂગલ પર મને સર્ચ કરે."

પપ્પાએ કહ્યું, "આ પ્રકૃતિની વિરુદ્ધ છે. ઈશ્વરે જે શરીર તને આપેલું છે એમાં ફેરફાર કરીને, એમાં છેડછાડ કરીને તું ઈશ્વરનું અપમાન કરી રહ્યો છે."

"આપણું શરીર, આપણી પ્રકૃતિ બધું જ ઈશ્વરે આપેલું છે. આપણે આપણી સગવડતા ખાતર પ્રકૃતિમાં છેડછાડ કરી લઈએ છીએ. ડુંગરો કોતરીને રસ્તા બનાવીએ છીએ, વૃક્ષો કાપીને ઇમારતો ચણીએ છીએ, જંગલો સળગાવીને મેદાન બનાવીએ છીએ, ડૅમ બાંધીને નદીઓ રોકી લઈએ છીએ. ત્યારે ઈશ્વરનું અપમાન નથી થતું? ઈશ્વરે બનાવેલી પ્રકૃતિમાં ફક્ત આપણી સગવડ ખાતર અને કોઈને પણ પૂછ્યા વગર આપણે આટલાં બધાં પરિવર્તનો કરીએ છીએ, તો આપણા પોતાના શરીરમાં આપણી સગવડ માટે પરિવર્તન કરતા પહેલા આપણે શું કામ આટલું બધું વિચારવું જોઈએ?"

કૃપાલી રડવા લાગી, "આ બધું મારા કારણે થઈ રહ્યું છે. મારી એક ઊણપને કારણે."

કૃપાલી પાસે આવીને તેના આંસુઓ લૂછતાં પલ્લવ બોલ્યો, "ઈશ્વર ક્યારેય બધાને બધું નથી આપી દેતો. દરેકમાં એ કોઈ ને કોઈ ઊણપ છોડી દે છે. યુટરસ ન હોવાને જો તું તારી ઊણપ ગણતી હોય, તો એ ઊણપ તો મારામાં પણ છે કૃપાલી."

મમ્મીએ બે હાથ જોડ્યા અને પલ્લવને કહ્યું, "હું સરોગસી માટે માની જાઉં તો? આ બધું કરવાનું રહેવા દે બેટા."

મમ્મીના જોડાયેલા હાથ પકડીને પલ્લવે કહ્યું, "રહેવા દે મમ્મી. હવે બહુ મોડું થઈ ચૂક્યું છે. જે જે પ્રશ્નો આજ સુધી કૃપાલીને એક સ્ત્રી હોવાને કારણે પૂછાયા છે, એ બધા જ પ્રશ્નોના જવાબો એક પુરુષ થઈને હવે મારે આપવાના છે. જે કામ પૂરું ન થઈ શકવાને કારણે મારી પત્નીને કુટુંબના તિરસ્કાર અને અનાદરનો સામનો કરવો પડ્યો છે. એ કામ હવે હું પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કર પૂરું કરીશ.'

"મેં તો ફક્ત એટલી જ આશા રાખેલી કે ઘરમાં આવેલી સ્ત્રી સંતાનને જન્મ આપે." મમ્મીએ નિરાશ થઈને કહ્યું.

મમ્મીની આંખોમાં આંખો નાખીને પલ્લવે કહ્યું, "તને એવું લાગે છે કે એક બાળકને જન્મ આપી શકે, એ સ્ત્રી હોવાની એક માત્ર સાબિતી છે?"

"સમાજ તો એવું જ માને છે, બેટા."

"આપણો સમાજ બહુ જ કૉમ્યુનલ છે. આપણો સમાજ એ હદે કૉમ્યુનલ છે કે દરેક માણસને એ જન્મ લેતાની સાથે જ દીકરો કે દીકરીમાં વિભાજીત કરી નાખે છે.

માણસોના વિભાજન કરવામાં આપણે એક્સપર્ટ છીએ. હિંદુ-મુસ્લિમ તો બહુ પછીની વાત છે. દરેક માણસનું સૌથી પહેલું વિભાજન તો એના ઘરમાં જ થઈ જતું હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ જન્મે છે ત્યારે એક બાળક નથી જનમતું, ત્યારે એક સ્ત્રી કે પુરુષ જન્મતો હોય છે. કેમ આપણે કોઈ માણસને એ સ્ત્રી છે કે પુરુષ એ ભૂલી જઈને ફક્ત એક માણસ તરીકે સ્વીકારી નથી શકતા?"

પલ્લવ ત્યાંથી ઊભો થઈને ચાલવા લાગ્યો અને જતાં જતાં તેણે કહ્યું, "નિર્ણય તો લેવાઈ ચૂક્યો છે મમ્મી. આને મારી જીદ ગણ તો જીદ અને ઇચ્છા ગણ તો ઇચ્છા. હકીકત તો એ જ છે કે બહુ જ નજીકના ભવિષ્યમાં તારા ગર્ભવતી દીકરાની કૂખે એક દીકરીનો જન્મ થશે અને એક નવી વિચારધારાનો પણ."

કૃપાલી સામે જોઈને પલ્લવે કહ્યું, "સેક્સ રિએસાઇન્મૅન્ટ સર્જરી કરવા માટે મારે તારી સહીની ત્યાં સુધી જ જરૂર પડશે જ્યાં સુધી આપણે વિવાહિત છીએ. તને ડિવોર્સ આપી દીધા પછી મારે તારી સહીની જરૂર નહિ પડે. હું એકલો પુરુષ મારી પોતાની મરજી અને ઇચ્છાથી આ સર્જરી કરાવી શકું છું. એમાં મને કોઈ અટકાવી નહિ શકે."

પલ્લવ કૃપાલીની નજીક આવ્યો અને થોડા પોઝ પછી બોલ્યો, "સર્જરી તો થશે અને યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ પણ. મેં તો નક્કી કરી લીધું છે. હવે તારે નક્કી કરવાનું છે કે તારે સહી શેમાં કરવાની છે? મારી સર્જરી માટેના કન્સેન્ટ પેપર્સ પર કે પછી ડિવોર્સ પેપર્સ પર?' એટલું બોલીને પલ્લવ પોતાના રૂમમાં ચાલ્યો ગયો.

કૃપાલી કશુંક વિચારતી રહી અને થોડા સમય પછી એ પણ પલ્લવની પાછળ ગઈ. કૃપાલી જ્યારે રૂમમાં પ્રવેશી ત્યારે તેણે જોયું કે પલ્લવ અરીસાની સામે ઊભો હતો. પલ્લવે અરીસામાં જોયું કે કૃપાલી તેની પાછળ ઊભેલી છે.

પલ્લવ કશું બોલે એ પહેલા જ કૃપાલી અરીસા સામે જોઈને બોલી, "દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે. તારી પાછળ મને ઊભી રહેવા દઈશ?"

પલ્લવે પીઠ ફેરવી અને કૃપાલીની સામે જોયું, "તારે મારી બાજુમાં ઊભા રહેવાનું છે. મારી પાછળ નહિ."

પોતાની કોણી પલ્લવના ખભા પર રાખીને તે પલ્લવના વાળ સાથે રમવા લાગી. તેણે પલ્લવને કહ્યું, "તને યાદ છે? મૅરેજ માટે પ્રપોઝ કરતી વખતે તેં મને કહેલું કે મને પ્રેમ કરવા માટે તને ફક્ત મારા સાથની જરૂર છે, મારા યુટરસની નહિ."

કૃપાલીની કમ્મર પર હાથ મૂકીને પલ્લવે કહ્યું, "એ ડાયલૉગ તો કેમ ભૂલી શકું? તને પટાવવા માટે મારેલો." એમ બોલીને પલ્લવે એક આંખ મારી.

"જા છોકરા. એક ડાયલૉગ હું પણ મારી દઉં. તને પ્રેમ કરવા માટે મને તારા ટેસ્ટિકલ્સ કે તારા પુરુષત્વની જરૂર નથી. તારા નિર્ણયમાં હું તારી સાથે છું." કૃપાલીનું આ વાક્ય સાંભળીને પલ્લવ કૃપાલીને ભેટી પડ્યો.

"થૅન્ક્યુ સો મચ." કૃપાલીના કપાળ પર કિસ કરીને પલ્લવે કહ્યું, "કાલે આપણે સાથે સમીરના ક્લિનિક પર જઈશું. એને આપણા બંને સાથે થોડી વાતો કરવી છે."

આવનારા સમયની અનિશ્ચિતતાનો ડર કૃપાલીના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો. પલ્લવે જોયું કે કૃપાલીના ચહેરા પર ચિંતાઓના પાયા ખોદાઈ ચૂક્યા હતા અને ગંભીરતાની ઇમારતનું ચણતર કામ પણ શરૂ થઈ ચૂક્યું હતું. આ જોઈને પલ્લવે કહ્યું, "એક નાનો એવો પ્રૉબ્લેમ છે યાર."

ગંભીર ચહેરા સાથે કૃપાલીએ પૂછ્યું, "શું?"

"હું એમ વિચારતો'તો કે..." પલ્લવે થોડો પોઝ લીધો અને પછી વાક્ય પૂરું કર્યું, "સર્જરી પછી મારું

નામ પલ્લવ રાખશું કે પલ્લવી?" આ સાંભળીને કૃપાલી પરાણે હસી પડી અને એક પુરુષમાંથી એક સ્ત્રી બનવાની ઘટનાના શ્રીગણેશ થયા.



♦ 14 ♦

બીજે દિવસે સવારે પલ્લવ અને કૃપાલી ડૉ. સમીરના ક્લિનિક પર પહોંચ્યાં. તેઓ બંનેને જોઈને ડૉ. સમીરે કહ્યું, “આવો. હું તમારાં બંનેની જ રાહ જોઈ રહ્યો હતો.”

“જી” કહીને ખુરશી પર બેસતા કૃપાલીએ ડૉ. સમીરને પરાણે થોડું સ્માઇલ આપ્યું.

કૃપાલીની બાજુની ખુરશી પર પલ્લવ બેઠો. તેઓ બંનેની સામે ડૉ. સમીર પોતાની રિવૉલ્વિંગ ચેર પર બેઠા હતા.

“તેં મને કહ્યું’તું એટલે કૃપાલીને પણ સાથે લઈને આવ્યો છું.” પલ્લવે કહ્યું.

“આજે આપણે જે વાત કરવા જઈ રહ્યા છીએ, એ ચર્ચામાં કૃપાલીની હાજરી અનિવાર્ય છે.” ડૉ. સમીરે કહ્યું.

કૃપાલીના ખભા પર હાથ મૂકીને પલ્લવે કહ્યું, “મારે અને કૃપાલીને ગઈકાલે બહુ જ ડિટેઇલમાં ડિસ્કશન થયું છે. મારા આ ઑપરેશન માટે તેની સંમતિ છે.’

ડૉ. સમીરે કૃપાલીની સામે જોયું. કૃપાલીએ થોડું સ્માઇલ કરીને હકારમાં માથું ધુણાવ્યું.

“પલ્લવ, તારા ઑપરેશન વિશે ચર્ચા શરૂ કરતાં પહેલાં મારે તને એક ચોખવટ કરવી છે.”

“બોલ ને.”

“મને ખરેખર સમજાતું નથી કે આ બધું હું શું કામ કરી રહ્યો છું? તારા મા બનવાના સ્ટુપીડ આઇડિયાને હું શું કામ આટલો ગંભીરતાથી લઈ રહ્યો છું? એક સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર હોવા છતાં અને મેડિકલ સાયન્સની મર્યાદાઓ જાણતા હોવા છતાં પણ હું શું કામ આ પ્રયત્નો કરી રહ્યો છું? એ મને નથી સમજાતું.”

“તને એવું લાગે છે કે તું મારી મિત્રતાને કારણે આ બધું કરી રહ્યો છે?”

“એવું નથી લાગતું યાર. કદાચ તારી જગ્યાએ બીજું કોઈ હોત, તો પણ કદાચ મેં આ જ કર્યું હોત.”

“તો પછી તું શું કામ કરી રહ્યો છે?”

“કદાચ એટલા માટે કારણ કે હું પણ એક પુરુષ છું. આજ સુધી એવા અનેક પુરુષો જોયા છે, જેઓ ટ્રાન્સજેન્ડર ઑપરેશન કરાવીને સ્ત્રી તરીકે જીવવા માંગતા હોય. આજ સુધી એક પણ એવો પુરુષ નથી જોયો, જે એક મા તરીકે જીવવા માંગતો હોય. તારા વિચારો જાણ્યા પછી મને પણ એવો વિચાર આવ્યો કે બાળકને જન્મ આપે કે ન આપે, દરેક પુરુષમાં માતૃત્વ તો જનમવું જ જોઈએ.”

“સમીર, હવે મારા માટે આ ફક્ત એક જીદ કે ઇચ્છા નથી, મારા માટે હવે આ યજ્ઞ છે. આ યજ્ઞમાં મારે મારી જાતની આહુતિ આપવી પડે તો પણ મને મંજૂર છે.”

“આ યજ્ઞમાં હું તારી સાથે છું. સાંભળ, મેં ઘણી બધી તપાસ કરી લીધી છે. ઘણા બધા લોકો સાથે વાત કરી લીધી છે. ક્લીવલૅન્ડ ક્લિનિકના ડૉ. લીઝા જોહાન્સન સાથે પણ મારી વાત થઈ ગઈ છે. રસ્તો ઘણો લાંબો છે અને વણખેડાયેલો પણ. આજ સુધી કોઈ આ રસ્તે ગયું નથી.”

“અજાણ્યા રસ્તા પર જો જાણીતા લોકો મારી સાથે રહેવાના હોય, તો મને કોઈ પણ રસ્તાનો ડર નહિ લાગે.” પલ્લવે કહ્યું.

પલ્લવનો હાથ પકડીને કૃપાલીએ કહ્યું, “હું તારી સાથે છું.”

“મારે તમને બંનેને થોડા ઊંડાણમાં આખી પ્રક્રિયા સમજાવવાની છે.” ડૉ. સમીરે ટટ્ટાર થઈને પોતાની પોઝિશન લીધી. થોડો પોઝ લીધો અને પછી પૂછ્યું, “ચા પીશો ને?” ઇન્ટરકોમમાં વાત કરીને ડૉ. સમીરે કહ્યું, “ત્રણ ચા મોકલો ને.” પછી ફરી પાછું પલ્લવ-કૃપાલી સામે જોયું અને કહ્યું, “હા તો મારે તમને બંનેને આખી પ્રક્રિયા થોડી ઊંડાણમાં સમજાવવાની છે.”

“પ્લીઝ ગો અહેડ.” પલ્લવે કહ્યું.

"સેક્સ રિએસાઇન્મેન્ટ સર્જરી. આ એક એવા પ્રકારનું ઑપરેશન છે જેમાં એક્સટર્નલ સેક્સ્યુઅલ ઑર્ગન્સ એટલે કે બાહ્ય જનનેન્દ્રિયો બદલવામાં આવે છે. પુરુષમાંથી સ્ત્રીની કે સ્ત્રીમાંથી પુરુષની. પણ કોઈ પણ સ્ત્રી કે પુરુષ આ ઑપરેશન કરાવી શકતા નથી. આપણા રસ્તામાં રહેલી સૌથી પહેલી અડચણ એ જ છે કે આ ઑપરેશન ફક્ત એવી જ વ્યક્તિઓનું થઈ શકે છે જેમને જેન્ડર ડિસ્ફોરિયા છે."

"જેન્ડર ડિસ્ફોરિયા એટલે શું?" કૃપાલીએ પૂછ્યું.

"તેને જેન્ડર આઇડેન્ટિટી ડીસઑર્ડર પણ કહેવાય છે. આમાં વ્યક્તિ પોતાની બાયૉલૉજિકલ સેક્સ સાથે જીવવા નથી માંગતી. તે પોતાની જાતને પોતાની ઑપોઝિટ સેક્સ તરીકે ઓળખાવવા માંગે છે. જેમકે કોઈ જન્મથી પુરુષ હોય પણ પુરુષ તરીકે જીવવા ન માંગતો હોય."

"પણ કોઈ એવું શું કામ કરે? પોતાની જાતને બીજી જેન્ડર તરીકે ઓળખાવવામાં કોઈને શું મજા આવે?" કૃપાલીએ પૂછ્યું.

"વેલ, આ મજા માટે નથી. આ એક મૅન્ટલ ડીસઑર્ડર છે. આમાં વ્યક્તિ પોતાની બાયૉલૉજિકલ સેક્સ સાથે ખુશ નથી હોતી. તેમને પોતાની બાયૉલૉજિકલ સેક્સ સાથે જીવવામાં સ્ટ્રેસ અનુભવાય છે." ડૉ. સમીરે કૃપાલીની સામે જોઈને કહ્યું, "એક ઉદાહરણ આપું. તમે એક સ્ત્રી છો. ધારો કે તમને કોઈ પુરુષની જેમ વર્તવાનું કહે. તમને પુરુષ જેવા કપડા પહેરાવે, 'ક્યાં ગઈ'તી?' ને બદલે 'ક્યાં ગયો'તો?' એવી રીતે સંબોધવામાં આવે તો તમને કેવું ફિલ થાય?"

"અફકોર્સ મને બહુ અજીબ લાગે. મને બિલકુલ ન ગમે."

"એક્ઝેક્ટલી. આવો જ મૂંઝારો, આવી જ ગભરામણ જેન્ડર ડિસ્ફોરિયાના દર્દીઓને થાય. પુરુષ હોવા છતાં પણ તેમને જો પુરુષ તરીકે વર્તન કરવાનું કહેવામાં આવે તો તેમને પણ આવી જ ફીલિંગ થાય. ફક્ત અને ફક્ત આવા દર્દીઓ માટે જ સેક્સ રિએસાઇન્મેન્ટ સર્જરી કરવામાં આવે છે. જેન્ડર ડિસ્ફોરિયા સિવાયની કોઈ પણ વ્યક્તિ માટે આ ઑપરેશન કરી ન શકાય."

"આ જેન્ડર ડિસ્ફોરિયા છે કે નહિ, એ નક્કી કોણ કરે?" પલ્લવે પૂછ્યું.

"ધેર યુ આર. તારી પાસેથી આ જ પ્રશ્નની અપેક્ષા હતી." ડૉ. સમીર પોતાની ખુરશીમાંથી ઊભા થયા અને બોલ્યા, 'જેન્ડર ડિસ્ફોરિયાનું નિદાન સાઇકિયાટ્રીસ્ટ કરે છે. અને સેક્સ રિએસાઇન્મેન્ટ સર્જરી કરાવતા દરેક દર્દી પાસે સાઇકિયાટ્રીસ્ટનું સર્ટિફિકેટ હોવું જોઈએ કે આ દર્દીને જેન્ડર ડિસ્ફોરિયા છે.'

"પણ....." પલ્લવ કશું બોલે એ પહેલા જ ડૉ. સમીરે કહ્યું, "એટલું જ નહિ. આવા બે અલગ અલગ સાઇકિયાટ્રીસ્ટના સર્ટિફિકેટ્સ મળે, પછી જ પ્લાસ્ટિક સર્જન તારું ઑપરેશન કરશે."

"તો એનો અર્થ એમ કે કોઈ પણ સાઇકિયાટ્રીસ્ટ મને આ સર્ટિફિકેટ નહિ આપે?" પલ્લવે પૂછ્યું.

"શું કામ આપે? તને ક્યાં જેન્ડર ડિસ્ફોરિયા છે?" ડૉ. સમીરે કહ્યું.

"ધારો કે હું સાઇકિયાટ્રીસ્ટ પાસે જઈને મારા પુરુષ હોવા સાથે નાખુશ છું અથવા તો જેન્ડર ડિસ્ફોરિયાનો દર્દી છું, એવું નાટક કરું તો?" પલ્લવે પૂછ્યું.

ડૉ. સમીર હસવા લાગ્યા. "દોસ્ત, પાંચ-સાત વર્ષ પહેલા તારા એક સ્ત્રી સાથે લગ્ન થઈ ચૂક્યા છે. જો તું ખરેખર જેન્ડર ડિસ્ફોરિયાનો દર્દી હોત, તો એક સ્ત્રી સાથે ક્યારેય લગ્ન ન કરત. એટલું જ નહિ તને 30 વર્ષે આ વાત સમજાઈ કે તને જેન્ડર ડિસ્ફોરિયા છે? આ નિદાન તો બહુ વહેલું થઈ જતું હોય છે. તેં તારી જિંદગીનાં 30 વર્ષો તો પુરુષ તરીકે જીવી નાખ્યા. હવે શેનું જેન્ડર ડિસ્ફોરિયા? ડૉક્ટરોને મૂરખ સમજ્યા છે?"

"તો એનો અર્થ કે પલ્લવમાં આ સર્જરી નહિ થઈ શકે?" કૃપાલીએ પૂછ્યું.

"હા, યાર. તો તો મારું ઑપરેશન અશક્ય છે." પલ્લવે નિરાશ થઈને કહ્યું.

"દોસ્ત, આપણા માટેની આ પહેલી ચૅલેન્જ છે. મેં મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને, ટ્રાન્સજેન્ડર

(TGBL) એસોસિયેશનના પ્રમુખને અને પ્રૅસિડેન્ટ ઑફ ઇન્ડિયાને એક રિક્વેસ્ટ લેટર મોકલી દીધો છે."

"તને લાગે છે કે એ લોકો આપણી રિક્વેસ્ટ મંજૂર કરશે?"

"કેમ નહિ? મેં એમને લખ્યું છે કે દરેક દિવસે મેડિકલ સાયન્સ પ્રગતિ કરી રહ્યું છે. અનેક સંશોધનો થાય છે. નવી દવાઓ શોધાય છે. આજથી વર્ષો પહેલા જે ઑપરેશનની કલ્પના કરવી પણ અશક્ય હતી, એ ઑપરેશનો આજકાલ રૂટિનલી થાય છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ થાય છે, કિડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે. અરે, હવે તો હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પણ થાય છે. કેટલાંક શહેરોમાં હવે રૉબોટ દ્વારા ઑપરેશન કરવામાં આવે છે. આજથી થોડાં જ વર્ષો પહેલાં, કોઈએ વિચાર્યું પણ નહિ હોય કે રૉબોટની મદદથી ઑપરેશન કરવામાં આવશે. બસ, એવી જ રીતે આજ સુધી કોઈએ વિચાર્યું નથી કે એક પુરુષ બાળકને જન્મ આપી શકે. મેડિકલ સાયન્સ માટે આ એક નવી ચૅલેન્જ છે. સંશોધનો અને પ્રયોગો માટે એક નવી દિશા ખૂલી રહી છે ત્યારે આપણા મગજનાં બારણાંઓ બંધ કરવાનો આપણને કોઈને હક નથી. જો આ પહેલ ભારત નહિ કરે તો કોઈ બીજો દેશ કરશે. પણ એ દિવસો હવે દૂર નથી કે જ્યારે એક પુરુષ પ્રેગનન્ટ થઈ શકશે. વર્ષો પહેલા ભારતે શૂન્યની ખોજ કરેલી. આટલાં વર્ષો પછી હું ઇચ્છું છું કે ભારત ફરી પાછી એક નોંધપાત્ર ખોજ કરે. એ ખોજ હશે પુરુષની કૂખેથી એક બાળકનો જન્મ."

પલ્લવ સામે જોઈને કૃપાલીએ કહ્યું, "હું થોડા સમય માટે સ્વાર્થી થઈ ગયેલી, પણ તારા આ નિર્ણય માટે મને તારા પર ગર્વ છે."

ડૉ. સમીરે પોતાની વાત આગળ વધારી, "આ ત્રણેય જગ્યાએથી પરમિશન આવે તો તારા કેસને સ્પેશિયલ કેસ તરીકે ટ્રીટ કરી, તને સેક્સ રિઍસાઇન્મૅન્ટ સર્જરીની મંજૂરી મળી શકે છે. આ ઑપરેશન પ્લાસ્ટિક સર્જન કરશે."

"આ ઑપરેશન વિશે મેં થોડું ઘણું વાંચ્યું પણ આમાં ઍક્ઝૅક્ટલી શું કરવામાં આવશે?" કૃપાલીએ પૂછ્યું.

"આ ઑપરેશનમાં મેલ સેક્સ્યુઅલ ઑર્ગન્સમાંથી ફિમેલ સેક્સ્યુઅલ ઑર્ગન્સ બનાવવામાં આવશે. ઊંડાણમાં સમજાવું તો આ ઑપરેશનમાં સૌપ્રથમ પલ્લવના બંને ટેસ્ટીકલ્સ કાઢવામાં આવશે." પછી પલ્લવ સામે જોઈને ડૉ. સમીરે કહ્યું, "પલ્લવ, હજુ એક વાર વિચારી લે. ટેસ્ટીકલ્સ કાઢવાની સાથે જ તારા પુરુષત્વનો અંત થશે. તારું સમગ્ર પુરુષત્વ જેના આધારે ટકેલું છે, એ ટેસ્ટોસ્ટેરોન હોર્મોન તારામાં બનશે નહિ. તારું મસલ માસ, તારો ઍટિટ્યૂડ, તારી ખુમારી, તારી તાકાત બધું જ પડી ભાંગશે. સ્ત્રીમાં પ્રવેશતા પહેલા તારામાં રહેલા પુરુષને તારે સંપૂર્ણ ઉતારી નાખવો પડશે."

પલ્લવની સામે જોઈને કૃપાલીએ પલ્લવનો હાથ પકડ્યો અને કહ્યું, "એક વાર વિચારી લે પલ્લવ. કરવું જ છે ને? કશુંક સાબિત કરવાની હોડમાં એવું ન થાય કે આપણે આપણું અસ્તિત્વ જ ગુમાવી બેસીએ."

પલ્લવ હસ્યો અને કહ્યું, "લોકો પોતાના દેશ માટે પોતાનો જીવ કુરબાન કરી દે છે. મારા બાળક માટે, હું મારું પુરુષત્વ કુરબાન ન કરી શકું?"

કૃપાલી સામે જોઈને ડૉ. સમીરે કહ્યું, "ભાભી, ગમે તે થાય. આ મમ્મી બનીને રહેવાનો."

"આગળ શું કરવાનું છે મારે?" પલ્લવે પૂછ્યું.

"તારે કશું જ કરવાનું નથી. જે કરશે તે પ્લાસ્ટિક સર્જન કરશે. તારું પેનીસ કાઢી નાખવામાં આવશે. પેશાબનો નવો રસ્તો બનાવવામાં આવશે અને તારા પેનીસની ચામડીને ઇન્વર્ટ કરીને તારી વજાઈના બનાવવામાં આવશે. ટૂંકમાં આ ઑપરેશનને અંતે તારા એક્સટર્નલ સેક્સ્યુઅલ ઑર્ગન્સ એક સ્ત્રી જેવા થઈ જશે."

એક પણ સેકંડ વિચાર્યા વગર પલ્લવે જવાબ આપ્યો, "મને મંજૂર છે. આગળ બોલ."

"આ ઑપરેશન પછી તને ફિમેલ હોર્મોન્સની ટેબલેટ્સ આપવામાં આવશે. ઇન્જેક્શન લેવાની જરૂર નથી. આ હોર્મોન્સથી તારા શરીરમાં ધીમે ધીમે સ્ત્રીના શરીર જેવા ફેરફારો શરૂ થશે."

કૃપાલીએ ફરી એક વાર પલ્લવ સામે જોયું. પલ્લવ મક્કમ નજરે ડૉ. સમીરની વાતો સાંભળી રહ્યો હતો.

"ઇસ્ટ્રોજન્સને કારણે થોડા જ મહિનાઓમાં તારે બ્રેસ્ટ પણ ડેવલપ થશે. મૅનેજ કરી શકીશ?"

કૃપાલીએ ફરી પલ્લવનો હાથ પકડ્યો. "થોડું વિચારી લઈએ પલ્લવ. ઉતાવળ નથી કરવી."

કૃપાલી સામે જોયા વગર જ પલ્લવે જવાબ આપ્યો, "આજ સુધી જે જોવામાં નથી શરમાયા, એ રાખવામાં શેની શરમ? મારા બાળક સુધી લઈ જતી દરેક પ્રક્રિયાના દરેક પરિણામો મને મંજૂર છે."

ડૉ. સમીરે કહ્યું, "ઑપરેશન પછી એક વાર તારે ક્લીવલૅન્ડ ક્લિનિક જવું પડશે. ઑર્ગન રેસીપીઅન્ટમાં તારું નામ લખાવવા અને તારા સેમ્પલ્સ આપવા માટે. જેવો કોઈ ડોનર મળશે અને તારા સેમ્પલ્સ સાથે મૅચ થશે, ત્યારે એ લોકો તને જાણ કરશે. તમને બંનેને તો આ પ્રોસિજર ખબર જ છે.'

"તને લાગે છે કે એ લોકો યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ માટે મને કન્સીડર કરશે?"

"મારી કાલે જ ડૉ. લીઝા જોહાન્સન જોડે વાત થઈ. શી વોઝ વેરી મચ એક્સાઇટેડ. તેઓ તને એક ટ્રાયલના ભાગ રૂપે લેશે. આવી ટ્રાયલ્સ અમેરિકામાં ચાલતી જ હોય છે. આવા અભૂતપૂર્વ ઑપરેશન માટે એમને એક ગીની પીગ મળી રહેશે અને તને યુટરસ મળી જશે."

"સમીરભાઈ, તમને લાગે છે કે પલ્લવને યુટરસ આપવા માટે કોઈ ડોનર તૈયાર થશે?" કૃપાલીએ પૂછ્યું.

"રેસીપીઅન્ટ કોણ છે? એ વાત તો એ લોકો હંમેશાં ગુપ્ત જ રાખે છે. માટે ઑર્ગન ડોનરને જાણ નહિ કરવામાં આવે કે તેનું યુટરસ એક પુરુષમાં પ્રત્યારોપિત કરવામાં આવે છે. જો આ ઑપરેશન સફળ જશે, તો ફક્ત અમેરિકાના જ નહિ, દેશભરના અખબારોમાં પલ્લવનું નામ હૅડલાઇન્સમાં હશે અને ત્યારે એ વિગત કોઈનાથી અજાણ નહિ રહે."

"ટ્રાન્સપ્લાન્ટ પછી શું?" પલ્લવે પૂછ્યું.

"તારા પહેલા મૅન્સિસની પ્રતીક્ષા. એક વાર મૅન્સિસ શરૂ થઈ જાય પછી થોડા મહિનાઓ રાહ જોવાની. ટ્રાન્સપ્લાન્ટના એક વર્ષ પછી તારી વજાઈનામાંથી પેલા એમ્બ્રિયો તારા યુટરસમાં નાખવામાં આવશે." પોતાના બંને હાથ પહોળા કરીને ડૉ. સમીરે કહ્યું, "ઍન્ડ ઇફ એવરીથિંગ ગોઝ વેલ, તું દુનિયાનો પહેલો એવો પુરુષ હોઈશ જે કન્સીવ કરશે."

કૃપાલી અને પલ્લવે એકબીજાની સામે જોઈને સ્માઇલ કર્યું.

"સેક્સ રિએસાઇન્મૅન્ટ સર્જરીનું કન્સેન્ટ ફૉર્મ મેં પલ્લવને આપેલું છે. એ ફૉર્મ પર તમારા બંનેની સહી જોશે. સામાન્ય રીતે આ ફૉર્મ પર સ્પાઉઝની સહી નથી હોતી કારણ કે આ ઑપરેશન કરાવનાર વ્યક્તિ અવિવાહિત હોય છે. પણ પલ્લવનો સ્પેશિયલ કેસ છે. આ કેસમાં પતિ-પત્ની બંનેની સહીઓ જોશે."

"મેં ગુસ્સામાં આવીને એ ફૉર્મ ફાડી નાંખ્યું હતું. મારે બીજું એક ફૉર્મ જોઈએ છે." પલ્લવની સામે જોઈને કૃપાલીએ કહ્યું, "આ વખતે સહી કરવા માટે. ફાડવા માટે નહિ."

"ઓલ ધ બેસ્ટ" પોતાના ડ્રોવરમાંથી એક બીજું ફૉર્મ કૃપાલીને આપતા ડૉ. સમીરે કહ્યું. "ઑપરેશન માટેની પરમિશન મળે એટલે તરત જ હું તમને જાણ કરીશ. ત્યાં સુધી ઑપરેશન વિશે ફરી એક વાર વિચારવાનો તમારા બંને પાસે સમય છે."

પલ્લવે ઊભા થતા કહ્યું, "આ નિર્ણય લીધા પછી હવે પાછા ફરવાનો કોઈ પ્રશ્ન જ નથી. હું પરમિશન આવે એની રાહ જોઈશ."

"એક છેલ્લો પ્રશ્ન." કૃપાલી હજુ પણ ખુરશી પર બેઠેલી હતી, "ઑપરેશન કરાવ્યા પછી પલ્લવની ઓળખ કાયમ માટે સ્ત્રીની જ થઈ જશે?"

"વેરી ઇન્ટરેસ્ટિંગ ક્વેશ્ચન. આ મુદ્દે આપણે વાત જ નથી કરી." ડૉ. સમીર બોલ્યા. પછી પલ્લવ તરફ

ઇશારો કરીને કહ્યું, “થોડી વાર બેસ. ભાભીએ એક મસ્ત સવાલ પૂછ્યો છે.”

પલ્લવ ફરી પોતાની ખુરશી પર બેઠો.

ડૉ. સમીરે બહુ જ ઉત્સાહપૂર્વક વાતની શરૂઆત કરી, “બીજા બધા ટ્રાન્સજેન્ડરના કેસ કરતા પલ્લવનો કેસ તદ્દન અલગ છે. અમારા ડૉક્ટરો માટે પણ આ એક નવો એરિયા છે. જો પલ્લવનું ઑપરેશન થાય તો એ સૌથી યુનિક ઑપરેશન હશે, કારણ કે આ પહેલા આ પ્રકારનો કિસ્સો ક્યારેય બન્યો જ નથી.”

“પણ હમણાં તો તમે કહ્યું કે ટ્રાન્સજેન્ડર ઑપરેશન ઘણા થાય છે.” કૃપાલીએ કહ્યું.

“એક્ઝેક્ટલી. ટ્રાન્સજેન્ડર ઑપરેશન ઘણા થાય છે પરંતુ આ પ્રકારના નહિ.”

“હું સમજ્યો નહિ.” પલ્લવે કહ્યું.

“હું સમજાવું.” એ જ સમયે ડૉ. સમીરના ટેબલ પર ચાના ત્રણ કપ મૂકવામાં આવ્યા. “અરે ગ્રેટ, ચાલો ચા પણ આવી ગઈ.” કૃપાલી અને પલ્લવ બંનેને ચાના કપ આપતાં ડૉ. સમીર બોલ્યા, “રૂટિનમાં જે ટ્રાન્સજેન્ડર ઑપરેશન થતા હોય છે, એમાં જેન્ડર બદલનાર વ્યક્તિ પોતાની આખી જિંદગી ઑપોઝિટ જેન્ડર તરીકે જ વિતાવવા માંગે છે અને ઑપોઝિટ જેન્ડર તરીકે ઓળખાવવા માટેના પૂરા પ્રયત્નો કરે છે. પલ્લવના કેસમાં આ તદ્દન અલગ છે.’

ચાનો ઘૂંટડો ભરતાં પલ્લવે કહ્યું, “હું હજુ પણ સમજ્યો નહિ.”

“હું તને ઉદાહરણ આપું. સામાન્ય સંજોગોમાં ધારો કે કોઈ પુરુષ ‘મેલ ટુ ફિમેલ’ ટ્રાન્સજેન્ડર ઑપરેશન કરાવે તો ફક્ત સેક્સ રિએસાઇન્મૅન્ટ સર્જરીથી વાત અટકી નથી જતી. કારણ કે સેક્સ રિએસાઇન્મૅન્ટ સર્જરી કરવાથી ફક્ત સેક્સ્યુઅલ ઑર્ગન્સ બદલાય છે, જેન્ડર નહિ.”

“સમીરભાઈ, તમે શું બોલો છો એ કશું જ સમજાતું નથી.” કૃપાલીએ કહ્યું.

“ભાભી, જેન્ડર બદલવા માટે સેક્સ રિએસાઇન્મૅન્ટ સર્જરી ઉપરાંત બીજી ઘણી સર્જરી કે પ્રોસિજર કરવી પડે છે. જેમકે લેસર હેર રિમૂવલ દ્વારા દાઢી-મૂછ તેમજ શરીર પરના બધા જ અણગમતા અને બિનજરૂરી વાળ કાઢી નાખવામાં આવે છે. આ ઉપરાંત ફૅશિયલ સર્જરી, લીપ સર્જરી વગેરે કરાવીને પુરુષના ચહેરાને સ્ત્રીના ચહેરા જેવો નમણો અને આકર્ષક બનાવવામાં આવે છે. એટલું જ નહિ, સ્ત્રી જે પીચમાં બોલે છે એ જ પીચમાં બોલવા માટે વૉઇસ થૅરાપી પણ આપવામાં આવે છે જેથી વ્યક્તિની સ્પીચ પણ સ્ત્રી જેવી જ લાગે. ટૂંકમાં કહું તો માથાના વાળથી પગના નખ સુધી અને હાવભાવથી ચાલવાની રીત સુધી બધું જ બદલી શકાય છે. પણ પલ્લવને એ કશાની જરૂર નથી કારણ કે સ્ત્રીના સેક્સ્યુઅલ ઑર્ગન્સ મેળવવાનો પલ્લવનો એક માત્ર ઉદ્દેશ્ય બાળકને જન્મ આપવાનો છે. ભલે થોડા ઘણા ફૅમિનાઇન ફિચર્સ ચોક્કસ આવશે, પણ એક રીતે જોઈએ તો પલ્લવ પુરુષ જ રહેશે.”

“એટલે એવું કહી શકાય કે સ્ત્રીના સેક્સ્યુઅલ ઑર્ગન્સ સાથે પલ્લવ પુરુષ બનીને જ બાળકને જન્મ આપશે?” કૃપાલીએ પૂછ્યું.

“એવું બિલકુલ કહી શકાય.” ડૉ. સમીરે કહ્યું.

હળવા સ્મિત સાથે પલ્લવ બોલ્યો, “ફક્ત સ્ત્રીના સેક્સ્યુઅલ ઑર્ગન્સ સાથે જ નહિ, સ્ત્રીની સંવેદનાઓ અને અનુભૂતિઓ સાથે પલ્લવ એક પુરુષ બનીને બાળકને જન્મ આપશે.’

“પણ ટેસ્ટોસ્ટેરોન હોર્મોન તો કાયમને માટે બંધ થઈ જશે ને? પુરુષત્વનો હોર્મોન જ નહિ રહે તો પલ્લવ પુરુષ કેવી રીતે કહેવાશે?” કૃપાલીનો પ્રશ્ન બહુ જ વેલીડ હતો.

“ધેટ ઇઝ ઓકે. અમારા ઘણા બધા દર્દીઓમાં ટેસ્ટોસ્ટેરોન હોર્મોન કાયમને માટે બંધ કરવા અમે સારવારના ભાગ રૂપે દર્દીના બંને ટેસ્ટિકલ્સ કાઢી લેતા હોઈએ છીએ. લોહીમાં ટેસ્ટોસ્ટેરોનનું પ્રમાણ તદ્દન ઓછું અથવા નહિવત હોવા છતાં પણ તેઓ પોતાની બાકીની જિંદગી બહુ જ સ્વસ્થ રીતે અને એક પુરુષ તરીકે જ જીવે છે.”

“આવી પણ સારવાર હોય?” પલ્લવે પૂછ્યું.

"હા. પ્રોસ્ટેટ કૅન્સર જ્યારે શરીરના અન્ય ભાગોમાં તથા હાડકાંઓમાં ફેલાઈ ગયું હોય એવા છેલ્લા સ્ટેજના કૅન્સરમાં અમે આ રીતે હોર્મોનલ થૅરાપી આપીએ છીએ. એનાથી કૅન્સર નાબૂદ તો નથી થતું પણ કાબૂમાં રહે છે અને આગળ વધતું અટકે છે."

"એટલે એનો અર્થ એમ થયો કે ટૅસ્ટિકલ્સ કાઢીને ટેસ્ટોસ્ટેરોન હોર્મોન કાયમને માટે બંધ કરવો એ તમારા માટે નવું નથી?" કૃપાલીએ પૂછ્યું.

"બિલકુલ નવું નથી." ડૉ. સમીરે કહ્યું.

"ઓકે ધેન." કરીને પલ્લવ ઊભો થયો. 'વી આર મૂવિંગ અહેડ એસ પર ધ પ્લાન.' કૃપાલી પણ તેની સાથે ઊભી થઈ.

"ઓકે ધેન, સી યુ વેરી સૂન. હું તમારા લોકોના સંપર્કમાં રહીશ." ડૉ. સમીરે કહ્યું.

કૃપાલી અને પલ્લવ ધીમે ધીમે ડૉ. સમીરની ઓપીડીના દરવાજા સુધી પહોંચ્યાં. એ જ સમયે ડૉ. સમીરે કહ્યું, "વેઇટ અ મિનિટ."

પલ્લવ અને કૃપાલીએ પાછું વળીને જોયું.

"તમને ગમે એવી એક વાત તો તમારી સાથે શેર કરવાની જ રહી ગઈ. તમે આ પહેલાં પણ એક વાર યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ કરાવી ચૂક્યા છો, એટલે આ વાત કદાચ તમને ખબર હશે."

"કઈ વાત?' કૃપાલીએ પૂછ્યું.

"એ જ કે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ પરમેનન્ટ નથી હોતું. આ એક માત્ર એવું ઑર્ગન છે જે રેસીપીઅન્ટના શરીરમાં કાયમી રાખવામાં નથી આવતું."

"હા, આવું કંઈક કહેલું તો ખરું. એ પછી કાઢવાનું હોય છે, રાઇટ?" કશુંક યાદ કરીને પલ્લવ બોલ્યો.

"યેસ. ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ કાર્ય પૂરું થાય એટલે કે એક અથવા તો બે બાળકના સિઝેરિયન પછી આ ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ કાઢી નાખવામાં આવે છે." ડૉ. સમીરે કહ્યું.

"પણ એવું શું કામ?" કૃપાલીએ પૂછ્યું.

"એવું એટલા માટે કે જ્યાં સુધી ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ શરીરમાં હોય ત્યાં સુધી દર્દીએ ઇમ્યુનો-સપ્રેસન્ટસ દવાઓ લેવી પડે છે જેથી કરીને રીજેક્શન ન આવે. જો ઇમ્યુનો-સપ્રેસન્ટસ દવાઓ ન લેવામાં આવે તો બીજી કોઈ પણ વ્યક્તિના ઑર્ગનને આપણું શરીર સ્વીકારતું નથી. એને ફોરેઇન બૉડી કે ફોરેઇન ઑર્ગન ગણે છે અને આ માટે આપણા શરીરમાં રીજેક્શન રીએક્શન આવે છે. એટલે જ્યાં સુધી ટ્રાન્સપ્લાન્ટેડ ઑર્ગન દર્દીના શરીરમાં હોય ત્યાં સુધી તેણે આ પ્રકારની દવાઓ લેવી પડે છે."

થોડો પોઝ લઈને ડૉ. સમીર બોલ્યા, "યુટરસ એક જ એવું ટ્રાન્સપ્લાન્ટેડ ઑર્ગન છે જેનું કામ પૂરું થયા પછી એ કાઢી શકાય છે. એને માટે એ કઢાવ્યા પછી દર્દીને આજીવન ઇમ્યુનો-સપ્રેસન્ટસ દવાઓ લેવાની કોઈ જ જરૂર નથી."

કૃપાલી અને પલ્લવના ચહેરા પર સ્મિત દેખાયું. એ જોઈને ડૉ. સમીર બોલ્યા, "હવે તમારા ચહેરા પર સ્માઇલ આવી જ ગયું છે તો એ સ્માઇલને થોડું વધારે પહોળું કરી આપું. તમને બીજી એક માહિતી આપું." તેઓ પલ્લવ તરફ આગળ વધ્યા અને પલ્લવને ઉદ્દેશીને બોલ્યા, "ફક્ત ઇમ્યુનો-સપ્રેસન્ટસ દવાઓ જ નહિ, પછી તારે ફિમેલ હોર્મોન્સ લેવાની પણ જરૂર નહિ પડે. એટલું જ નહિ, બહારથી તને ટેસ્ટોસ્ટેરોન હોર્મોન્સ આપીને ફરી તારા મેનલી ફિચર્સ પાછા લાવી શકાય છે પણ તારે જીવવું તો ફિમેલ સેક્સ્યુઅલ ઑર્ગન્સ સાથે જ પડશે."

"તમારા મેડિકલ સાયન્સે મારું જે કરવું હોય એ કરો. મને એક વાતની ખાતરી છે કે મારાં રંગસૂત્રો કોઈ બદલી નથી શકવાનું. મારા ક્રોમોઝોમ XY છે અને XY જ રહેશે. હું પુરુષ તરીકે જન્મ્યો'તો અને એક પુરુષ તરીકે જ મરીશ."

◙

“એમ તને હું નહિ મરવા દઉં. બેટા, તું નથી જાણતો કે તું આત્મહત્યા કરી રહ્યો છે. ઈશ્વરે આપેલા શરીરનું સન્માન કરતા શીખ. જિંદગીના કૅનવાસ પર કાલ્પનિક ઘટનાઓ દોરવા માટે, આપણી પોતાની જાત અને આપણી વાસ્તવિક્તાને ભૂંસી ન દેવાય બેટા.” પલ્લવનાં મમ્મીએ કહ્યું. પછી પપ્પા તરફ આગળ વધીને મમ્મીએ કહ્યું, “તમે કાંઈ સમજાવો ને!”

“શું સમજાવું આને?” પલ્લવ તરફ ઇશારો કરીને પપ્પાએ કહ્યું. પલ્લવની સામે જોઈને તેઓ બોલ્યા, “તારી પાસેથી બહુ બધી અપેક્ષાઓ હતી. મારી તો હવે રિટાયર થવાની ઉંમર છે. મને એમ હતું કે મારા પછી આપણા બિઝનેસને તું વધારે આગળ લઈ જઈશ. બેટા, દુનિયામાં કરવા જેવાં કેટલાં બધાં કામો છે. કેટલા બધા નવા પ્રૉજેક્ટ્સ તારી રાહ જોઈ રહ્યા છે. આ દુનિયા એવા જ લોકોની કદર કરે છે, જે લોકો મહેનતુ છે... હજુ પણ મોડું નથી થયું. આ ગાંડપણ છોડી દે.’

“આ ગાંડપણ નથી પપ્પા. આ કમિટમૅન્ટ છે. મેં મારી પોતાની જાતને આપેલું કમિટમૅન્ટ.”

કૃપાલી સામે જોઈને પપ્પાએ કહ્યું, “એક સ્ત્રી તને આટલી બધી બરબાદ કરી નાખશે, એવું મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું.”

કૃપાલીનો હાથ પકડીને પલ્લવે કહ્યું, “સ્ત્રી ક્યારેય પુરુષને બરબાદ નથી કરતી પપ્પા. સ્ત્રીની પાછળ પુરુષ પોતે બરબાદ થતો હોય છે.”

“બરબાદ થવાનું તો પુરુષના ભાગે જ આવે છે.” પપ્પાએ કહ્યું.

“તમે ચિંતા નહિ કરો. મારા ભાગ્યમાં બરબાદ થવાનું લખેલું નથી. કારણ કે મારા જીવતરમાં રહેલી સ્ત્રી મારી પત્ની છે.” કૃપાલી સામે જોઈને પલ્લવે કહ્યું, “મારી પત્ની મને આબાદ કરવા આવી છે.”

“પ્રેમમાં માણસ આંધળો થાય એ તો સાંભળ્યું’તું પણ પ્રેમમાં માણસ જેન્ડર બ્લાઇન્ડ પણ થઈ જાય, એ તો આજે જ જોયું.” પપ્પાએ કહ્યું. પલ્લવ અને કૃપાલીએ હજુ પણ એકબીજાના હાથ પકડેલા હતા. એ જોડાયેલા હાથ પાસે આવીને પપ્પાએ કહ્યું, “ફક્ત હાથ પકડવાથી કોઈ આબાદ નથી થઈ જતું, પલ્લવ.”

“તમે તો આબાદ થઈ ગયા, પપ્પા. મમ્મીએ તમારો હાથ પકડ્યો એમાં તમે આબાદ થઈ ગયા ને! જેમ તમારી પત્નીએ તમને સફળતા અપાવી છે, એમ મારી પત્ની પણ મને સફળતા અપાવશે.”

“કલ્પનાઓની દુનિયામાંથી બહાર આવ પલ્લવ. કાલ સવારે જ્યારે આખો સમાજ તારા પર થું-થું કરશે, ત્યારે તને વાસ્તવિકતાનું ભાન થશે અને ત્યારે બહુ મોડું થઈ ગયું હશે.” મમ્મીએ કહ્યું.

“સમાજ શું કહેશે? એની મને પરવા નથી મમ્મી. મારી અંદર રહેલું કોઈ મને કંઈક કહી રહ્યું છે અને હું એ જ અવાજને સાંભળું છું.”

મમ્મીએ રડતા રડતા કહ્યું, “તારી માનું પણ નહીં સાંભળે?”

“ચોક્કસ સાંભળત મમ્મી. જો હું કોઈનું ખૂન કરવા જઈ રહ્યો હોત અને તું મને અટકાવત તો ચોક્કસ તારું સાંભળ્યું હોત. પણ હું કોઈનો જીવ લેવા નહિ, એક નવા જીવને આ પૃથ્વી પર લાવવા માટે આ કરી રહ્યો છું. એક નવું સર્જન કરવા માટેનો આ યજ્ઞ છે અને આ કરતાં મને કોઈ અટકાવી નહિ શકે.”

“હું તને અટકાવી ન શકું, પણ મારી જાતને લટકાવી તો શકું ને! જો મારા દીકરાએ પોતાની જાતનો વિનાશ કરવાની તૈયારી શરૂ કરી દીધી હોય, તો આત્મવિલોપન કરવાની શરૂઆત સૌપ્રથમ હું કરીશ.” કહીને મમ્મી પોતાના રૂમ તરફ ચાલવા લાગ્યા.

“મમ્મી, તેં એવું કાંઈ પણ કરવાનો વિચાર પણ કર્યો છે તો તને મારા આવનારા બાળકના સમ.” પલ્લવ આટલું જ બોલ્યો અને મમ્મી અટકી ગયાં.

થોડો સમય સન્નાટો છવાયેલો રહ્યો. મમ્મીએ પોતાના આંસુઓ લૂછ્યાં, "બાળકના સમ આપીને તું મને આત્મહત્યા કરતા રોકી શકે, ઘર છોડતા નહિ." કહીને મમ્મી પોતાના રૂમમાં ચાલ્યાં ગયાં.

થોડી વાર પછી પોતાની બૅગ પેક કરીને બહાર આવ્યાં અને કહ્યું, "સાંભળી લે પલ્લવ. જ્યાં સુધી તારા મગજ પરથી આ ઑપરેશન કરાવવાનું ભૂત નહિ ઊતરે, ત્યાં સુધી હું આ ઘરમાં પાછી નહિ આવું."

"તારે ઘર છોડવાની જરૂર નથી, મમ્મી." પલ્લવે મમ્મીનો હાથ પકડીને તેને રોકી લીધા, "જો ઘર છોડવાનું જ હશે, તો અમે લોકો ઘર છોડીશું." કૃપાલી તરફ જોઈને પલ્લવે કહ્યું, "ચાલ કૃપાલી. થોડો સમય અલગ થવાનો વારો આવ્યો છે."

કૃપાલીએ આંખોથી ઇશારો કરીને પલ્લવને ઘર ન છોડવા માટે વિનંતી કરી. પલ્લવ મક્કમ નજરે કૃપાલી તરફ જોઈ રહ્યો. કૃપાલીએ ધીમા અવાજે કહ્યું, "એક વાર વિચારી લે પલ્લવ."

"વિચારી લીધું કૃપાલી. મારા ઑપરેશન માટેની મંજૂરી મમ્મી-પપ્પા ક્યારેય નહિ આપે. એ ઑપરેશન મારા પર થઈને જ રહેશે. અસહમત થઈને એક ઘરમાં રહેવા કરતા, સંમતિથી અલગ થઈ જવું બધાના હિતમાં છે."

એટલું બોલીને પલ્લવ કૃપાલીને લઈને પોતાના બેડરૂમમાં ચાલ્યો ગયો.

"તમે પ્લીઝ એને સમજાવો. એને રોકી લો." મમ્મીએ બે હાથ જોડીને પપ્પાને કહ્યું.

"ઘર છોડવાની વાત તેં શરૂ કરી'તી."

"અરે, હું તો પ્રયત્ન કરતી'તી કે કોઈ પણ વાતે પલ્લવ આ ઑપરેશન કરવાનું માંડી વાળે. પોતાના દીકરાને પીડામાંથી બચાવવા માટે એક માના એ ધમપછાડા હતા. ગમે તેમ કરીને મારે પલ્લવને એ ઑપરેશન કરાવતા અટકાવવો'તો."

"પલ્લવ બહુ જિદ્દી છે. એ નહિ માને." પપ્પાએ કહ્યું.

"બહુ ડર લાગે છે. દીકરાને ત્યાં ઘોડિયું બાંધવાની ઘેલછામાં, હું ક્યાંક મારો પોતાનો દીકરો ગુમાવી ન બેસું?"

"જીદ માણસને બરબાદ કરી નાખે છે. ઘરમાં ગર્ભવતી સ્ત્રી હોવાની તારી જીદે તને બરબાદ કરી નાખી અને એ ગર્ભવતી સ્ત્રી બનવાની જીદ હવે પલ્લવને બરબાદ કરી નાખશે."

થોડો સમય વીત્યો. પલ્લવ અને કૃપાલી પોતાનો સામાન લઈને બહાર આવ્યાં. પલ્લવના બંને હાથમાં બે મોટી બૅગ્સ હતી. પલ્લવે એ બંને બૅગ્સ ઘરના દરવાજાની બહાર મૂકી અને પાછો આવ્યો.

મમ્મીને પગે લાગીને પલ્લવ બોલ્યો, "આશીર્વાદ આપ કે સફળ થઈને પાછો ફરું."

"બેટા, તને હાથ જોડું છું. પ્લીઝ, આવી જીદ નહિ કર. તું જે કહીશ, એ મને મંજૂર છે. તમે બંને આજીવન નિઃસંતાન રહેશો તો પણ મને વાંધો નથી. તને ગુમાવવાનું મને નહિ પોસાય."

"મમ્મી, હું જંગે ચડ્યો છું પણ હું યુદ્ધ કરવા નથી જઈ રહ્યો. સરહદ પર યુદ્ધ કરવા જઈ રહેલા સિપાહીઓને પણ તેમની મમ્મીઓ ખુશી ખુશી આશીર્વાદ આપતી હોય છે. તેઓ તો દેશને માટે પ્રાણ કુરબાન કરવા જતા હોય છે. હું તો મારી જાતમાં એક નવો જીવ ઉગાડવા માટેની મથામણ કરી રહ્યો છું. આશીર્વાદ આપી દે. તારો દીકરો ગર્ભવતી બનવા જઈ રહ્યો છે."

મમ્મીએ રડતાં રડતાં આશીર્વાદ આપ્યા. પલ્લવ પપ્પાને પગે લાગ્યો અને કહ્યું, "તબિયત સાચવજો. તમારે જીવતા રહેવાનું છે, મારા બાળકને રમાડવા માટે."

એટલું બોલીને પલ્લવ કૃપાલીનો હાથ પકડીને દરવાજા તરફ ચાલવા લાગ્યો. મમ્મી-પપ્પા તેમની પાછળ ધીમે ધીમે ચાલતાં'તાં. મમ્મીના આંસુઓ પણ પલ્લવની જેમ જીદ કરીને પરાણે આંખોના દરવાજા ઓળંગી રહ્યા હતા.

મમ્મીનાં ડૂસકાં સાંભળીને પલ્લવ થોડી ક્ષણો માટે અટક્યો. પીઠ મમ્મી તરફ રાખીને જ પલ્લવ બોલ્યો, "તને ખબર છે મમ્મી, એક દીકરો એની માથી ક્યારે જુદો થાય છે? એના જન્મ પછી તરત

જ. જ્યારે અમ્બિલિકલ કોર્ડ કાપવામાં આવે છે, ત્યારે જ એક દીકરાને એની મમ્મીથી અલગ કરી દેવામાં આવે છે. પણ તને ખબર છે એવું શું કામ કરવામાં આવે છે? એવું એટલા માટે કરવામાં આવે છે કારણ કે દીકરો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ બનાવીને પોતાના બળ પર શ્વાસ લઈ શકે. પોતાના દમ પર શ્વાસ લેવા માટે સૌથી પહેલાં બાળકને રડવું જ પડે છે, મમ્મી. બસ, એટલું સમજી લે કે શ્વાસોચ્છ્વાસ ટકાવી રાખવાની મથામણમાં રડવું એ પૂર્વશરત છે."

એટલું બોલીને પલ્લવે પીઠ ફેરવી. મમ્મી તરફ જોઈને બોલ્યો, 'તારે હવે રડવાનું નથી. તારે તો હવે અમારા રડતા બાળકને છાનું રાખવાનું છે.'

પલ્લવ અને કૃપાલી એકબીજાનો હાથ પકડીને ગાડીમાં બેસી ગયાં અને આંગણામાં કિલકિલાટ લાવવાની મહત્ત્વકાંક્ષાએ ચંદ્રકાન્ત ઠક્કરના ઘરમાં સન્નાટો ભરી દીધો.

* * *

પોતાનો બધો સામાન અને વજનદાર સપનાંઓ લઈને પલ્લવ અને કૃપાલી નવા ફ્લૅટમાં શિફ્ટ થયાં. પંદરેક દિવસ જેવો સમય વીત્યો. એક સવારે કૃપાલી અને પલ્લવ લિવિંગ રૂમના સોફા પર બેસીને વાતો કરી રહ્યાં હતાં.

"પલ્લવ, આપણે બરાબર કરી રહ્યા છીએ ને?" કૃપાલીએ પૂછ્યું.

"એક સારું કામ કરવા જઈ રહ્યાં છીએ. બરાબર જ કરતા હશું ને!"

"મારા કારણે તારે તારાં મમ્મી-પપ્પાથી અલગ થવું પડ્યું."

"તારા કારણે નહિ, મમ્મીની માન્યતાઓને કારણે."

"જો પલ્લવ, હું હંમેશાં તારી સાથે જ છું. પણ એક વાર વિચારી લઈએ. સપનાંઓ પૂરાં કરવાની જીદમાં આપણે સંબંધો ગુમાવતા નથી ને? અધૂરા સંબંધો સાથે સપનાંઓ પૂરાં કરવાનો કોઈ જ અર્થ નથી. ચાલ માની લીધું કે તું જે કરી રહ્યો છે એ યજ્ઞ છે પણ આ યજ્ઞમાં આપણા સંબંધોની આહુતિ આપવાનું તને કેટલા અંશે વાજબી લાગે છે?"

"કૃપાલી, આપણે ફક્ત ઘર છોડ્યું છે, મમ્મી-પપ્પાને નહિ. ઑપરેશન કરાવીને મારે જેન્ડર નથી બદલવું, મારે તો ફક્ત માન્યતા બદલવી છે. મમ્મી જેવા કેટલા બધા લોકો આ સમાજમાં હશે, જેઓ એવું જ વિચારતા હશે જેવું મમ્મી વિચારી રહી છે."

"તું બહુ જ કન્ફ્યુઝડ લાગે છે. ક્યારેક કહે છે કે તારે બાળક જોઈએ છે એટલે તું આ બધું કરે છે. ક્યારેક કહે છે કે સમાજ બદલવો છે. ક્યારેક કહે છે કે મમ્મીએ જે શરતો મૂકી છે, એ પૂરી કરવા આના સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. હવે તો મમ્મી પણ માની ગયાં છે. મમ્મીએ સરોગસી માટે હા પાડી દીધી છે. મમ્મીએ તો ત્યાં સુધી કહ્યું છે કે આપણે લોકો આજીવન નિ:સંતાન રહીએ તો પણ એમને વાંધો નથી. આ બધું કરવાનો હવે તારી પાસે કોઈ જ મોટિવ નથી પલ્લવ. મને ખરેખર નથી સમજાતું કે તું આ બધું શું કામ કરી રહ્યો છે?"

પલ્લવ થોડી વાર સુધી કશું જ ન બોલ્યો. કૃપાલી પલ્લવની સામે જોઈ રહી. પલ્લવની આંખોમાં ધીમે ધીમે ભીનાશ વધતી ગઈ. કૃપાલીની કોરી કટ્ટ આંખો સામે પોતાની પાણી ભરેલી આંખો ધરીને પલ્લવ બોલ્યો, "હું આ બધું હવે એટલા માટે કરું છું કારણ કે....." પલ્લવનો અવાજ થોડો વધારે રડમસ થયો. કોઈ નવ મહિનાની ગર્ભવતી સ્ત્રીને બાળક આવવાની તૈયારી હોય, એવી જ રીતે પલ્લવની આંખોને આંસુ અને ગળાને ડૂસકાંઓ આવવાની તૈયારી હતી.

કૃપાલીએ પલ્લવના માથા પર હાથ ફેરવ્યો અને પૂછ્યું, "કારણ કે?"

પલ્લવે જવાબ આપ્યો, "કારણ કે આટલાં વર્ષોમાં પહેલી વાર મને મારી અંદર એક મા બની શકવાની શક્યતા દેખાઈ છે." એટલું બોલીને પલ્લવે પોતાના આંસુઓની નૉર્મલ ડિલિવરી કરાવી દીધી.

કૃપાલીએ પલ્લવને પોતાની છાતીએ વળગાડી દીધો. તેને ખૂબ વહાલ કર્યું અને કહ્યું, "મારી એક

ફેવર કરીશ?"

કૃપાલીના ખોળામાંથી ઊભા થતા થતા પલ્લવે કહ્યું, "બોલ ને."

"આપણે બંને સાથે મા બનીએ. તું આપણા આવનારા બાળકની મમ્મી બનજે અને હું તારી મમ્મી બનીશ. તું મારું પહેલું બાળક છે."

"મને હવે રિયલાઇઝ થાય છે કે યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ જેવા મોટા ઑપરેશન માટે તું તરત રાજી કેવી થઈ ગઈ? મા બની શકવાની કલ્પના માત્ર ધન્યતા આપનારી છે. મા બની શકવાની શક્યતા સામે દુનિયાની દરેક વસ્તુ, દરેક વ્યક્તિ, બીજો દરેક સંબંધ આપોઆપ વામણો લાગવા લાગે છે." કૃપાલીનો હાથ પકડીને પલ્લવે કહ્યું, "આઇ એમ સૉરી કૃપાલી. જે સુખ તને મળવું જોઈતું'તું, એ સુખ મેળવવા માટે આજે હું ધમપછાડા કરી રહ્યો છું. હું કેટલો સ્વાર્થી થઈ ગયો છું, નહિ?"

"દુનિયાની દરેક માએ એના બાળક માટે સ્વાર્થી થવું જ પડે છે. મને એ વાતનો આનંદ છે કે તું પણ હવે એક મા જેવું જ વિચારવા લાગ્યો છે. તું શું કામ સૉરી કહે છે? સૉરી તો સંજોગોએ કહેવું જોઈએ. ચિંતા નહિ કર. મારી કૂખે જન્મેલું હોય કે તારી, બાળક તો આપણા બંનેનું કહેવાશે ને? બસ, ડર એક જ વાતનો છે."

કૃપાલીનો હાથ પોતાના બંને હાથ વચ્ચે દબાવીને પલ્લવે પૂછ્યું, "આપણે બંને સાથે છીએ પછી તને શેનો ડર લાગે છે?"

"વેરવિખેર થઈ ગયેલું સપનું આપણે બંનેએ પાછું ઊભું કર્યું છે. ફરી એક વાર જો તૂટશે ને, તો સપનાંઓ પરથી વિશ્વાસ ઊઠી જશે."

ઘરની ડોરબેલ વાગી.

કૃપાલીએ દરવાજો ખોલ્યો. કોઈ દેખાયું નહિ. કૃપાલીએ નીચે જોયું તો પેંડાનું એક બૉક્સ પડેલું. કોઈ માણસ દેખાયું નહિ. પેંડાનું બૉક્સ લઈને કૃપાલી અંદર આવી ગઈ અને દરવાજો બંધ કરી દીધો.

"કોઈ પેંડાનું બૉક્સ મૂકી ગયું છે." કૃપાલીએ અંદર આવીને કહ્યું.

"શેના પેંડા? કોણ આવ્યું'તું?"

"ખબર નહિ. બહાર કોઈ હતું જ નહિ."

ફરી ડોરબેલ વાગી. ઊભા થતાં પલ્લવે કહ્યું, "ઊભી રે, હું ખોલું છું."

પલ્લવે દરવાજો ખોલ્યો અને દરવાજાની પેલે પાર ઊભા'તા ડૉ. સમીર પરીખ.

"સમીર તું? અહીંયાં? પેંડા તું લાવ્યો છે?"

"હા, પેંડા હું લાવ્યો છું. અંદર આવું?"

"અરે પ્લીઝ પ્લીઝ. સૉરી, અંદર આવવાનું કહેતાં જ ભૂલી ગયો."

ઘરની દીવાલો જોઈને ડૉ. સમીરે કહ્યું, 'સરસ ફ્લૅટ છે યાર.'

"આવો આવો સમીરભાઈ. પેંડા કઈ ખુશીમાં છે? એ તો કહો." કૃપાલી પાણી લાવતાં બોલી.

પાણી પીને ડૉ. સમીરે કહ્યું, 'પેંડા એ ખુશીમાં છે કે ....' આટલું બોલીને ડૉ. સમીર અટકી ગયા.

"સસપેન્સ ન રાખ યાર." પલ્લવે કહ્યું.

"ત્રણેય જગ્યાએથી તારા ઑપરેશન માટેની મંજૂરી મળી ગઈ છે." ડૉ. સમીરે ખુશ થતાં કહ્યું.

પલ્લવની આંખોમાં ખુશીના આંસુઓ હતા. તે કશું જ બોલ્યો નહિ. તે કૃપાલીને ભેટી પડ્યો. તેની પીઠ પર હાથ ફેરવતાં કૃપાલી બોલી, "તેં જ કહેલું ને કે સપનાંઓ જોવાના બંધ કરી દેવા, એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે."

"ભાભી, આ ખુશીમાં હવે એક મસ્ત ચા પીવડાવી દો." ડૉ. સમીરે કહ્યું.

આંસુઓ લૂંછીને કૃપાલીએ કહ્યું, "હમણાં લાવી". કૃપાલી અંદર રસોડામાં ચાલી ગઈ.

જેવી કૃપાલી રસોડામાં ગઈ એટલે તરત જ ડૉ. સમીરે કહ્યું, "યાર પલ્લવ, તારી સાથે એક અગત્યની વાત કરવાની હતી."

"બોલ ને." પલ્લવે કહ્યું.

"આપણે ઑપરેશનને લગતી બધી જ વાતો કરી લીધી છે પણ એક સૌથી અગત્યની ચર્ચા કરવાની રહી ગઈ છે."

"તું બોલ ને યાર. જે કાંઈ પણ કહેવું હોય એ કહી દે."

ડૉ. સમીર થોડા ગંભીર થયા અને કહ્યું, "ઑપરેશન પછીની તારી સેક્સ્યુઅલ લાઇફ વિશે તેં ક્યારેય વિચાર્યું છે?"

"ના યાર. એવો તો ક્યારેય વિચાર જ નથી આવ્યો."

"ઍક્ઝેક્ટલી. એ વિચાર તારે પહેલાં કરી લેવો જોઈએ. તે દિવસે ભાભીની હાજરીમાં આ ચર્ચા હું તારી સાથે કરી શક્યો નહિ, પણ મને આ વિષય અંગે ચર્ચા કરી લેવી બહુ જ જરૂરી લાગે છે."

પલ્લવ કોઈ ઊંડા વિચારમાં સરી પડ્યો.

ડૉ. સમીરે કહ્યું, "આ વિશે એક વાર તારે ભાભી સાથે પણ ચર્ચા કરી લેવી જોઈએ."

પલ્લવે થોડા ખચકાટ સાથે પૂછ્યું, "ઑપરેશન પછીની સેક્સ લાઇફ શું હોઈ શકે?"

"વેલ, ઑનેસ્ટલી સ્પિકિંગ તારા ઑપરેશન પછી તમારા બંનેની સેક્સ્યુઅલ લાઇફનો 'ધી ઍન્ડ' આવી જશે. તમે બંને સેક્સ્યુઅલી ઍક્ટિવ રહી શકો છો પરંતુ ..." ડૉ. સમીર પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલાં જ પલ્લવ બોલ્યો, "પરંતુ એકબીજા સાથે નહિ. રાઇટ?"

"યેસ. આ વિશે ગંભીરતાથી વિચારજે પલ્લવ. સેક્સ્યુઅલ લાઇફમાં તિરાડ પડવાથી મેં ઘણા બધા પતિ-પત્નીઓને અલગ થઈ જતા જોયા છે. આ બાબતે તારે ભાભીના ઇમોશન્સનો વિચાર પણ કરવો જોઈએ. એક પત્નીને એક પતિ તરફથી જે સંતોષ મળવો જોઈએ, એ સંતોષથી ભાભી કાયમને માટે વંચિત થઈ જશે."

"ચા તૈયાર છે." ટ્રેમાં ચાના ત્રણ કપ લઈને કૃપાલીએ ઍન્ટ્રી મારી. ચાની ટ્રે ટિપાઈ પર મૂકીને કૃપાલીએ પૂછ્યું, "તો શું નક્કી થયું ફાઇનલી? ઑપરેશન ક્યારે કરવાનું છે?"

"આવતા ગુરુવારે. મેં પ્લાસ્ટિક સર્જન સાથે વાત કરી લીધી છે."

પલ્લવે કૃપાલીની સામે જોયું અને હસ્યો. ડૉ. સમીરે પૂછ્યું, "શું થયું? ગુરુવારે કોઈ પ્રૉબ્લેમ હોય તો બીજી કોઈ ડેટ પૂછી જોઈએ."

કૃપાલીએ કહ્યું, "ના ના. ગુરુવાર પરફેક્ટ છે. પલ્લવનો ફૅવરિટ વાર છે. એ એવું માને છે કે ગુરુવારે કરેલું કોઈ પણ કામ ક્યારેય નિષ્ફળ નથી જતું."

"મને ખબર નહોતી યાર કે તું વારમાં આટલું બધું માને છે."

"હું વારમાં નથી માનતો. હું ઈશ્વરમાં માનું છું." પલ્લવે કહ્યું.

"સો ઓલ ધ બેસ્ટ. આપણે સીધા હવે ઑપરેશનને દિવસે મળીશું. એ પહેલાં તારે પ્લાસ્ટિક સર્જન ડૉ. યોગેશ મહેતા પાસે તપાસ માટે જવું પડશે. ઑપરેશન માટેની જરૂરી સૂચનાઓ તેઓ જ તને આપશે."

ચા પીને ડૉ. સમીર ઊભા થયા.

"થૅન્ક્યુ સો મચ. આ સમાચાર આપવા તમે છેક ઘરે આવ્યા." કૃપાલીએ કહ્યું.

"પલ્લવ પૅશન્ટ તો પછી, પહેલાં મારો મિત્ર છે. એ જે કરવા જઈ રહ્યો છે, એની માટે હું જેટલું પણ કરું એ ઓછું છે." પલ્લવના ખભા પર હાથ મૂકીને ડૉ. સમીરે કહ્યું, "જો બધું પ્લાન પ્રમાણે રહ્યું, તો આવનારા દિવસોમાં લોકો તારાં ઉદાહરણો આપશે. તારો કેસ મેડિકલ સાયન્સની દુનિયામાં એક માઇલસ્ટોન ગણાશે. તું જે કરી રહ્યો છે, એના માટે બહુ બધી હિંમત જોઈએ. પ્રાઉડ ઑફ યુ." એટલું બોલીને ડૉ. સમીર નીકળી ગયા.

* * *

એ જ રાતની વાત છે. પલ્લવને ઊંઘ નહોતી આવતી. તે વારંવાર પડખા ફરી રહ્યો હતો.

"ઊંઘ નથી આવતી?" કૃપાલીએ પૂછ્યું.

"તને કશુંક કહેવાનું હતું."

"બોલ ને."

"ખબર નથી પડતી, કેવી રીતે કહેવું?" પલ્લવ પોતાની પથારીમાં બેઠો થઈ ગયો.

કૃપાલી પણ બેઠી થઈ. પલ્લવના ગાલ પર હાથ ફેરવીને કૃપાલીએ કહ્યું, "સેક્સ ઇઝ મચ મોર ધેન જસ્ટ એન ઇન્ટરકોર્સ."

પલ્લવ સ્તબ્ધ થઈ ગયો. "એટલે....."

પલ્લવની છાતી પર હાથ ફેરવતા ફેરવતા કૃપાલી બોલી, "સૉરી પણ તારી અને સમીરભાઈની વાતો મેં સાંભળી લીધી હતી."

"તને નથી લાગતું કે આ બહુ મોટો પ્રૉબ્લેમ છે?" પલ્લવે પૂછ્યું.

"એક પુરુષની જેમ વિચારીશ તો હા, આ બહુ મોટો પ્રૉબ્લેમ છે. પણ એક સ્ત્રીની જેમ વિચારીશ તો ના, આ જરાય મોટો પ્રૉબ્લેમ નથી. ઇનફેક્ટ, આ તો પ્રૉબ્લેમ જ ન કહેવાય."

"ઑપરેશન પછીની મારી ડિઝાયર શું હશે? એ મને ખબર નથી. મને કોના તરફ આકર્ષણ થશે? પુરુષ તરફ કે સ્ત્રી તરફ? મને એ પણ ખબર નથી. પણ મારે તારો વિચાર તો કરવો જોઈએ ને!"

"અમે સ્ત્રીઓ શરીરને પ્રેમ નથી કરતા. અમે વ્યક્તિને પ્રેમ કરીએ છીએ. સેક્સ એ કોઈ ચોક્કસ સમયાંતરે કરવું પડતું પ્રેમનું રિચાર્જ નથી કે જે ન કરીએ તો પ્રેમની વૅલિડિટી પૂરી થઈ જાય."

"પરંતુ એ પણ જરૂરી તો છે ને? દરેક વ્યક્તિને પોતાના આવેગો ઠાલવવા માટે કોઈ બીજી વ્યક્તિની જરૂર તો પડે જ છે."

થોડું વિચારીને કૃપાલીએ કહ્યું, "જો મારી વાત કરું તો મને ઇમોશનલ આવેગો વધારે આવે છે. શારીરિક ઓછા. હા, ઇમોશનલ આવેગો ઠાલવવા માટે મારે ચોક્કસ કોઈ વ્યક્તિની જરૂર પડશે. એના માટે તો તું છે જ. હું એટલી જલદી તને છોડવાની નથી."

"આર યુ સ્યોર, યુ આર ઓકે વિથ ધેટ?" પલ્લવે પૂછ્યું.

"એક વાત હંમેશાં યાદ રાખજે પલ્લવ. મારા માટે સંભોગ કે સમાગમ કરતાં સંબંધો વધારે મહત્ત્વના છે."

"તેં મારું બહુ મોટું ટૅન્શન હળવું કરી દીધું યાર. હું તો સવારનો એ જ વિચારતો હતો કે આ પ્રૉબ્લેમનું શું કરશું?"

"એટલે જ મેં કહ્યું ને કે એક પુરુષની જેમ વિચારીશ તો બહુ મોટો પ્રૉબ્લેમ છે. પરંતુ એક સ્ત્રીની જેમ વિચારીશ તો આ એટલો મોટો પ્રૉબ્લેમ પણ નથી જેના કારણે આપણો સાથ છૂટી જાય."

પલ્લવે કહ્યું, "કૃપાલી, મને એક વાતનું પ્રૉમિસ આપ. ભવિષ્યમાં ક્યારેય પણ તારી ડિઝાયર તારા પર હાવી થઈ જાય, તો તું એને કૉમ્પ્રોમાઇઝ નહિ કરે. મારા તરફની વફાદારી સાબિત કરવા માટે તું ક્યારેય પણ તારી કામેચ્છાનું બલિદાન નહિ આપે. હું તને અત્યારે લેખિત સંમતિ આપવા તૈયાર છું કે ભવિષ્યમાં જ્યારે પણ તને જરૂર જણાય ત્યારે તને ગમતી યોગ્ય વ્યક્તિ સાથે તું ગમે ત્યારે..."

પલ્લવના મોઢા પર હાથ રાખીને કૃપાલીએ તેને ચૂપ કરી દીધો. કૃપાલીએ કહ્યું, "કોઈ બીજી વ્યક્તિ સાથે થોડાક કલાકોના સહશયન કરતાં, તારી સાથેનો આજીવન સહવાસ અને સથવારો મને વધારે આનંદ આપશે."

પલ્લવે એક મસ્ત સ્માઇલ આપીને કહ્યું, "આઇ લવ યુ."

સામે કૃપાલીએ પણ સરસ સ્માઇલ આપીને કહ્યું, "આઇ લવ યુ ટુ. સૂઈ જા. ગુરુવાર નજીક આવી રહ્યો છે."

◙

ગુરુવારની સવાર પડી. ઑપરેશન થિયેટરના ડ્રેસમાં પલ્લવ તૈયાર હતો. કૃપાલી તેની બાજુમાં બેઠેલી હતી. ડૉ. સમીર પરીખ અને ડૉ. યોગેશ મહેતા રાઉન્ડમાં આવ્યા.

"સો... આર યુ રેડી?" ડૉ. યોગેશે પૂછ્યું.

પોતાના જમણા હાથનો અંગૂઠો ઉપર કરીને પલ્લવે કહ્યું, "યેસ."

"નર્વસનેસ નથી લાગતી ને?" ડૉ. સમીરે પૂછ્યું.

"તારા જેવો મિત્ર ઑપરેશન થિયેટરમાં હાજર રહેવાનો હોય, પછી નર્વસનેસ શેની?"

"થોડી જ વારમાં O.Tમાં શિફ્ટ કરીએ છીએ." ડૉ. સમીરે કહ્યું અને બંને ડૉક્ટરો બહાર નીકળી ગયા.

પલ્લવે કૃપાલીની સામે જોઈને કહ્યું, "તું આજે બહુ સુંદર લાગે છે."

કૃપાલીએ કશો જ જવાબ ન આપ્યો. એ ફક્ત શરમાઈ.

"મારામાં કેટલું સ્ત્રીત્વ પ્રવેશશે એની તો મને ખબર નથી પણ એક વાત તો નક્કી છે કે આજનો દિવસ મારામાં રહેલા પુરુષત્વને વિદાય આપવાનો દિવસ છે. મને એવું લાગે છે કે મારી આસપાસ ઢોલ-નગારા વાગી રહ્યા છે. શરણાઈઓ વાગી રહી છે. આઠ-નવ મહિનાની સગર્ભા સ્ત્રીઓ હાથમાં પૂજાની થાળી લઈને મારી સામે આવી રહી છે. તેઓ મને કંકુ-ચોખા કરે છે. ફૂલહાર પહેરાવે છે. રેડ કાર્પેટ પાથરીને માતૃત્વની દુનિયામાં તેઓ મારું સ્વાગત કરી રહ્યા છે. એ રસ્તા પર તું મારી સાથે ચાલી રહી છે."

એ જ સમયે પલ્લવને ઑપરેશન થિયેટરમાં લઈ જવા માટે સ્ટ્રેચર અંદર આવ્યું. પલ્લવને સ્ટ્રેચર પર શિફ્ટ કરવામાં આવ્યો.

સ્ટ્રેચર પર સૂતાં સૂતાં પલ્લવે પોતાનો જમણો હાથ કૃપાલી તરફ લાંબો કર્યો અને કહ્યું, "એક વાર મારો હાથ પકડ ને!"

કૃપાલીએ પોતાના બે હાથની વચ્ચે પલ્લવનો હાથ કચકચાવીને પકડી લીધો અને કહ્યું, "છોડ્યો છે જ ક્યારે?"

પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કર, તેનાં સપનાંઓ અને તેની મહત્ત્વકાંક્ષાઓનો ભાર લઈને બિચારું સ્ટ્રેચર ચૂપચાપ ઑપરેશન થિયેટરની અંદર ચાલ્યું ગયું અને એક સામાન્ય માણસનું અસામાન્ય ઑપરેશન શરૂ થયું.

સેક્સ રિએસાઇન્મૅન્ટ સર્જરી દ્વારા પલ્લવના ઍક્સટર્નલ સેક્સ્યુઅલ ઑર્ગન્સ મેલમાંથી ફિમેલના કરવામાં આવ્યા. સૌથી પહેલાં તેના બંને ટેસ્ટિકલ્સ કાઢવામાં આવ્યા. ત્યાર બાદ તેના પેનીસમાં રહેલા સિલિન્ડર્સ કાઢવામાં આવ્યા. પેશાબનો રસ્તો (યુરેથ્રા) નવી રીતે તૈયાર કરવામાં આવ્યો. પેનીસની બહારની સ્કીનને ઇન્વર્ટ કરીને તેમાંથી વજાઈના (યોનિ) બનાવવામાં આવી.

ઑપરેશન પછીના પાંચથી સાત દિવસ સુધી પલ્લવને હૉસ્પિટલમાં રાખવામાં આવ્યો. સાતમે દિવસે તેનું કૅથેટર કાઢવામાં આવ્યું. જે દિવસે સવારે તેને રજા આપવાની હતી, એ દિવસે સવારે ડૉ. યોગેશ મહેતા અને ડૉ. સમીર પરીખ બંને સાથે રાઉન્ડમાં આવ્યા. કૃપાલી પલ્લવની બાજુમાં જ બેઠેલી હતી.

ડૉ. યોગેશે પૂછ્યું, "ઓલ ઓકે? કાંઈ તકલીફ નથી ને?"

"કોઈ જ તકલીફ નથી સર." પલ્લવે સ્માઇલ કરીને જવાબ આપ્યો.

"આજે તારું કૅથેટર કાઢીએ છીએ. તું એક વાર યુરીન પાસ કરી લે પછી તને ડિસ્ચાર્જ કરીએ." ડૉ. સમીરે કહ્યું.

હૉસ્પિટલ સ્ટાફને કૅથેટર કાઢવા માટેની સૂચના આપવામાં આવી. પલ્લવનું કૅથેટર કાઢ્યા બાદ ડૉ.

સમીરે કહ્યું, "યુરીન પાસ થઈ જાય એટલે અમને જાણ કર. તારા ડિસ્ચાર્જની બધી ફોર્માલિટીઝ હું પૂરી કરાવું છું."

પલ્લવે પોતાના જમણા હાથનો અંગૂઠો ઉપર કરીને કહ્યું, "તરત જ કહેવડાવીશ."

થોડા સમય પછી ડૉ. સમીરને સમાચાર મળ્યા કે પલ્લવે યુરીન પાસ કરી લીધું છે. ડૉ. સમીર પલ્લવના રૂમમાં આવ્યા અને કહ્યું, "કરી દઈએ ડિસ્ચાર્જ? કોઈ પ્રૉબ્લેમ નથી ને?"

પલ્લવે બહુ ગંભીર ચહેરે કહ્યું, "એક મોટો પ્રૉબ્લેમ છે યાર."

"શું થયું?" ડૉ. સમીર પણ ગંભીર થઈ ગયા.

તેમના કાન પાસે આવીને પલ્લવે કહ્યું, "ઊભા ઊભા કરવાની આદત પડી ગઈ'તી યાર. આ બેઠા બેઠા કરવાનું નથી ફાવતું." અને પછી બંને જણા ખડખડાટ હસી પડ્યા.

* * *

આ ઑપરેશનની જાણ બીજે જ દિવસે અમેરિકામાં ડૉ. લીઝા જોહાનસનને કરવામાં આવી. તેમણે ડૉ. યોગેશ મહેતા સાથે વાત કરીને યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ લગભગ છથી નવ મહિના પછી કરવાનો પ્લાન બનાવ્યો. ઍન્ડોક્રાઇનૉલૉજીસ્ટે ડૉ. લીઝા સાથે વાત કરીને ઑપરેશનના બીજા જ દિવસથી પલ્લવને ફિમેલ હૉર્મોન્સની દવાઓ આપવાની શરૂ કરી દીધી. નવ મહિના પછી થનારા યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ માટે પલ્લવના શરીરને તૈયાર કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું.

પલ્લવના યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ માટે સૌથી મોટી અડચણ હતી ડોનર મળવાની. કૃપાલી વખતે ડોનરના ઇસ્યુને કારણે જ ખાસો સમય પસાર થઈ ગયેલો.

* * *

ઑપરેશનના છ-સાત મહિના પછીની વાત છે. ડૉ. સમીર પરીખ પોતાની OPDમાં દર્દીઓ તપાસી રહ્યા હતા. તેમના સ્ટાફે આવીને તેમના હાથમાં એક ચિઠ્ઠી આપી. ચિઠ્ઠી પર લખેલું હતું, "થોડી વાર મળવું છે. થોડું અરજન્ટ છે. પ્લીઝ." નીચે નામ લખેલું હતું કૃપાલી પલ્લવ ઠક્કર.

ડૉ. સમીરે તેમના સ્ટાફને કહ્યું, "આ પૅશન્ટ બહાર જાય એટલે આ મૅડમને તાત્કાલિક અંદર મોકલો."

જેવું પૅશન્ટ બહાર નીકળ્યું એટલે તરત જ સ્ટાફે કૃપાલીને કહ્યું, "સાહેબને મળી આવો." કૃપાલી ધીમા પગલે ડૉ. સમીરની OPDમાં દાખલ થઈ. તેને જોતા જ ડૉ. સમીર પોતાની ખુરશી પર ઊભા થઈ ગયા.

"અરે ભાભી, આવો ને. તમારે આવી ચિઠ્ઠીઓ ન લખવાની હોય. તમારે સીધો ફોન કરી દેવાનો હોય."

"ફોન પર થઈ શકે એવી વાત નહોતી એટલે મારે રૂબરૂ આવવું પડ્યું. સૉરી, તમને ડિસ્ટર્બ કર્યા."

"નોટ એટ ઓલ. તમે શાંતિથી વાત કરો. કોઈ જ ઉતાવળ નથી." કહીને ડૉ. સમીરે એક બેલ મારી. સ્ટાફ અંદર આવ્યો. ડૉ. સમીરે તેને કહ્યું, "પાણી લેતા આવો ને."

પછી કૃપાલી સામે જોઈને કહ્યું, "બોલો ભાભી, પલ્લવ મજામાં?"

પલ્લવનું નામ સાંભળીને કૃપાલીની આંખોમાંથી આંસુઓ આવવા લાગ્યા. નીચી નજર કરીને કૃપાલીએ રડવાનું શરૂ કરી દીધું.

સ્ટાફ પાણીનો ગ્લાસ ભરીને લાવ્યો. પાણીનો ગ્લાસ કૃપાલીને આપતાં ડૉ. સમીરે કહ્યું, "ભાભી, શાંત થઈ જાવ. એવો કોઈ જ પ્રૉબ્લેમ નથી કે જેનું સોલ્યુશન ન આવે. શું થયું છે પલ્લવને?"

કૃપાલીએ રડતાં રડતાં કહ્યું, "પલ્લવ સાવ બદલાઈ ગયો છે સમીરભાઈ."

"એ તો એક્સ્પેક્ટેડ હતું ને!"

"પણ મેં આટલું બધું નહોતું ધાર્યું."

"શું કર્યું એણે?"

"સમીરભાઈ, એનો સ્વભાવ સાવ બદલાઈ ગયો છે. એવું લાગે છે કે મારો પહેલાંનો પલ્લવ ક્યાંક ખોવાઈ ગયો છે. નાની નાની વાતમાં ઇમોશનલ થઈ જાય છે, વારેવારે રડવા લાગે છે. મારાથી વાત વાતમાં રિસાઈ જાય છે, આખો દિવસ બોલતો નથી."

"ભાભી, પલ્લવ પહેલેથી જ સેન્સિટીવ છોકરો છે. જ્યારે એ નૉર્મલ હતો ત્યારે પણ એ ખૂબ જ ઇમોશનલ હતો, ત્યારે પણ એ જાહેરમાં રડતો. પુરુષ હોવા છતાં પણ જાહેરમાં રડવામાં એને ક્યારેય કોઈ નાનપ લાગી જ નથી."

કૃપાલીએ પોતાના આંસુઓ લૂછ્યાં, પાણી પીધું અને થોડી સ્વસ્થ થઈને કહ્યું, "આખો દિવસ અરીસામાં જોયા કરે છે. અરીસા સામે આટલો સમય પસાર કરતાં મેં એને ક્યારેય જોયો નથી. પોતાના શરીરને લઈને ફરિયાદો કર્યા કરે છે."

"જુઓ ભાભી, આ બહુ જ સ્વાભાવિક છે. એના શરીરમાં ફેરફારો થશે. એક્ચ્યુઅલી વાંક મારો જ છે. છેલ્લા ત્રણેક મહિનાથી આપણે મળ્યા જ નથી. થોડો બીઝી હતો એટલે તમારા ઘરે ન આવી શક્યો."

"એન્ડોક્રાઇનોલૉજીસ્ટે બધું જ સમજાવેલું હોવા છતાં એ પોતાના શરીરને લઈને બહુ ઑબ્સેસીવ થઈ ગયો છે."

"એને તકલીફ કઈ વાતની છે?"

"એનો દેખાવ ઘણો બદલાઈ ગયો છે. ઘણું બધું વજન વધી ગયું છે. એની ફાંદ નીકળી ગઈ છે, જે એને બિલકુલ નથી ગમતું. એના થાઇસ અને હિપ્સ મોટા થઈ ગયા છે, જેને લઈને સતત એને ફરિયાદો રહ્યા કરે છે."

"આ થવું સ્વાભાવિક છે. આને Redistribution of body fat કહેવાય. એને કહો થોડી કસરત કરે."

"થાકી જાય છે. લીફ્ટ બંધ હોય અને દાદરા ચડવા પડે તો પણ એ થાકી જાય છે. મારામાં હવે તાકાત જ નથી રહી એવું કહીને વારેવારે રડવા લાગે છે. છાતી પરના અને શરીર પરના વાળ જવા લાગ્યા છે, નાની બ્રેસ્ટ ડેવલપ થઈ છે. આખો દિવસ ફરિયાદો જ કર્યા કરે છે."

"ભાભી, આ બધા શારીરિક ફેરફારો હોર્મોનલ ડિસ્ટર્બન્સને કારણે છે. આ બધી વાત આપણે પહેલાં એને કરેલી હતી."

"સમીરભાઈ, એના શારીરિક ફેરફારો સામે મને કોઈ જ વાંધો નથી. ભલે એનું વજન વધ્યું હોય, ભલે શરીર પરના વાળ ખરી જાય, ભલે એની છાતી વિચિત્ર લાગે, ભલે એની સ્ટેમીના કે મસલ સ્ટ્રેન્થ પહેલાં જેવી ન રહે. મને એની સામે કોઈ જ વાંધો નથી. મેં પલ્લવને એક વ્યક્તિ તરીકે પ્રેમ કર્યો'તો, એના શરીરને નહિ. શરીર બદલાયું એનો મને કોઈ જ અફસોસ નથી, પણ પલ્લવનો સ્વભાવ બદલાયો છે."

"એ પણ હૉર્મોન્સને કારણે જ છે."

"હંમેશાં પૉઝિટિવ વિચારો કરતો પલ્લવ હવે અચાનક નૅગેટિવ થઈ ગયો છે. કારણ વગર રડવા લાગે છે. મારા પર ડાઉટ્સ કરવા લાગ્યો છે. એને લાગે છે કે એનાથી છુપાઈને હું કોઈની સાથે અફેર કરી રહી છું. મારા માટે એટલો બધો પઝેસીવ થઈ ગયો છે કે મને થોડી વાર પણ ન જુએ તો બેચેન બની જાય છે."

"મને લાગે છે કે પલ્લવ ડિપ્રેશનમાં છે. આપણે સાઇકિયાટ્રિસ્ટની હેલ્પ લેવી જોઈએ."

એ જ સમયે કૃપાલીનો ફોન વાગ્યો. કૃપાલીએ ફોન બતાવીને ડૉ. સમીરને કહ્યું, "એનો જ ફોન છે."

ડૉ. સમીરે કહ્યું, "સ્પીકર પર રાખો."

"ક્યાં છે તું?" ફોન ઉપાડતાંની સાથે જ પલ્લવે કહ્યું.

"સમીરભાઈને મળવા આવી છું. એમના ક્લિનિક પર છું."

"તને સરસ બહાનું મળી ગયું નહિ, સમીર પાસે જવાનું"

"કેમ આવું બોલે છે પલ્લવ? હું તારા વિશે વાત કરવા અહીંયાં આવી છું."

"મને ખબર છે ત્યાં શું વાતો થતી હશે. પલ્લવ આમ નથી કરતો, તેમ નથી કરતો. મને ખબર છે કે હું તને હવે નથી ગમતો. છોડીને ચાલી જા ને. મારી સાથે રહેવાના અને મને પ્રેમ કરવાના નાટક શું કામ કરે છે?"

કૃપાલી રડવા લાગી, "તને શું થયું છે પલ્લવ?"

"કેટલા સમયથી ત્યાં બેઠી છે? ઘરે ક્યારે આવીશ? મને ભૂખ લાગી છે."

"હમણાં જ આવું છું, પલ્લવ."

"તું સમીરને રોજ મળવા જાય છે ને? તને મારા માટે જરાય ટાઇમ નથી અને ત્યાં ચા પીતાં પીતાં કલાકો સુધી ગપ્પાં મારે છે."

"હું આખો દિવસ તારી પાસે તો હોઉં છું, પલ્લવ."

"મને ખબર છે કે તું પરાણે હોય છે. હું તને નથી ગમતો ને? સાચું બોલી દે, નથી ગમતો ને હું તને?"

કૃપાલી જવાબ આપવા જાય એ પહેલાં ડૉ. સમીરે હાથથી ઇશારો કર્યો કે તમે હવે કશું જ ના બોલતા.

ડૉ. સમીરે ફોન પાસે જઈને કહ્યું, "પલ્લવ, બધા લોકોને તું હજુ પણ ગમે જ છે. હકીકત એ છે કે તું જ તારી જાતને હવે ગમતો નથી."

થોડો સમય સન્નાટો છવાઈ ગયો. પલ્લવ કશું જ બોલ્યો નહિ, રાઘર કશું બોલી શક્યો નહિ.

"ડોનર મળ્યો કે નહિ?" પલ્લવે વાત બદલી નાખી.

"મારી ગઈકાલે જ ડૉ. લીઝા જોડે વાત થઈ. હજુ સુધી કોઈ ડોનર મળ્યો નથી."

"આટલું મોટું ઑપરેશન કરાવ્યું અને હવે જો ડોનર જ નહિ મળે તો આ ઑપરેશનનો શું અર્થ છે, સમીર?"

"મળશે, થોડી ધીરજ રાખ."

"સાંભળી લે સમીર, હું વધારે રાહ જોઈ શકું તેમ નથી. જો હું મા નહિ બની શકું ને, તો હું કાંઈ પણ કરી બેસીશ."

"આ ઇમ્પ્રેશન્સ, આ ઇનસિક્યોરિટી, આ પઝેસીવનેસ. આ બધી અસરો ઇસ્ટ્રોજન્સને કારણે થઈ રહી છે." પછી એક કટાક્ષભર્યું સ્મિત કરીને ડૉ. સમીર બોલ્યા, "મા બનવા નીકળ્યો છે ને તું? મા બનવાની વાત તો બહુ દૂર રહી પલ્લવ, પહેલા એક સ્ત્રી બનીને તો દેખાડ."

"અત્યારે મારે કોઈને કશું દેખાડવાની જરૂર નથી. મારું બાળક આવશે ત્યારે આખી દુનિયાને દેખાડીશ."

"તારામાં રહેલા ઇસ્ટ્રોજન્સને તારે જ હેન્ડલ કરવા પડશે, પલ્લવ. ઇન અ વે, સારું છે કે તને હજુ સુધી કોઈ ડોનર નથી મળ્યો. યુટરસ રિસીવ કરી શકવાની લાયકાત હજુ તારામાં આવી નથી. તારા શરીરમાં થઈ રહેલા ફેરફારોને સ્વીકારતા શીખ. સ્વીકાર પછી જ સમર્પણ આવે છે દોસ્ત."

પલ્લવે ફોન કટ કરી નાખ્યો. કૃપાલી ઊભી થઈ ગઈ, "હું જાઉં સમીરભાઈ. મને ટૅન્શન થાય છે."

"મને ખબર છે મેં એની સાથે થોડી રુડલી વાત કરી છે પણ એની જરૂર હતી. એને કોઈએ તો સાચું કહેવું જ પડશે."

કૃપાલીએ દરવાજો ખોલ્યો અને બહાર નીકળવા જઈ રહી હતી ત્યારે ડૉ. સમીરે તેને ફરી પાછી બોલાવી, "ભાભી, એક છેલ્લી વાત."

દરવાજા પાસે જ ઊભા રહીને કૃપાલીએ ડૉ. સમીરની સામે નજર કરી.

ડૉ. સમીરે કહ્યું, "પલ્લવ એટલા માટે દુઃખી થાય છે કારણ કે એ પોતાની જાતને હજુ પણ પુરુષ જ માને છે. ભલે એનો અવાજ, એનો ચહેરો બધું જ પુરુષ જેવું હોય. ભલે એનો બાહ્ય દેખાવ પુરુષ જેવો હોય પણ જ્યાં સુધી એ પોતાની જાતને એક સ્ત્રી તરીકે સ્વીકારી નહિ શકે, ત્યાં સુધી તેના શરીરમાં થઈ રહેલા ફેરફારોને એ ક્યારેય સમજી નહિ શકે." ડૉ. સમીરે કૃપાલીની નજીક આવીને કહ્યું, "એને પુરુષ તરીકે ટ્રીટ નહિ કરો. થોડા સમય માટે ભૂલી જાવ કે એ તમારો પતિ છે. એટલું યાદ રાખો કે તમારા જ ઘરમાં રહેતી, એ તમારી કોઈ સહેલી છે. એને એક બહેનપણીની જેમ ટ્રીટ કરો."

* * *

કૃપાલી ઘરે પહોંચી ત્યારે પલ્લવ મોઢું લટકાવીને સોફા પર બેઠેલો હતો. કૃપાલીને જોઈને પલ્લવ બોલ્યો, "તું બહાર જા, તો મને કહીને તો જા."

"તું સૂતો'તો એટલે મને થયું કે તને ડિસ્ટર્બ નથી કરવો. સારું મારી ભૂલ થઈ ગઈ. હવે તને કહીને નહિ, તને લઈને જઈશ."

પલ્લવે પરાણે થોડું સ્માઇલ આપ્યું. કૃપાલીએ કહ્યું, "ચાલ, આપણે બહાર જઈએ."

"અત્યારે ક્યાં જવું છે?"

"સવાલો નહિ કર." પલ્લવને હાથ પકડીને કૃપાલી બહાર લઈ ગઈ, "ગાડીમાં બેસ."

"અરે, પણ મારા વેશ તો જો! મેં ઘરના કપડા પહેર્યા છે. થોડું પ્રૅઝન્ટેબલ તો થવા દે."

ગાડીની ડ્રાઇવિંગ સીટ પર બેસતાં કૃપાલીએ કહ્યું, 'તને યાદ છે? એક વાર અડધી રાતે તું મારા ઘરે આવેલો. ત્યારે હું તારી સાથે નાઇટડ્રેસમાં જ ચા પીવા બહાર આવેલી.'

"એનો બદલો લે છે કે શું? મારે ચા નથી પીવી અત્યારે."

"ચા પીવા નથી જતા."

"તો ક્યાં જઈએ છીએ?"

કૃપાલીએ કોઈ જ જવાબ ન આપ્યો. ગાડી ચલાવે રાખી. ફૂટપાથ પર ઊભી રહેલી એક લારી આગળ ગાડી પાર્ક કરીને કૃપાલીએ કહ્યું, "તને ભૂખ લાગી'તી ને? ચાલ પાણીપુરી ખાઈએ."

કૃપાલી અને પલ્લવે રસ્તા પર ઊભા રહીને પાણીપુરી ખાધી. ઘણા સમય બાદ પલ્લવના ચહેરા પર સ્માઇલ જોવા મળ્યું.

"બસ યાર હવે મારાથી નહિ ખવાય." પલ્લવે કહ્યું. પલ્લવે પાણીપુરીના પૈસા આપી દીધા.

કૃપાલીએ કહ્યું, "મસાલા પુરી તો છેલ્લે ખાવી જ પડે. અરે ભૈયા, ચાર મસાલા પુરી દો,"

ભૈયાએ બે જ મસાલા પુરી આપી.

"અરે ભૈયા, ચાર બોલા ના."

કૃપાલીને ઇગ્નોર કરતો હોય એમ ભૈયાએ કહ્યું, "દો હી મિલેગી."

"અરે સબ લોગ તો ચાર દેતે હૈ, તું ક્યું નહિ દેગા?"

પલ્લવ વચ્ચે પડ્યો, "ઇટ્સ ઓકે કૃપાલી. મારે નથી ખાવી. બંને તું જ ખાઈ લે."

"અરે તારે નથી ખાવી એનો સવાલ જ નથી. ચાર કેમ ન આપે?"

પાણીપુરીવાળા ભૈયા પાસે જઈને કૃપાલીએ કહ્યું, "ઔર દો પુરી દેતે હો યા નહિ?"

"એક્સ્ટ્રા પૈસે લગેંગે." ભૈયાએ કહ્યું.

"હવે તું જો." એટલું બોલીને કૃપાલીએ જોરથી ચીસ પાડી. આસપાસના લોકો જે પાણીપુરી ખાઈ રહ્યા'તા એ ભેગા થઈ ગયા. પલ્લવ આ જોઈ રહ્યો'તો.

બધાએ પૂછ્યું, "શું થયું? શું થયું?"

જમીન પર પડેલો એક મરેલો વંદો બતાવીને કૃપાલી કહે, "આના પાણીમાંથી મરેલો વંદો નીકળ્યો."

એ સાથે જ બધાએ પોતપોતાની ડીશ મૂકી દીધી અને ભૈયાને નિઃસહાય હાલતમાં છોડીને બધા

ત્યાંથી ચાલ્યા ગયા.

કૃપાલીએ પલ્લવ સામે આંખ મારી અને પછી ભૈયાને કહ્યું, "દેખ ભાઈ. યે તો સિર્ફ તેરી ઘરાકી કમ હુઈ હૈ. મસાલા પુરી નહિ દિયા ના, તો વર્લ્ડ વોરભી હો સકતી હૈ."

બે હાથ જોડીને ભૈયાએ "દો ઔર" મસાલાપુરી કૃપાલીની પ્લેટમાં મૂકી દીધી અને પલ્લવ આ બધું જોઈને ખડખડાટ હસવા લાગ્યો. પલ્લવને હસતા જોઈને કૃપાલી પણ હસવા લાગી.

બંને જણાં ગાડીમાં બેઠાં. પલ્લવનું હસવાનું હજુ પણ ચાલુ જ હતું.

કૃપાલીએ પૂછ્યું, "કેમ હજુ હસવું આવે છે તને?"

હસતાં હસતાં પલ્લવે કહ્યું, "તારું આ રૂપ હું પહેલી વાર જોઈ રહ્યો છું. પલ્લવ ચંદ્રકાન્ત ઠક્કરની પત્ની આવી રીતે રસ્તા પર પાણીપુરીવાળા ભૈયા સાથે બે મસાલા પુરી માટે ઝઘડો કરે, એ હજુ માનવામાં નથી આવતું. મને કહે તો? એ બે પુરીના પૈસા બચાવીને તને શું મળ્યું?"

"તારા ચહેરા પર આવેલું હાસ્ય જેની કિંમત મારા માટે આ દુનિયાની કોઈ પણ વસ્તુ કરતાં વધારે છે." પલ્લવના માથા પર હાથ ફેરવીને કૃપાલીએ કહ્યું.

પલ્લવે કૃપાલીની સામે જોઈને એક વહાલભર્યું સ્મિત કર્યું. "બાય ધ વે, હવે આપણે ક્યાં જઈએ છીએ?" પલ્લવે પૂછ્યું.

"શૉપિંગમાં. ચાલ, આપણે મસ્ત શૉપિંગ કરીએ."

* * *

પલ્લવને સાથે રાખીને કૃપાલીએ થોડું શૉપિંગ કર્યું. શૉપિંગ પતાવીને કાઉન્ટર પર જ્યારે બીલ પે કરવાનો વારો હતો, ત્યારે કૃપાલીએ પોતાના પર્સમાંથી પોતાનું ક્રૅડિટકાર્ડ કાઢ્યું. તેના હાથમાંથી ક્રૅડિટકાર્ડ છટક્યું અને નીચે જમીન પર પડી ગયું.

જમીન પર પડેલા એ ક્રૅડિટકાર્ડને લેવા માટે કૃપાલી નીચે વળી અને તેનો દુપટ્ટો સરકી ગયો. કાઉન્ટર પર ઊભા રહેલા માણસે આ બધું જોયું. સરકી ગયેલા દુપટ્ટાએ પેલા માણસનું ધ્યાન સતત કૃપાલી તરફ આકર્ષિત રાખ્યું. પોતાનું બધું જ કામ પડતું મૂકીને એ માણસ કૃપાલીના ક્લિવેજને જોવામાં મંત્રમુગ્ધ થઈ ગયો. બાજુમાં ઊભેલો પલ્લવ આ દૃશ્ય થોડી વાર સુધી જોતો રહ્યો.

કાર્ડ લઈને કૃપાલીએ જ્યારે સામે નજર કરી ત્યારે કૃપાલીને પેલા માણસના ઇન્ટરેસ્ટ વિશે ખ્યાલ આવી ગયો. તેણે તરત જ પોતાનો દુપટ્ટો સરખો કર્યો અને હાથ લંબાવીને પોતાનું ક્રૅડિટકાર્ડ એ માણસના હાથમાં આપ્યું.

પૅમેન્ટ પત્યા પછી એ માણસે ક્રૅડિટકાર્ડ કૃપાલીને પાછું આપ્યું ત્યારે ફરી એની નજર કૃપાલીની છાતી તરફ સ્થિર થઈ. બાજુમાં ઊભેલા પલ્લવે પેલા માણસને જોરથી તમાચો મારી દીધો.

આટલા બધા કસ્ટમર્સની વચ્ચે તમાચો ખાવાને કારણે પેલો માણસ પણ ગુસ્સે થઈ ગયો, 'ઓ સર, તમારો પ્રૉબ્લેમ શું છે? તમાચો કેમ માર્યો?'

પલ્લવનો અવાજ પણ ઊંચો થઈ ગયો, 'મારી પત્ની સામે જોયા કરે છે, શરમ નથી આવતી?'

"તમારી પત્ની સામે જોવા કોઈ નવરું નથી. બીલ પે કરવા માટે તેઓ મારી સામે ઊભા'તા. એમને જોવા માટે હું એમની પાછળ નથી ફરતો."

"પૈસા લેવાના છે તો એમાં ધ્યાન રાખને. કામમાં ધ્યાન રાખવાને બદલે આજુબાજુ ડાફોળિયાં શેનો મારે છે?"

"ઓ સાહેબ, મારું કામ મને ન શીખવાડો. મારું ધ્યાન મારા કામમાં જ છે. તમારાં પત્નીને જ પૂછો, મેં કોઈ મીસબીહેવ કર્યું હોય એમની સાથે તો?" પછી કૃપાલીની સામે જોઈને પેલા ભાઈએ પૂછ્યું, 'ઓ મૅડમ, મેં તમારી સાથે કોઈ મીસબીહેવ કર્યું?"

આસપાસ માણસો ભેગા થઈ ગયા. કૃપાલી નીચે જોઈ ગઈ. પેલા માણસનો અવાજ ઊંચો થતો

ગયો, "અરે મૅડમ બોલો ને! તમારી પાસેથી કાર્ડ લીધું અને બીલ આપ્યું. એક શબ્દની વાત પણ નથી થઈ અને તમારા પતિ મારા પર આરોપ મૂકે છે."

કૃપાલીએ પલ્લવનો હાથ પકડી લીધો અને કહ્યું, "ચાલ પલ્લવ. આપણે માથાકૂટ નથી કરવી."

"અરે કૃપાલી, તને ખબર છે? એ માણસ ક્યારનો ..."

"ચાલ, અહીંથી બહાર નીકળી જઈએ."

કૃપાલી પલ્લવને હાથ પકડીને ત્યાંથી લઈ જઈ રહી હતી ત્યારે બધાને સંભળાય એમ પેલા કાઉન્ટર પર ઊભેલા માણસે કહ્યું, "મૅડમ, આવા લોકોને ઘરે રાખો ને કાં તો કોઈ ડૉક્ટરને બતાવો."

પલ્લવે પાછું વળીને જવાબ આપ્યો, "સાલા, મને ખબર છે તું શું કરતો'તો." કૃપાલીનો હાથ છોડાવીને પલ્લવ ફરી પાછો પેલા માણસ તરફ ધસ્યો.

પેલો માણસ પણ પોતાનું કાઉન્ટર છોડીને બહાર નીકળી આવ્યો, "શું કરતો'તો એટલે? આ રહ્યા સીસીટીવી. દસ મિનિટ પહેલાનું બધું જ ફુટેજ જોઈ લઈએ. જો હું ગુનેગાર સાબિત થાઉં તો આ નોકરીમાંથી હું રાજીનામું આપી દઈશ. નહીં તો બધાની સામે તમારે મારી માફી માંગવાની."

કૃપાલી પલ્લવની પાછળ પાછળ આવી. "પલ્લવ, આપણે કોઈ જ માથાકૂટમાં નથી પડવું." ફરી પાછો પલ્લવનો હાથ પકડીને કૃપાલી તેને ત્યાંથી બહાર લઈ ગઈ.



♦ 17 ♦

પાછા ફરતી વખતે આખા રસ્તે પલ્લવે કૃપાલી સાથે કોઈ જ વાત ન કરી. ઘરે પહોંચ્યા પછી પણ બંને વચ્ચે થોડા સમય સુધી અબોલા રહ્યા.

લિવિંગ રૂમના સોફા પર બેસીને પલ્લવ છાપું વાંચવા લાગ્યો. કૃપાલી રસોડામાં પોતાનું કામ કરવા લાગી. થોડો સમય વીત્યો. કૃપાલીથી ન રહેવાયું.

તેણે બહાર આવીને પૂછ્યું, “તેં પેલા માણસને તમાચો કેમ માર્યો?”

“તને ખબર નથી કૃપાલી, તું જ્યારે નીચી વળી ત્યારે પેલો માણસ તને ઘૂર્યા કરતો’તો.”

“તો ઘૂરવા દેવો’તો ને. કોઈની આંખની આડે આપણે આડશ ન મૂકી શકીએ, પલ્લવ.”

“અરે પણ એની નજર સતત તારી છાતી તરફ હતી.” પલ્લવે થોડા આક્રોશ સાથે કહ્યું.

“મને ખબર છે.”

“તને ખબર છે? અને છતાં તું કાંઈ જ ન બોલી?”

“મોટા ભાગના પુરુષોની નજર સ્ત્રીની છાતી પર જ હોય છે, પલ્લવ. એ વાતની સૌપ્રથમ જાણ એ સ્ત્રીને જ થઈ જતી હોય છે.”

“તો સ્ત્રીઓ કેમ કાંઈ કરતી નથી? આ તો એક જાતનો બળાત્કાર છે, આંખોથી થતો બળાત્કાર.”

“હા પણ કોઈ સ્ત્રીની છાતી સામે જોયા કરવું, એને આપણા સંવિધાનમાં ગુનો નથી ગણવામાં આવતો. કોઈ તમારી સામે જોયા કરતું’તું એની સાબિતી શું છે?”

“તો એનો મતલબ એમ કે સ્ત્રીઓએ કશું જ નહિ કરવાનું?”

“કરવાનું ને!”

“શું કરવાનું?”

“એવા પુરુષોને એવૉઇડ કરવાનું. એમની સામે જવાનું ટાળવાનું. કોઈને અમારી છાતી સામે જોવું હોય, તો અમે એને ના તો ન પાડી શકીએ પરંતુ એની સાથે કેટલી અને કેવી વાત કરવી? એ તો અમારા હાથમાં છે ને.”

“અને તમને ખબર કેમ પડે કે કોણ તમને કેવી રીતે જુએ છે?”

“ઈશ્વરે દરેક સ્ત્રીને એક સ્પેશિયલ સેન્સ આપેલી હોય છે. કોઈ પુરુષના સંપર્કમાં આવતાં જ સ્ત્રીને ખબર પડી જાય છે કે સામેવાળો પુરુષ એની પાસેથી શું અપેક્ષા રાખે છે? દરેક સ્ત્રી જાણતી જ હોય છે કે સામેવાળા પુરુષને પોતાની કઈ વાતમાં ઇન્ટરેસ્ટ છે? વાતમાં, વિચારોમાં કે શરીરમાં?”

“દરેક પુરુષના વિચારો જાણતા હોવા છતાં પણ તમે કશું જ રીએક્ટ નથી કરતા.”

પલ્લવના માથા પર હાથ ફેરવતાં કૃપાલી બોલી, “એ બધું છોડ. એક વાતની મને આજે બહુ જ નવાઈ લાગી.”

“શેની નવાઈ લાગી?”

“ઘણા વર્ષોથી આપણે સાથે છીએ. આટલાં વર્ષોમાં કયો પુરુષ મારી સામે કેવી રીતે જુએ છે? એ તેં ક્યારેય ઑબ્ઝર્વ નથી કર્યું. આજે પહેલી વાર તેં ઑબ્ઝર્વ કર્યું અને તને ગુસ્સો પણ આવ્યો. પલ્લવ, તેં છેક આજે ઑબ્ઝર્વ કર્યું. કેમ?”

પલ્લવ પાસે કોઈ જ જવાબ નહોતો. પલ્લવ નીચી નજર કરીને કૃપાલીની સામે બેઠો રહ્યો. એણે ધીમા અવાજે કહ્યું, “મને નથી ખબર.”

કૃપાલીએ કહ્યું, “મને ખબર છે.” પલ્લવે તરત જ માથું ઊંચું કરીને કૃપાલીની સામે જોયું.

કૃપાલીએ કહ્યું, “કારણ કે આજે પહેલી વાર તેં એક પુરુષની જેમ નહિ, એક સ્ત્રીની જેમ જોયું છે. સ્ત્રીની જેમ વિચાર્યું છે. આજે પહેલી વાર તેં એક સ્ત્રીની સંવેદનાઓ સમજવાનો પ્રયત્ન કર્યો છે.”

પલ્લવ કોઈ ઊંડા વિચારમાં ખોવાઈ ગયો. કૃપાલીએ તેનો હાથ પકડીને કહ્યું, "તું ભલે ક્રોમોઝોમ XY રહ્યો પણ તારામાં એક સ્ત્રી ઊગી રહી છે. એ વાતનો સ્વીકાર કરતા શીખ. મને ખબર છે પલ્લવ, તારા માટે આ સૌથી અઘરો તબક્કો છે. એક બાજુ તારા પુરુષ હોવાનો અહેસાસ, અનુભવ અને અહંકાર તને છોડી નથી રહ્યો અને બીજી બાજુ તારામાં રહેલી કોઈ સ્ત્રી આળસ મરડીને ઊભી થઈ રહી છે જેનો તું સ્વીકાર નથી કરી શકતો. પુરુષના પહેરવેશમાં રહીને સ્ત્રી સંવેદનાઓ અનુભવવાનું કામ સૌથી અઘરું હોય છે પલ્લવ અને અત્યારે તું એ કામ કરી રહ્યો છે."

આ સાંભળીને કશા જ કારણ વગર પલ્લવ રડવા લાગ્યો. તેના માથા પર હાથ ફેરવીને કૃપાલીએ કહ્યું, "તારામાં રહેલા સ્ત્રીત્વની ઉજવણી કરવાનું શરૂ કરી દે. મને તારામાં સ્ત્રીપણું દેખાવા લાગ્યું છે. બસ, એમ સમજી લે કે માતૃત્વ હવે બહુ દૂર નથી."

પલ્લવે પોતાના આંસુઓ લૂછ્યા અને કહ્યું, "તમે કેવી રીતે જીવી શકો જ્યારે તમને ખબર છે કે તમારી આસપાસ રહેલો કોઈ પુરુષ ક્યારેક ને ક્યારેક પોતાના વિચારોમાં તમારી સાથે સૂઈ ચૂક્યો છે. તમારી સાથે હસીને સન્માનપૂર્વક વાત કરી રહેલા પુરુષે તમારી ગેરહાજરીમાં તમારા સંપૂર્ણ નગ્ન શરીરની કલ્પના અનેક વાર કરી લીધી હશે. એવું જાણવા છતાં પણ એ જ પુરુષ સાથે ફરી વાર વાત કરવાની, એની સાથે કામ કરવાનું કેટલું અઘરું છે નહિ?'

"ઑપોઝિટ્સ એટ્રેક, આ વિજાતીય આકર્ષણ છે. એ તો રહેવાનું. એની સાથે જીવવું પડશે."

"વિજાતીય આકર્ષણ અને વાસનામાં ફેર છે, કૃપાલી. એક સ્ત્રીને ક્યારેય એ વાતની જાણ જ નથી હોતી કે સામે રહેલો પુરુષ એના વિશે કઈ હદ સુધી વિચારી શકે છે? હું એ બરાબર જાણું છું કારણ કે હું પણ એનો એક હિસ્સો છું."

"તું તો પુરુષોની વિરુદ્ધમાં થઈ ગયો, પલ્લવ."

"વિરુદ્ધમાં નથી થયો કૃપાલી. એવી કેટલીક વાસ્તવિકતાઓનો અહેસાસ થયો છે, જે પહેલાં ક્યારેય નહોતો થયો."

"જેમકે..."

"આ દુનિયાનો દરેક પુરુષ સ્ત્રીઓને ચાર કૅટેગરીમાં વહેંચી નાખે છે. એક એવી સ્ત્રીઓ જેમની સાથે વાતો કરવી ગમે, પોતાની નિષ્ફળતાઓ શેર કરવી ગમે, જેમને પોતાના ડર કહી શકાય, જેમની સામે જેવા છીએ એવા જ બનીને રહી શકાય. આવી સ્ત્રીઓ પ્રત્યે સન્માનની લાગણી થાય. એમને નિસ્વાર્થ પ્રેમ કરવાની ઇચ્છા થાય. એમના માટે બધું જ કુરબાન કરી દેવાનું મન થાય, પણ અફસોસ આ કૅટેગરીમાં બહુ ઓછા લોકો આવે છે. મમ્મી, માસી, ફઈ જેવા સંબંધો અને શિક્ષકો. બીજી એવી સ્ત્રીઓ જેમની સાથે કોઈ પણ જાતની વાત કર્યા વગર શારીરિક સંબંધો બાંધવા ગમે, જેમને જોઈને તેમની સાથે સીધી સૂવાની ઇચ્છા થઈ જાય અને તેમની સાથે સૂઈ લીધા પછી તેમનો વિચાર સુધ્ધાં મગજ પર ન આવે, જ્યાં સુધી ફરી વાર તેમની સાથે સૂવાની ઇચ્છા ન થાય. ત્રીજી એવી સ્ત્રીઓ જેમની સાથે ન તો વાત કરવાની ઇચ્છા થાય, ન તો સૂવાની ઇચ્છા થાય. ચોથી એવી સ્ત્રીઓ જેમની સાથે વાતો કરવી પણ ગમે અને..."

"હું કંઈ કૅટેગરીમાં આવું છું?"

"તારી સાથે વાતો કરવી તો બહુ ગમે છે પણ અફસોસ, હવે તારી સાથે સૂઈ શકું એમ નથી."

થોડો સમય પલ્લવ કશું જ બોલ્યો નહિ. કોઈ વિચારોમાં ખોવાઈ ગયો.કૃપાલી પલ્લવની સામે અહોભાવથી જોઈ રહી. કોઈ પુરુષના મોઢેથી પહેલી વાર કૃપાલી આવું કશુંક સાંભળી રહી હતી. પલ્લવ જે કાંઈ પણ કહી રહ્યો હતો એ તેનામાંથી વિદાય લઈ રહેલા પુરુષત્વનું એક ઑનેસ્ટ કન્ફેશન હતું.

પલ્લવના માથા પર હાથ ફેરવીને કૃપાલીએ કહ્યું, "તું બહુ વધારે પડતો ઇમોશનલ થઈ ગયો છે. તારા ઇસ્ટ્રોજન્સ બરાબર કામ કરી રહ્યા છે."

એટલામાં ડોરબેલ વાગી. કૃપાલીએ દરવાજો ખોલ્યો. ડૉ. સમીર પરીખ અંદર આવ્યા.

"અરે સમીરભાઈ, તમે? આવો ને." કૃપાલી ડૉ. સમીરને લઈને લિવિંગ રૂમમાં આવી.

ડૉ. સમીરને જોઈને પલ્લવ થોડો એમ્બેરેસ થઈ ગયો. નીચી નજર કરીને તેણે કહ્યું, "આઇ એમ સૉરી. સવારે..."

"ઇટ્સ ઓકે યાર. એ બધું ભૂલી જા. એક મસ્ત ન્યૂઝ લાવ્યો છું તારા માટે."

"સારા સમાચારોની આદત છૂટી ગઈ છે હવે." પલ્લવે કહ્યું.

"ભાભી, તમારા ગયા પછી ડૉ. લીઝાનો સામેથી ફોન આવેલો. યુટરાઇન ડોનર ક્રાઇસીસ માટે તેઓએ એક મસ્ત આઇડિયા શોધી કાઢ્યો. તેમણે ક્લીવલૅન્ડ શહેરના ન્યૂઝપેપરમાં ઍડ આપી હતી કે યુટરાઇન ડોનર્સ આર રિક્વાઅર્ડ ફોર અ મેલ રિસિપીઅન્ટ."

"વોટ? એ લોકોએ ન્યૂઝમાં આપ્યું?" કૃપાલીએ પૂછ્યું.

"હા ભાભી. પણ તેમણે પલ્લવનું નામ જાહેર નથી કર્યું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે યુટરસ સ્વીકારનાર વ્યક્તિ એક પુરુષ છે અને વર્લ્ડમાં પહેલી વાર આવું કોઈ ઑપરેશન થવા જઈ રહ્યું છે. તેમણે એવું પણ લખ્યું છે કે આ ઑપરેશનનો એકમાત્ર ઉદ્દેશ્ય પુરુષ પ્રેગનન્ટ થઈ શકે એ માટેનો છે. તેમણે છેલ્લે લખ્યું છે કે ઍક્સ્લ્યુઝિવ ફિમેલ ઑર્ગન ઇઝ રિક્વાઅર્ડ ફોર અ મેલ બૉડી. મધરહુડ કેન નોટ બી ટ્રાન્સપ્લાન્ટેડ બટ અ યુટરસ કેન બી. લેટ્સ ગીવ હિમ અ ચાન્સ."

"ઍન્ડ વોટ્ઝ ધ રીઝલ્ટ? આવી ઍડનું પરિણામ શું આવ્યું?" પલ્લવે પૂછ્યું.

"ક્લીવલૅન્ડ ક્લિનિકની બહાર ડોનર્સની લાઇન લાગી છે. કેટલી બધી સ્ત્રીઓ સવારથી પોતાના બ્લડ સેમ્પલ્સ આપવા માટે અને પોતાની તપાસ કરાવવા માટે ખાધા પીધા વગર રાહ જોઈ રહી છે. ફક્ત ક્લીવલૅન્ડમાં જ નહિ, આ સમાચારે સમગ્ર અમેરિકામાં તહેલકો મચાવી દીધો છે."

પોતાનો સ્માર્ટફોન કાઢીને ડૉ. સમીરે કહ્યું, "આ જુઓ. ક્લીવલૅન્ડ ક્લિનિકવાળાએ તારા યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ માટે એક સ્પેશિયલ પેજ શરૂ કર્યું છે 'અ મેલ વોન્ટસ ટુ ગેટ પ્રેગનન્ટ' અને એક જ દિવસમાં આ પેજને પાંચ મિલિયન હિટ્સ મળ્યા છે. તારું ટ્રાન્સપ્લાન્ટ સફળ થાય કે નિષ્ફળ પણ આ વિચાર સમગ્ર વિશ્વને હચમચાવી નાખશે.'

"નિષ્ફળ લોકોને કોઈ યાદ નથી કરતું." પલ્લવે કહ્યું.

"તને યાદ રાખશે. તું નિષ્ફળ જઈશ તો પણ લોકો તને યાદ રાખશે કારણ કે પહેલી વાર કોઈ પુરુષે સ્ત્રી સંવેદનાઓને જીવવાની હિંમત કરી છે. લોકો તને સદીઓ સુધી યાદ રાખશે. અમેરિકા જવાની તૈયારીઓ શરૂ કર. એમ સમજી લે કે ડોનર મળી ગયો."

* * *

પલ્લવ અને કૃપાલી છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર બેઠાં બેઠાં અમેરિકા માટેની ફ્લાઇટના બોર્ડિંગની રાહ જોઈ રહ્યાં હતાં.

કૃપાલીએ કહ્યું, "યાર એક બહુ મોટો પ્રૉબ્લેમ છે."

પલ્લવે કહ્યું, "હવે શું પ્રૉબ્લેમ છે યાર? હવે કોઈ જ પ્રૉબ્લેમ ન કાઢતી."

"અરે, આપણે તારા વિશેની કોઈ જ ઇન્ફર્મેશન અનિકેતભાઈ કે સ્ટેલાને આપી નથી. મને બહુ ખરાબ લાગે છે યાર. એ લોકોએ મારા યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ વખતે કેટલી બધી હેલ્પ કરેલી? છેલ્લા કેટલા વખતમાં આપણે તેમને ફોન પણ નથી કર્યો."

કૃપાલીના ખભા પર હાથ રાખીને પલ્લવે કહ્યું, "અહીંયાં આવ્યા પછી તારું યુટરસ ઇમરજન્સીમાં કાઢવું પડ્યું'તું, એની જાણ છે એ લોકોને. મેં જ એમની સાથે ફોન પર વાત કરેલી. ત્યાર પછી એમની સાથે વાત નથી થઈ. તારા હિસ્ટરેક્ટમીના ઑપરેશનને કારણે આપણે દુઃખી હશું, એમ માનીને એ લોકોએ પણ આપણને ડિસ્ટર્બ નહિ કર્યા હોય."

"પણ આપણે તો ફોન કરવો જોઈતો'તો ને!"

"આપણે આપણા બંનેનું સહિયારું અસ્તિત્વ પણ ગુમાવી ચૂક્યા'તા. એ સંજોગોમાં બીજા કોઈનું અસ્તિત્વ આપણને કેવી રીતે યાદ આવે? તું ચિંતા નહિ કર. અનિકેત મારો બહુ જૂનો મિત્ર છે. આપણે એને જાણ ન કરી, એ વાતનું એને ક્યારેય ખરાબ નહિ લાગે. ગળે મળવાની જરૂર હોય, ત્યારે ખરાબ લગાડે એ મિત્ર નથી. ખરાબ સમય ચાલતો હોય ત્યારે બધું ભૂલી જઈને ગળે લગાડે એ સાચો મિત્ર છે."

કૃપાલીએ સરસ મજાની સ્માઇલ આપી. "મારું મોટું ટૅન્શન તેં હળવું કરી નાખ્યું."

"એક બીજો મોટો પ્રૉબ્લેમ છે." પલ્લવે કહ્યું. પલ્લવ થોડો ગંભીર થઈ ગયો.

પલ્લવને ગંભીર જોઈને કૃપાલી પણ ટૅન્શનમાં આવી ગઈ, 'શું થયું?'

પોતાની ટચલી આંગળી બતાવતાં પલ્લવે કહ્યું, "યાર, મને જોરથી લાગી છે અને મને ખબર નથી પડતી કે મારે જેન્ટ્સ ટૉઇલેટમાં જવાનું કે લેડીઝ ટૉઇલેટમાં?" કહીને પલ્લવ હસવા લાગ્યો.

કૃપાલીએ પણ હસતાં હસતાં કહ્યું, "જેન્ટ્સ ટૉઇલેટમાં લેડીઝની જેમ જવાનું."

* * *

ક્લીવલૅન્ડ ક્લિનિકના ઑપરેશન થિયેટરની બહાર વેઇટિંગ લૉન્જમાં કૃપાલી ગંભીર ચહેરે આંટા મારી રહી હતી. ત્યાંથી પસાર થઈ રહેલા એક સિસ્ટરને ઊભા રાખીને કૃપાલીએ પૂછ્યું, "એક્સક્યુઝ મી, હાવ લોન્ગ ધીસ સર્જરી શુડ ટેક?"

"ઇટ વીલ ટેક અ લોન્ગ ટાઇમ. વાય ડૉન્ટ યુ સીટ ઍન્ડ રિલેક્સ?" સિસ્ટરે કહ્યું.

એ જ સમયે કૃપાલીના ખભા પર પાછળથી કોઈએ હાથ મૂક્યો. કૃપાલીએ પાછું વળી જોયું. એક સુંદર સ્માઇલ સાથે સ્ટેલા તેને આવકારવા તેની પાછળ ઊભી હતી. સ્ટેલાને જોઈને કૃપાલી તરત જ તેને ભેટી પડી અને રડવા લાગી.

"હેય, વોટ હેપન્ડ? ઇઝ એવરીથિંગ ઓકે?" સ્ટેલાએ પૂછ્યું.

આંસુઓ લૂંછીને કૃપાલીએ હકારમાં માથું ધુણાવ્યું, "યેસ."

"આપણે દર વખતે અહીંયાં જ મળવાનું એવું નક્કી રાખ્યું છે?" અનિકેતે પૂછ્યું.

"સૉરી અનિકેતભાઈ. તમારી વાત સો ટકા સાચી છે. અમારે તમને વહેલા ઇન્ફોર્મ કરવું જોઈતું'તું પણ બધું એવી રીતે બન્યું કે તમને જાણ કરવાનો સમય જ ન મળ્યો."

"પલ્લવ ક્યાં છે?" અનિકેતે પૂછ્યું.

કૃપાલીએ ઑપરેશન થિયેટર તરફ આંગળી ચીંધી.

"વોટ? ઇઝ હી અન્ડરગોઇંગ અ સર્જરી?" સ્ટેલાએ પૂછ્યું.

"પણ પલ્લવને થયું છે શું?"

"એને એવું કશુંક થયું છે જે આજ સુધી કોઈ દિવસ કોઈ પુરુષને થયું નથી."

"એવું તો શું થયું છે એને?"

"એને એક ઇચ્છાનું ગર્ભધારણ થયું છે. બાળકને જન્મ આપવાની ઇચ્છા."

અનિકેત અને સ્ટેલાએ એકબીજાની સામે જોયું. તેઓને કશું સમજાયું નહિ.

અનિકેતે પૂછ્યું, "ભાભી, અમને ખરેખર કાંઈ સમજાતું નથી. પલ્લવ ઍક્ઝેક્ટલી શું કરાવવા જઈ રહ્યો છે?"

"યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ."

"વ્હોટ?" સ્ટેલાનો અવાજ એટલો મોટો થઈ ગયો કે આસપાસના લોકો તેની સામે જોવા લાગ્યા. સ્ટેલાએ આસપાસ જોયું અને ફરી પાછું કૃપાલી સામે જોઈને ધીમા અવાજે પૂછ્યું, "વ્હોટ?" સ્ટેલાનું મોં ખુલ્લું રહી ગયું.

"યુ મીન, પલ્લવમાં યુટરાઇન ટ્રાન્સપ્લાન્ટ?" અનિકેતે સ્તબ્ધ ચહેરા સાથે પૂછ્યું.

"હા, આ દુનિયાનો પહેલો એવો પુરુષ જેનામાં યુટરસ નાખવામાં આવશે."

"ઓહ..." સ્ટેલાને કશું યાદ આવ્યું, "આઇ રેડ ધીસ ઇન ધ ન્યૂઝ પેપર ફ્યુ ડેય્ઝ બૅક. ધે વૉન્ટેડ અ યુટરાઇન ડોનર ફોર અ મેલ. વોઝ ધેટ ફોર પલ્લવ?'

"હા, એ એડ પલ્લવ માટેની હતી."

"પણ આ બધું બન્યું કેવી રીતે? આઇ મીન પલ્લવને આવો વિચાર કેવી રીતે આવ્યો? આ બધું કેવી રીતે શક્ય બન્યું? ઇઝ ઇટ પૉસિબલ? એક પુરુષ બાળકને જન્મ આપી શકે?" અનિકેતે પૂછ્યું.

"આજથી થોડા મહિનાઓ પહેલાં હું પણ એવું જ વિચારતી'તી કે ફક્ત એક સ્ત્રી જ બાળકને જન્મ આપી શકે પણ પલ્લવના વિચારોએ મારી ઘણી બધી માન્યતાઓ બદલી નાખી."

"ભાભી, ફક્ત તમે જ નહિ. આખી દુનિયા, આખું મેડિકલ સાયન્સ એવું જ માને છે. અરે માને છે શું? એ સનાતન સત્ય છે કે ફક્ત એક સ્ત્રી જ બાળકને જન્મ આપી શકે."

"પલ્લવ એવું માને છે કે જો આજ સુધી કશુંક બન્યું નથી તો એનો અર્થ એમ નથી કે એ શક્ય નથી. એનો અર્થ ફક્ત એટલો જ છે કે આજ સુધી કોઈએ એ કામ કરવાનું વિચાર્યું જ નથી."

"વી કેમ ટુ નો એબાઉટ યોર સર્જરી ઇન ઇન્ડિયા. ધેટ વોઝ સો અન્ફૉર્ચ્યુનેટ." સ્ટેલાએ કહ્યું. પછી તેણે અનિકેતની સામે જોઈને પોતાનું વાક્ય પૂરું કર્યું, 'વી બોથ વેર વેઇટિંગ ફોર ધ ન્યૂઝ રિગાર્ડિંગ યોર મૅન્સિસ.'

કૃપાલીની નજર નીચી થઈ ગઈ. એક લાંબો નિસાસો નાખીને તેણે કહ્યું, "આ ભવમાં કદાચ મારા નસીબમાં મૅન્સિસ હશે જ નહિ. એક સ્ત્રી હોવા છતાં પણ ક્યારેક મને એક પુરુષ જેવી અનુભૂતિ થાય છે. મૅન્સિસ પણ નહિ અને મા પણ નહિ."

"આઇ એમ સૉરી." સ્ટેલાએ કહ્યું.

"તું શું કામ સૉરી કહે છે? સૉરી તો ઈશ્વરે કહેવું જોઈએ. ઈશ્વર સૉરી છે કે નહિ, એ વાતની મને બહુ જલદી ખબર પડવાની છે. એક સ્ત્રી હોવા છતાં પણ હું એક સ્ત્રી જેવી અનુભૂતિ ક્યારેય ન કરી શકી. એ વાતનો અફસોસ મને આજીવન રહેશે. એ અફસોસને કારણે જ મને લાગ્યું કે જો પલ્લવ એક સ્ત્રી જેવી અનુભૂતિ કરવા માંગતો હોય, તો મારે એને એક ચાન્સ આપવો જોઈએ."

"પણ ભાભી, મને તો એ જાણવામાં રસ છે કે આ બધું પૉસિબલ કઈ રીતે બન્યું? તમારા ઑપરેશન સુધીની તો અમને ખબર છે. પછી શું બનેલું?"

"બહુ લાંબી વાત છે."

"લેટ્સ સીટ સમવ્હેર." સ્ટેલાએ કહ્યું.

"એક કામ કરીએ. કૅફેટેરિયામાં જઈએ. ત્યાં બેસીને નિરાંતે વાતો કરીએ." અનિકેતે કહ્યું.

આંખો ઝીણી કરીને કૃપાલીએ કહ્યું, "યાર, પલ્લવને અહીંયાં એકલા મૂકવાનું મન નથી થતું."

કૃપાલીનું આ વાક્ય સાંભળીને અનિકેત અને સ્ટેલાએ એકબીજાની સામે જોયું. બહુ જ સરળતાથી વાંચી અને સમજી શકાય એવી પ્રેમની ભાષામાં ઇતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું હતું. આજથી એકાદ વર્ષ પહેલા આ જ જગ્યાએ પલ્લવ દ્વારા બોલવામાં આવેલું આવું જ વાક્ય અનિકેત અને સ્ટેલાને યાદ આવ્યું.

અનિકેતે કહ્યું, "અમને અનુભવ છે ભાભી. સર્જરીને વાર લાગશે. લાસ્ટ ટાઇમ, પલ્લવ પણ અમારી સાથે કૅફેટેરિયામાં જ આવેલો. અમે ત્યાં નિરાંતે વાતો કરેલી. તમે ચિંતા નહિ કરો. કાંઈ હશે તો સિસ્ટર બોલાવશે."

કૃપાલી, અનિકેત અને સ્ટેલા કૅફેટેરિયામાં ગયાં અને એક બાપ ન બની શકેલા પુરુષની સ્ત્રી બનવાની કથા કહેવાની કૃપાલીએ શરૂઆત કરી, "આ એક લવસ્ટોરી છે. ક્યારેય ન સાંભળી હોય, ક્યારેય ન વાંચી હોય એવી એક લવસ્ટોરી..."

* * *

ઑપરેશન પછી પલ્લવને આઈ.સી.યુ.માં શિફ્ટ કરવામાં આવ્યો. થોડા સમય પછી કૃપાલીને અંદર જવાની પરમિશન આપવામાં આવી.

પલ્લવના શરીરમાં ત્રણથી ચાર જગ્યાએ નળીઓ ભરાવેલી હતી. તેના ચહેરા પર કૅપ અને માસ્ક પહેરાવેલા હતા. આઇ.સી.યુ.ના પ્રૉટોકોલ પ્રમાણે કૃપાલીએ પણ ગાઉન, કૅપ અને માસ્ક પહેરેલાં હતાં.

કૃપાલીને જોઈને પલ્લવની આંખો ઝીણી થઈ. માસ્કને કારણે કૃપાલી તેનું સ્માઇલ તો ન જોઈ શકી પરંતુ આંખો ઝીણી થવાને કારણે કૃપાલી એવું સમજી ગઈ કે પલ્લવ હસ્યો.

માસ્કની અંદર રહેલી કૃપાલીએ પણ પોતાની આંખો ઝીણી કરી. કૃપાલીની ઝીણી આંખોની સામે પલ્લવે પોતાની આંખો ભીની કરી. હાથમાં નાખેલી ઇન્ટ્રાવીનસ કેન્યુલામાંથી સેલાઇન ધીમે ધીમે પલ્લવના શરીરમાં જઈ રહ્યું હતું અને એ જ સમયે એ જ સેલાઇન ધીમે ધીમે પલ્લવની આંખોમાંથી ટીપે ટીપે બહાર આવી રહ્યું હતું.

"હવે રડવાનું નહિ. હવે તો સાવ નજીક પહોંચી ગયા છીએ." કૃપાલીએ કહ્યું.

"આજથી એકાદ વર્ષ પહેલાં, આ જ જગ્યાએ તું સૂતેલી હતી. એ વખતે તારી જગ્યાએ હું બેઠો'તો. એ વખતે તારી પીડામાં હિસ્સેદાર ન બની શક્યો. એટલે આ વખતે એ જ પીડા જીવવાનો પ્રયત્ન કરું છું."

"એક વર્ષ પહેલાંની પીડા મારી એકલીની નહિ, આપણા બંનેની હતી અને આજની પીડા પણ આપણી સહિયારી પીડા છે."

"બીજું કાંઈ મળે કે ન મળે, એક વાર નિષ્ફળ થવાનો સંતોષ તો હવે મળશે જ."

થોડી વાર કૃપાલી ચૂપ થઈ ગઈ. એ કશું જ ન બોલી. પલ્લવે પૂછ્યું, "કેમ સાઇલન્ટ થઈ ગઈ?"

"કાંઈ નથી, એમ જ."

ફરી કૃપાલી ચૂપ. થોડા સમય પછી પલ્લવે કહ્યું, "અરે, કાંઈક તો બોલ. કાંઈક તો છે તારા મનમાં. તારે કંઈક કહેવું છે."

"ના. કાંઈ નથી કહેવું." કહીને કૃપાલી નીચી નજર કરીને ચૂપચાપ બેસી ગઈ.

પલ્લવે ધીમા અવાજે ચપટી વગાડતાં કહ્યું, "જો તું બોલીશ નહિ ને તો તારા પર ડૉમેસ્ટિક વાયોલન્સનો કેસ ઠોકી દઈશ." એ સાંભળીને કૃપાલી હસવા લાગી.

પોતાના આંસુઓ લૂછીને તેણે કહ્યું, "હું કશુંક માંગું તારી પાસે? મને આપીશ?"

"માંગવાનું તો બીજાની પાસે હોય. પોતાની જાત પાસેથી તો લઈ લેવાનું હોય." પલ્લવે કહ્યું.

"મારો પલ્લવ પાછો આપી દે. મારો પલ્લવ ક્યાંક ખોવાઈ ગયો છે."

પલ્લવ સ્થિર નજરે કૃપાલીની આંખો સામે જોતો રહ્યો.

કૃપાલીએ કહ્યું, 'મારો પલ્લવ કોઈ પણ પરિસ્થિતિમાં આશાવાદી રહેતો, એ ક્યારેય હિંમત નથી હાર્યો. એણે તો મારાં સપનાંઓ પૂરાં કરવાનો કૉન્ટ્રેક્ટ લીધેલો હતો. એ ક્યારેય નૅગેટિવ વિચારતો નહોતો.' પલ્લવનો હાથ પકડીને તેણે કહ્યું, 'મને ખબર છે કે આ બધું હોર્મોનલ ડિસ્ટર્બન્સને કારણે થઈ રહ્યું છે. પણ હું તારામાં રહેલા આશાવાદને ઓળખું છું. મારા પલ્લવને અંધારામાં દીવો કરવાની આદત નથી, એને તો અંધારામાં સૂરજ ઉગાડવાની ટેવ છે. મારો એ પલ્લવ મને પાછો આપી દે.'

"હું પ્રયત્ન કરીશ કૃપાલી પણ તારો પલ્લવ હવે સૂરજ ઉગાડવાની આશા ખોઈ બેઠો છે."

"આશા ખોવાઈ એનો વાંધો નથી, બસ ઇચ્છા ન ખોવાવી જોઈએ. તું ફક્ત ઇચ્છા જીવતી રાખજે, હું આશા જીવતી રાખીશ."

"એ ઇચ્છા જ તો આપણને અહીંયાં સુધી લઈ આવી છે. એક અવાસ્તવિક ઇચ્છા."

"એ જ ઇચ્છા આપણને આગળ પણ લઈ જશે." એટલું બોલીને કૃપાલી ઊભી થઈ. આઇ.સી.યુ.ના દરવાજા તરફ આગળ વધવા લાગી. કશુંક યાદ આવતા તે પાછી આવી. પલ્લવ પાસે જઈને તેણે કહ્યું,

"પલ્લવ, આ જ આઇ.સી.યુ.માં આજથી એકાદ વર્ષ પહેલા તેં મને એક વાત કહેલી. એ વાત મને આજે પણ યાદ છે. તારી કહેલી એ વાત મારે તને આજે યાદ કરાવવી છે."

"શું કહેલું મેં?"

"સુખને આમંત્રણ મોકલીએ ને ત્યારે આપણે RSVP નથી લખતા. આપણે એવું માની લેતા હોઈએ છીએ કે સુખ આપણા ઘરે આવશે જ. આપણા ઘરે આપણે આસોપાલવના તોરણ બાંધેલા હોય અને શુભ-લાભના સાથિયા કરેલા હોય, પછી મહેમાન શું કામ આપણા ઘરે ન આવે?"

આ સાંભળીને પલ્લવની આંખો ઝીણી થઈ.

કૃપાલીએ કહ્યું, "તારું ધ્યાન રાખજે કારણ કે બહુ જ જલદી તારે આપણા બાળકનું ધ્યાન રાખવાનું છે." એટલું વાક્ય બોલીને આંખોમાં પાણી સાથે કૃપાલી આઇ.સી.યુ.ની બહાર નીકળી ગઈ.



♦ 18 ♦

ત્રણ-ચાર દિવસો પછી પલ્લવને આઈ.સી.યુ.માંથી વૉર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યો. ઑપરેશન પછી પહેલી વાર અનિકેત તેને મળવા આવ્યો.

પલ્લવના રૂમમાં પ્રવેશતાની સાથે જ અનિકેતે પોતાના જમણા હાથને પોતાના કપાળ પર મૂકીને કહ્યું, "સલામ છે તને."

બેડ પર સૂતાં સૂતાં પલ્લવે કહ્યું, "ભાઈબંધો સલામ ન કરે, ભાઈબંધો તો ગળે મળે."

"તું એક વાર ઘરે આવી જા પછી તારા ગળે પણ મળીશ. અત્યારે સલામ કરી લેવા દે દોસ્ત. માણસમાં સંવેદનાઓ હોય એવું તો અનેક વાર સાંભળેલું, પણ સંવેદનાઓ ક્યારેક માણસનું રૂપ ધારણ કરીને આવે એવું આજે પહેલી વાર જોઉં છું."

"સૉરી. તને ઇન્ફોર્મ ન કરી શક્યો." પલ્લવે કહ્યું.

"તને આવું શીખવાડ્યું છે આપણી નિશાળમાં? મિત્રને સૉરી કહેવાનું?"

એક સ્માઇલ કરીને પલ્લવે કહ્યું, "તારા જેવા મિત્રો બાજુમાં બેઠા'તા એટલે ભણવામાં ધ્યાન જ નહોતું આપ્યું."

પલ્લવના બેડની પાસે રહેલી ખુરશી પર બેસીને અનિકેતે કહ્યું, "બહુ નવાઈ લાગે છે યાર. હું તને નિશાળના દિવસોથી ઓળખું છું. શિક્ષકો ભણાવતા હોય ત્યારે પણ તારું ધ્યાન આપણા ક્લાસમાં રહેલી છોકરીઓ તરફ જ રહેતું. આઠમા ધોરણમાં આપણા ક્લાસમાં ભણતી પેલી ફાલ્ગુનીને તેં લખેલો લવ-લેટર મને હજુય યાદ છે. દરેક ધોરણમાં તારી પસંદ બદલાતી. આરાધના, મિત્તલ, અવની આ બધાં નામો મને હજુ પણ યાદ છે. દરેક ધોરણમાં તને એક નવી છોકરી સાથે પ્રેમ થઈ જતો અને આગલા ધોરણનો પ્રેમ ભુલાઈ જતો. હું તો એવા પલ્લવને ઓળખતો'તો જેણે હંમેશાં છોકરીઓને એક ઓબ્જેક્ટ તરીકે જોઈ છે. એ પલ્લવમાં આટલો બધો બદલાવ કેવી રીતે આવી ગ્યો?"

"અનિકેત, દરેક માણસની જિંદગીમાં એક એવો તબક્કો આવતો હોય છે જ્યારે એ પ્રેમને સમજવા લાગે છે. નિશાળની બહારની જિંદગીમાં ધોરણ નથી બદલાતા, આપણા ધોરણો નક્કી થતા હોય છે. કૃપાલીને નહોતો મળ્યો ત્યાં સુધી હું પણ એવું જ માનતો'તો કે મેન આર સબ્જેક્ટ્સ ઍન્ડ વુમેન આર ઑબ્જેક્ટ્સ. દરેક જગ્યાએ પુરુષો વિષય હોવા જોઈએ અને સ્ત્રીઓ વસ્તુ."

"તને એવું લાગે છે કે એક સ્ત્રીના આવવાથી તારા વિચારો આટલા બધા બદલાઈ શકે?"

"આ બધાનું કારણ ફક્ત સ્ત્રી નથી. એ સ્ત્રી પ્રત્યેનો પ્રેમ છે."

"કમઓન પલ્લવ, દરેક પુરુષ પોતાની જિંદગીમાં રહેલી સ્ત્રીને પ્રેમ કરતો જ હોય છે. એ નૉર્મલ છે."

થોડો સમય પલ્લવ ચૂપ રહ્યો. તેના ગળામાં ડૂમો ભરાયો. આંખોમાં રહેલા ભેજ સાથે તેણે જવાબ આપ્યો, "જ્યારે જિંદગીમાં રહેલી સ્ત્રી એબનૉર્મલ હોય ત્યારે?"

"આઇ એમ સૉરી."

"તું શું કામ સૉરી કહે છે? સૉરી તો ઈશ્વરે કહેવું જોઈએ."

"જેમ મેં કહ્યું છે એમ ઈશ્વર પણ બહુ જલદી તમને બંનેને સૉરી કહેશે."

"તને ખબર છે અનિકેત? મને ક્યારેય કોઈ સ્ત્રી પાસેથી ના સાંભળવાની આદત જ નહોતી. એ પછી ફાલ્ગુની હોય, મિત્તલ કે અવની. મેં તો ક્યારેય મારી મા પાસેથી પણ ના નહોતી સાંભળી. મારી જિંદગીમાં આવતી દરેક છોકરીએ મારો સહર્ષ સ્વીકાર કર્યો'તો અને એટલું જ નહિ, એ બધા મારા પ્રેમમાં પણ પડ્યા'તા. મારે ક્યારેય કોઈને કન્વીન્સ કરવાની જરૂર જ નથી પડી."

"ચંદ્રકાન્ત ઠક્કરના એક માત્ર દીકરાએ કોઈને કન્વીન્સ ન કરવા પડે દોસ્ત. લોકો સામેથી તારી પાસે

આવે.”

“જ્યારે કૃપાલીને જોઈ ત્યારે એનામાં મને એક છોકરી નહિ, એક સ્ત્રી દેખાઈ. એક એવી સ્ત્રી જેની સાથે મારી આખી જિંદગી પસાર કરવાનું મન થાય. મારી જિંદગીમાં સૌપ્રથમ વાર મેં કોઈને મૅરેજ માટે પ્રપોઝ કર્યું અને લાઇફમાં પહેલી વાર કોઈએ મને ના પાડી.”

“તો એ ‘ના’ના કારણે તારો ઇગો હર્ટ થયો. રાઇટ?”

“હા. શરૂઆતમાં થયો, પણ ત્યારે મને જાણ નહોતી કે જ્યારે મને આ ના પાછળનું કારણ ખબર પડશે, ત્યારે મારી જિંદગી બદલાઈ જશે.”

“પલ્લવ, તું જે કરી રહ્યો છે એ કરવા માટે બહુ મોટી પ્રેરણાની જરૂર પડે છે. હું બસ એટલું જ ઇચ્છું છું કે તું આ કોઈને દેખાડી દેવાની કે કશું સાબિત કરવાની ભાવનાથી ન કરતો હોય.”

“આ નિર્ણય મેં રાતોરાત નથી લીધો, અનિકેત. છેલ્લાં પાંચ વર્ષથી દરરોજ એક સ્ત્રીની વેદનાને સતત અનુભવતો આવ્યો છું. કૃપાલીને ન મળ્યો હોત તો એક સ્ત્રીને આટલી નજીકથી હું ક્યારેય જાણી ન શક્યો હોત.”

“આઇ કેન અન્ડરસ્ટેન્ડ. મા ન બની શકવાનું દર્દ આજે પણ ભાભીના ચહેરા પર દેખાય છે.”

“કૃપાલીએ વેદનાનું જે પુસ્તક લખ્યું છે, હું તો ફક્ત એની પ્રસ્તાવના લખવાનો પ્રયત્ન કરી રહ્યો છું.”

પલ્લવના ખભા પર હાથ મૂકીને અનિકેતે કહ્યું, “તું આરામ કર. આપણે પછી મળીએ.” એટલું બોલીને અનિકેત ઊભો થવા ગયો.

“તને ખબર છે અનિકેત, એક સ્ત્રીની લાઇફમાં સૌથી મહત્ત્વની બાબત કઈ હોય છે?” પલ્લવની નજર અનિકેત સામે નહોતી. એ દીવાલ તરફ સ્થિર નજર કરીને કશુંક વિચારી રહ્યો હતો.

પલ્લવનો સવાલ સાંભળીને અનિકેત ફરી ખુરશી પર બેસી ગયો.

તેણે હળવેથી કહ્યું, “હા. એક બાળકને જન્મ આપવો.”

પલ્લવ હસ્યો. તેની નજર હજુ પણ અનિકેત સામે નહોતી. તેણે હસીને કહ્યું, “ના. એક સ્ત્રી માટે સૌથી મહત્ત્વની બાબત સ્વીકાર છે. ઍક્સેપ્ટન્સ. પતિ દ્વારા સ્વીકાર, પતિના કુટુંબ દ્વારા સ્વીકાર, સમાજ દ્વારા સ્વીકાર.” એટલું બોલીને પલ્લવે પોતાની નજર અનિકેત સામે કરી.

પલ્લવની વાતો સાંભળીને અનિકેત સ્તબ્ધ હતો. સ્ત્રી સંવેદનાઓની ઝીણી જાળ જે પલ્લવ બનાવી રહ્યો હતો, અનિકેત તેમાં ખેંચાઈ રહ્યો હતો.

“એક સ્ત્રી માટે સમાજમાં સ્વીકાર્ય હોવું, એ એના અસ્તિત્વના આધાર કાર્ડ જેટલું જ જરૂરી છે, દોસ્ત.”

“તને એવું લાગે છે કે તારા આ કરવાથી કૃપાલીને સમાજમાં ઍક્સેપ્ટન્સ મળી જશે?”

“આ દુનિયામાં સૌથી ખરાબ અને વજનદાર કોઈ વસ્તુ હોય ને તો એ છે વિચારોનું જડત્વ. કૃપાલી જેવી સ્ત્રીઓનો સ્વીકાર ન કરી શકવાના રૂઢિચુસ્ત વિચારોને ખસેડવાનો પ્રયત્ન કરી રહ્યો છું.”

“તું તારા મિશનમાં સફળ થા એવી શુભેચ્છાઓ.” અનિકેત ઊભો થયો. “હવે તું આરામ કર. અને આ વખતે એક મહિના સુધી તને અમેરિકા છોડવા નહિ દઉં. તમારે બંનેએ અમારા ઘરે જ રહેવાનું છે.” એટલું બોલીને અનિકેત પલ્લવના રૂમની બહાર નીકળી ગયો.

* * *

પલ્લવના ટ્રાન્સપ્લાન્ટને ત્રણેક અઠવાડિયાં જેટલો સમય થયેલો. ક્લીવલૅન્ડથી થોડે દૂર આવેલા એક્રોન શહેરમાં અનિકેતનું ઘર હતું. અનિકેત અને સ્ટેલાની લાગણીને માન આપીને પલ્લવ અને કૃપાલીએ ક્રોનમાં એમના ઘરે જ રોકાયાં હતાં.

એ દિવસે સૂરજ હજુ ઊગ્યો નહોતો. કદાચ ઊગ્યો પણ હશે પરંતુ દેખાયો નહોતો. તેમ છતાં સવાર પડી. એક ઐતિહાસિક સવાર.

આકાશમાં સૂરજ દેખાય કે ન દેખાય, અંધારાની વૅલિડિટી પૂરી થાય પછી આપમેળે સવાર પડી જ જતી હોય છે. સવાર પડ્યાની જાણ આપણને સૂરજ જોવાથી નહિ, અજવાળાથી થતી હોય છે. એ અજવાળું એક્રોન શહેરના આકાશમાં ઊગી ચૂક્યું હતું.

પલ્લવ ઊંઘમાંથી જાગ્યો અને પોતાના બેડ પર બેઠો થઈ ગયો. પલ્લવને ઇમ્યુનો-સપ્રેસન્ટ્સ દવાઓ શરૂ હોવાથી તેને એક અલગ રૂમ ફાળવવામાં આવેલો. એ રૂમની સ્પેશિયલ કાળજી રાખવામાં આવતી. એ રૂમમાં કૃપાલી પણ સૂતી નહિ.

અડધી કલાક સુધી પલ્લવ આંખો બંધ કરીને પોતાના બેડ પર બેઠો રહ્યો. કૃપાલી અચાનક તેના રૂમમાં પ્રવેશી અને પૂછ્યું, “તું જાગી ગયો?”

પલ્લવના ચહેરા પરની રેખાઓ થોડી તંગ હતી. તેણે ધીમા અવાજે કહ્યું, “મજા નથી આવતી યાર.”

કૃપાલી તેની બાજુમાં બેઠી, “શું થાય છે?”

“પેટમાં દુ:ખે છે.”

“હજુ તો ત્રણ જ અઠવાડિયાં થયાં છે. આટલી જલદી તો ન દુ:ખવું જોઈએ.”

“એક પેઇન કિલર લઈ લઉં. ડૉ. લીઝાએ આપી જ છે.”

“ભૂખ્યા પેટે નહિ. ચાલ ઊભો થા. થોડો નાસ્તો કરી લે. પછી દવા લઈ લેજે.”

પલ્લવે ઊભા થતાં કહ્યું, “યાર, આજે સખત પગ દુ:ખે છે.”

કૃપાલી પલ્લવ સામે જોઈ રહી. થોડા સમય પછી અચાનક તેણે કહ્યું, “ચાલ મારી સાથે.”

“અરે, ક્યાં લઈ જાય છે?” પલ્લવે પૂછ્યું.

હાથ પકડીને કૃપાલી પલ્લવને વૉશરૂમ તરફ લઈ ગઈ. પલ્લવને વૉશરૂમની અંદર ધક્કો મારતાં કૃપાલીએ કહ્યું, “પ્લીઝ એક વાર તારું અન્ડરગારમૅન્ટ ચેક કર. તને બ્લડના ડાઘા દેખાય છે?”

“શું કૃપાલી? ત્રણ અઠવાડિયાંમાં ...”

“હું તને કહું છું એટલું કર.” એમ કહીને કૃપાલીએ વૉશરૂમનું બારણું બંધ કરી દીધું અને બહાર ઊભી રહીને પૂછવા લાગી, “ચેક કરીને મને કહે.”

થોડા સમય પછી અંદરથી અવાજ આવ્યો, “ઍબ્સોલ્યુટલી ડ્રાય છે, કૃપાલી.”

કૃપાલી ટૅન્શનમાં આવી ગઈ. મનોમન બોલી, “તો પછી શું કામ પેટમાં દુ:ખે છે?” તેણે પલ્લવને કહ્યું, “ફરી એક વાર ચેક કર. સ્પોટિંગ હશે. ક્યાંક નાનો ડાઘો તો હોવો જોઈએ.”

બારણું ખોલીને પલ્લવે કહ્યું, “કશું જ નથી, કૃપાલી.”

“હું અનિકેતભાઈને વાત કરું છું. આપણે આજે ને આજે ડૉ. લીઝાને બતાવી આવીએ.”

“પેઇન કિલર લઈને ટ્રાય તો કરવા દે. કદાચ કશું જ નહિ હોય અને આપણે ...”

પલ્લવના મોઢા પર હાથ રાખીને કૃપાલીએ તેને આગળ બોલતાં અટકાવી દીધો અને કહ્યું, “જો, આ તારું પહેલી વખતનું નહિ, આ મારું બીજી વખતનું ઑપરેશન છે. મારા સેકન્ડ ટ્રાન્સપ્લાન્ટ વખતે હું કોઈ જ રિસ્ક લેવા નથી માંગતી.”

પલ્લવે કહ્યું, “ચાલ બતાવી આવીએ.”

અનિકેત, પલ્લવ અને કૃપાલી તાત્કાલિક અનિકેતની કાર લઈને એક્રોનથી ક્લીવલૅન્ડ જવા નીકળ્યાં. રસ્તામાં પલ્લવના પેટનો દુ:ખાવો વધતો ગયો. કૃપાલી થોડી વધારે ટૅન્શનમાં આવી.

ગાડી ચલાવતાં અનિકેતે પલ્લવને પૂછ્યું, “બહુ વધારે દુ:ખે છે તને?”

“ખબર નથી પડતી યાર. પેટમાં કોને દુ:ખે છે? મને કે અમારા નસીબને?”

“તને કાંઈ જ નહિ હોય. તું જોજે હમણાં આપણે પહોંચી જઈશું.”

* * *

“હી ઇઝ નૉર્મલ. ધેર ઇઝ નથિંગ ટુ વરી.” પલ્લવની સંપૂર્ણ તપાસ કર્યા પછી ડૉ. લીઝાએ કહ્યું.

"ધેન વાય હી ઇઝ ઇન સો મચ ઑફ પેઇન?" અનિકેતે પૂછ્યું.

"મસ્ટ બી યુટરાઇન સ્પાઝમ્સ. આઇ વીલ ગીવ હીમ સમ મેડીસીન્સ. હી શુડ બી ઓકે."

* * *

દવાઓ લઈને ત્રણેય જણાં ઘરે પાછાં આવ્યાં. ડૉ. લીઝાએ આપેલી દવા પલ્લવને આપતાં કૃપાલીએ કહ્યું, "થોડી વાર આરામ કર. હું તારી બાજુમાં જ બેઠી છું."

દવા લઈને થોડા જ સમયમાં પલ્લવને ઊંઘ આવી ગઈ. કૃપાલી એના પગ દબાવતી એની પાસે જ બેઠી રહી. અનિકેત પોતાના કામ પર રવાના થયો. થોડા સમય પછી સ્ટેલા પલ્લવના રૂમમાં આવી અને કૃપાલીને કહ્યું, "ઓહ ગુડ. હી હેસ ફોલન અસ્લીપ. હી મસ્ટ બી બેટર નાઉ."

પલ્લવના પગ પાસે બેઠેલી કૃપાલીએ લિમિટેડ સ્માઇલ કરીને કહ્યું, "ઇટ સીમ્સ હી ઇઝ બેટર."

"લેટ્સ ગો ટુ ધ બૅકયાર્ડ. વી વીલ હેવ અ કપ ઑફ કૉફી ધેર."

પલ્લવના ઊંઘતા ચહેરા સામે જોઈને કૃપાલીએ કહ્યું, 'ડૉન્ટ ફિલ લાઇક હેવિંગ ઇટ.'

"ઓહ કમઓન. હી ઇઝ અસ્લીપ. હી ઇઝ ફાઇન નાઉ. રિલેક્સ. યુ હેવ નોટ ટેકન એનીથિંગ સીન્સ મોર્નિંગ. કમ વિથ મી." એમ કહીને સ્ટેલા કૃપાલીનો હાથ પકડીને તેને રૂમની બહાર લઈ ગઈ.

કૃપાલી અને સ્ટેલા હિંચકા પર બેઠાં બેઠાં કૉફી પી રહ્યાં હતાં.

કૃપાલીએ કહ્યું, "આઇ જસ્ટ હોપ, એવરીથિંગ શુડ બી ફાઇન નાઉ."

સ્ટેલાએ કૃપાલીના ખભા પર હાથ મૂકીને કહ્યું, "ડૉન્ટ વરી. ગૉડ ઇઝ ગ્રેટ."

એટલામાં અંદરથી કોઈ અવાજ સંભળાયો.

કૉફી પીતાં પીતાં કૃપાલીની ભમરો ઊંચી થઈ. તેણે કહ્યું, "સમવન ઇઝ કૉલિંગ."

ફરી પાછો સન્નાટો. સ્ટેલાએ અવાજની દિશામાં જોયું અને કહ્યું, "નો- વન ઇઝ ધેર."

થોડી વાર રહીને ફરી અવાજ સંભળાયો. આ વખતે એ સ્પષ્ટ હતો. એ અવાજ પલ્લવના રૂમમાંથી આવી રહેલો. પલ્લવના રૂમમાંથી 'કૃપાલી...કૃપાલી...'ની બૂમો સંભળાઈ.

કૉફીનો કપ મૂકીને કૃપાલી એવી રીતે દોડી જાણે કોઈ નાના બાળકની બૂમો સાંભળીને તેની પાસે તેની મમ્મી દોડી જતી હોય છે.

કૃપાલી દોડીને પલ્લવના રૂમમાં પહોંચી ગઈ. પલ્લવ પોતાના બેડ પર બેઠો બેઠો ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો હતો.

કૃપાલીએ તેને પોતાની છાતીએ વળગાડી દીધો અને પૂછ્યું, "શું થયું પલ્લવ? કેમ આટલું બધું રડે છે? હું અહીંયાં જ હતી. હું ક્યાંય નહોતી ગઈ. નીચે જ હતી."

પલ્લવે પોતાના શરીર પર ઢાંકેલી ચાદર ઊંચી કરી અને બેડશીટ પર પડેલા લાલ ડાઘાઓ કૃપાલીને બતાવીને મોટા અવાજે રડતાં રડતાં કહ્યું, "આઇ એમ ઇન પિરિયડ્સ."

કૃપાલીએ બેડશીટ તરફ જોયું. પલ્લવના બે પગ વચ્ચે રહેલો બેડશીટનો ભાગ લોહીથી રંગાયેલો હતો.

કૃપાલીએ પોતાનો હાથ એ બગડેલી બેડશીટ પર મૂક્યો.

"શું કરે છે? બેડશીટ બગડેલી છે. તારો હાથ બગડશે." પલ્લવે કૃપાલીનો હાથ પકડીને કહ્યું.

કૃપાલીની આંખોમાં પણ ચોમાસું વરસી રહ્યું હતું. તેણે કહ્યું, "આજે મને સમજાય છે કે એક બગડેલી બેડશીટ કેટલા બધાની જિંદગીઓ સુધારી નાખતી હોય છે."

"આ લાલ રંગ જ આપણી જિંદગીમાં રહેલા અંધકારનો કાળો રંગ દૂર કરશે." પલ્લવે કહ્યું.

કૃપાલી થોડી વાર પલ્લવના ચહેરા સામે જોઈ રહી. તેણે પોતાની આંખો લૂછી અને કહ્યું, "હું બધું ક્લીન કરી દઉં છું."

પલ્લવે કહ્યું, "હું ફટાફટ તૈયાર થઈ જાઉં. મારે ક્યાંક જવું છે. તું આવીશ મારી સાથે?"

કૃપાલીએ સરપ્રાઇઝ લુક આપ્યું, “ક્યાં જવું છે?”

“મંદિરે. અહીંયાં આસપાસમાં ક્યાંક તો મંદિર હશે ને!”

“તું પાગલ થઈ ગયો છે? આપણે અહીંયાં મંદિર ક્યાં શોધશું? ગાંડા, તું ભૂલી ન જા. તું મૅન્સિસમાં છે.”

“તું ભૂલી ગઈ કૃપાલી. મૅન્સિસમાં મંદિરે ન જવાય એવો રિવાજ છે. કાયદો નથી. એ રિવાજ ફક્ત સ્ત્રીઓને જ લાગુ પડે છે, પુરુષોને નહિ.”

“પલ્લવ, માંડ બધું આપણી ફેવરમાં થઈ રહ્યું છે. મંદિરે જઈને આપણે કોઈ કૉન્ટ્રોવર્સી ઊભી નથી કરવી.”

“આ કૉન્ટ્રોવર્સી નથી. આ એક ટ્રેન્ડ સેટ કરવાની વાત છે.”

“આર યુ સ્યોર?”

“મંદિરે ન જવાનું એક કારણ તો આપ. જે મૅન્સિસની હું છેલ્લાં પાંચ વર્ષોથી અને તું છેલ્લાં 20 વર્ષોથી રાહ જોઈ રહી છે, એ મૅન્સિસ આપણને ઈશ્વરે જ તો આપ્યા. આ મૅન્સિસ નથી કૃપાલી. લાલ રંગમાં રહેલા આ ઈશ્વરના પ્રવાહી આશીર્વાદ છે. એક ગર્ભને ઉછેરવા એક ગર્ભાશયને મળેલું વરદાન છે આ. અરે, જે ઈશ્વરે જ આપેલું છે, એ ઈશ્વરથી જ શું કામ સંતાડવાનું?” પોતાના બેડ પરથી ઊભા થતાં પલ્લવે કહ્યું, “પેંડા તો અહીંયાં મળશે નહિ. આજે ચૉકલેટ્સ અને કૂકીઝ વહેંચવાનો દિવસ છે. ચાલ, આજે મારી નવી જિંદગીનો શંખનાદ કરીએ.”

* * *

10 દિવસ પછી

“1 વર્ષ. ઍક્ઝેક્ટલી 1 વર્ષ પછી ડૉ. લીઝાએ અમને પાછા આવવાનું કહ્યું છે.” બૅગ પેગ કરતાં પલ્લવ બોલ્યો.

“ધેટ મીન્સ, હમણાં કશું જ કરવાનું નથી?” અનિકેતે પૂછ્યું.

“ના. ડૉ. લીઝાએ કહ્યું કે ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસનું હિલિંગ ન થાય ત્યાં સુધી તેના પર કોઈ પણ પ્રકારનું સ્ટ્રેસ આવવું ન જોઈએ.” કૃપાલીએ કહ્યું.

“એટલે?” અનિકેત કાંઈ સમજ્યો નહિ.

“એટલે એમ કે તાત્કાલિક પ્રેગનન્સી શક્ય નથી. એક વર્ષ રાહ જોવી પડશે. ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસને થોડો સમય આપવો પડશે. ત્યાં સુધી મારે એક નૉર્મલ મેન્સ્ટરુએટિંગ ફિમેલની જેમ દિવસો વિતાવવા પડશે.”

“અ મેન્સ્ટરુએટિંગ મેલ. અ મેલ ઇન મૅન્સિસ. ઇટ મસ્ટ બી ધ હિસ્ટોરિકલ ન્યૂઝ ફોર એન્ટાયર મેડિકલ ફ્રેટર્નિટી.” સ્ટેલાએ કહ્યું.

“યેસ ઇટ ઇઝ.” પલ્લવે કહ્યું. “મેં અને કૃપાલીએ જ્યારે ડૉ. લીઝાને આ ગુડ ન્યૂઝ આપ્યા ત્યારે એક ક્ષણ માટે ડૉ. લીઝાની આંખો પણ ભીની થઈ ગયેલી. અને પૂછ કૃપાલીને કે એમણે મને શું કહ્યું?”

“ડૉ. લીઝાએ પોતાનો હાથ પલ્લવ સામે લાંબો કર્યો અને કહ્યું, વૅલકમ ટુ ધ વર્લ્ડ ઑફ વુમેનહુડ. વૅલકમ ટુ ધ વર્લ્ડ ઑફ મિરેકલ્સ.” કૃપાલીએ કહ્યું.

“મને નવાઈ લાગે છે કે હજુ સુધી ન્યૂઝ પેપરમાં કેમ આનો કોઈ ઉલ્લેખ નથી? આવા ન્યૂઝ તો એ જ દિવસે વાઇરલ થઈ જાય.” અનિકેતે કહ્યું.

“એક્ચ્યુઅલી, અમે બંનેએ જ આ ન્યૂઝ લીક કરવાની ના પાડેલી છે. ડૉ. લીઝાની તો બહુ જ ઇચ્છા હતી કે તાત્કાલિક આ સમાચાર દુનિયાના ખૂણે-ખૂણા સુધી પહોંચી જવા જોઈએ. પણ અમે બંનેએ એને રિક્વેસ્ટ કરી કે એક વર્ષ સુધી આ ન્યૂઝ કૉન્ફિડેન્શિયલ રાખે.” પલ્લવે કહ્યું.

“બટ વ્હાય? ધ વર્લ્ડ શુડ કમ ટુ નો અબાઉટ ધીસ બ્યુટીફૂલ રિવૉલ્યુશન.” સ્ટેલાએ કહ્યું.

"રિવૉલ્યુશન હેસ નોટ સ્ટાર્ટેડ યેટ." પલ્લવે કહ્યું, "હજુ એક વર્ષની વાર છે સ્ટેલા. જે દિવસે મારા પ્રેગ્નન્સીના સમાચાર આવશે, રિવૉલ્યુશન એ દિવસે શરૂ થશે. આ તો હજુ શરૂઆત છે. આવનારા દિવસોમાં અસંખ્ય પુરુષો પોતાની અંદર રહેલી સ્ત્રીને સ્વીકારતા પણ થશે અને ઊજવતા પણ થશે."

"એક વર્ષ પછી શું પલ્લવ?" અનિકેતે પૂછ્યું.

"જે ક્ષણની અમને બંનેને છેલ્લાં કેટલાંય વર્ષોથી પ્રતીક્ષા હતી, એક વર્ષ પછી એ ક્ષણ આવશે. સપનાંઓ પર પડેલા ઉઝરડાઓને મલમ લગાડવાની ક્ષણ. એક વર્ષ પોતાના ઘરથી અલગ રહેલા અમારા બાળકને એના પોતાના ઘરમાં બોલાવવાની ક્ષણ. એ ક્ષણ એટલે એમ્બ્રિયો ટ્રાન્સફર." પલ્લવે કહ્યું.

કૃપાલીએ કહ્યું, "ડૉ. લીઝાના કહેવા પ્રમાણે ઍક્ઝેટ એક વર્ષ પછી તેઓ એમ્બ્રિયો ટ્રાન્સફર કરશે. વચ્ચે બે-ત્રણ વાર યુટરાઇન બાયોપ્સી કરાવવી પડશે. એ જોવા માટે કે રીજેક્શનના કોઈ અણસાર તો નથી ને. પણ એ બધી પ્રોસિજર તો ઇન્ડિયામાં થઈ જશે."

પલ્લવના ખભા પર હાથ રાખીને અનિકેતે કહ્યું, "હવે એક વર્ષનો સમયગાળો બહુ લાંબો લાગે છે."

પલ્લવે કહ્યું, "એક વર્ષ તો જોઈશે યાર. તૈયારીઓ કરવાની છે. આમ રાતોરાત કોઈ બીજાના યુટરસને મારા શરીરમાં લઈ આવ્યો છું. એની સાથે આત્મીયતા કેળવવી પડશે. એ અંગને હવે મારા અંગ તરીકે સ્વીકારવા માટે પણ થોડો સમય જોઈશે દોસ્ત. ઘરમાં તો બહુ પછી, પહેલા તો દીકરીને આ નવા અંગમાં લાવવાની છે." પછી ખભા ઊંચા કરી છાતી ટટ્ટાર કરીને પલ્લવ બોલ્યો, "મારે દીકરીને ગર્ભમાં ઉછેરવાની છે બૉસ. કોઈ કચાશ ન રહેવી જોઈએ."

સ્ટેલાએ પહેલી વાર થોડું ગુજરાતી બોલવાનો પ્રયત્ન કર્યો, "તમારા વગર નહિ ગમે."

"અરે શું વાત છે? સ્ટેલા, તું ગુજરાતી સરસ બોલે છે." કૃપાલીએ કહ્યું.

"હું તો ઘણી વાર એને કહું છું કે ગુજરાતી બોલ. બટ શી ઇઝ નોટ કૉન્ફિડન્ટ." અનિકેતે કહ્યું.

"સ્ટેલા, ચિંતા નહિ કર. ભૂલ થશે તો પણ માફ કરી દેશે. બહુ ઉદાર હોય છે, ગુજરાતી ભાષા અને ગુજરાતી પ્રજા પણ." એ વાક્ય બોલતી વખતે પલ્લવની આંખોમાં પાણી ઉભરાઈ આવ્યા.

"શું થયું યાર?" અનિકેતે પૂછ્યું.

"જલદી ઇન્ડિયા જવું પડશે. કેટલાક લોકોની માફી માંગવાની છે." પછી સ્ટેલા તરફ જોઈને કહ્યું, "એક વર્ષ તો ચપટી વગાડતામાં નીકળી જશે. આ વખતે પ્રૉમિસ કરું છું, ગયા વખત જેવું નહિ થાય. રેગ્યુલર સંપર્કમાં રહીશું."

અનિકેતે કહ્યું, "હા હોં પલ્લવ. તારા એક એક પિરિયડ્સનો હિસાબ આપવો પડશે. ક્યારે આવ્યું? કેટલા દિવસ આવ્યું? પેઇનફુલ હતું કે નહિ?'

"ઓહ કમઓન, જસ્ટ શટ અપ." સ્ટેલાએ અનિકેતને કોણી મારીને કહ્યું.

"હિસાબ તો રાખવો પડશે. બાળકને ઘરે લાવવા માટેનું આ ઇન્વેસ્ટમૅન્ટ છે. એક વર્ષ સુધી દર મહિને માસિકના રૂપમાં ઇન્સ્ટોલમૅન્ટ ભરીશ. એક વર્ષ પછી રિટર્ન્સ લેવા માટે અમેરિકા પાછો રિટર્ન થઈશ."

"ટેક કેર." સ્ટેલાએ કહ્યું. ઍરપોર્ટ જવા માટે પલ્લવ અને કૃપાલી ટૅક્સીમાં બેઠાં અને મરી પરવારેલા સપનાંઓએ આકાશમાં ઊંચી ઉડાન ભરવાની ફરી પાછી શરૂઆત કરી.

* * *

અમેરિકાથી ફ્લાઇટ ટેકઑફ થયાની સાથે પલ્લવનો મૂડ પણ અચાનક ઑફ થઈ ગયો.

ઊંડા વિચારોમાં ખોવાયેલા પલ્લવને કૃપાલીએ પૂછ્યું, "શું વિચારે છે?"

પલ્લવ કશું જ બોલ્યો નહિ. ફક્ત તેણે નકારમાં માથું ધુણાવ્યું.

"તને મારા સમ. જો નહિ બોલે તો ડૉમેસ્ટિક વાયોલન્સ યાદ છે ને?" કૃપાલીએ હળવી મજાક કરી.

પલ્લવ પણ પરાણે હસ્યો. હસીને તેણે કહ્યું, "તારી વાત સાચી હતી કૃપાલી. અધૂરા સંબંધો સાથે સપનાંઓ પૂરાં કરવાનો કોઈ જ અર્થ નથી."

કૃપાલીએ તેની સામે સ્માઇલ કર્યું અને તેના માથા પર હાથ ફેરવીને કહ્યું, "ચિંતા નહિ કર. બધું સારું થઈ જશે."

ફ્લાઇટ લૅન્ડ થઈ. ગાડીમાં બેસતાંની સાથે જ પલ્લવના ફોનની રિંગ વાગી. ફોનની સ્ક્રીન પર ફ્લેશ થયેલું નામ વાંચીને પલ્લવ સ્તબ્ધ થઈ ગયો.

તેણે કૃપાલીની સામે જોઈને કહ્યું, "મમ્મીનો ફોન આવે છે."

"ઉપાડ ઉપાડ." કૃપાલીએ કહ્યું.

પલ્લવે જેવો ફોન ઉપાડ્યો કે તરત જ મમ્મીનો અવાજ આવ્યો, "પોતાના પહેલા માસિકની જાણ દીકરી સૌપ્રથમ તેની માને કરતી હોય છે. તું એટલું ય ભૂલી ગયો?"

પલ્લવ શોક્ડ હતો. તેણે કૃપાલી સામે જોયું. કૃપાલીએ પાંપણો નમાવીને એ વાતની પુષ્ટિ કરી કે ઍરપોર્ટ પરથી મમ્મીને ફોન તેણે જ કરેલો.

પલ્લવે ફોનમાં કહ્યું, "મને માફ કરી દે."

"માફી તો મારે માંગવાની છે તમારા બંનેની. તમને ઘર છોડતી વખતે હું અટકાવી ન શકી, એ મારી સૌથી મોટી નિષ્ફળતા હતી બેટા."

"મને ખબર છે એક દીકરા તરીકે હું પણ નિષ્ફળ ગયો છું."

"ના બેટા. આપણા સમાજમાં કેટલાં બધાં એવાં મા-બાપ છે જેઓ ગર્વ લેતા હશે કે અમારી દીકરી એક દીકરા જેવી છે. એ બધા કરતાં મને વધારે ગર્વ છે કે મારો દીકરો એક દીકરી જેવું વિચારે છે, એક દીકરી જેવી અનુભૂતિ કરે છે."

"તમારો દીકરો દીકરીની જેમ વર્તશે તો સમાજમાં તમારી બદનામી નહિ થાય ને?"

"મને બહુ મોડેથી સમજાયું છે બેટા કે કોઈ દીકરો જો દીકરીની જેમ વર્તે તો એ શરમની વાત નથી, ગૌરવ લેવા જેવી વાત છે. સમજણ કદાચ ઉંમર સાથે આવતી હશે પણ સંવેદનાઓનું એવું નથી. ન તો એને ઉંમર સાથે કોઈ નિસબત છે, ન તો એ ક્યાંય વેચાતી મળે છે. બહુ ભાગ્યશાળી હોય છે એવા લોકો જેમને સંવેદનશીલતા વરેલી હોય છે. સંવેદનાઓની બાબતમાં તું તારાં મમ્મી-પપ્પા કરતાં પણ વધારે મોટો છે."

"પપ્પા ગુસ્સામાં છે?"

"ના. તારી રાહ જુએ છે. ઘરે આવીશ ને?"

"અત્યારે નહિ. પછી આવીશ."

"તારી માને માફ નહિ કરે? કબૂલ કરું છું કે થોડાક સમય માટે હું સ્વાર્થી થઈ ગઈ'તી. શું એક માને પોતાના સંતાનના સુખ માટે થોડીક ક્ષણો સ્વાર્થી થવાનો પણ હક નથી?"

"બિલકુલ હક છે, મમ્મી. એ વાત હવે હું બરાબર સમજી ચૂક્યો છે કે દરેક માએ પોતાના સંતાન માટે સ્વાર્થી જ હોવું જોઈએ."

"સીધા ઘરે જ આવવાનું છે. હું મારી બંને દીકરીઓની રાહ જોઉં છું." એટલું કહીને મમ્મીએ ફોન મૂકી દીધો.

પલ્લવે પણ ફોન મૂક્યો અને કૃપાલીને 'થૅન્ક્યુ' કહીને ગળે વળગી ગયો.



♦ 19 ♦

સમયઃ 1 વર્ષ પછીનો
સ્થળઃ અમેરિકાનું એક્રોન શહેર, અનિકેતનું ઘર

અનિકેત અને સ્ટેલા આરામથી પોતાના લિવિંગ રૂમના સોફા પર બેઠાં હતાં. પલ્લવ ચિંતાને કારણે લિવિંગ રૂમમાં સતત આંટા-ફેરા કરી રહ્યો હતો.

ખુરશી પર બેઠેલી કૃપાલીએ કહ્યું, "આટલો બધો રેસ્ટલેસ ન થા. ડૉ. લીઝાએ તને સંપૂર્ણ આરામ કરવાનું કહ્યું છે. બેસી જા તો એક જગ્યાએ."

સ્ટેલાએ કહ્યું, "કૃપાલી ઇઝ રાઇટ. યુ શુડ ટેક કમ્પ્લીટ બેડ રેસ્ટ."

"બ્લડ સેમ્પલ તો સવારનું આપી દીધું'તું. અત્યાર સુધીમાં તો રિપોર્ટ આવી જવો જોઈએ." પલ્લવે કહ્યું.

"આવશે. રિપોર્ટ આવતાં થોડી વાર તો લાગે ને." કૃપાલીએ કહ્યું.

"રિપોર્ટ નક્કી અનફેવરેબલ હશે, એટલે જ ડૉ. લીઝાએ આપણને જાણ નથી કરી."

"એમ્બ્રિયો ટ્રાન્સફરને હજી પંદર દિવસ જ થયા છે. ધારો કે કદાચ આજે રિપોર્ટ નૅગેટિવ આવે, તો પાંચ દિવસ પછી ફરી કરીશું, ત્યારે પૉઝિટિવ આવશે."

"ના કૃપાલી. ડૉ. લીઝાએ સ્પષ્ટ કહ્યું'તું કે પંદરમા દિવસે તો HCG લેવલ બ્લડમાં ડિટેક્ટ થવું જ જોઈએ. જો આજે નહિ થાય તો એનો મતલબ એમ કે એમ્બ્રિયો ટ્રાન્સફર ફેઇલ ગયું."

"નૅગેટિવ નૅગેટિવ નૅગેટિવ. પલ્લવ, નૅગેટિવ વિચારવાનું બંધ કર. યાદ છે? એમ્બ્રિયો ટ્રાન્સફર પછી ડૉ. લીઝાએ તને પહેલી સૂચના કઈ આપી'તી? સ્ટે પૉઝિટિવ. તું એ જ નથી કરતો."

સ્ટેલાએ કહ્યું, "આઇ વોઝ પ્રેઝન્ટ એટ ધેટ ટાઇમ. શી સેઇડ ધ ફર્સ્ટ સ્ટેપ ટુવાર્ડ્સ મધરહુડ ઇઝ ઓપ્ટિમિઝમ."

"એક્ઝેક્ટલી. આવા નૅગેટિવ વિચારો કરીશ ને, તો રિપોર્ટ પૉઝિટિવ આવતો હશે તો ય નહિ આવે." કૃપાલીએ કહ્યું.

"બાળકને સૌથી વધારે ઑપ્ટિમિઝમની જરૂર હોય છે. જો એક માની અંદર જ એ નહિ હોય, તો બાળકને એ કેવી રીતે મળશે?" અનિકેતે કહ્યું. અનિકેતના આ વાક્યથી સ્ટેલા અને કૃપાલીએ અનિકેતની સામે જોઈને સરપ્રાઇઝ લુક આપ્યું.

અનિકેતે પોતાના બે હાથ ઊંચા કરીને કહ્યું, "આ હું નથી કહેતો. તે દિવસે ડૉ. લીઝાએ કહેલું. મને યાદ રહી ગયું."

"હું ટ્રાય કરું છું યાર પણ કૉન્સ્ટન્ટ ખરાબ વિચારો જ આવ્યા કરે છે. શું કરું? ખબર નથી પડતી." પલ્લવે કહ્યું.

"એ ભાઈ, આને કોઈક કૉફી પીવડાવો." અનિકેતે કહ્યું.

"નો" મોટા અવાજે પલ્લવ બોલ્યો, "કૉફી તો બિલકુલ નહિ. એમ્બ્રિયો ટ્રાન્સફર પછી ડૉ. લીઝાએ કૉફી પીવાની ના પાડી છે. એનાથી એમ્બ્રિયો પર અસર પડી શકે છે."

"ના તો તને સ્ટ્રેસ લેવાની પણ પાડી છે. તો પણ તું લે છે." કૃપાલીએ કહ્યું.

"શીટ. આજની ફોલિક ઍસિડની ટૅબ્લેટ લેવાની રહી ગઈ યાર. લાવ લાવ, જલદી પાણી આપ."

"હવે લઈ લે. આટલું બધું ટૅન્શન શું કામ લે છે એ વાતનું?"

"આટલી બધી ઍન્ક્ઝાઇટી આજ પહેલાં ક્યારેય થઈ નથી યાર. ડૉ. લીઝાને ફોન કરું?"

"એમણે કહ્યું છે ને, કે રિપોર્ટ આવશે એટલે તરત જ ફોન કરશે. તો શું કામ એમને ડિસ્ટર્બ કરવા છે?"

"મારી જિંદગીની સૌથી મોટી પરીક્ષાનું પરિણામ આવવાનું હોય એવું લાગ્યા કરે છે."

અનિકેતે કહ્યું, "ડૉ. લીઝાએ કહ્યું તો છે કે એ આ વખતે એમ્બ્રિયો ઇમ્પ્લાન્ટ નહિ થાય તો આવતી સાઇકલમાં ફરી એમ્બ્રિયો ટ્રાન્સફર કરશે. શું કામ આટલું ટૅન્શન લે છે?"

"કેટલી સરળતાથી કહી દીધું કે આ વખતે એમ્બ્રિયો ઇમ્પ્લાન્ટ નહિ થાય. તમારા બધા માટે આ ફક્ત એમ્બ્રિયો હશે. મારા માટે તો આ મારું બાળક છે જેનો વિકાસ થવાનો હજી બાકી છે." બોલતાં બોલતાં પલ્લવે હવામાં ક્યાંક પોતાની નજર સ્થિર કરી જાણે કશુંક યાદ કરતો હોય.

પછી કહ્યું, "મને એકલાને ડૉ. લીઝા IVF લૅબમાં અંદર લઈ ગ્યાં'તાં. પેલી નાઇટ્રોજન ચૅમ્બરમાં મેં જ્યારે મારા અને કૃપાલીના ફ્રોઝન એમ્બ્રિયોઝને જોયા ત્યારે મારાથી તો રડી જ પડાયું. તેમને ટ્યૂબ્સમાં રાખવામાં આવેલા, લિક્વિડ નાઇટ્રોજનની સાથે માઇનસ 196 ડિગ્રી સેલ્સિયસમાં. મારાથી મનમાં બોલાઈ ગયું કે અચ્છા, તો આ છે તમારું કિન્ડરગાર્ટન. અહીંયાં રમતા હો છો તમે! ડૉ. લીઝા આ સાંભળી ગયાં. તેમને કશું સમજાયું તો નહિ પણ તેમને લાગ્યું કે હું એમ્બ્રિયો સાથે વાત કરી રહ્યો છું. તેમણે મને કહ્યું કે નરી આંખે નહિ દેખાય. તેમને માઇક્રોસ્કોપમાં જોવા પડશે. મને બહુ નવાઈ લાગી. મને ચિંતા થઈ. મારા બાળકોનું અસ્તિત્વ એટલું બધું સૂક્ષ્મ કે માઇક્રોસ્કોપમાં જોવું પડે? પછી થયું, મારું અસ્તિત્વ પણ એટલું જ સૂક્ષ્મ છે. પછી ડૉ. લીઝાએ મને માઇક્રોસ્કોપમાં જે બતાવ્યું, એ દૃશ્ય હું આજીવન ભૂલી નહિ શકું."

પલ્લવની વાતો સાંભળીને કૃપાલી, સ્ટેલા અને અનિકેત સ્તબ્ધ થઈ ગયેલા. ત્રણેયમાંથી કોઈ હલી પણ શકે એવી સ્થિતિમાં નહોતું. તેઓ એકધ્યાન થઈને પલ્લવની સંવેદનાઓ પલ્લવના શબ્દો દ્વારા અનુભવી રહ્યા હતા.

પલ્લવે આગળ કહ્યું, "એમણે મને માઇક્રોસ્કોપમાં પાંચ દિવસનું એમ્બ્રિયો બતાવ્યું. શું કહેવાય એને? હા, બ્લાસ્ટોસીસ્ટ. સેલ ડિવિઝન. ફક્ત કોષ વિભાજન અને કોષ વિભાજનથી આગળ કશું જ નહિ અને તેમ છતાં મને એવું લાગ્યું કે આ કોષ વિભાજનમાં મારું આખું વિશ્વ સમાયેલું છે. એક વિરાટ સ્વપ્ન તૂટે ત્યારે એના ટુકડાઓ થતા તો જોયા'તા પણ આ કોષ વિભાજન જોઈને લાગ્યું કે સાલું ટુકડાઓ ભેગા થઈને પણ એક સ્વપ્નનું નિર્માણ કરી શકે છે. એક એવું સ્વપ્ન જે આપણે સાથે મળીને જોયેલું હતું, કૃપાલી. ટચલી આંગળીના નખથી પણ સોમાં ભાગનું એમ્બ્રિયો. મને થયું માઇક્રોસ્કોપની અંદર જઈને પેલા એમ્બ્રિયોને તેડી લઉં. એને વહાલ કરું. પણ અફસોસ, ક્યારેક આપણે ફક્ત સૂક્ષ્મ જોઈ શકીએ છીએ, અનુભવી શકતા નથી.'

આ વાક્ય પૂરું થતા સુધીમાં પલ્લવ ગળગળો થઈ ગયો. સ્ટેલાએ કૃપાલીને ઇશારો કર્યો કે પલ્લવને પાણી આપ. કૃપાલી પાણી લઈને આવી. પાણી ભરેલો ગ્લાસ તેણે પલ્લવ સામે આગળ કર્યો. પલ્લવનું ધ્યાન ગ્લાસ સામે નહોતું. તે પોતાની જ દુનિયામાં ખોવાયેલો હતો.

તેણે કહ્યું, "બ્લાસ્ટોસિસ્ટ. કેટલું ક્યુટ લાગતું'તું? એમાં અંદરની બાજુ ઇનર સેલ માસ હતું જેમાંથી બાળક બનશે અને બહારની બાજુ આઉટર સેલ માસ જેમાંથી પ્લેસેન્ટા. એ બંનેની વચ્ચે થોડી જગ્યા હતી જેમાંથી એમ્નીઓટીક ફ્લ્યુડ બનશે. મને ડૉ. લીઝાએ બધું શાંતિથી સમજાવ્યું. માઇક્રોસ્કોપમાંથી જોતી વખતે એમ્બ્રિયોને જોઈને એક વાર મારાથી પૂછાઈ પણ ગયું કે મારી અંદર આવવું છે ને? કેવું વિચિત્ર કહેવાય નહિ? કોઈનામાં હજુ કાર્ડિયાક ઍક્ટિવિટી પણ આવી ન હોય અને છતાં એ આપણને સજીવ લાગવા લાગે. એમના અવાજો આપણને સંભળાય, એમની લાગણીઓ આપણે અનુભવી શકીએ. આપણને એમની ચિંતા થવા લાગે."

પલ્લવ થોડી વાર અટક્યો. તે ઇચ્છતો હતો કે સામે બેઠેલા ત્રણ જણમાંથી કોઈ કશું રિએક્ટ કરે પણ પલ્લવના આ અનુભવ પછી કોઈનામાં બોલવાની હિંમત નહોતી.

પલ્લવે પોતાનો ફોન જોયો. તેણે ફરી એક વાર જોયું કે હજી સુધી ડૉ. લીઝાનો કોઈ જ ફોન નથી આવ્યો. પલ્લવનું ધ્યાન હટાવવા માટે કૃપાલીએ ફોન પોતાની પાસે રાખી લીધો.

પલ્લવે કહ્યું, "જે દિવસે સિરીંજ દ્વારા મારામાં એમ્બ્રિયો ટ્રાન્સફર કરવામાં આવ્યા ત્યારે મને લાગ્યું કે મારામાં એક જીવ ટ્રાન્સફર થઈ રહ્યો છે. એ જીવનું અસ્તિત્વ કેટલું સૂક્ષ્મ અને છતાં એ આપણી અંદર હોવાની અનુભૂતિ કેટલી વિશાળ? મારી યોનિમાંથી કોઈ આત્મા મારામાં પ્રવેશતો હોય એવું મને લાગ્યું."

એટલામાં પલ્લવના ફોનની રિંગ વાગી. એ સમયે પલ્લવનો ફોન કૃપાલીના હાથમાં હતો. ફોનની સ્ક્રીન પર ડૉ. લીઝા જોહાનસનનું નામ ફ્લેશ થયું. કૃપાલી ફોન ઉપાડવા જ જતી હતી, એટલામાં પલ્લવે તેને અટકાવી.

હાથ લાંબો કરીને પલ્લવે કહ્યું, "એક મિનિટ કૃપાલી. મને રિસીવ કરવા દે પ્લીઝ. આ ઈશ્વરનો કૉલ છે. એનો જે કાંઈ પણ ચુકાદો હશે એ મારે જ સાંભળવો અને સ્વીકારવો પડશે." એટલું કહીને પલ્લવે ફોન પોતાના હાથમાં લીધો.

ફોન ઉપાડીને પલ્લવ ધીમા અને લથડતા અવાજે બોલ્યો, "હેલો..."

સામેના છેડેથી ડૉ. લીઝાએ બોલવાનું શરૂ કર્યું. પલ્લવ તેમની વાત સાંભળતો રહ્યો. અનિકેત, સ્ટેલા અને કૃપાલી પલ્લવના ચહેરા સામે જોઈ રહ્યાં. પલ્લવના ચહેરા પર કોઈ પણ પ્રકારના ઍક્સપ્રેશન્સ નહોતા. થોડા સમય પછી પલ્લવે પોતાનો ફોન કાન પરથી અળગો કર્યો અને એ સાથે જ તેની ગ્રીપમાંથી ફોન છટકીને નીચે જમીન પર પડ્યો.

કૃપાલી, સ્ટેલા અને અનિકેત ત્રણેય પલ્લવને ઘેરી વળ્યાં. ડૉ. લીઝાએ શું કહ્યું? એ જાણવાની કુતૂહલતા વાતાવરણમાં વધવા લાગી.

શાંત અને છતાં ભારે ભરખમ થોડીક ક્ષણો વીતી. કૃપાલીએ ધીમા અવાજે પૂછ્યું, "શું થયું પલ્લવ?"

જવાબ આપવાના બદલે પલ્લવની આંખોમાંથી આંસુઓની ધાર થવા લાગી. કૃપાલીની ચિંતા વધવા લાગી. તેણે પલ્લવનો હાથ પકડી, તેને હલબલાવીને પૂછ્યું, "શું થયું પલ્લવ? કાંઈક તો બોલ."

રડતા પલ્લવે કૃપાલી સામે જોઈને જવાબ આપ્યો, "વી આર પ્રેગ્નન્ટ."

કૃપાલી પલ્લવને ભેટી પડી. સ્ટેલા અનિકેતને ભેટી પડી. અમેરિકાના ઠંડાગાર વાતાવરણમાં હૂંફની એવી તો અછત સર્જાઈ કે ગળે મળેલા લોકોને થોડા સમય સુધી એકબીજાથી છૂટા પડવાનું મન પણ ન થયું.

ગળે મળેલી કૃપાલીને પલ્લવે કહ્યું, "આપણા એમ્બ્રિયોએ આપણી લાજ રાખી."

કૃપાલીએ કહ્યું, "આપણા ઈશ્વરે આપણી લાજ રાખી."

કૃપાલી પલ્લવથી અળગી થઈ, તેણે પોતાના આંસુઓ લૂછતાં કહ્યું, "તારા માટે એક ગિફ્ટ રાખી છે." પોતાની બૅગમાંથી એક ગિફ્ટ રેપ કરેલું પાર્સલ કાઢીને તેણે પલ્લવને હાથમાં આપ્યું.

પલ્લવે પૂછ્યું, "શું છે આમાં?"

"ખોલીને જોઈ લે. ઘણા વખતથી સાચવીને રાખી'તી. મનમાં નક્કી કર્યું'તું કે જે દિવસે આ ન્યૂઝ આવશે, એ દિવસે તને ગિફ્ટ આપીશ."

પલ્લવે ગિફ્ટ રેપ ખોલ્યું. ગિફ્ટ ખોલતાંની સાથે જ પલ્લવ બોલ્યો, "ભગવદ્ગીતા?" તેણે કૃપાલીની સામે જોયું.

કૃપાલીએ પાંપણોથી ઇશારો કરીને હકારમાં જવાબ આપ્યો અને કહ્યું, "આપણે બંને સાથે મળીને વાંચશું. આવનારા નવ મહિના આપણી જિંદગીના સૌથી મહત્ત્વના નવ મહિના છે. મમ્મીની ઇચ્છા હતી કે આપણા બાળકને સારામાં સારા ગર્ભસંસ્કાર મળવા જોઈએ. આનાથી વધારે સારા બીજા કયા સંસ્કાર હોઈ શકે?"

"મમ્મીને ફોન લગાડ ને!" પલ્લવે કહ્યું.

કૃપાલીએ પોતાના ફોનમાંથી ઇન્ડિયા ફોન લગાડ્યો, "હા મમ્મી, સૂતા છો? સૉરી તમને ડિસ્ટર્બ..." કૃપાલી આગળ કશું બોલે એ પહેલાં પલ્લવે ફોન પોતાના હાથમાં લઈ લીધો અને બોલ્યો, "મમ્મી, તારો

દીકરો મા બનવાનો છે."

પછી સામે છેડે જે થયું એ અકલ્પનીય અને અવર્ણનીય હતું. થોડા સ્વસ્થ થઈને મમ્મીએ કહ્યું, "હવે, તારે ઇન્ડિયા નથી આવવાનું. અમે બંને અમેરિકા આવીએ છીએ. સાંભળ, તારું ધ્યાન રાખજે. બહારનું ખાતો નહિ. તારા બાળકને કહી દેજે કે એને લેવા એનાં દાદા-દાદી આવે છે."

જેવો પલ્લવે ફોન મૂક્યો કે તરત જ અનિકેતે કહ્યું, "હવે તો ન્યૂઝમાં આવી જવા દે. આ એક ઐતિહાસિક સમાચાર છે."

"હમણાં નહિ અનિકેત. નવ મહિના પછી. હું નથી ઇચ્છતો કે મારા બાળકને કોઈની નજર લાગે."

"સારું, જેમ તને યોગ્ય લાગે."

થોડી વાર પછી પલ્લવને ફરી પાછુ કશુંક યાદ આવ્યું. કૃપાલીને કહ્યું, "તારો ફોન લાવ તો, મમ્મીને કરવો છે."

"અરે, હમણાં તો વાત કરી."

"તું લાવ તો ખરી."

મમ્મીને ફોન ડાયલ કરીને પલ્લવે પૂછ્યું, "મમ્મી..."

"હં બેટા, બોલ ને"

"મારે ખાવાનું શું?"

પલ્લવનો આ પ્રશ્ન સાંભળીને અનિકેત, સ્ટેલા અને કૃપાલી ખડખડાટ હસવા લાગ્યાં અને માતૃત્વના રસ્તા પર પલ્લવની ગાડી પૂરપાટ ઝડપે આગળ દોડવા લાગી.

* * *

12 અઠવાડિયાં પછી

"આ બરાબર નથી યાર. આપણું ઘર હોવા છતાં પણ અંકલ-આંટી રેન્ટેડ ઍપાર્ટમૅન્ટમાં રહે એ મને નથી ગમતું." અનિકેતે કહ્યું.

"તમે લોકોએ ઓલરેડી અત્યાર સુધીમાં અમારા માટે ઘણું બધું કર્યું છે." પલ્લવે કહ્યું, 'મને ખબર નથી પડતી કે તમારા બંનેનો આભાર કેવી રીતે માનું?'

"આ જ પ્રૉબ્લેમ છે તારો. નિશાળમાં ભણવાનું હતું ત્યારે ભણ્યો નહિ. આપણી નિશાળે કોઈ'દી મિત્રનો આભાર માનવાનું શીખવાડ્યું જ નથી. આ બધું તું ક્યાંથી શીખી આવ્યો?"

પલ્લવે સ્માઇલ આપી. અનિકેતે આગળ કહ્યું, "આભાર માનવાનો હિસાબ માંડવાનો જ હોય, તો અમારે તારો આભાર માનવો જોઈએ. સંવેદનાઓના ટ્યૂશન્સ કરાવવા ઇન્ડિયાથી છેક અમેરિકા કોણ આવે? એ પણ પાછા ફ્રીમાં?"

પલ્લવ ફરી હસ્યો. અનિકેતે કહ્યું, "ઓ ભાઈ. તમારે મોડું નથી થતું? સૉનોગ્રાફી કરાવવા જવાનું નથી?"

"કૃપાલી મમ્મી-પપ્પાને મળવા ગઈ છે. એ આવે એટલે તરત જ નીકળી જઈએ." પલ્લવે કહ્યું.

"બાય ધ વે, આજે શેની સૉનોગ્રાફી કરવાની છે?" અનિકેતે પૂછ્યું.

"અર્લી એનોમલી સ્કેન. બાળકમાં કોઈ ખોડ-ખાંપણ નથી ને? એ જોવા માટે." પલ્લવે કહ્યું, "તને ખબર છે? આજે પહેલી વાર હું મારા બાળકને ટીવીમાં જોઈશ. છેલ્લાં 12 અઠવાડિયાથી હું એને અનુભવતો આવું છું. હું આજે એને પહેલી વાર જોઈશ..."

* * *

(મમ્મી-પપ્પા જ્યાં રોકાયાં છે એ ઍપાર્ટમૅન્ટમાં)

મમ્મીએ પૂછ્યું, "ડૉક્ટર શું કહે છે? બધું બરાબર તો છે ને?"

"મમ્મી, બધું બરાબર છે. આજે સૉનોગ્રાફી માટે જવાનું છે."

"પલ્લવ ધ્યાન તો રાખે છે ને એની જાતનું?"

કૃપાલી હસી અને તેણે કહ્યું, "મમ્મી, પલ્લવ તદ્દન બદલાઈ ગયો છે."

"અચ્છા, એવું તો શું થયું છે?" મમ્મીએ પૂછ્યું.

* * *

આ બાજુ પલ્લવ પોતાની વાત અનિકેતને કરતો હતો અને આ બાજુ પલ્લવની વાત કૃપાલી મમ્મીને કરતી હતી.

પલ્લવે કહ્યું, "અનિકેત, મને પ્રત્યેક ક્ષણે એવી પ્રતીતિ થાય છે કે મારામાં એક નહિ, હવે બબ્બે હૃદય ધબકી રહ્યા છે. મારી અંદર ધબકી રહેલા પેલા નાનકડા હૃદયના ધબકારા હું દરેક ક્ષણે અનુભવી શકું છું."

કૃપાલીએ કહ્યું, "મમ્મી, પલ્લવ કૉફીને હાથ પણ નથી અડાડતો. કોઈ પણ ફૂડ આઇટમ જોઈને પેલો સવાલ એવો જ પૂછે છે કે આ ખાવાથી બાળકને ફાયદો થશે? આ ખાવાથી એને નુકસાન થશે?"

"એને રોજ કંઈક નવું અંગ ઊગતું હશે. ક્યારેક હાથ ઊગતા હશે તો ક્યારેક પગ, તો ક્યારેક નાક. પોતાની જાતને બનતી જોવાનો આનંદ મારું બાળક રોજ મારી સાથે શેર કરે છે, અનિકેત."

"રાતે પૂરા આઠ કલાકની ઊંઘ લે છે અને બપોરે જમીને ફરી પાછો બે કલાક સૂઈ જાય છે. બાથરૂમ ભીનું હોય તો કોરું થાય ત્યાં સુધી રાહ જુએ છે. જાળવી જાળવીને પગથિયાં ઊતરે છે."

"અનિકેત, એને ગર્ભમાં કેટલું બધું અંધારું લાગતું હશે નહિ? એ બહાર આવે પછી મારે એને સવાર બતાવવી છે."

"રોજ બપોરે જમીને ભૂલ્યા વગર પોતાની ફોલિક ઍસિડ, મલ્ટી વિટામિન અને આયર્નની ટૅબ્લેટ્સ લઈ લે છે. ગોળ ખાવા મંડ્યો છે. ગઈ કાલે મને કહે મારે કાચી કેરી ખાવી છે. હવે તમે જ કહો મમ્મી, અહીંયાં એક્રોનમાં મારે એને કાચી કેરી ક્યાંથી ખવડાવવી?"

"એને ગર્ભમાં હોમ સિકનેસ તો નહિ લાગતી હોય ને? ફક્ત મારા પર ભરોસો રાખીને ઈશ્વરે એને મારા ગર્ભમાં મોકલી દીધી છે. ઈશ્વરને કેટલો વિશ્વાસ હશે મારામાં? અનિકેત, ક્યારેક એવો પણ વિચાર આવે કે મારા યુટરસમાં મારા બાળકને ગમતું તો હશે ને? હું તો એકલો પડું એટલે સતત એની સાથે વાતો કર્યા કરું છું."

"મમ્મી, પલ્લવ એકલો એકલો વાતો કરે છે. એના પેટ પર હાથ રાખી ધીમા અવાજે કશુંક બોલ્યા કરે છે."

"24 કલાક એના જ વિચારો આવ્યા કરે છે, અનિકેત. મારા બાળક સિવાય બીજું કાંઈ વિચારી જ નથી શકતો. આટલી હદ સુધીનો પ્રેમ તો મને કૃપાલી સાથે પણ થયો નહોતો."

"આખો દિવસ એકની એક જ વાત. મારે આમ નથી કરવાનું, મારે આમ કરવાનું છે. મારે આ નથી ખાવાનું, મારે આ ખાવાનું છે."

"ઈશ્વરે મને બહુ મોટી જવાબદારી સોંપી છે, અનિકેત. આ દુનિયાનું સૌથી અઘરું કામ. એક સારી મા બનવાનું. મને હવે કોઈ બિઝનેસ મિટિંગમાં ઇન્ટરેસ્ટ નથી, કંપનીને લોસ થવો હોય તો લોસ. મારે ઑફિસે પણ નથી જવું. મને સમાજની પણ નથી પડી. જેને જે લાગવું હોય એ લાગે. મારે કોઈને મળવું નથી, મારે કોઈ જ કરિયર બનાવવી નથી. મને અત્યારે ફક્ત અને ફક્ત મારું બાળક જ દેખાય છે."

"રોજ સવારે ઊઠીને ભગવદ્ગીતા વાંચે છે. ગર્ભસંસ્કારની સીડી સાંભળે છે. યોગા કરે છે. બેડરૂમમાં એક બાળકનો હસતો ફોટો લગાડ્યો છે. એને જોયા કરે છે."

"અનિકેત, જિંદગીમાં બીજું કાંઈ પામવાની હવે ઇચ્છા જ રહી નથી. એમ થાય છે કે બધું જ ઈશ્વરે આપી દીધું."

મમ્મીએ કૃપાલીને કહ્યું, "તમારી ઍપોઇન્ટમૅન્ટ છે. તમારે મોડું નથી થતું?"

કૃપાલીએ કહ્યું, “પલ્લવની વાતોમાં એ તો ભૂલી જ ગઈ. ચાલો મમ્મી, નીકળું છું. સૉનોગ્રાફી થઈ જાય એટલે ફોન કરું.”

અનિકેતે પલ્લવને કહ્યું, “કૃપાલીને ફોન તો કર. જવાનું નથી સૉનોગ્રાફી માટે? તમારે હવે નીકળવું જોઈએ.”

પલ્લવે કહ્યું, “બસ કૃપાલી આવતી જ હશે. એ આવે એટલે નીકળી જઈએ.”

* * *

“લુક, ધીસ ઇઝ બેબીસ એલ્બો. ધીસ ઇઝ હેન્ડ. થીસ ઇઝ હાર્ટ.” સૉનોગ્રાફી કરતાં ડૉ. લીઝા પલ્લવ અને કૃપાલીને ફિટલ પાર્ટ્સ બતાવી રહ્યાં હતાં.

“કૃપાલી, હાથ તો જો. કેટલા નાના નાના છે?” પલ્લવે કહ્યું.

“એ જો. હાથ હલાવે છે.” કૃપાલીએ સ્ક્રીન તરફ આંગળી ચીંધીને કહ્યું.

પોતાની આંગળી સ્ક્રીન ઉપર એક જગ્યાએ રાખીને પલ્લવે પૂછ્યું, “ઇઝ ધીસ બ્રેઇન?”

“યેસ, ઇટ ઇઝ બેબીસ બ્રેઇન. હિઅર ઇઝ પ્લેસંટા. હાઇટ ઇઝ ઑન્લી ટુ ઇંચીઝ”

પલ્લવે કૃપાલીની સામે જોયું અને કહ્યું, “કૃપાલી, આજે મને રિયલાઇઝ થાય છે. બાળક બે વર્ષનું હોય કે બે ઇંચનું, એને જોઈને મળતો આનંદ બેહિસાબ હોય છે.”

કૃપાલીએ હસીને પલ્લવના માથે હાથ ફેરવ્યો. પલ્લવે કહ્યું, “કૃપાલી તારો ફોન લાવ ને.”

કૃપાલીએ પૂછ્યું, “અત્યારે તારે ફોનનું શું કરવું છે?”

પલ્લવે હસીને કહ્યું, “મારી દીકરી સાથે એક સેલ્ફી લેવી છે. મારી દીકરી સાથેની સૌથી પહેલી સેલ્ફી.”

“તને કોણે કહ્યું કે દીકરી જ છે?”

“મેં તને કહેલું ને કે વસંત આવવાની હોય ત્યારે સૌથી પહેલી જાણ વૃક્ષોને થતી હોય છે. અફકોર્સ, શી વીલ બી અ ગર્લ.”

પલ્લવનું છેલ્લું વાક્ય સાંભળીને ડૉ. લીઝાએ તેની સામે જોયું. પછી સૉનોગ્રાફીના પ્રોબને આમથી તેમ કરીને કહ્યું, “નોટ સ્યોર એટ ધીસ ટાઇમ. વીલ બી એબલ ટુ ટેલ યુ ઇન ધ નૅક્સ્ટ અલ્ટ્રાસાઉન્ડ.”

“યુ વીલ ટેલ અસ ધ સેક્સ ઑફ ધ બેબી?” કૃપાલીએ આશ્ચર્ય સાથે પૂછ્યું.

“આ અમેરિકા છે ડિયર. ઇન્ડિયામાં એ ગેરકાયદેસર છે. અહીંયાં તો બેબીના સેક્સની છડે ચોક જાહેરાત થાય.”

ડૉ. લીઝા કશું સમજ્યા નહિ. તેમણે બ્લેન્ક ફેસ સાથે પલ્લવની સામે જોઈને પૂછ્યું, “વોટ?”

પલ્લવે કહ્યું, “નથિંગ. ડૉક્ટર્સ ડૉન્ટ ટેલ અસ ધ સેક્સ ઇન ઇન્ડિયા. ફ્યુ ઑફ અસ કિલ ધ બેબી ઇફ શી ઇઝ અ ગર્લ.”

“ધેટ્સ ક્રુઅલ્ટી” ડૉ. લીઝાએ કહ્યું.

પલ્લવે કહ્યું, “હા, તમારી વાત સાચી છે. સુખ અને ખુશીઓનું ઍબૉર્શન કરવાનું અમે ઇન્ડિયન્સ બહુ સારી રીતે જાણીએ છીએ.”

“સૉરી, ડિડન્ટ ગેટ ધેટ.” ડૉ. લીઝાએ કહ્યું.

“નથિંગ.” પલ્લવે કહ્યું, “સો, ઇઝ ઍવરીથિંગ ઓકે ડૉક?”

“યોર ચાઇલ્ડ ઇઝ પરફેક્ટલી ફાઇન.”



♦ 20 ♦

22 અઠવાડિયાં પછી

રાતનો ત્રણ વાગ્યાનો સમય હતો. પલ્લવ અચાનક ઊંઘમાંથી જાગ્યો અને બેઠો થઈ ગયો. થોડી વાર પછી કૃપાલીની આંખો પણ ખૂલી.

પલ્લવને બેઠેલો જોઈને કૃપાલીએ પૂછ્યું, "ઊંઘ નથી આવતી? અત્યારે કેમ જાગે છે? સૂઈ જા. આવતી કાલે સૉનોગ્રાફી માટે જવાનું છે."

પેટ પર હાથ ફેરવીને પલ્લવ બોલ્યો, "મજા નથી યાર. ગૅસ થઈ ગયો છે."

"તને તો ક્યારેય ગૅસનો પ્રૉબ્લેમ નહોતો."

"મને ક્યારેય કૉન્સ્ટીપેશન પણ નહોતું. છેલ્લા એક અઠવાડિયાથી પેટમાં મજા નથી યાર."

"એન્ટાસીડ લઈ લે ને!"

"લીધી પણ કોઈ જ ફેર નથી પડ્યો"

"ડૉ. લીઝાને ફોન કરવો છે?"

"ના. એટલું બધું નથી. કાલ સવારે તો એમને મળવા જવાનું જ છે." એટલું બોલીને પલ્લવ પોતાના બેડ પરથી ઊભો થઈ ગયો અને રૂમમાં આંટા મારવા લાગ્યો.

કૃપાલી પણ ઊભી થઈ. તેણે પૂછ્યું, "એટલે જ ના પાડતી'તી કે બહુ સ્પાઇસી ન ખા. પણ ખાવા પીવામાં તો હમણાં તેં માજા મૂકી દીધી છે." કૃપાલી હસી અને કહ્યું, "પેલી પોટેટો ચિપ્સ કેટલી તીખી હતી? ઍસિડિટી ન થાય તો બીજું શું થાય?"

પલ્લવે કહ્યું, "કૃપાલી એક ફૅવર કરીશ?"

"બોલ ને."

"આઇસક્રીમ ખાવાની ઇચ્છા થઈ છે."

"પલ્લવ, રાતના ત્રણ વાગ્યા છે. અત્યારે ક્યાં આઇસક્રીમ મળશે?"

"ફ્રીઝમાં જો ને. કાંઈક પડ્યું હશે."

કૃપાલી ફ્રીઝમાં જોઈને આવી. તેણે કહ્યું, "ફ્રીઝમાં કશું જ નથી. આવી ઠંડીમાં કોણ આઇસક્રીમ ખાય?"

"મને બહુ ઇચ્છા થઈ છે." લાચાર ચહેરે કૃપાલી સામે જોઈને પલ્લવ બોલ્યો.

કૃપાલી થોડો સમય પલ્લવના ઓશિયાળા ચહેરા સામે જોઈ રહી અને પછી કહ્યું, "ચાલ આઇસક્રીમ ખાવા બહાર જઈએ."

"ડ્રાઇવ કોણ કરશે? અહીંયાં તો આપણી પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ પણ નહિ હોય."

કૃપાલી થોડીક ક્ષણો વિચારવા લાગી. પછી કહ્યું, "હું સ્ટેલાને જગાડું છું. એ ડ્રાઇવ કરશે."

"રહેવા દે. નથી જવું." પલ્લવે કહ્યું.

પલ્લવના ગાલ પર હાથ ફેરવીને કૃપાલીએ કહ્યું, "પુરુષોમાં આટલું બધું ક્રેવિંગ સામાન્ય રીતે તમાકુ કે આલ્કોહોલ માટે જોયું છે. આઇસક્રીમ માટે આટલું બધું ક્રેવિંગ, એક પુરુષમાં પહેલી વાર જોઉં છું. ચાલ, તારા આ ફૂડ ક્રેવીન્ગ્ઝ સાથે મળીને સેલિબ્રેટ કરીએ. હું સ્ટેલાને જગાડીને આવું છું. એને પણ બહુ મજા આવશે."

* * *

બીજા દિવસની સવાર પડી. કૃપાલીએ પલ્લવને ઉઠાડ્યો, "ઊઠ. સોનોગ્રાફી માટે જવાનું છે."

પલ્લવે આંખો ખોલીને આળસ મરડી. કૃપાલીએ પૂછ્યું, "કેવું છે તને?"

"સારું છે." પલ્લવે એક સ્માઇલ કરીને જવાબ આપ્યો.

"તું તૈયાર થઈ જા. હું તારા માટે નાસ્તો બનાવું છું." કૃપાલીએ કહ્યું.

પલ્લવ ઊભો થઈને વૉશરૂમ તરફ જઈ રહ્યો હતો. ફરી તેનો હાથ તેના પેટ સુધી પહોંચી ગયો. તે થોડી વાર ત્યાં જ ઊભો રહી ગયો.

કૃપાલીએ પૂછ્યું, "શું થયું?"

પલ્લવે કહ્યું, "પાછું ગૅસ જેવું લાગે છે."

"હું તારા માટે દવા લેતી આવું. સારું છે આજે લીઝાને બતાવવા જવાનું જ છે. તને આટલો બધો ગૅસ્ટ્રીક પ્રૉબ્લેમ તો ક્યારેય નહોતો." બોલતાં બોલતાં કૃપાલી રૂમની બહાર નીકળી ગઈ.

દવા લઈને જ્યારે કૃપાલી પાછી ફરી ત્યારે પલ્લવ પોતાના બેડ પર બેઠો બેઠો રડી રહ્યો હતો. કૃપાલી દરવાજેથી દોડી, "શું થયું પલ્લવ? બહુ દુઃખે છે પેટમાં? ચાલ આપણે હૉસ્પિટલ વહેલા જ પહોંચી જઈએ."

પલ્લવે રડતાં રડતાં કહ્યું, "આ ગૅસ નથી, કૃપાલી."

"ગૅસ નથી? તો શું છે?"

કૃપાલીનો હાથ પોતાના પેટ પર મૂકીને પલ્લવે કહ્યું, "આપણી દીકરી મૂવમૅન્ટ કરે છે."

"શું વાત કરે છે?" કૃપાલીએ પોતાનો હાથ પલ્લવના પેટ પર મૂક્યો, "મને તો કશું જ ફિલ નથી થતું."

"અત્યારે મને તો સોલિડ ફિલ થાય છે. કાલ રાતથી જે થતું'તું એ આ હતું. એવું લાગે છે કે જાણે બહુ બધાં પતંગિયાંઓ પેટમાં એક સાથે ઊડાઊડ કરી રહ્યા હોય. એવું લાગે છે જાણે સ્વિમિંગ પુલમાં માછલીઓ તરી રહી હોય." પલ્લવ હસ્યો અને કહ્યું, "ક્યારેક તો એવું લાગે છે કે જાણે મારા પેટની અંદર પૉપકોર્ન ફૂટી રહ્યા હોય."

કૃપાલી પલ્લવની આંખો સામે જોઈ રહી. તેની આંખોમાં પલ્લવ અને પલ્લવની અનુભૂતિ બંને માટે અહોભાવ હતો.

પલ્લવે કહ્યું, "કોઈ નાના નાના હાથ લઈને મને અંદરથી વહાલ કરી રહ્યું હોય એવું લાગે છે. એ મારી સાથે વાતો કરવા માંગે છે, કૃપાલી." પછી ફરી એક વાર પોતાના પેટ સામે જોઈને પલ્લવ બોલ્યો, "જેટલાં તોફાન કરવા હોય એટલાં કરી લેજે. આ તારા બાપાની જ જગ્યા છે. કોઈ તને ના નહિ પાડે."

કૃપાલી અચાનક ચિંતિત થઈ ગઈ. પલ્લવે પૂછ્યું, "શેનું ટૅન્શન કરે છે?"

"મને ડર લાગે છે કે જો આ બેબી બૉય હશે તો આ બાળક સાથેનું તારું ઍટેચમૅન્ટ ક્યાંક ઓછું ન થઈ જાય."

"બૉય હોય કે ગર્લ. આજે મને એક વાત સમજાય છે કે પોતાની અંદર ઊછરી રહેલા જીવ સાથે કોઈ પણ પ્રાણીનું ઍટેચમૅન્ટ ક્યારેય ઓછું થઈ જ ન શકે. પોતાના શરીરની અંદર બીજા કોઈ જીવને અનુભવી શકવો, એ ફક્ત મનુષ્ય જ નહિ, કોઈ પણ પ્રાણી માટે એના જીવતરનો શ્રેષ્ઠ તબક્કો છે."

પલ્લવે થોડો પોઝ લીધો અને પછી કહ્યું, "ભલે ને દીકરો આવે. હું એને દીકરીની જેમ જ મોટો કરીશ. ખાલી દીકરી જેવી સંવેદનાઓ અનુભવતો થશે ને તોય આપોઆપ એ સારો માણસ બની જશે."

"આપણે તૈયાર થઈએ? હૉસ્પિટલ જવામાં મોડું થશે." એટલું બોલીને કૃપાલી ઊભી થઈ.

તેનો હાથ પકડીને પલ્લવે તેને ફરી પાછી બેસાડી દીધી. પલ્લવે કહ્યું, "છેલ્લી વાત સાંભળી લે."

"મોડું થશે." કૃપાલી બોલી. પછી પલ્લવના ચહેરા સામે જોઈને કૃપાલીએ કહ્યું, "સારું. ચાલ બોલ."

પલ્લવે કહ્યું, "ગઈકાલે રાતે તેં કહેલું કે સામાન્ય રીતે પુરુષોને ફક્ત તમાકુ કે આલ્કોહોલ માટે જ ક્રેવ કરતા જોયા છે. તારી વાત સાચી છે. તને ખબર છે? આ દુનિયા પરના સૌથી અતૃપ્ત જીવો હોય ને, તો એ પુરુષો છે. પુરુષો પોતાનું આખું જીવન સુખ મેળવવાની શોધમાં વિતાવી નાખે છે. એમને જાણ જ નથી હોતી કે સુખ શેમાં છે? નાની નાની વાતોમાં પુરુષો આનંદ શોધવાનો પ્રયત્ન કરે છે. ક્રિકેટ મૅચથી

લઈને શૅર બજારમાં, સિગરેટના ધુમાડાથી લઈને વ્હીસ્કીના પેગમાં, પોર્નોગ્રાફીથી લઈને પૉલિટિકલ ચર્ચાઓમાં. પુરુષો ફક્ત પ્લેઝર શોધતા હોય છે. એમને લાગે છે કે જિંદગીમાં સફળતા મળશે તો સુખ મળશે. પૈસો મળશે તો સુખ મળશે. પણ મરે ત્યાં સુધી પુરુષોને જાણ જ નથી થતી કે સુખ કોને કહેવાય? તેઓ તૃપ્ત થયા વિના જ મૃત્યુ પામે છે."

કૃપાલીએ પૂછ્યું, "તને ખબર પડી ગઈ? કે સુખ કોને કહેવાય?"

"હા. આજે ખબર પડી. પોતાની અંદર ઊછરી રહેલા જીવને અનુભવવો, એ દુનિયાનું સૌથી મોટું સુખ છે. આ સુખની સરખામણીમાં આ દુનિયાની તમામ વસ્તુઓ વામણી લાગે છે. પ્રેગનન્સી ઘટના નહિ, ચમત્કાર લાગે છે."

કૃપાલીની નજર નીચી થઈ ગઈ. પલ્લવે કહ્યું, "આઇ એમ સૉરી કૃપાલી. આ સુખ હું તને ન આપી શક્યો."

"તેં પૂરતા પ્રયત્નો કર્યા છે, પલ્લવ. જે દિવસે મને તું મળેલો, મારા ભાગનું સુખ તો ઈશ્વરે મને ત્યારે જ આપી દીધેલું. તેં જ કહેલી વાત તું ભૂલી ગયો? તેં મને કહેલું કે વી આર પ્રેગનન્ટ. આ બાળક આપણું સહિયારું સુખ છે."

"બધું પરફેક્ટ છે કૃપાલી. બસ, હવે એક જ વાતની તકલીફ છે." પલ્લવે કહ્યું.

"શું તકલીફ છે, પલ્લવ?"

"આ લાર્જ સાઇઝના ટી-શર્ટ પણ હવે ટાઇટ પડે છે. એવું લાગે છે કે હવે ગાઉન પહેરવું પડશે." કહીને પલ્લવ હસવા લાગ્યો અને એની એ વાત પર કૃપાલી પણ હસી પડી.

* * *

પલ્લવ અને કૃપાલી સોનોગ્રાફી માટે ડૉ. લીઝાની ચૅમ્બરમાં પ્રવેશ્યાં. પલ્લવને સોનોગ્રાફીના ટેબલ પર સુવડાવવામાં આવ્યો.

જેવો ડૉ. લીઝાએ પલ્લવના પેટ પર સોનોગ્રાફીનો પ્રોબ મૂક્યો કે તરત જ પલ્લવ અને કૃપાલીએ સોનોગ્રાફીના મૉનિટર તરફ નજર કરી. પલ્લવ કૃપાલીની જિંદગીની જેમ સાવ બ્લૅન્ક પડેલા મૉનિટરને અચાનક જીવ આવ્યો અને હાથપગ ઉછાળતું એક કેરીની સાઇઝનું બાળક સ્ક્રીન પર દેખાયું.

પલ્લવે તરત જ કૃપાલી સામે જોયું અને કહ્યું, "ચોમાસાનો પહેલો વરસાદ મુબારક."

સોનોગ્રાફીના ટેબલ પર સૂતેલા પલ્લવના માથા પર હાથ ફેરવીને કૃપાલીએ કહ્યું, "હજુ તો વાદળ બંધાયા છે. આ વાદળ મુશળધાર વરસવાના છે." પલ્લવનો હાથ પકડીને કૃપાલી બોલી, "મિ. પલ્લવ, ભીંજાવા માટે તૈયાર થઈ જાવ. વરસોથી અતૃપ્ત રહેલી ઇચ્છાઓ પર બારે મેઘ ખાંગા થવાના છે. આ વખતના વરસાદમાં ફક્ત ભીંજાવું નથી, તણાઈ જવું છે."

ડૉ. લીઝાએ સોનોગ્રાફી કરતાં કહ્યું, "હર બ્રેઇન અને નર્વ એન્ડીન્ગ્સ આર ડેવલપ્ડ નાઉ. શી કેન ફિલ યોર ટચ. હર ઇયર્સ આર ડેવલપ્ડ, સો નાઉ શી કેન રિસ્પોન્ડ ટુ સાઉન્ડ. મિ. પલ્લવ, ધીસ ઇઝ ધ બેસ્ટ ટાઇમ ટુ ટોક ટુ હર."

આ સાંભળીને પલ્લવ સ્તબ્ધ થઈ ગયો. ડૉ. લીઝા અને કૃપાલી બંને પલ્લવના ચહેરા સામે જોવા લાગ્યા અને પલ્લવ ઍક્સપ્રેશનલેસ બનીને એના જીવતરમાં એક પછી એક બનતા ચમત્કારોને નિહાળતો રહ્યો.

પલ્લવને ખભાના ભાગેથી હલાવીને કૃપાલીએ કહ્યું, "સાંભળ્યું તેં? ડૉ. લીઝાએ શું કહ્યું તે? એ હવે આપણો સ્પર્શ અનુભવી શકે છે. એ હવે આપણને સાંભળી શકે છે. હવે આપણે સાથે મળીને એની સાથે વાતો કરીશું."

પલ્લવે ધીમેથી કહ્યું, "મને ફક્ત બે જ શબ્દો સંભળાયા. હર અને શી." આંખોમાં આવેલા પાણીને કારણે પલ્લવને કોઈના ચહેરા સ્પષ્ટ દેખાતા નહોતા. ડૉ. લીઝા સામે જોઈને તેણે પૂછ્યું, "શી...?"

"યેસ, યુ વેર રાઇટ. ઇટ્સ અ ગર્લ."

એક વિરાટ યુદ્ધ જીતીને વિજય તિલક કરાવતા કોઈ યોદ્ધા જેવું સ્મિત આપીને પલ્લવે કહ્યું, "કૃપાલી, વસંત મુબારક હો."

ડૉ. લીઝાને એક અગત્યનો ફોન આવ્યો અને તેઓ 'ઍક્સક્યુઝ મી' કહીને ત્યાંથી થોડી વાર માટે ચાલ્યા ગયા. સોનોગ્રાફીની સ્ક્રીન પર પલ્લવના ગર્ભમાં રહેલા બાળકની ઇમેજ સ્થિર થઈ ગઈ. સોનોગ્રાફીના મૉનિટર પર સ્થિર થયેલા પોતાની દીકરીના ફોટાને જોઈને પલ્લવ બેઠો થયો.

તેને ફરી પાછા સુવડાવતાં કૃપાલી બોલી, "હજી સોનોગ્રાફી બાકી છે. ડૉ. લીઝા હમણાં આવશે."

"થોડી અગત્યની વાત કરવી છે." કહીને પલ્લવ ઊભો થયો.

કૃપાલીએ પલ્લવને ટેકો આપીને ઊભો કર્યો અને કહ્યું, "બોલ, શું વાત કરવી છે?"

"તારી સાથે નહિ." મૉનિટર તરફ ઇશારો કરીને પલ્લવે કહ્યું, "આની સાથે વાત કરવાની છે."

પછી પલ્લવે પોતાના બંને હાથ પોતાના પેટ પર મૂક્યા અને નજર સોનોગ્રાફીની સ્ક્રીન પર રહેલી પોતાની દીકરી પર કરી. તેણે પોતાની દીકરી સાથે વાત કરવાની શરૂઆત કરી.

"હાઇ બેટા. પપ્પા બોલું છું. અનિવાર્ય સંજોગોને કારણે તારું ઘર મમ્મીને બદલે પપ્પાની અંદર રાખવામાં આવ્યું છે. ડૉક્ટર આંટીએ કહ્યું કે હવે તું મારો અવાજ સાંભળી શકે છે. મારો સ્પર્શ અનુભવી શકે છે. તારી સાથેનો આ મારો પહેલો વાર્તાલાપ છે.

બેટા, સૌથી પહેલાં તો તને થૅન્ક્યુ કહેવાનું છે. અમારા ઘરે આવવા માટે. તને ડિઝર્વ કરી શકીએ, અમે એટલા લાયક છીએ કે નહિ, એની તો અમને જાણ નથી પણ એક વાતનું તને પ્રૉમિસ કરું છું કે તને કોઈ પણ જાતની શરતો વગર પ્રેમ કરશું. ઈશ્વર સરળતાથી કન્યાદાન નથી કરતો, એ વાત હું બહુ સારી રીતે જાણું છું. તું ઈશ્વરે અમને સોંપેલું સંપેતરું છે.

જ્યારે તારો જન્મ થશે ત્યારે તારી નાની નાની બંધ મુઠ્ઠીઓમાં તારા મમ્મી-પપ્પાને સંબોધીને લખેલી કોઈ ચિઠ્ઠી ઈશ્વરે મૂકેલી નહિ હોય કે આને મોટી થઈને ડૉક્ટર કે એન્જિનિયર બનાવજો. કોઈ પણ જાતની શરતો વગર ઈશ્વરે આપેલી જિંદગીને ઉદારતાથી જીવી લેવાની અને ઊજવી લેવાની સમજણ મારે જ તને આપવી પડશે.

બેટા, તું ક્રોમોઝોમ XX છે. તું મોટી થઈને સ્ત્રી બનવાની છે. એટલે તને ખાસ કહું છું કે તારી જાતને સ્ત્રી સાબિત કરવામાં તારી જિંદગી વેડફી નહિ નાખતી. આ સમાજ તારી પાસે સ્ત્રી હોવાના અનેક પુરાવાઓ માંગશે. બેટા, તું કોઈની ગુનેગાર નથી માટે તારે કોઈને પુરાવાઓ આપવાની જરૂર નથી. હું નથી ઇચ્છતો કે તારી જિંદગી તારું સ્ત્રીપણું સાબિત કરવામાં પૂરી થઈ જાય. બેટા, તું ઈશ્વરે મોકલેલો પ્રેમ છે. પ્રમેય નથી જે સાબિત કરવો પડે.

તારા જન્મ સમયે દીવાલોને ગુલાબી રંગ કરાવીશ કે નહિ, એની તો મને ખબર નથી પણ એટલી ખાતરી આપું છું કે મારા ગાલ પર ગુલાબી રંગ હશે. તારા ડાયપર થોડી વાર ભીના રહી જાય તો માફ કરી દેજે. તારી આંખો ક્યારેય ભીની નહિ રહેવા દઉં. હું પપ્પા હોઉં તો શું થયું? મને પણ ગર્ભમાં લાત મારવાનો તને એટલો જ અધિકાર છે. પડખું ફરતી વખતે તારે મારી પરમિશન લેવાની જરૂર નથી. પપ્પા તને ક્યારેય વઢશે નહિ.

જિંદગીમાં તું જ્યારે જ્યારે ભૂલો કરીશ, ત્યારે હું તારા પર જરાય ગુસ્સે નહિ થાઉં. એ ભૂલોનું પરિણામ ભોગવતી વખતે હું તારી સાથે ઊભો રહીશ.

સંવેદનાઓ જ્યારે સજીવ સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે દીકરીઓ અવતાર લેતી હોય છે. તું સંવેદનાઓનો ઢગલો છે. તારી શરતો પર જિંદગી જીવજે બેટા. કોઈનાથી ડરતી નહિ. કોઈ બીજાના અભિપ્રાય પર જિંદગી જીવવી એ સ્વાસ્થ્ય માટે સિગરેટ કરતાં પણ વધારે હાનિકારક છે. તારાં મમ્મી-પપ્પા હંમેશાં તારી સાથે રહેશે.

તારી પૅરન્ટ્સ મિટિંગમાં હું હંમેશાં હાજર રહીશ. તારી ફરિયાદો સાંભળવા માટે નહિ, તેં કરેલાં

તોફાનો સાંભળીને ખુશ થવા માટે. નિશાળમાં તારી ગેરહાજરી હોય તો ચાલશે પણ રોજ સવારે જિંદગીએ તને આપેલો દિવસ માણવા માટે સતત હાજર રહેજે. બીજું કશું જ નહિ કરે તો ચાલશે. બસ, જિંદગીની ઉજવણીમાં વ્યસ્ત રહેજે.

ગર્ભમાં તને કદાચ હોમ-સિકનેસ લાગતી હશે. ઈશ્વરથી છૂટા પડ્યા પછી 'વિથડ્રોલ સિન્ડ્રોમ' આવે એ સમજી શકાય. પણ આ દુનિયા બહુ જ સુંદર છે બેટા. એક વાર બહાર આવ પછી આપણે સાથે મળીને આ દુનિયા જોવાની છે. મારે આ દુનિયા નવેસરથી જોવી છે હવે તારી આંખોથી.

ઈશ્વરના ઍરપોર્ટ પરથી તારી ફ્લાઇટ ટેકઑફ લઈ ચૂકી છે. હું અને તારી મમ્મી તને રિસીવ કરવા હાથમાં બુકે લઈને આ દુનિયાના ઍરપોર્ટ પર ઊભાં હોઈશું. વેઇટિંગ ફોર યોર ઍરાઇવલ બેટા.'

પોતાની દીકરી સાથેનો પલ્લવનો મૉનોલૉગ સાંભળીને કૃપાલી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. એ જ સમયે ડૉ. લીઝા એન્ટર થયા. તેઓ થોડી વાર પલ્લવ અને કૃપાલીના ચહેરા સામે જોતા રહ્યા. કૃપાલીના ખભા પર હાથ રાખીને તેમણે કહ્યું, "ધ વર્સ્ટ ઇઝ ઓવર. શી ઇઝ ગૉડ્સ ચાઇલ્ડ. શી વીલ ઍરાઇવ સુન એન્ડ સેફલી."

ડૉ. લીઝાએ સોનોગ્રાફીની તપાસ પૂરી કરી. રિપોર્ટ એક ફાઇલમાં પલ્લવ અને કૃપાલીને આપવામાં આવ્યો. પલ્લવે રિપોર્ટ વાંચ્યો. રિપોર્ટના નીચેના ખૂણામાં લખેલા બે અક્ષરો પર આંગળી રાખીને પલ્લવે કૃપાલીને કહ્યું, "મેં કહ્યું'તું ને?"

કૃપાલીએ રિપોર્ટના એ ભાગ પર નજર ફેરવી. ત્યાં લખેલું હતું 'XX'

"કૃપાલી તને ખબર છે? ઇન્ટરનેટ પર XXનો મિનિંગ શું થાય?"

"ના. તું જ કહી દે."

"XXનો અર્થ થાય કિસીઝ (kisses), વહાલભરી પપ્પીઓ."

કૃપાલી હસવા લાગી. પલ્લવે ફરી કહ્યું, "તને ખબર છે? લોકો હાથ પર XXનું ટેટુ કરાવતા હોય છે. એ ટેટુનો અર્થ ખબર છે?"

"ના. એ પણ તું કહી દે."

"એનો અર્થ થાય વેન ધેર ઇઝ અ વીલ, ધેર ઇઝ અ વે." કહીને પલ્લવે પોતાનો હાથ લંબાવ્યો અને કૃપાલીએ કચકચાવીને પલ્લવનો હાથ પકડી લીધો.

* * *

"સિઝેરિયન? સિઝેરિયન શું કામ?" મમ્મીએ પૂછ્યું.

"ડૉ. લીઝાએ કહ્યું છે કે ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસના બધા કિસ્સામાં તેઓ સિઝેરિયન દ્વારા જ બેબી ડિલિવર કરે છે. ટ્રાન્સપ્લાન્ટેડ યુટરસ કોઈ પણ જાતનું સ્ટ્રેસ સહન કરી શકે નહિ, માટે લેબર પેઇન્સ શરૂ થાય એ પહેલાં ઇલેક્ટિવ સિઝેરિયન કરવું પડશે." પલ્લવે કહ્યું.

"પણ ક્યારે?"

"34થી 36 અઠવાડિયાં પછી. એમણે કહ્યું કે બાળકનું વજન બે કિલો ઉપર જાય, પછી ગમે ત્યારે કરી શકાય." મમ્મીની આંખોમાં આંખો નાખીને પલ્લવે પોતાનું વાક્ય પૂરું કર્યું, "હવે બહુ લાંબો સમય રાહ જોવાની નથી. ખોળો ભરવાની તૈયારી શરૂ કરી દે. અપૂર્ણતાઓને પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે, મમ્મી. કેટલી બધી વસ્તુઓ એક સાથે પૂરી થશે. તારી વર્ષોથી અધૂરી રહી ગયેલી ઇચ્છાઓ અને મેં મારી જાતને આપેલી ચૅલેન્જ, બંને સાથે પૂરી થશે."

"મને માફ કરી દે બેટા. મારા કારણે તારે આટલું બધું સહન કરવું પડ્યું." નજરો નીચી કરીને મમ્મીએ કહ્યું.

"તારા કારણે નહિ મમ્મી. આ સમાજ દ્વારા એક સ્ત્રી પાસેથી રખાતી અપેક્ષાઓને કારણે. હું તો ફક્ત મારા પ્રેમને બચાવવા નીકળેલો. ઈશ્વરની નારાજગીને કારણે જે કામ એ ન કરી શકી, એ કામ

કરવાનો મેં ફક્ત એક પ્રયત્ન કર્યો છે. મારે ફક્ત મારી લવ-સ્ટોરી જ નહિ, કૃપાલીની ઇચ્છાઓ પણ પૂરી કરવાની હતી. એનાં સપનાંઓ પૂરાં કરવાનો મેં કૉન્ટ્રેક્ટ લીધો'તો. મેં એને વચન આપ્યું'તું કે એનામાં રહેલી ઊણપને કારણે એણે ક્યારેય મારું ઘર નહિ છોડવું પડે અને જો છોડવું પડશે તો હું એની સાથે ઘર છોડીશ."

"પોતાની માથી હજી નારાજ છે?"

"મમ્મી, તારાથી નારાજ ક્યારેય હતો જ નહિ. બસ, તારા વિચારો અને તારી માન્યતાઓનો થોડો અણગમો હતો. જીવનના કોઈ પણ તબક્કે તને ગુમાવવાનું મને નહિ પોસાય. હું એટલો બધો સમૃદ્ધ પણ નથી કે મારી મા વિના જીવવાનું ઍફોર્ડ કરી શકું. મારે તો તારો આભાર માનવો જોઈએ. તારી જીદને કારણે મને મારી જિંદગીનો સૌથી સુખદ અનુભવ મળ્યો છે. એક પુરુષ તરીકે જેની મેં ક્યારેય કલ્પના જ કરી નહોતી."

પલ્લવના માથા પર પોતાના બંને હાથ રાખીને મમ્મીએ કહ્યું, "કોઈની નજર ન લાગે." પોતાની સાડીના પાલવથી પોતાની આંખો લૂછીને મમ્મીએ કહ્યું, "હું આ દુનિયાની સૌથી નસીબદાર મમ્મી છું. દીકરા પાસેથી દીકરી મળે તો ઈશ્વરનાં દર્શન કરવા મારે હવે ચારધામ ફરવાની જરૂર નથી. એ જ મારા ઘરે આવતો હોય તો મારે શું કામ એને સરનામું લઈને શોધવા જવો જોઈએ?' કહીને મમ્મી પલ્લવને વળગી પડ્યા.

* * *

36 અઠવાડિયાં પછી

ક્લીવલૅન્ડ ક્લિનિકની બહાર અમેરિકન મીડિયા આ સમગ્ર સૃષ્ટિને બ્રેકિંગ ન્યૂઝ આપવા માટે તૈયાર થઈને બેઠું હતું. વ્હીલ ચૅરમાં બેસાડીને પલ્લવને સિઝેરિયન માટે ઑપરેશન થિયેટર તરફ લઈ જવાય રહ્યો હતો. પલ્લવનાં મમ્મી-પપ્પા વેઇટિંગ લૉન્જમાં બેઠાં બેઠાં રાહ જોઈ રહ્યાં હતાં કે વર્ષો જૂની માન્યતાઓ અને ઉજ્જડ જમીન ધરાવતી વિચારધારામાં અચાનક ગર્ભધારણ થયેલા એક ક્રાંતિકારી વિચારનું ક્યારે સિઝેરિયન થાય અને એક ચમત્કારનો જન્મ થાય.

સ્ટેલા, અનિકેત અને કૃપાલી ત્રણેય પલ્લવની વ્હીલ ચૅરની પાછળ ચાલી રહ્યાં હતાં. ઑપરેશન થિયેટરના દરવાજા આગળ આવીને વ્હીલ ચૅર થોડી વાર અટકી. પલ્લવે પાછળ ફરીને કૃપાલી સામે જોયું.

કૃપાલીએ કહ્યું, "આપણે જોઈએ છીએ એના કરતા વધારે રાહ આપણી દીકરી જોતી હશે. જા, આ દુનિયામાં લેતો આવ એને."

પલ્લવે કહ્યું, "એને આ દુનિયામાં લઈ તો આવું પણ એના આવ્યા પછી આપણી દુનિયા બદલાઈ જશે. કારણ કે એના જન્મ પછી એ જ આપણી દુનિયા થઈ જવાની છે."

સ્ટેલાએ પલ્લવના ખભા પર હાથ મૂકીને કહ્યું, "ઇટ હેઝ બીન અ લોન્ગ જર્ની. ધીસ ઇઝ ધ લાસ્ટ સ્ટેપ. વી આર વિથ યુ. પ્રાઉડ ટુ બી એસોસિયેટેડ વિથ યુ."

પલ્લવે કહ્યું, "નો સ્ટેલા. ધીસ ઇઝ ધ ફર્સ્ટ સ્ટેપ ફોર ધ મેનકાઇન્ડ. ધ જર્ની બીગીન્સ."

આ બધાની વચ્ચે અનિકેત ચૂપચાપ ઊભો રહ્યો. એ કશું જ ન બોલ્યો. અનિકેત સામે જોઈને પલ્લવે પૂછ્યું, "તારે કાંઈ કહેવાનું નથી?"

અનિકેતે કહ્યું, "સાચું કહું? તારી ઈર્ષા થાય છે યાર."

"એ જ તો હું ઇચ્છું છું." પલ્લવે કહ્યું, "આ દુનિયા પર રહેલા દરેક પુરુષને મારી ઈર્ષા થાય. કોઈ બીજાને મળેલા સુખની ઈર્ષા થાય, પછી જ એ સુખ મેળવવા માટેની પ્રક્રિયા શરૂ થતી હોય છે. હું ઇચ્છું છું કે દરેક પુરુષમાં આ પ્રક્રિયાનો જન્મ થાય."

અનિકેત પલ્લવની નજીક આવ્યો. વ્હીલ ચૅર પર બેઠેલા પલ્લવના માથાને પોતાની છાતીએ

વળગાડીને અનિકેતે આંખોમાં આંસુઓ સાથે કહ્યું, "સાલા, તેં આગ તો લગાડી દીધી છે. ખબર નથી કે તેં દીવો કર્યો છે કે ભડકો પણ એક વાત તો નક્કી છે. તું અજવાળું કરી ગયો છે દોસ્ત."

વ્હીલ ચૅર થોડી વધારે આગળ ચાલી. વ્હીલ ચૅર એવી જગ્યાએ આવીને ઊભી રહી ગઈ જ્યાંથી દર્દીના સગાઓને આગળ જવાની પરવાનગી નહોતી.

પલ્લવે કૃપાલીની સામે જોયું. કૃપાલીની આંખોમાં અહોભાવની સાથે ભીનાશ પણ હતી.

કૃપાલીએ કહ્યું, "એક કામ કરવાનું બાકી રહી ગયું છે."

પલ્લવે પૂછ્યું, "શું?"

પોતાનો જમણો હાથ પોતાના કપાળ પર લઈ જઈને કૃપાલીએ પલ્લવને સલામ કરીને કહ્યું, "તારામાં રહેલા પુરુષત્વને સલામ કરું છું." પછી પોતાના બંને હાથ જોડીને તેણે કહ્યું, "તારામાં રહેલા સ્ત્રીત્વને વંદન કરું છું. આ બધું સિઝેરિયન પહેલાં એટલા માટે કહું છું કારણ કે પરિણામ જે કાંઈ પણ આવે, તારું મનોબળ અને તારા વિચારો જ પૂજનીય છે. મને ગર્વ છે એવા પતિ પર જે એક સ્ત્રીની જેવું વિચારી શકે છે અને અનુભવી પણ શકે છે. આજે મને ઈશ્વરને ખરેખર થૅન્ક્યુ કહેવાની ઇચ્છા થાય છે કે યુટરસના બદલામાં જો આવો પતિ આપવાની ઑફર ચાલતી હોય, તો આવનારા સાત જન્મો સુધી મારે યુટરસ નથી જોઈતું."

પલ્લવે હસતાં હસતાં કહ્યું, "એટલે આવનારા સાતેય જન્મોમાં મારે જ પ્રેગનન્ટ થવાનું છે?"

કૃપાલી હસી. પલ્લવની વ્હીલ ચૅર પાસે ઘૂંટણભેર બેસી પડી. પલ્લવનો હાથ પકડી લીધો અને કહ્યું, "તારે ખાલી કન્સીવ કરવાનું. પ્રેગનન્ટ આપણે સાથે થઈશું."

પલ્લવની આંખોમાં આંખો નાખીને કૃપાલી ત્યાં જ બેસી રહી. કોઈ પ્રત્યેનો પ્રેમ કેવા કેવા ચમત્કારો સર્જે છે? કૃપાલીને એનો અહેસાસ અને અનુભવ પહેલી વાર થયો. ટૂંક સમયમાં સમગ્ર વિશ્વને પણ એ વાતની જાણ થવાની હતી કે બુસ્ટ, બોર્નવીટા કે કોઈ પણ જાતના એનર્જી ડ્રિંક પીધા વગર પણ પ્રેમ કેટલો શક્તિશાળી હોય છે. જીવનમાં આવનાર કેટલાંય તોફાનોને એકલા હાથે ખાળી શકવાની તાકાત હોય છે પ્રેમમાં.

વ્હીલ ચૅર ધીમે ધીમે આગળ ચાલી. વ્હીલ ચૅર ઑપરેશન થિયેટરની બહારના કૉરિડોરમાં પ્રવેશી. ઑપરેશન થિયેટરનું બારણું હજી પણ ખુલ્લું હતું. પલ્લવે અંદરથી કહ્યું, "કૃપાલી..."

કૃપાલી હજુ પણ પોતાના ઘૂંટણ પર બેઠેલી હતી. તેણે પલ્લવ સામે જોયું અને સ્માઇલ કર્યું.

પલ્લવે કહ્યું, "અંદર જાઉં છું. કાંઈ કહેવું નથી?"

કૃપાલી કશું જ બોલી નહિ. તેણે આંસુઓ લૂછીને નકારમાં માથું હલાવ્યું.

પલ્લવે કહ્યું, "તારી દીકરીને કોઈ વૅલકમ નોટ આપવાની છે?"

કૃપાલી હસી. ફરી નકારમાં માથું ધુણાવ્યું. એવું લાગતું'તું કે જાણે કૃપાલી થોડા સમય પહેલા થયેલા પ્રેમાળ વાર્તાલાપના હેંગ ઓવરમાં હતી.

પલ્લવે ફરી કહ્યું, "કાંઈક તો બોલ." કૃપાલી કશું જ બોલી નહિ.

ઑપરેશન થિયેટરના કૉરિડોરમાં પહોંચી ગયેલી વ્હીલ ચૅર પર બેઠા બેઠા પલ્લવે ધમકી આપતા અવાજે કહ્યું, "જો આ અબોલા ચાલુ રહ્યા ને, તો ડૉમેસ્ટિક વાયોલન્સનો કેસ ઠોકી દઈશ."

કૃપાલી ફરી રડવા માંડી અને રડતા રડતા કહ્યું, "આઈ લવ યુ પલ્લવ."

જવાબમાં પલ્લવના 'લવ યુ ટુ' બોલવાની સાથે જ ઑપરેશન થિયેટરનું બારણું બંધ થયું અને માનવજીવનના ઇતિહાસનું એક નવું ચૅપ્ટર ખૂલ્યું.

◙

ઑપરેશન થિયેટરની અંદર કૅમેરા ગોઠવવામાં આવ્યા. પલ્લવના સિઝેરિયનની ઘટનાનું અલગ અલગ ઍન્ગલથી રેકર્ડિંગ થવાનું હતું. જેથી દુનિયાભરને જાણ થઈ શકે કે ક્રોમોઝોમ XYના પેટમાંથી એક બાળકના જન્મની ઘટના હવે કલ્પના નથી, હકીકત છે.

થોડા સમય પછી ઑપરેશન થિયેટરમાંથી એક સિસ્ટર બહાર આવ્યાં. કૃપાલી પાસે જઈને તેમણે કહ્યું, "ડૉ. લીઝા હેઝ કોલ્ડ યુ ઇનસાઇડ."

કૃપાલી ગભરાઈ ગઈ. તેણે પૂછ્યું, "ઇઝ ઍવરીથિંગ ઓકે?"

સિસ્ટરે કહ્યું, "પ્લીઝ કમ."

કૃપાલીને ઑપરેશન થિયેટરનો ડ્રેસ પહેરાવવામાં આવ્યો. કૅપ અને માસ્ક પહેરાવવામાં આવ્યા. ઑપરેશન થિયેટરના સ્લીપર્સ આપવામાં આવ્યાં.

તેને અંદર ઑપરેશન થિયેટરમાં લઈ જવામાં આવી. પલ્લવ ઑપરેશન ટેબલ પર સૂતેલો હતો. તેને ઍનેસ્થેસિયા અપાઈ ચૂક્યું હતું. ફક્ત કમરથી નીચેનો ભાગ જ ખોટો કરવામાં આવ્યો હોવાથી (સ્પાઇનલ ઍનેસ્થેસિયા) પલ્લવ પૂરા ભાનમાં હતો. ડૉ. લીઝાના હાથમાં સ્કાલપેલ હતું. તેઓ સિઝેરિયન કરવા માટે તૈયાર હતા.

કૃપાલીએ ગભરાતાં કહ્યું, "ઇઝ ઍવરીથિંગ ફાઇન?"

ડૉ. સ્ટેલાએ કૃપાલી સામે જોઈને કહ્યું, "ઓહ યા. ઍવરીથિંગ ઇઝ ફાઇન. પ્લીઝ કમ. પલ્લવ વૉન્ટેડ યુ ટુ કટ ધ કોર્ડ."

કૃપાલીએ પલ્લવની સામે જોયું. પલ્લવે પોતાના જમણા હાથનો અંગૂઠો ઉપર કરીને પોતાની સહમતી દર્શાવી.

કૃપાલીએ કહ્યું, "આટલું બધું માન ન આપ. નહીં સદે તો?"

પલ્લવે કહ્યું, "જો મારી અંદર રહેલી સ્ત્રીને હું પેમ્પર કરતો હોઉં, તો તને પણ પેમ્પર કરવાની મારી જવાબદારી છે. જ્યારે સપનાંઓ સાકાર થતાં હોય, ત્યારે એ લાઇવ જ જોવાં જોઈએ. રેકર્ડેડ નહીં."

કૃપાલીને સ્ટરાઇલ ગાઉન અને ગ્લોવ્ઝ આપવામાં આવ્યા. તેના હાથમાં સ્ટરાઇલ સિઝર્સ આપવામાં આવી. ડૉ. લીઝાએ ફક્ત યુટરસ પર જ નહીં, હજારો વર્ષોથી ચાલી આવતી માન્યતાઓ અને વિચારસરણી ઉપર પણ સ્કાલપેલથી કટ મૂકી દીધો.

જિંદગીમાં આવતી ખુશીઓનું વજન કેટલું હોય? એની જાણ સૌપ્રથમ વાર પલ્લવ અને કૃપાલીને થઈ. જ્યારે ગર્ભાશયમાંથી બહાર આવેલી બે કિલો અને બસો ગ્રામ વજન ધરાવતી દીકરીએ રડવાનું શરૂ કર્યું અને વર્ષોથી ઉજ્જડ અને વેરાન પડેલા રણ જેવા સુક્કા પ્રદેશમાં ચોમાસાનું આગમન થયું.

દીકરીનું પહેલું રુદન સાંભળીને પલ્લવ પણ તેની સાથે રડવા લાગ્યો. કૃપાલી પણ પોતાના આંસુઓ રોકી ન શકી. હાથમાં રહેલી કાતર કરતાં પણ વધારે ધારદાર સંવેદનાઓ ધરાવતી કૃપાલી પોતાના ઈશ્વરને જોવામાં લીન થઈ ગઈ.

ડૉ. લીઝાએ કહ્યું, "કટ ધ કોર્ડ."

નવી મળેલી જિંદગીના જન્મદિવસની કેક કાપતી હોય, એમ ધ્રૂજતા હાથે કૃપાલીએ અમ્બિલિકલ કોર્ડ કટ કર્યો. સિસ્ટરે બેબીને ટૉવેલથી સાફ કરી, એક સ્વચ્છ કપડાથી રેપ કરીને કૃપાલીના હાથમાં આપતાં કહ્યું, "કૉન્ગ્રેચ્યુલેશન્સ."

હાથમાં દીકરી લઈને કૃપાલી ચાલતાં ચાલતાં પલ્લવ પાસે પહોંચી. પલ્લવની આંખો સામે દીકરી ધરીને તેણે કહ્યું, "હવે ઈશ્વરના અસ્તિત્વ વિશે ક્યારેય શંકા નહિ કરું."

પલ્લવે પોતાનો હાથ દીકરીના માથા પર ફેરવ્યો અને કહ્યું, "આ દીકરીનો જન્મ એ વાતનો સંકેત છે

કે ઈશ્વરને આપણામાં શ્રદ્ધા છે." દીકરીના ચહેરા તરફ જોઈને પલ્લવે કહ્યું, "અમારી દુનિયામાં તારું સ્વાગત છે બેટા."

થોડા જ સમયમાં વિશ્વભરમાં ન્યૂઝ ફેલાઈ ગયા કે ઇતિહાસમાં સૌપ્રથમ વાર એક પુરુષે એક બાળકને જન્મ આપ્યો. બીજા દિવસે અમેરિકાના ન્યૂઝ પેપરમાં હેડલાઇન હતી 'ક્રોમોઝોમ XY ડિલિવર્સ અ મિરેકલ.' વિશ્વના દરેક મીડિયામાં આ ન્યૂઝ છવાયેલા રહ્યા. લોકોને માનવામાં નહોતું આવતું કે આવું કઈ રીતે શક્ય બને?

જે ન્યૂઝ પેપરે કૃપાલીના નિષ્ફળ ટ્રાન્સપ્લાન્ટના સમાચાર છાપેલા, એ જ ન્યૂઝ પેપરની હેડલાઇન હતી "એક ભારતીય પુરુષે ફક્ત બાળકને જ નહિ, નવા ઇતિહાસને જન્મ આપ્યો."

* * *

થોડા સમય પછી પલ્લવ પોતાના પૂરા પરિવાર સાથે ભારત પાછો ફર્યો. ભારતમાં આવતાંની સાથે જ પલ્લવની પ્રેસ કૉન્ફરન્સ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

પલ્લવની પ્રેસ કૉન્ફરન્સ TV પર લાઇવ કરવામાં આવી. પલ્લવની ઇચ્છાને માન આપીને આ પ્રેસ કૉન્ફરન્સમાં જાહેર જનતાને પણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું. આખું ઑડિટોરિયમ ખીચોખીચ ભરાયેલું હતું. પહેલી હરોળમાં બેઠેલા VIPથી લઈને છેલ્લી હરોળમાં બેઠેલી સાવ સામાન્ય વ્યક્તિ પણ પલ્લવને સાંભળવા આતુર હતી.

નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પહેલી વાર પગ મૂક્યો હોય, એવી જ કોઈ અદ્ભુત અને અદ્વિતીય ઘટનાનું આ જગત સાક્ષી થવા જઈ રહ્યું હતું.

પલ્લવની સ્પીચનું ફેસબુક લાઇવ અને યુ-ટ્યૂબ પર લાઇવ સ્ટ્રિમિંગ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેથી વિશ્વના દરેક ખૂણામાં વસતા લોકોને જાણ થાય કે એક પુરુષની આંખોમાં રહી ગયેલાં સપનાંઓના ગર્ભને કારણે આજે આખી પુરુષજાત એક બાળકને જન્મ આપી શકે એટલી સક્ષમ બની ગઈ છે.

રાજ્યના મુખ્યમંત્રીથી લઈને સેન્ટ્રલ હેલ્થ મિનિસ્ટર બધા જ TVની સામે ગોઠવાઈ ગયેલા. નાનામાં નાના હેલ્થ સેન્ટર પર કામ કરતા મેડિકલ ઑફિસરથી લઈને, તમામ પ્રાઇવેટ અને કૉર્પોરેટ હૉસ્પિટલના ડૉક્ટર્સ અને મેડિકલ સાયન્સમાં રિસર્ચ કરનારા દરેક લોકો આ ચમત્કારિક ઘટના વિશે જાણવા માટે ઉત્સુક હતા. અત્યાર સુધીની મેડિકલ સાયન્સની હિસ્ટરીમાં આવેલો આ એક એવો ધરતીકંપ હતો જેના આફ્ટરશૉક્સ આવનારા કેટલાય વર્ષો અને સદીઓ સુધી અનુભવાયા કરશે.

થોડી જ ક્ષણોમાં હાથમાં તેડેલી પોતાની દીકરી અને પત્ની કૃપાલી સાથે પલ્લવની ઑડિટોરિયમમાં એન્ટ્રી થઈ. પલ્લવના પ્રવેશની સાથે જ ફક્ત ઑડિટોરિયમમાં બેઠેલા લોકો જ નહિ, ટીવી અને યુ-ટ્યૂબ લાઇવ જોઈ રહેલા લોકોએ પણ સ્ટેન્ડિંગ ઑવેશન આપીને પલ્લવનું તાળીઓથી સ્વાગત કર્યું.

આજની પેઢી આવનારાં વર્ષોમાં પોતાનાં બાળકોને જેના કિસ્સાઓ અને જેની વાર્તા ગૌરવભેર સંભળાવશે, એ જીવતા જાગતા ચમત્કારને જોઈને લોકો સ્તબ્ધ બની ગયેલા. જે શક્યતાની આજ સુધી ક્યારેય કોઈએ કલ્પના પણ નહોતી કરી, એ શક્યતાને પલ્લવે હકીકતમાં બદલી નાખી હતી.

હંમેશાં બ્લેઝર અને સૂટ પહેરનાર પલ્લવે આજે લાર્જ સાઇઝનું કોટનનું પાતળું ટી-શર્ટ અને ટ્રેક પહેરેલું. જ્યારે સફળતા બોલે છે ત્યારે કોઈ તેનો દેખાવ નથી જોતું. સફળતાને ક્યારેય મૅક-અપ કે મોંઘાદાટ કપડાંની જરૂર નથી પડતી. સફળતા પોતાનો અલગ અંદાજ અને અલગ ઓળખ લઈને આવતી હોય છે.

થોડી ક્ષણો બાદ પલ્લવને સ્ટેજ પર બોલાવવામાં આવ્યો. પોતાના હાથમાં રહેલી દીકરીને પલ્લવે કૃપાલીને સોંપી દીધી અને પલ્લવ સ્ટેજ પર ચડ્યો.

પલ્લવ પોડિયમ પાસે પહોંચે ત્યાં સુધી લોકોની તાળીઓનો ગડગડાટ અવિરત રહ્યો. પલ્લવ

પોડિયમ પાસે ગયો અને માઇકની હાઇટ ઍડજસ્ટ કરી. પલ્લવને સાંભળવા માટે અચાનક પીન-ડ્રોપ સાઇલન્સ છવાઈ ગયું.

પલ્લવે એક કટાક્ષભર્યું સ્મિત કર્યું અને બોલ્યો, "ફક્ત એક સ્ત્રી બનવાનો પ્રયત્ન કરવા માટે જો આટલું બધું સન્માન મળતું હોય, તો સ્ત્રી તરીકે અવતાર લીધા પછી એ સ્ત્રીને કેટલું સન્માન મળવું જોઈએ ?"

આખા હૉલમાં સન્નાટો છવાઈ ગયો. પલ્લવનું પહેલું જ વાક્ય તીરની જેમ ખૂંચે એવું હતું. કોઈ કશું જ રિએક્ટ કરવાની હાલતમાં નહોતું.

પલ્લવે થોડો પોઝ લીધો અને પછી ફરી બોલવાની શરૂઆત કરી, "આ એક લવસ્ટોરી છે. ક્યારેય વાંચી ન હોય, ક્યારેય સાંભળી ન હોય એવી એક લવસ્ટોરી..."

●●